CORE
Metadata, citation and similar papers at core.ac.uk
Provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Mori, Ritaben D., 2011, "પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/937

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ‘‘પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ’’

"A SOCIOLOGICAL STUDY OF BLIND STUDENTS"

**પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) મહાશોધ નિબંધ**

**માર્ગદર્શક**
**પ્રા. ડૉ. પારૂલબેન જોષી**
સમાજશાસ્ત્ર
શ્રી દેવમણી આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ,
વિસાવદર,
જૂનાગઢ

**સંશોધક**
**પ્રા. રીટાબેન ડી. મોરી**
સમાજશાસ્ત્ર
શ્રી કોડીનાર આર્ટસ એન્ડ કોમર્સ
કૉલેજ, કોડીનાર,
જિ. જૂનાગઢ

**સમાજશાસ્ત્ર ભવન**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
રાજકોટ-૫.

**૨૦૧૧**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **શ્રી રીટાબેન ડી. મોરી** એ આ મહાશોધ નિબંધ **'પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ'** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદ્‌વી માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે જે અન્યત્ર અને કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પ્રસિધ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ (સમાજશાસ્ત્ર) આંતરવિદ્યાકીય પીએચ.ડીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.


**માર્ગદર્શક**
**પ્રા. ડૉ. પારૂલબેન જોષી**
સમાજશાસ્ત્ર
શ્રી દેવમણી આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ,
વિસાવદર,
જૂનાગઢ

## ❑ આમુખ...

સામાજિક સંશોધન એ અથાગ પરિશ્રમ માંગી લેતું કાર્ય છે. છતા એ તે અશક્ય નથી. પીએચ.ડી.ની સમાજશાસ્ત્રની પદવીના ભાગરૂપે જયારે વિષય પસંદગી કરવાનીવાત આવે ત્યારે સમાજશાસ્ત્રના કયાં ક્ષેત્રોમાં સંશોધન કરવું એ મુંઝવતો પ્રશ્ન હોય છે. ત્યારે આદરણીય માર્ગદર્શક ડૉ. પારૂલબેન જોષીસાથે ચર્ચા-વિચારણા કર્યા પછી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના સંદર્ભમાં વિષય પસંદ કરવાનું વિચાર્યું.

મારો આ અભ્યાસ એ સૌરાષ્ટ્રમાં આવેલા જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર વિસ્તારમાં આવેલી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કાર્યરત સંસ્થાના સંદર્ભમાં છે. પ્રસ્તુત અભ્યાસમાં તે સંસ્થાનું વાતાવરણ, શૈક્ષણિક સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ, નિયમો, વિવિધ યોજનાઓ સરકાર દ્વારા મળતી સરકારી સહાયતા વગેરે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના જીવન ઉપર કેવી અસર ઉપજાવે છે. તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આમ પ્રસ્તુત સંશોધનમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના સંદર્ભમાં અનેકવિધ દષ્ટિબિંદુથી અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સંશોધન કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

૧. વિષય પસંદગીની પ્રક્રિયા તથા સંશોધન કાર્યના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી પ્રેમપૂર્વક માર્ગદર્શન આપવા ઉપરાંત આત્મીય સ્વજન માફક ઉષ્માસભર ઉત્સાહ પૂરો પાડવા બદલ માર્ગદર્શક શ્રી ડૉ. પારુલબેન જોષીનો હાર્દિક આભાર માનું છું.

૨. સંશોધનકાર્યમાં ઉત્સાહ ચિંધનાર તેમજ અનેકવિધ રીતે પ્રદાન આપનાર, મારા પતિ રણજીત, પુત્ર ‘ઓમ’ તથા પુજ્ય પિતા મોરી ધીરુભાઇ, માતા ચંપાબેન તથા પૂજ્ય સસરા કરસનભાઈ, સાસુ મોતીબેન તથા પુજ્ય અનિલભાઈ, યોગેશભાઈ, જીતુભાઈ ઉપરાંત સર્વે પરિવારજનો સ્નેહીજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું, જેમણે આ કાર્ય દરમ્યાન મને પ્રોત્સાહિત કરી છે.

૩. સંશોધન વિષય સંબંધિત માર્ગદર્શક આપવા બદલ ડૉ. સુભાષભાઇ મોરી, ડૉ. ભરતભાઇ ગોહિલ, કેશુભાઇ વાળા (અંધજન કલ્યાણ મંડળ), અનિલભાઇ પટેલ (રાષ્ટ્રીય અંધજન મંડળ-જૂનાગઢ) તેમજ મારા સહકર્મચારીઓનો, તેમજ કુલદિપ વાળા અને નિતાબેન ઝાલાના આત્મીય સહકાર બદલ તેઓશ્રીની ઋણી છું.

૪. આ ઉપરાંત મારા આ સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મદદ કરનાર અન્ય ઉલ્લેખ ન પામનાર તમામ વ્યક્તિઓએ માર્ગદર્શન, સલાહ સૂચન વગેરેમાં જેસહાય કરી છે. તે માટે હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

૫. અંતમાં પ્રસ્તુત મહાશોધ નિબંધને કોમ્પ્યુટર દ્વારા મુદ્રિત કરીને બાઇન્ડીંગ કરી આપનાર ત્રિપદા કોમ્પ્યુટરના પિનાકીનભાઇ લખતરીયાની આભારી છું.

તા. / /૨૦૧૧ **— મોરી આર. ડી.**

સ્થળ :

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ-૧ | પ્રસ્તાવના | ૧-૬૪ |
| પ્રકરણ-૨ | સામાજીક માહિતી | ૬૫-૧૮૧ |
| પ્રકરણ-૩ | આર્થિક માહિતી | ૧૮૨-૨૦૩ |
| પ્રકરણ-૪ | શૈક્ષણિક માહિતી | ૨૦૪-૨૭૨ |
| પ્રકરણ-૫ | આરોગ્ય માહિતી | ૨૭૩-૩૩૩ |
| પ્રકરણ-૬ | પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ અને તેમના વિકાસ માટેના સરકાર અને બિનસરકારી પ્રયાસો | ૩૩૪-૩૬૨ |
| પ્રકરણ-૭ | ઉકેલો, ઉપાયો અને સારાંશ | ૩૬૩-૩૯૪ |
| ○ | સંદર્ભસૂચિ | ૩૯૫-૪૦૦ |
| ○ | મુલાકાત અનુસૂચિ | ૪૦૧-૪૧૧ |

# કોષ્ટક સૂચિ


| ક્રમ | કોષ્ટક વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨.૧ | ઉતરદાતા ઘરના સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૬૮ |
| ૨.૨ | ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૭૨ |
| ૨.૩ | ઉતરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક | ૭૪ |
| ૨.૪ | ઉત્તરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક | ૭૭ |
| ૨.૫ | ઉતરદાતાની જ્ઞાતિ દર્શાવતું કોષ્ટક | ૮૦ |
| ૨.૬ | ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવતું કોષ્ટક | ૮૪ |
| ૨.૭ | ઉતરદાતાનો ધર્મ દર્શાવતું કોષ્ટક | ૮૭ |
| ૨.૮ | ઉત્તરદાતાનો ધર્મ | ૯૧ |
| ૨.૯ | કુટુંબમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે | ૯૩ |
| ૨.૧૦ | કુટુંબમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. | ૯૭ |
| ૨.૧૧ | કુટુંબના સભ્યનું તમારા પ્રત્યેનું વર્તન દર્શાવતું કોષ્ટક | ૯૯ |
| ૨.૧૨ | કુટુંબના સભ્યનું તમારા પ્રત્યેનું વર્તન | ૧૦૩ |
| ૨.૧૩ | મુશ્કેલીના સમયમાં મુખ્યત્વે કોણ મદદરૂપ થાય છે? | ૧૦૬ |
| ૨.૧૪ | મુશ્કેલીના સમયમાં મુખ્યત્વે કોણ મદદરૂપ થાય છે. | ૧૧૧ |
| ૨.૧૫ | સમાજ પાસે શું અપેક્ષા રાખો છો? | ૧૧૩ |
| ૨.૧૬ | સમાજ પાસે શું અપેક્ષા રાખો છો ? | ૧૧૮ |
| ૨.૧૭ | તમને ક્યારે એવો અનુભવ થયો છે, કે મારી શારીરિક ખામી, મારી મર્યાદા છે. તે દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૨.૧૮ | તમને કયારે એવો અનુભવ થયો છે કે મારી શારીરિક ખામી મારી મર્યાદા છે. તે દર્શાવતું કોષ્ટક | ૧૨૫ |

| | | |
|---|---|---|
| ૨.૧૯ | તમે સંસ્થામાં કેટલા વર્ષથી રહો છો? દર્શાવતું કોષ્ટક | ૧૨૭ |
| ૨.૨૦ | તમે સંસ્થામાં કેટલા વર્ષથી રહો છો તે દર્શાવતું કોષ્ટક | ૧૩૨ |
| ૨.૨૧ | તમને સંસ્થાના રહેણાંક પર શિક્ષણ મળી રહે છે. | ૧૩૪ |
| ૨.૨૨ | તમને સંસ્થાના રહેણાંક પર શિક્ષણ મળી રહે છે તે દર્શાવતું કોષ્ટક | ૧૩૭ |
| ૨.૨૩ | જો ના તો તમને તમારા સંસ્થાના રહેણાંક પરથી શૈક્ષણિક સ્થળ પર કેવી રીતે પહોંચો છો? તે દર્શાવતું કોષ્ટક | ૧૩૯ |
| ૨.૨૪ | જો ના તો તમને તમારી સંસ્થાના રહેણાંક પરથી શૈક્ષણિક સ્થળ પર કેવી રીતે પહોંચો છો? તે દર્શાવતું કોષ્ટક | ૧૪૩ |
| ૨.૨૫ | આપ મનોરંજન માટે શું કરો? | ૧૪૫ |
| ૨.૨૬ | આપ મનોરંજન માટે શું કરો? તે દર્શાવતું કોષ્ટક | ૧૫૦ |
| ૨.૨૭ | સંસ્થા દ્વારા કયા પ્રકારની સ્પર્ધા કે કાર્યક્રમોનું આયોજન થાય છે. | ૧૫૨ |
| ૨.૨૮ | સંસ્થા દ્વારા કયા પ્રકારની સ્પર્ધા કે કાર્યક્રમોનું આયોજન થાય છે તે દર્શાવતું કોષ્ટક | ૧૫૭ |
| ૨.૨૯ | તમે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લો છો? | ૧૫૯ |
| ૨.૩૦ | તમે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લો છો? તે દર્શાવતું કોષ્ટક | ૧૬૩ |
| ૨.૩૧ | પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કલ્યાણની જે પ્રવૃતિઓ થાય છે તેનાથી તમે સંતુષ્ટ છો? | ૧૬૫ |
| ૨.૩૨ | પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કલ્યાણની જે પ્રવૃતિઓ થાય છે તેનાથી તમે સંતુષ્ટ છો? તે દર્શાવતું કોષ્ટક | ૧૬૯ |
| ૨.૩૩ | પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અને તેમના દૈનિક કાર્યો જાતે કરે છે તે દર્શાવતું કોષ્ટક | ૧૭૧ |

| | | |
|---|---|---|
| ૨.૩૪ | પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અને તેમના દૈનિક કાર્યો જાતે કરે છે તે દર્શાવતું કોષ્ટક | ૧૭૫ |
| ૨.૩૫ | ઉતરદાતા કયાથી આવે છે તે દર્શાવતું કોષ્ટક | ૧૭૭ |
| ૨.૩૬ | ઉત્તરદાતા કયાંથી આવે છે તે દર્શાવતું કોષ્ટક | ૧૮૦ |
| ૩.૧ | તમને સંસ્થા દ્વારા કોઈ વ્યવસાયિક પ્રવૃતિ શીખવાડવામાં આવે છે. | ૧૮૫ |
| ૩.૨ | તમને સંસ્થા દ્વારા વ્યાવસાયિક પ્રવૃતિ શીખવવામાં આવે છે. | ૧૮૯ |
| ૩.૩ | માતા-પિતા શું વ્યવસાય કરે છે? દર્શાવતું કોષ્ટક | ૧૯૧ |
| ૩.૪ | માતા-પિતા શું વ્યવસાય કરે છે ? તે દર્શાવતું કોષ્ટક | ૧૯૭ |
| ૩.૫ | તમને અભ્યાસમાં સરકાર તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થાય છે. | ૧૯૯ |
| ૩.૬ | તમને અભ્યાસમાં સરકાર તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થાય છે | ૨૦૨ |
| ૪.૧ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરો છો? | ૨૦૬ |
| ૪.૨ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરો છો ? | ૨૧૦ |
| ૪.૩ | તમારા શિક્ષક પ્રજ્ઞાચક્ષુ છે કે નોર્મલ? | ૨૧૨ |
| ૪.૪ | તમારા શિક્ષક પ્રજ્ઞાચક્ષુ છે કે નોર્મલ ? | ૨૧૫ |
| ૪.૫ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં મિત્રો-શિક્ષકોનો સહકાર મળે છે. | ૨૧૭ |
| ૪.૬ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં મિત્રો-શિક્ષકોનો સહકાર મળે છે. | ૨૨૨ |
| ૪.૭ | શિક્ષકનું વર્તન તમારા પ્રત્યે કેવું છે દર્શાવતું કોષ્ટક | ૨૨૪ |
| ૪.૮ | શિક્ષકનું વર્તન તમારા પ્રત્યે કેવું છે ? | ૨૨૯ |
| ૪.૯ | તમને સંગીતની કઈ પ્રવૃતિમાં રસ છે. | ૨૩૧ |
| ૪.૧૦ | તમને સંગીતની કઈ પ્રવૃત્તિમાં રસ છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૩૫ |
| ૪.૧૧ | સંગીતના કયા વર્ષમાં છે દર્શાવતું કોષ્ટક | ૨૩૮ |

| | | |
|---|---|---|
| ૪.૧૨ | સંગીતના કયા વર્ષમાં છે તે દર્શાવતું કોષ્ટક | ૨૪૫ |
| ૪.૧૩ | તમે શું બનવા માંગો છો? દર્શાવતું કોષ્ટક | ૨૪૭ |
| ૪.૧૪ | તમે શું બનવા માંગો છો તે દર્શાવતું કોષ્ટક | ૨૫૨ |
| ૪.૧૫ | શિક્ષણમાં કઈ સુવિધાની કમી લાગે છે | ૨૫૪ |
| ૪.૧૬ | શિક્ષણમાં કઈ સુવિધાની કમી લાગે છે | ૨૫૭ |
| ૪.૧૭ | તમે કયા ધોરણ અભ્યાસ કરો છો તે દર્શાવો | ૨૫૯ |
| ૪.૧૮ | તમે કયાં ધોરણમાં અભ્યાસ કરે છે તે દર્શાવતું કોષ્ટક | ૨૬૫ |
| ૪.૧૯ | માતા-પિતા શિક્ષિત કે અશિક્ષિત તે દર્શાવતું કોષ્ટક | ૨૬૮ |
| ૪.૨૦ | તમારા માતા-પિતા શિક્ષિત કે અશિક્ષિત તે દર્શાવતું કોષ્ટક | ૨૭૧ |
| ૫.૧ | દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૨૭૫ |
| ૫.૨ | દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૨૭૯ |
| ૫.૩ | દ્રષ્ટક્ષતિની શરૂઆત થઈ હોય ત્યારની વય દર્શાવતું કોષ્ટક | ૨૮૧ |
| ૫.૪ | દ્રષ્ટિહીનની શરૂઆત થઈ ત્યારની વય | ૨૮૬ |
| ૫.૫ | પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ દર્શાવતું કોષ્ટક | ૨૮૮ |
| ૫.૬ | પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ દર્શાવતું કોષ્ટક | ૨૯૪ |
| ૫.૭ | બિમારીના સમયે સારવાર કયા લો છો? | ૨૯૬ |
| ૫.૮ | બિમારીના સમયે સારવાર કયાં લો છો? | ૩૦૧ |
| ૫.૯ | ભારતમાં દ્રષ્ટિક્ષતિના કારણો | ૩૦૩ |
| ૫.૧૦ | દ્રષ્ટિક્ષતિના મુખ્ય કારણો | ૩૦૪ |
| ૫.૧૧ | દ્રષ્ટિક્ષતિ પામેલા લોકોનું દેશની ૮૦ કરોડ ધારેલી કુલ વસ્તીમાં (રાષ્ટ્રીય) ભારણ | ૩૦૫ |

| | | |
|---|---|---|
| ૫.૧૨ | દ્રષ્ટિહીનતાનો પ્રવર્તમાન દર (અંધત્વનો પ્રવર્તમાન દર) | ૩૦૬ |
| ૫.૧૩ | ગ્રામીણ-શહેરી વિસ્તારો વચ્ચે વિતરણ | ૩૦૬ |
| ૫.૧૪ | સાધ્ય અને અસાધ્ય દ્રષ્ટિહીનતા સુધારા થઈ શકે તેવી દ્રષ્ટિહીનતાનું પ્રમાણ | ૩૦૭ |
| ૫.૧૫ | | ૩૧૧ |
| ૫.૧૬ | દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર | ૩૧૫ |

## ગ્રાફ સૂચિ


| ક્રમ | ગ્રાફ વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | ઉતરદાતા ઘરના સભ્યોની સંખ્યા | ૬૯ |
| ૨ | ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા | ૭૩ |
| ૩ | ઉતરદાતાની જાતિ | ૭૫ |
| ૪ | ઉત્તરદાતાની જાતિ | ૭૮ |
| ૫ | ઉતરદાતાની જ્ઞાતિ | ૮૧ |
| ૬ | ઉત્તરદાતાની જ્ઞાતિ | ૮૫ |
| ૭ | ઉતરદાતાનો ધર્મ | ૮૮ |
| ૮ | ઉત્તરદાતાનો ધર્મ | ૯૨ |
| ૯ | કુટુંબમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે | ૯૪ |
| ૧૦ | કુટુંબમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. | ૯૮ |
| ૧૧ | કુટુંબના સભ્યનું તમારા પ્રત્યેનું વર્તન | ૧૦૦ |
| ૧૨ | કુટુંબના સભ્યનું તમારા પ્રત્યેનું વર્તન | ૧૦૪ |
| ૧૩ | મુશ્કેલીના સમયમાં મુખ્યત્વે કોણ મદદરૂપ થાય છે? | ૧૦૭ |
| ૧૪ | મુશ્કેલીના સમયમાં મુખ્યત્વે કોણ મદદરૂપ થાય છે. | ૧૧૨ |
| ૧૫ | સમાજ પાસે શું અપેક્ષા રાખો છો? | ૧૧૪ |
| ૧૬ | સમાજ પાસે શું અપેક્ષા રાખો છો ? | ૧૧૯ |
| ૧૭ | તમને ક્યારે એવો અનુભવ થયો છે, કે મારી શારીરિક ખામી, મારી મર્યાદા છે. | ૧૨૧ |

| | | |
|---|---|---|
| ૧૮ | તમને કયારે એવો અનુભવ થયો છે કે મારી શારીરિક ખામી મારી મર્યાદા છે. | ૧૨૬ |
| ૧૯ | તમે સંસ્થામાં કેટલા વર્ષથી રહો છો? | ૧૨૮ |
| ૨૦ | તમે સંસ્થામાં કેટલા વર્ષથી રહો છો. | ૧૩૩ |
| ૨૧ | તમને સંસ્થાના રહેણાંક પર શિક્ષણ મળી રહે છે. | ૧૩૫ |
| ૨૨ | તમને સંસ્થાના રહેણાંક પર શિક્ષણ મળી રહે છે. | ૧૩૮ |
| ૨૩ | જો ના તો તમને તમારા સંસ્થાના રહેણાંક પરથી શૈક્ષણિક સ્થળ પર કેવી રીતે પહોંચો છો. | ૧૪૦ |
| ૨૪ | જો ના તો તમને તમારી સંસ્થાના રહેણાંક પરથી શૈક્ષણિક સ્થળ પર કેવી રીતે પહોંચો છો. | ૧૪૪ |
| ૨૫ | આપ મનોરંજન માટે શું કરો. | ૧૪૬ |
| ૨૬ | આપ મનોરંજન માટે શું કરો. | ૧૫૧ |
| ૨૭ | સંસ્થા દ્વારા કયા પ્રકારની સ્પર્ધા કે કાર્યક્રમોનું આયોજન થાય છે. | ૧૫૩ |
| ૨૮ | સંસ્થા દ્વારા કયા પ્રકારની સ્પર્ધા કે કાર્યક્રમોનું આયોજન થાય છે. | ૧૫૮ |
| ૨૯ | તમે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લો છો. | ૧૬૦ |
| ૩૦ | તમે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લો છો? | ૧૬૪ |
| ૩૧ | પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કલ્યાણની જે પ્રવૃતિઓ થાય છે તેનાથી તમે સંતુષ્ટ છો. | ૧૬૬ |
| ૩૨ | પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કલ્યાણની જે પ્રવૃતિઓ થાય છે તેનાથી તમે સંતુષ્ટ છો? | ૧૭૦ |
| ૩૩ | પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અને તેમના દૈનિક કાર્યો જાતે કરે છે. | ૧૭૨ |

| | | |
|---|---|---|
| ૩૪ | પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અને તેમના દૈનિક કાર્યો જાતે કરે છે. | ૧૭૬ |
| ૩૫ | ઉતરદાતા કયાથી આવે છે. | ૧૭૮ |
| ૩૬ | ઉત્તરદાતા કયાંથી આવે છે. | ૧૮૧ |
| ૩૭ | તમને સંસ્થા દ્વારા કોઈ વ્યવસાયિક પ્રવૃતિ શીખવાડવામાં આવે છે. | ૧૮૬ |
| ૩૮ | તમને સંસ્થા દ્વારા વ્યાવસાયિક પ્રવૃતિ શીખવવામાં આવે છે. | ૧૯૦ |
| ૩૯ | માતા-પિતા શું વ્યવસાય કરે છે? | ૧૯૨ |
| ૪૦ | માતા-પિતા શું વ્યવસાય કરે છે ? | ૧૯૮ |
| ૪૧ | તમને અભ્યાસમાં સરકાર તરફથી આર્થિક સહાય પ્રામ થાય છે. | ૨૦૦ |
| ૪૨ | તમને અભ્યાસમાં સરકાર તરફથી આર્થિક સહાય પ્રામ થાય છે | ૨૦૩ |
| ૪૩ | શિક્ષણ પ્રામ કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરો છો. | ૨૦૭ |
| ૪૪ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરો છો. | ૨૧૧ |
| ૪૫ | તમારા શિક્ષક પ્રજ્ઞાચક્ષુ છે કે નોર્મલ. | ૨૧૩ |
| ૪૬ | તમારા શિક્ષક પ્રજ્ઞાચક્ષુ છે કે નોર્મલ. | ૨૧૬ |
| ૪૭ | શિક્ષણ પ્રામ કરવામાં મિત્રો-શિક્ષકોનો સહકાર મળે છે. | ૨૧૮ |
| ૪૮ | શિક્ષણ પ્રાપ્ત કરવામાં મિત્રો-શિક્ષકોનો સહકાર મળે છે. | ૨૨૩ |
| ૪૯ | શિક્ષકનું વર્તન તમારા પ્રત્યે કેવું છે. | ૨૨૫ |
| ૫૦ | શિક્ષકનું વર્તન તમારા પ્રત્યે કેવું છે. | ૨૩૦ |
| ૫૧ | તમને સંગીતની કઈ પ્રવૃતિમાં રસ છે. | ૨૩૨ |
| ૫૨ | તમને સંગીતની કઇ પ્રવૃત્તિમાં રસ છે. | ૨૩૭ |
| ૫૩ | સંગીતના કયા વર્ષમાં છે. | ૨૩૯ |
| ૫૪ | સંગીતના કયા વર્ષમાં છે. | ૨૪૬ |

| | | |
|---|---|---|
| ૫૫ | તમે શું બનવા માંગો છો? | ૨૪૮ |
| ૫૬ | તમે શું બનવા માંગો છો. | ૨૫૩ |
| ૫૭ | શિક્ષણમાં કઈ સુવિધાની કમી લાગે છે. | ૨૫૫ |
| ૫૮ | શિક્ષણમાં કઈ સુવિધાની કમી લાગે છે. | ૨૫૮ |
| ૫૯ | તમે કયા ધોરણ અભ્યાસ કરો છો. | ૨૬૦ |
| ૬૦ | તમે કયાં ધોરણમાં અભ્યાસ કરે છે. | ૨૬૬ |
| ૬૧ | માતા-પિતા શિક્ષિત કે અશિક્ષિત. | ૨૬૯ |
| ૬૨ | તમારા માતા-પિતા શિક્ષિત કે અશિક્ષિત. | ૨૭૨ |
| ૬૩ | દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૨૭૬ |
| ૬૪ | દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૨૮૦ |
| ૬૫ | દ્રષ્ટક્ષતિની શરૂઆત થઈ હોય ત્યારની વય | ૨૮૨ |
| ૬૬ | દ્રષ્ટિહીનની શરૂઆત થઈ ત્યારની વય | ૨૮૭ |
| ૬૭ | પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ | ૨૮૯ |
| ૬૮ | પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ | ૨૯૫ |
| ૬૯ | બિમારીના સમયે સારવાર કયા લો છો? | ૨૯૭ |
| ૭૦ | બિમારીના સમયે સારવાર કયાં લો છો? | ૩૦૨ |

# પ્રકરણ-૧

# પ્રસ્તાવના


૧.૧ પ્રસ્તાવના

૧.૨ વિષય પસંદગી

૧.૩ સંશોધન સમસ્યા

૧.૪ સંશોધનના ખ્યાલો

૧.૫ સંશોધનના હેતુઓ

૧.૬ સંશોધનનું મહત્વ

૧.૭ ઉપકલ્પનાનું ઘડતર

૧.૮ સંશોધન પદ્ધતિઓ

૧.૯ માહિતી એકત્રીકરણના સાધનો

૧.૧૦ સંશોધનની મર્યાદાઓ

૧.૧૧ જાણીતા પૂર્વ અભ્યાસ

૧.૧૨ પૂર્વ સંશોધન સમીક્ષા

૧.૧૩ સંશોધન ક્ષેત્ર

૧.૧૪ અભ્યાસ શહેર અને સંસ્થાઓનો પરિચય

૧.૧૫ ઉપસંહાર

# પ્રકરણ-૧

# પ્રસ્તાવના

## ૧.૧ પ્રસ્તાવના

સમાજમાં કેટલાક એવા સમૂહ છે જે પ્રકૃતિ દ્વારા અથવા વિસ્થાપિત રૂઢિઓના કારણે દુર્બળ હોય છે. જેવા કે બાળકો, મહિલાઓ, અસમર્થ વ્યક્તિ, વૃધ્ધ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વગેરે સમાજમાં અન્ય વ્યક્તિની તુલનામાં આ વર્ગના લોકો સામાજીક, શૈક્ષણિક, આર્થિક તથા અન્ય વિકાસના અવસરોનો પુરો લાભ લઈ શકતા નથી. આથી તેઓને વિશેષ સુવિધાઓ પ્રદાન કરવાની જરૂરિયાત હોય છે. વર્તમાનમાં વિશ્વની લગભગ ૧૦% વસ્તી અસમર્થ વ્યક્તિઓની છે. તેમાંથી અનુમાનિતથી ૮% વ્યક્તિ વિકાસશીલ દેશોમાં રહે છે તથા તેઓ શારીરિક કે માનસિક અક્ષમતાગ્રસ્ત છે. તેઓ મુખ્યરૂપથી શૈક્ષણિક, સામાજીક, આર્થિક તકોથી વંચિત તથા મોટાભાગે તેઓને નિમ્ન શ્રેણીનું કે ઓછા પગારવાળું કાર્ય મળે છે. સામાજીક દ્રષ્ટિકોણથી તેમને સામાજીક જીવન તથા સામાન્ય સામાજીક સંબંધોથી અલગ કરી દે છે. આથી સમાજ વૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રીઓની જવાબદારી છે કે આ પ્રકારના અસમર્થ વ્યક્તિઓની સામાજીક, શૈક્ષણિક, કૌટુંબિક તથા આર્થિક સ્થિતિઓનો અભ્યાસ કરવાની સાથે તેઓની સમસ્યાઓનો પણ અભ્યાસ કરી અને એ તરફ સમાજ તથા સરકારનું ધ્યાન આકર્ષિત કરી તેઓને પણ વિકાસની તક મળે તેવો પ્રયાસ કરવામાં આવે.

જ્યારથી માનવ સમાજની શરૂઆત થઈ ત્યારથી જ માનવમનમાં વિવિધ પ્રશ્નો ઉદ્‌ભવતા આવ્યા છે. વિવિધ પ્રશ્નોના ઉકેલ સ્વરૂપે મનુષ્ય પોતાની બુધ્ધિ પ્રમાણે ઉતર મેળવવા પ્રયત્ન કર્યો. સામાજીક વિજ્ઞાનનો ઉદ્‌ભવ થયો ન હતો ત્યારે મનુષ્ય માનવ વર્તન અંગેના પ્રશ્નો તત્વજ્ઞાનના ભાગરૂપે ગણાતા અને તત્વજ્ઞાનીઓ આવા જુદા-જુદા પ્રશ્નો પૂછી જવાબ મેળવવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ જેમ-જેમ સમાજ વિજ્ઞાનનો વિકાસ થયો તેમ મનુષ્યના માનસ ઉપર ઉદભવતા પ્રશ્નોના જવાબો સામાજીક સંશોધન દ્વારા આપવામાં આવતા,

કોઈપણ સમસ્યા કે તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નો જવાબ તાત્કાલીક કે સચોટ ઉકેલ હોતો નથી. આથી તેના માટે સામાજીક સંશોધન અનિવાર્ય બની રહે છે.

વૈદિક યુગના ઋષિની પ્રાર્થના છે. ભગવાન તુ મને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જા, સમયે-સમયે અંધકારનો પ્રભાવ સૃષ્ટિ ઉપર વ્યાપ્ત થતો જ રહ્યો છે અને અંધકારને દૂર કરવાના પ્રયત્નો ભારતમાં થતા રહ્યા છે. અને એટલા માટે જ કહેવાયું છે. 'દુલભે ભારતે જન્મ' ભારતમાં જન્મ થવો એ દુર્લભ બાબત છે. આ રાષ્ટ્રમાં માર્ગદર્શન આપવા ઋષિઓ આવ્યા, અરે એટલું જ નહી, પણ પુણ્યશાળી કર્મયોગીઓની પીઠ થાબડવા અને આતંકવાદીઓને હણવા કરવા મહાઅનુભવો આ રાષ્ટ્રમાં આવ્યા છે. આ ઘટના પ્રવાહનું વહન આપણે વિકલાંગ બાળકો તરફ કરીએ.

વિકલાંગ બાળકોની સંખ્યા આપણે ધારીએ તેના કરતા વિશેષ છે. એક ગણતરી પ્રમાણે વિશ્વના ૨% જેટલા બાળકો વિકલાંગ છે. જ્યારે એટલી સંખ્યા હોય ત્યારે આવા બાળકોનો અભ્યાસ આવશ્યક બની જાય છે. સમગ્ર સમાજનો વિકાસ કરવાનો હોય ત્યારે વિકલાંગ લોકોના વિકાસ તરફ ધ્યાન આપવું અત્યંત જરૂરી બને છે. વિકલાંગ બાળકોને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોય છે. તેમની વિશિષ્ટ સામાજીક તેમજ વિવિધ ભૂમિકા હોય છે. વિકલાંગ બાળકોને પણ પોતાની ઈચ્છાઓ, આકાંક્ષાઓ હોય છે તેમને સામાજીક, આર્થિક, શૈક્ષણિક જીવન તેમજ તેમની ઈચ્છાઓ આકાંક્ષાઓ અને વિશિષ્ટ વ્યક્તિત્વ હોય છે અને તેઓ સામાજીક, આર્થિક, શૈક્ષણિક વગેરે પરિસ્થિતિમાં પોતાનું જીવન કેવી રીતે જીવી રહ્યા છે. સમાજ પાસે શી અપેક્ષા સેવે છે અને સમાજ, અન્ય તેમને કેવી રીતે મદદરૂપ બને છે. તે જાણવા માટે આપણે વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવાથી તેમના વિશે સાચો ખ્યાલ આવી શકે.

ગોસ્વામીજી રામાયણમાં લખે છે કે-

નયન હિ સંત દર્શન નહી દેખા લોચન મોર પંખ કરિ લેખા

જે આંખમાં દ્રષ્ટિ છે પણ એનાથી સંતનું દર્શન થતું નથી તો એ આંખ મોરના પીંછામાં છે એવી ખોટી છે. મીરાનું પ્રખ્યાત પદ છે. 'દરસ બિના દુ:ખ લાગે નૈન' મીરા ને આંખમાં દ્રષ્ટિ ક્ષતિ મીરા અંધ હતા એવો કયાંય ઉલ્લેખ મળતો નથી, તો મીરાની આંખમાં દ્રષ્ટિ હતી. બાહ્ય પદાર્થો જુએ છે. શાલિગ્રામનું સ્વરૂપ જુવે છે. આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે જોવું એ પૂરતું નથી પછી એને જાણવું જોઈએ. અને પછી એને જીવનમાં અનુભવવું જોઈએ. તો દ્રષ્ટિ એ જ છે જેને દર્શન છે. આંખ એ જ છે જેને ઓળખે છે. માનવના જીવનમાં આંખમાં દ્રષ્ટિ ન હોય તો બહાર જીવન રૂંધાય છે. દુ:ખરૂપ બને છે. અટવાય છે. ભારતીય સમાજમાં વિકલાંગ વ્યક્તિઓ એક વિશિષ્ટ માનવ સમૂહ છે. આ સમૂહ સમાજમાં અનેક સમસ્યાઓનો ભોગ બનતો રહ્યો છે અને સમાજમાં તેનું સ્થાન સામાન્ય વ્યક્તિ જેવું રહેતું નથી. વિકલાંગ વ્યક્તિઓની સમસ્યા કોઈ નવી કે સાંપ્રત સમાજની ભેટ નથી, તેઓ અનેક સમસ્યાઓનો સામનો કરતો આવ્યો છે. વિકલાંગ વ્યક્તિ સમાજ માટે બિચારો બાપડો છે. વળી ભારતમાં એવી માન્યતા પ્રવર્તતી જણાઈ છે કે તેઓના શરીરનું એકાદ અવયવ કામ ન કરતું હોય ત્યારે તેવી વ્યક્તિ બીજુ કાર્ય કરી શકે નહી. પરિણામે તેને સમગ્ર જીવન દરમ્યાન સહન કરવું પડે છે. વિકલાંગતા ધરાવનાર વ્યક્તિ ગમે તેટલો કુશળ, શ્રીમંત હોય છતા પણ વિકલાંગતાને કારણે સમાજની ગતિવિધિઓથી થોડો પાછળ પડી જાય છે.

ખરેખર, વિકલાંગ બાળકો પ્રત્યે જેટલું સંશોધન થવું જોઈએ તેટલું જોવા મળતું નથી. જો આવા બાળકોનું વિવિધ દ્રષ્ટિકોણથી સંશોધન થાય તો અનેક નવી હકીકતો જાણવા મળે. આ ઉપરાંત ભિન્ન-ભિન્ન દ્રષ્ટિએ વિચારતા વિકલાંગ બાળકોનો અભ્યાસ ખૂબજ ઉપયોગ બની રહે છે. જ્યારે આપણાં સમાજ બાળ કલ્યાણની વાત કરે છે ત્યારે તો આવા અભ્યાસો આપણને માર્ગદર્શન પૂરું પાડે છે. બાળક માનસને સમજવાનું કામ સહેલું નથી અને તેમાંય જ્યારે બાળક વિકલાંગ હોય ત્યારે તો તેનું માનસ જાણવું તે મુશ્કેલ કાર્ય બની જાય છે. કોઈપણ સંશોધન ધીરજપૂર્વક અને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા આવા માનસને ઉકેલવાનો પ્રયાસ કરવો પડે છે.

રાજ્યની ૫૦,૫૯૬,૯૯૨ વસ્તીમાં અપંગતાથી પીડાતા લોકોની સમસ્યા અપાર છે. આંખે જોઈ ન શકાય અને માનસિક રીતે અપંગ હોય તેવા લોકોની સામાજિક, આર્થિક હાલત ચિંતા ઉપજાવે છે. તેથી તેમને મદદ કરનારો વર્ગ ચિંતા ધરાવે છે. લાખો અપંગ હોવા છતાં ખુમારી અને સંઘર્ષમય જિંદગી જીવી રહ્યા છે. ગુજરાતના જિલ્લાઓમાં અપંગતાનું પ્રમાણ જોતા ખ્યાલ આવે છે કે શારીરિક વિકલાંગતા ધરાવતાઓનું સૌથી ઉંચું પ્રમાણ રાજકોટમાં જોવા મળે છે. જો કે શારીરિક વિકલાંગતા સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અન્ય કરતા ઊંચું પ્રમાણ છે. જ્યારે માનસિક રીતે ક્ષતિ ધરાવનારોમાં અમદાવાદ, સુરત આગળ છે. સાંભળવાની ક્ષતિ (બહેરાશ) ધરાવનારાઓમાં સુરતનું ઉંચું પ્રમાણ છે. તમામ અપંગોમાં અમદાવાદમાં સૌથી વધુ સંખ્યા છે.

ગુજરાત રાજ્યમાં કુલ વિકલાંગ લોકોનું પ્રમાણ કેટલું ઉંચું છે. તે નીચે દર્શાવેલ આંકડાકીય માહિતીદ્વારા જાણી શકાય છે.

- અંધ ૪૯૪૬૨૪
- મૂગા ૬૬૫૩૪
- બહેરા ૭૦૩૨૧
- અપંગ ૩૧૦૭૬૫
- માનસિક ૧૦૩૨૨૧

કુલ અંધજનની સંખ્યા ૪,૯૪,૬૨૪, કુલ મુંગાઓની સંખ્યા ૬,૬૫,૩૪, કુલ બહેરાશની સંખ્યા ૭૦૩૨૪, કુલ અપંગોની સંખ્યા ૩૧૦૭૬૫ તેમજ માનસિકતા ધરાવતાની સંખ્યા ૧૦૩૨૨૧ ની છે.

ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારા જાણી શકાય છે કે કુલ વિકલાંગ લોકોમાં અંધજનોનું પ્રમાણ ખૂબ ઉંચું છે.

ભારતમાં અંધજનોની વસ્તી વર્ષ ૨૦૦૧ પ્રમાણે ૧.૨ કરોડની હતી.

## ૧.૨ વિષય પસંદગી

કોઈપણ સંશોધન શરૂ કરતા પહેલા પહેલુ કાર્ય સંશોધન વિષયની પસંદગી કરવાની હોય છે. સંશોધક જે તે વિષય પસંદ કરે તે પસંદગી માટે કેટલીક બાબતો ધ્યાનમાં લે છે. સંશોધન માટે વિષયોનો વિસ્તાર સામાજીક વર્તનના વિસ્તાર જેટલો વિશાળ છે. પ્રોફેસર ફિલફોર્ડ મૂડી કહે છે. 'અત્યારે સંશોધન સ્વતંત્ર સત્યની શોધ માટેની એક પદ્ધતિ છે. જે વાસ્તવમાં સમીક્ષાત્મક વિચારણાની પદ્ધતિ છે. એમાં સવાલોની વારંવાર વ્યાખ્યા કરવામાં આવે છે. કાલ્પનિક સિદ્ધાંતોની રચના કરવામાં આવે છે અથવા સૂચિત ઉકેલો શોધવામાં આવે છે. સામગ્રીનો સંગ્રહ વ્યવસ્થા તથા મૂલ્યાંકન કરવામાં આવે છે અને અનુમાનો તથા પરિણામો તારવવામાં આવે છે અને છેવટે પરિણામોની કાળજીપૂર્વક ચકાસણી કરી નકકી કરવામાં આવે છે કે બધા રચિત કાલ્પનિક સિદ્ધાંત સાથે કેટલે અંશે બેસતા છે.'

સામાજીક સંશોધન એટલે સમુદાયોની સામાજીક ઘટનાઓનું અથવા સામાન્ય રીતે માનવ વર્તનના સ્વરૂપ તથા પ્રવાહોનું પૃથ્થકરણ કરી વ્યાપક સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક પ્રત્યેની રચના, પોલીન યંગ કહે છે[૩] 'સામાજીક સંશોધન નવી હકીકતોની શોધ કરવાની અથવા જૂની હકીકતોની ચકાસણી કરવાની અથવા જૂની હકીકતોનું તેમના અનુક્રમ, આંતરસંબંધ, કારણાત્મક ખુલાસાઓ અને તેને લગતા પ્રાકૃતિક નિયમો મારફત પ્રતિપાદન કરવાની વ્યવસ્થિત પદ્ધતિ છે. તેથી ઘણુબધુ સંશોધન પૃથ્થકરણાત્મક નવી હકીકતોની શોધ કરનાર તેમજ નવી પદ્ધતિઓની ચકાસણી કરવા માટેની યોજનાનું હોવું જોઈએ. સામાજીક સંશોધન પહેલેથી જ ઉપયોગમાં લેવાની પદ્ધતિઓ તથા શોધોનું પુનઃમૂલ્યાંકન કરે છે. સામાજીક સંશોધન વિદ્યમાન વૈજ્ઞાનિક સિદ્ધાંતના માળખાની વચ્ચે રહી સામગ્રી એકત્રીત કરે છે અને તેનું વિશ્લેષણ કરે છે. તે સામાજીક પરિવર્તન વિશે અથવા સામાન્ય માનવ વર્તન વિશે નવા સિદ્ધાંતો, વિશ્લેષણની નવી પદ્ધતિઓ ભલે રચે પણ તે સ્થાપિત સૈદ્ધાંતિક રચનાઓના આધારે આગળ વધે છે. એક પ્રશ્ન વૈજ્ઞાનિક તપાસ દ્વારા જવાબ મેળવવાના આશયથી પસંદ કરે છે.

આ પસંદગી સમયે તેણે ઘણી બાબતોને ખ્યાલમાં રાખવાની હોય છે. સંશોધન પ્રવૃતિને એક પ્રવાહરૂપ ગણીએ તો પુરોગામી અભ્યાસો તપાસીને તેમાં જે બાકી હોય તે ઓછુ ખેડાણ હોય તો તેવા પાસાને કે પ્રશ્નને અથવા પરિસ્થિતિને સંશોધન માટે પસંદ કરાય છે. વિષય પસંદ કર્યા બાદ સંશોધકે સૌ પ્રથમ સંશોધન પ્રશ્નનું ઘડતર કરવું પડે છે. સંશોધન પ્રશ્ન ઘડાતા બીજા તબકકે સંશોધન આયોજન કરવું પડે છે. સંશોધન અંગેની યોજનાઓ સંશોધન પ્રક્રિયાનું પ્રશ્ન ચિહ્ન છે. સમાજશાસ્ત્રીય પદ્ધતિશાસ્ત્રના નિષ્ણાંત ડો. પી.વી.યંગના મતે સંશોધન આયોજન સંપૂર્ણ ચોકકસ અને ચુસ્ત હોય તેમ બનતુ નથી. છતા સંશોધન એ પથપ્રદાન કરે છે. દિશાસૂચન કરે છે. સંશોધન આયોજન એ કામચલાઉ આયોજન છે.

સમાજશાસ્ત્ર પણ અનેકવિધ સમયમાંથી પસાર થયું છે. સમાજશાસ્ત્રનો ક્રમશ: વિકાસ થતો ગયો તેમ તેમ તેના અભ્યાસમાં વધુને વધુ વિશેષીકરણ દાખલ થતુ જાય છે અને પરિણામે વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રની ઘણી પેટા શાખાઓ અસ્તિત્વમાં આવી છે. જેમકે કુટુંબનું સમાજશાસ્ત્ર નગર સમાજશાસ્ત્ર, ગ્રામ સમાજશાસ્ત્ર, રાજકારણનું સમાજશાસ્ત્ર, ધર્મનું સમાજશાસ્ત્ર, અર્થકારણનું સમાજશાસ્ત્ર, તબીબી સમાજશાસ્ત્ર, કળાનું સમાજશાસ્ત્ર, પર્યાવરણનું સમાજશાસ્ત્ર, કાયદાનું સમાજશાસ્ત્ર, જ્ઞાનનું સમાજશાસ્ત્ર, વિકાસનું સમાજશાસ્ત્ર, રમત-ગમતનું સમાજશાસ્ત્ર, ટૂંકમાં જેમ-જેમ સમાજના વિવિધ પાસાઓનો ખાસ અને ઉંડો અભ્યાસ થતો જાય છે તેમ-તેમ સમાજશાસ્ત્રની આ પેટા શાખાઓની યાદી પણ વિસ્તૃત બનતી જાય છે. પશ્ચિમના દેશોમાં આ બધી પેટા શાખાઓનો સારો એવો વિકાસ થયો છે. ભારતમાં પણ આમાની ઘણી પેટાશાખાઓમાં કેટલુંક કામ થયું છે. સમાજશાસ્ત્રમાં સંશોધનના ઘણા ક્ષેત્રો છે. જેમકે જ્ઞાતિ, કુટુંબ, લગ્ન, શિક્ષણ, ધર્મ તેવા અનેક વિષયોમાં સંશોધનો થતા આવ્યા છે. પરંતુ 'વિકલાંગ વ્યક્તિ સામેનો પડકારો' નવા વિષય છે. કુદરતી રીતે કે અન્ય આકસ્મીક કારણોસર કેટલાક માણસો કોઈને કોઈ પ્રકારની શારીરિક કે માનસિક ક્ષતિ ધરાવતા હોય છે. કુદરતની આ નાનીમોટી વિટંબણાઓનો ભોગ બની તો કયારેક અકસ્માતના

કારણોસર અથવા શારીરિક ક્રિયાઓના કારણે વ્યક્તિ જન્મથી કે જન્મબાદ વિકલાંગ બને છે. વિકલાંગતા વ્યક્તિઓ સ્વાસ્થ્યપૂર્ણ વ્યક્તિઓની સરખામણીમાં કેટલાક વિશેષ કામ કરવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હોય છે. તેથી આવી વ્યક્તિઓને વિશાળ જન સમુદાય વચ્ચે જીવતી વખતે પોતાની વિકલાંગતાને કારણે જો અસહાય કે હિનતા જેવી લાગણી અનુભવવી પડતી હોય તો તે સમગ્ર મનુષ્ય માટે શરમજનક છે.

પ્રત્યેક સમાજમાં વિકલાંગતાની સમસ્યા હોય છે. પુરાતનકાળમાં તપાસીએ તો વિકલાંગ વ્યક્તિઓનો ઉલ્લેખ ધર્મશાસ્ત્રમાં પણ થયેલો છે. જેમકે મહાભારતમાં ધૃતરાષ્ટ્રનું પાત્ર અંધ રાજવી હતા અને તેમને વાસ્તવિક જગતનો ખ્યાલ તેના રાજ્યમંત્રી સંજય આપતા હતા જેનો ધાર્મિક ગ્રંથોમાં ઉલ્લેખ થયેલો છે. મહાભારતમાં બીજુ એકપાત્ર એકલવ્ય છે. જેને ગુરૂદ્રોણાચાર્ય અર્જુનની પાસેથી જમણા હાથનો અંગુઠો કપાવી ગુરૂદક્ષિણારૂપે મેળવેલ, રામાયણમાં પણ હનુમાનજી અકસ્માતથી વિકલાંગ બન્યા હતા. જે ઈન્દ્રના વજ્રઘાતથી જડબા નીચેના ભાગને ઈજા થતા જે તે સમયની ઉપચાર પદ્ધતિ પ્રમાણે હનુમાનજીનો ચહેરો અન્ય કરતા થોડો અલગ બન્યો જેને આપણે પ્લાસ્ટીક સર્જરી સાથે સરખાવી શકીએ. રામાયણના પ્રણેતા શ્રી કાકમુસંડી તેઓ બહુ વિકલાંગ હતા. તેઓએ કાગડા પાસે રામાયણ સાંભળી હતી. શ્રી મુસંડીજી ત્રીશંકુ પરિસ્થિતિ ધરાવતા હતા. તેમની ડોક, કમર અને પગ વળેલા હતા. આવા ઘણા પાત્રોનો ધર્મશાસ્ત્રમાં ઉલ્લેખ છે. આ તમામ પાત્રો એક યા બીજી રીતે સંઘર્ષ વેઠીને પ્રગતિ કરતા રહ્યા છે અને તેથી જ કરી શકાય કે વિકલાંગ વ્યક્તિનું મનોબળ મજબૂત હશે તેમાં બે મત નથી.

સમયાંતરે વિકલાંગ વ્યક્તિનું સ્વરૂપ અને કાર્યશૈલીમાં પરિવર્તન થતું રહ્યું છે હવે વિકલાંગ વ્યક્તિને તિરસ્કાર કે ઉપેક્ષાનો સામનો કરવો પડતો નથી. વિકલાંગ વ્યક્તિઓ પણ કુટુબ વ્યવસ્થા વિકસાવી શકે છે.

આ સંદર્ભમાં જોઈએ તો સામાજીક સંસ્થાઓ પૈકી સમાજ કલ્યાણની પ્રવૃતિઓ કરતી

સંસ્થામાં વિકલાંગ વ્યક્તિઓનું સંસ્થામાં ચાલતું શિક્ષણ સંસ્થામાં ચાલતી વ્યાવસાયિક પ્રવૃતિ અન્ય પ્રવૃતિ સંસ્થાનો વહીવટ, નિયમો, વિવિધ યોજનાઓ, ભ્રષ્ટાચાર, અન્ય ત્રાસ તેની જાળવણી વગેરે વિકલાંગ (અંધ) વ્યક્તિના જીવન પર કેવી અસર ઉપજાવે છે. તે જાણવા માંગુ છું. વિકલાંગ (પ્રજ્ઞાચક્ષુ) વ્યક્તિઓ  સમસ્યાઓનો હલ કરવાના ઉપાયો જાણવા માગું છું. પ્રજ્ઞાચક્ષુ લોકોના વિકાસ માટે કયા પગલા ભરવા જરૂરી છે. તે અભ્યાસ દ્વારા જાણી શકાય પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ તરફથી સમાજ પાસેથી રાખવામાં આવતી અપેક્ષા જાણવા માટે આ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

## ૧.૩ સંશોધન સમસ્યા

સંશોધન માટે યોગ્ય વિષય પસંદગીનું કાર્ય સઘન વિચારણા માંગી લે તેવું કાર્ય છે. સંશોધનની શરૂઆતનું મુખ્ય કાર્ય સંશોધન પ્રશ્નનું નિરૂપણ કરવાનું છે તે અનુસંધાને આ અભ્યાસમાં સંશોધન માટે પસંદ કરેલી સમસ્યા હાથ ધરીને સંશોધક કશુંક સિદ્ધ કરવા કે મેળવવા ઈચ્છે છે.

શિક્ષણનું મહત્વ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જુદા-જુદા વિષયો ઉપર સંશોધનો થઈ રહ્યા છે. વિશ્વની દરેક યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક વિજ્ઞાનના ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, રાજનૈતિક ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, સાહિત્યકળા ક્ષેત્રે, ભુગોળક્ષેત્રે, ખગોળક્ષેત્રે અને હવે તો અણુવિજ્ઞાન બીજા ગ્રહો ઉપરના જીવન વિશે અને વિજ્ઞાનમાં તો હવે કલોન બનાવવા જેવા ખૂબજ ઉંડાણપૂર્વક સંશોધનો થઈ રહ્યા છે. એક જ વિષયની વ્યાપક શાખાઓ કરેલી છે. જેમાંથી કેટલીક બધી શાખાઓ વણખેડાયેલી જોવા મળે છે.

જીવનમાં વ્યક્તિ સંપૂર્ણ સુખી હોય તેવું કયારેય પણ બન્યું નથી. માનવીના સમગ્ર જીવનમાં કયાંય ને કયાંય દુ:ખ અને અસંતોષ તેમજ સમસ્યાઓ રહેલી હોય છે અને તેમાં પણ જો વ્યક્તિ કુદરતી રીતે કે અન્ય આકસ્મિક કારણોસર વિકલાંગતાનો ભોગ બને છે ત્યારે તેમની સમસ્યાઓનું સ્વરૂપ બેવડાય જાય છે. અને વિકલાંગતામાં પ્રજ્ઞાચક્ષુ હોય ત્યારે તેમની

સમસ્યાનું વર્ણન કરવું અત્યંત કઠીન કાર્ય છે. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેઓ સામાન્ય વ્યક્તિની જેમ જીવન પસાર કરી શકતા નથી. આવી વ્યક્તિઓને વિશાળ માનવ સમુદાય વચ્ચે જીવતી વખતે પોતાની વિકલાંગતાને કારણે નિસહાયતા કે હિનતા જેવી લાગણી અનુભવવી પડતી હોય તો તે સમગ્ર મનુષ્ય સમાજ માટે શરમજનક છે. વિશ્વનું કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં સમસ્યાનું અસ્તિત્વ ન હોય. બધી જ સમસ્યાઓનું નિવારણ કે સમાધાન પણ થઈ શકે છે. પરંતુ સમાજમાં એક સમસ્યા એવી છે કે જે તે વ્યક્તિને જ અવરોધરૂપ છે જેનો કોઈ સાર્વત્રિક વ્યાપ નથી અને તે સમસ્યાનું નામ છે, પ્રજ્ઞાચક્ષુ.

આ શારીરિક વિકલાંગતાના સંદર્ભમાં સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ (સ્વૈચ્છીક-બિનસ્વૈચ્છીક) જે પ્રજ્ઞાચક્ષુ લોકો માટે કાર્યરત છે. તે સંસ્થાઓનું વાતાવરણ કેવું છે તે સંસ્થાઓ પ્રજ્ઞાચક્ષુના જન-જીવન પર કેવી અસર કરે છે અને તેને કારણે ત્યાં કેવી સ્થિતિ ઉદભવે છે તે સંદર્ભમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સામેના પડકારો આ વિષયની સંશોધન સમસ્યા તરીકે પસંદ કરવામાં આવેલ છે.

સમાજકાર્ય એક એવું ક્ષેત્ર છે જેમાં તંદુરસ્ત સમાજની કલ્પના કરવામાં આવે છે અને સમાજના તમામ લોકો સ્વમાનભેર જીવી શકે. સામાજીક વિકાસમાં ભાગીદારી નોંધાવી શકે તેવું સ્પષ્ટ માનવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિને ધ્યાનમાં લેવાનું એટલા માટે જરૂરી છે કે અન્ય લોકોની સરખામણીમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ લાચારી, હતાશા અને માનસિક તાણ અનુભવતા હોય છે. તેમજ શારીરિક, માનસિક, કુટુંબીક, શૈક્ષણિક, આર્થિક, વ્યાપારિક, સામાજીક અને સાથે-સાથે જાતિય ફેરફારો પણ સતાવતા હોય છે, કારણ કે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ ગમે તેટલુ સારુ સૌંદર્ય, સંપત્તિ, શક્તિ અને સારી બુદ્ધિલબ્ધી ધરાવતી હોય છતા આવી વ્યક્તિને ઉચ્ચ-અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનો અનામત ટકાવારીનો જ આધાર રાખવો પડે છે. એટલું જ નહી જીવનસાથી શોધવામાં પણ મુશ્કેલી પડે છે.

આ વિષયના સંદર્ભમાં સૌરાષ્ટ્રમાં આવેલ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર, અમરેલી જીલ્લામાં પ્રજ્ઞાચક્ષુ લોકો માટે જે સ્વૈચ્છીક તેમજ બિનસ્વૈચ્છીક સંસ્થાઓ વિકસી છે. તે સંસ્થાઓમાં ભિન્ન-ભિન્ન જગ્યાએથી પ્રજ્ઞાચક્ષુ બાળકો અને વ્યક્તિઓ પોતાના મુખ્યત્વે શૈક્ષણિક હિતો માટે આવતા હોય છે. તે આ સંસ્થાઓ જે વિકલાંગતા વ્યક્તિઓ માટે કાર્યરત છે તે સંસ્થાઓનું વાતાવરણ કેવું છે, તેમની તેમના જીવન ઉપર શું અસર થાય છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ કેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, પ્રજ્ઞાચક્ષુ લોકોના વિકાસ માટે કયા પગલા ભરવા જરૂરી છે, તેમજ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ તરફથી સમાજ પાસેથી રાખવામાં આવતી અપેક્ષા જાણવા માગું છું, તે તપાસવા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓના અભ્યાસની સંશોધન સમસ્યા પસંદ કરેલ છે.

## ૧.૪ સંશોધનના ખ્યાલો

ખ્યાલ અભ્યાસની ઘટનાને પ્રતિક દ્વારા વ્યક્ત કરતો શબ્દ છે તે સંશોધનનું સંવાહન કરવામાં ઉપયોગી થાય છે. આથી કોઈપણ અભ્યાસમાં જે ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે.

પ્રસ્તુત અભ્યાસ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ઉપરનો છે. કોઈપણ સંશોધનમાં સંશોધનકર્તાએ પોતાના સંશોધનમાં કયા-કયા ખ્યાલોને તપાસેલ છે તેના વિશેની સ્પષ્ટતા સંશોધકે કરવી જરૂરી હોય છે. ખ્યાલોની સ્પષ્ટતા એ સંશોધક માટે સંશોધન માટેનું માર્ગદર્શક બને છે. તેના આધારે સંશોધન વધુ વૈજ્ઞાનિક બને છે.

વ્યક્તિ પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા માટે સમૂહમાં જીવન જીવે છે, આ જૂથ જીવનમાં રહીને પોતાની પ્રવૃતિ કરે છે. આ જૂથ જીવન વધુ વ્યવસ્થિત બનતા અને તેની કાર્ય પ્રણાલીકા ચોકકસ બનતા સંસ્થાનું સ્વરૂપ ધારણ કરે છે. આવી અનેક સંસ્થાઓ લોકોની જરૂરિયાતો સંતોષે છે. આ સંસ્થાઓ તરીકે ઓળખાવી શકાય. આમ સંસ્થાઓ મારફતે વિવિધ પ્રવૃતિઓનું માર્ગદર્શન આપવાનો અને તેનો અમલ કરવા સમાજને ઉપયોગી બને છે.

સંસ્થાઓનું અસ્તિત્વ એ સમાજનું અસ્તિત્વ છે. આથી તે સંસ્થાઓ આપમેળે ઉદ્‌ભવતી નથી. અમુક સંસ્થામાં અમુક જ પ્રકારના ધ્યેયો અને અમુક જ પ્રકારની સંસ્થાકીય ગોઠવણો શા માટે ઊભી થઈ તે જાણવા માટે આવા ધ્યેયો નકકી કરવા માટે અને આવી સંસ્થાકીય ગોઠવણો ઉપસવા માટે કયા લોકોએ પ્રયત્નો કર્યા અને શું કરવામાં તેમના હિતો સંતોષાય તે જાણવું જરૂરી છે.

સમાજશાસ્ત્રીઓ સંસ્થાઓના અભ્યાસ દ્વારા અર્થ જુદા-જુદા દ્રષ્ટિકોણ દ્વારા આપે છે.

કિંગ્સલે ડેવિસના મતે: ‘સંસ્થા’એ કોઈ એક કે વધુ કાર્યોની આસપાસ રચાયેલ પરસ્પર સંબંધીત લોકરીતિઓ, લોકનીતિઓ અને કાયદાઓનો સંકુલ.’

મેકાઈવર અને પેજના મતે: ‘સંસ્થા’ને સમૂહની પ્રવૃતિની સ્થાપિત કાર્ય પ્રણાલીકા તરીકે પારિભાષિત કરે છે.

જોનસનના મતે: ‘અમુક વિશિષ્ટ પ્રકારના સામાજીક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ તરીકે ઓળખાવે છે.

## ૧.૫ સંશોધનના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં વિકલાંગ વ્યક્તિઓ સંબંધી કેટલીક હકીકતો એકત્ર કરી તેમની વચ્ચેનો કાર્યકારણનો સંબંધ તપાસવાના ઉદેશને ધ્યાનમાં રાખીને કેટલાક ચોકકસ હેતુઓ નકકી કરેલા છે. જે નીચે પ્રમાણેના છે. આ હેતુઓને સંશોધન આયોજનની સરળતા માટે નીચે મુજબ બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યા છે.

૧. સમાજમાં પ્રજ્ઞાચક્ષુ થવાના કારણો જાણવા જરૂરી છે. વિકલાંગ વ્યક્તિને વર્ગીકૃત કરવા અને તેના પરિબળો વિશેની જાણકારી મેળવવી.

૨. વિકલાંગ વ્યક્તિની પ્રાથમિક મુશ્કેલીથી માહિતગાર થવું.

૩. સંસ્થાના ઉદભવ અને વિકાસની પ્રક્રિયાને સમજાવી.

૪. પ્રજ્ઞાચક્ષુઓ સરકારે નક્કી કર્યા પ્રમાણે સગવડતાઓ આપવામાં આવે છે તેમ તેની માહિતી પ્રાપ્ત કરવી.

૫. સંસ્થાઓની કાર્ય પદ્ધતિ જાણવી.

૬. પ્રજ્ઞાચક્ષુઓ કુટુંબ, આરોગ્ય, શિક્ષણ અંગેના પાસા જાણવા.

૭. પ્રજ્ઞાચક્ષુઓની વિવિધ સમસ્યાઓના નિવારણ માટેના પ્રયત્ન વિશે જાણવું. શૈક્ષણિક પરિસ્થિતિ જાણવી.

૮. પ્રજ્ઞાચક્ષુઓના વિકાસમાં સરકારનો અને સમાજનો ફાળો કેટલો તે જાણવું.

૯. સમાજના લોકોના પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સાથે વ્યવહાર કેવા છે તે તપાસવું.

૧૦. પ્રજ્ઞાચક્ષુઓની સરકાર અને સમાજ તરફથી રચાતી અપેક્ષાઓ જાણવી.

૧૧. સંસ્થાઓની કાર્ય પદ્ધતિ જાણવી.

૧૨. સંસ્થાઓની અનેક સમસ્યાઓ છે. આ સમસ્યાને જાણીને તેના સંભવિત ઉકેલો સૂચવવા.

૧૩. તેઓના ભાવિ વ્યવસાય, શિક્ષણ અને અન્ય સામાજીક બાબતોને તપાસવી.

આમ ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં લઈ પ્રસ્તુત મહાશોધ નિબંધ તૈયાર કરવામાં આવ્યો.

## ૧.૬ સંશોધનનું મહત્વ

ગુજરાતના આ પ્રકારના અભ્યાસો ઘણાં જ જૂજ થયેલા છે. તેથી આ અભ્યાસનું મહત્વ વિશેષ છે. સમાજમાં એક હિસ્સો વિકલાંગ લોકોનો પણ છે, સમગ્ર સમાજનો વિકાસ કરવાનો હોય ત્યારે વિકલાંગ લોકોના વિકાસ તરફ ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.

આથી પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) વિદ્યાર્થીઓના વિવિધ સામાજીક, આર્થિક, શૈક્ષણિક વગેરે પરિસ્થિતિઓ તથા સમસ્યાઓ જાણી શકાશે તથા તેઓની સમસ્યાને દૂર કરવાના ઉપાયો તેમજ તેમની અપેક્ષાઓ જાણી શકાશે.

સામાજીક વિજ્ઞાનમાં સંશોધન માટેના અનેકવિધ નવા વિષયોમાં ખેડાણનો પ્રારંભ

થયો છે અને તે સંદર્ભમાં અનેકવિધ નવી તરાહાઓ પણ સર્જાતી રહેલ છે. માનવ જાતિના ઉદભવથી જ માનવી અને તેની આસપાસમાં રહેલા વાતાવરણ અને તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નોનો અભ્યાસ અને તે અંગેની સમજૂતી સમાજશાસ્ત્રમાં અને અન્ય સામાજીક વિજ્ઞાનમાં મેળવવામાં આવતા હોય છે.

માનવી એક સામાજીક પ્રાણી હોવાથી, સમાજની અંદર પોતાનું જીવન પસાર કરતું હોય છે, અને તેમાં તેને દરેક પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે અને સામાન્ય રીતે સીધુ સાદુ અને સરળ રીતે જોવા મળે છે. પરંતુ કોઈપણ માનવીનું જીવન એક સરખું કે સરળ હોતુ નથી. કુદરતી આકસ્મિત કે પછી માનવ સર્જીત ઘટનાઓમાંથી માનવીને પોતાના જીવનમાં શારીરિક કે માનસિક પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. આવી વિકટમય અને પડકારજનક પરિસ્થિતિમાં માનવીને અનેકવિધ સમસ્યાઓમાં જીવન પસાર કરવું પડે છે. આવી પરિસ્થિતિ સાથે સંકળાયેલો માનવી કેવા સામાજીક તથ્યો સાથે અને કઈ રીતે સામાજીક અનુકુલન સાધે છે તે આ અભ્યાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ અને જૂથ માટે સામાજીક સંસ્થાઓ અને સરકાર દ્વારા કયા સ્વરૂપના પગલાઓ લેવાતા હોય છે તે અંગેનો પણ પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સામાજીક દ્રષ્ટિબિંદુથી આ પ્રકારના સમૂહને એક વિશિષ્ટ સામાજીક દ્રષ્ટિબિંદુથી જોવાનો પ્રયાસ કરવામાં આવે છે અને એ દ્રષ્ટિબિંદુ આ અભ્યાસનું મહત્વનું પાસું છે.

સામાજીક વિજ્ઞાનમાં આ પ્રકારનો અભ્યાસ એ માત્ર વૈજ્ઞાનિક પદ્ધતિઓ કે સમાજ વિજ્ઞાનની પુરતો મર્યાદીત નથી, પરંતુ માનવીય સંવેદનાઓને સમજવા માટે આ અભ્યાસ એક વિશિષ્ટ મહત્વ ધરાવે છે.

## ૧.૭ ઉપકલ્પનાનું ઘડતર

પ્રસ્તુત અભ્યાસમાં સંસ્થામાં રહેતા પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગતા) સંદર્ભમાં સમાજશાસ્ત્રીય

અભ્યાસ જે સૌરાષ્ટ્રમાં આવેલ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર, અમરેલી આ પાંચ જીલ્લાના સંદર્ભમાં કરવામાં આવ્યા છે. જેમાં મૂળભૂત રીતે ઉપકલ્પનાના માધ્યમ દ્વારા પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થનાર પરિણામો અંગેના અનુમાનો રજૂ કરે છે કે જેને ઉપકલ્પના કહેવામાં આવે છે. કોઈપણ સંશોધનની શરૂઆત કરતા પહેલા ઉપકલ્પના રચવી ખૂબ જ અનિવાર્ય છે. કારણ કે ઉપકલ્પના વગરનું સંશોધન હોઈ જ ના શકે, આમ સંશોધનમાં વિષયને લગતી ઉપકલ્પના રચવામાં આવે છે, ઉપકલ્પના માટે આપણને સંશોધનમાં જ મદદરૂપ નથી બનતી પરંતુ તે એક સંશોધનના માર્ગ દર્શાવે છે. ઉપકલ્પના સંશોધનનું કેન્દ્રબિંદુ નક્કી કરે છે અને સંશોધકને સંશોધન કાર્ય માટેની માર્ગદર્શક ભૂમિકા પુરી પાડે છે. માહિતી પ્રાપ્ત કરવા જેવી છે તે ઉપકલ્પનાના આધારે નક્કી કરી શકાય.

- પ્રજ્ઞાચક્ષુ થવાના મુખ્ય કારણોમાં ગરીબી, કુપોષણ, નિમ્નવર્ગ, જ્ઞાતિ, બિમારી, ઈજા, અકસ્માત તથા ગ્રામીણ વિસ્તાર હોઈ શકે.
- પ્રજ્ઞાચક્ષુઓનું શિક્ષણ નોર્મલ વ્યક્તિ કરતા ઓછુ હોય શકે.
- જેમ અંધત્વનું પ્રમાણ વધારે તેમ શિક્ષણનું પ્રમાણ ઓછુ હોય શકે.

## ૧.૮ સંશોધન પદ્ધતિઓ

સંશોધન કાર્યમાં માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિની માંદગીનું સોપાન અત્યંત મહત્વનું છે. સંશોધન વિષયની માહિતીના એકત્રીકરણનો આખો આધાર પ્રયુક્તિની પસંદગી પર રહેલો છે. આથી સંશોધન વિષયને અનુરૂપ હોય એવી પ્રયુક્તિની પસંદગી કરવી જરૂરી છે. આમ, સંશોધનમાં કોઈ પાયાની માહિતી એકત્રીત કરવી એ સાવચેતી માંગી લે છે.

### ○ પ્રાથમિક માહિતીના સ્રોત :

સંશોધન સમસ્યાના ચોક્કસ હેતુ માટે એકઠી કરવામાં આવેલી માહિતી પ્રાથમિક કહેવાય.

સંશોધક પ્રત્યક્ષ રીતે જ જાતે સૌ પ્રથમવાર એકત્ર કરેલી માહિતીને પ્રાથમિક માહિતી

તરીકે ઓળખવામાં આવે છે. પ્રાથમિક માહિતીના મુખ્ય સ્ત્રોત તરીકે જે તે સંશોધન ક્ષેત્ર પોતે જ છે. પ્રાથમિક માહિતી મેળવવા માટે મેં સૌરાષ્ટ્રના છ જિલ્લામાં આવેલી અંધ સંસ્થાઓનીમુલાકાત લીધેલ છે. આ સંસ્થામાં પ્રત્યક્ષ જઈને અંધ વિદ્યાર્થીઓને મળીને પ્રત્યક્ષરૂપથી ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્ર કરવામાં આવેલી છે. તમામ પ્રકારની માહિતી મેળવવા માટે મુલાકાત પદ્ધતિ, મુલાકાત અનુસૂચિ પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**o ગૌણ માહિતીના સ્ત્રોત :**

ગૌણ માહિતી સામાજિક સંશોધન માટે ઉપયોગી છે. સંશોધનમાં તે આગવું સ્થાન ધરાવે છે. સંશોધન સમસ્યાનું વિશ્લેષણ કરવામાં તેમજ તુલનાત્મક અભ્યાસો કરવામાં ઉપયગી બને છે.

સંશોધકે પોતે એકત્ર કરેલી પ્રાથમિક માહિતીની પૂરક માહિતી તરીકે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ સ્ત્રોત તરીકે ગ્રંથાલયમાંથી વિષયને લગતા સંદર્ભગ્રંથો, પુસ્તકો, સામાયિકો, વસ્તી ગણવેશ અહેવાલ, ઈન્ટરનેટ વગેરેમાંથી માહિતી પ્રાપ્ત કરેલી છે. સંશોધન વિષય સાથે સંબંધિત માહિતી મેળવવા માટે ગ્રંથાલયનો ભરપૂર ઉપયોગ કર્યો છે.

## ૧.૯ માહિતી એકત્રીકરણના સાધનો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક માહિતી મેળવવા માટે નિરીક્ષણ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, મુલાકાત અનુસૂચિ અને પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧. નિદર્શન પદ્ધતિ**

નિદર્શ એટલે સમષ્ટિના એકમોને અમુક ભાગ, નિદર્શ પસંદ કરવાની સમગ્ર કાર્યપ્રાણાલીને નિદર્શન કહેવામાં આવે છે. નિદર્શનનો હેતુ સમષ્ટિના ભાગરૂપ અમુક એકમોને

નમૂના તરીકે લઈને તેના અભ્યાસ દ્વારા સમષ્ટિની લાક્ષણિકતાઓ જાણવાનો પ્રયાસ કર્યો છે. એટલે કે મેં સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાનો અભ્યાસ પસંદ કરીને સમગ્ર જિલ્લાઓમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો અભ્યાસ કરીને તેમના વિશે જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો છે.

## ૨. ઉપલભ્ય નિદર્શન :

સંશોધન વિષય અંગે સ્વૈચ્છિક રીતે માહિતી આપવા તૈયાર થનાર વ્યક્તિને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે અથવા ઉપલભ્ય એકમોને નિદર્શમાં સમાવવામાં આવે ત્યારે તેવા પ્રકારના નિદર્શનને ઉપલભ્ય નિદર્શન કહેવાય.

આમ મેં સૌરાષ્ટ્રના સમગ્ર જિલ્લામાંથી સ્વૈચ્છિક રીતે પાંચ જિલ્લાઓ જેવા કે, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, પસંદ કરેલા છે.

ભારતમાં અંધજનોની વસ્તી વર્ષ ૨૦૦૧ પ્રમાણે ૧.૨ કરોડની છે. જયારે ગુજરાત રાજ્યમાં કુલ વિકલાંગ લોકોનું પ્રમાણ ઉંચું છે. જેમકે અંધ, ૪૯૪૬૨૪, મુંગા ૬૬૫૩૫, બહેરા-૭૦૩૨૧, અપંગ-૩૧૦૭૬૫, માનસિક ૧૦૩૨૨૧.

આમ, સમષ્ટિના પાંચ જિલ્લાઓને પસંદ કરીને સમગ્ર ગુજરાતમાં અંધજનોનું પ્રમાણ કેટલું છે તથા તેઓ કઇ કઇ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

## ૩ નિરીક્ષણ પદ્ધતિ

સંશોધક સંશોધન વિષયના અનુસંધાનમાં જે કાંઈ જૂએ તેના ધ્યાન પર આવતી માહિતીની નોંધ લે હકીકતો એકત્ર કરે વગેરે નિરીક્ષણની મહત્વની લાક્ષણિકતાઓ છે. વાસ્તવમાં ઘટના કે પરિસ્થિતિને સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તેને નિરીક્ષણ કહેવાય. 'પી.વી.યંગનાના મતે નિરીક્ષકા આંખ દ્વારા વિચારપૂર્વક અધ્યયનની પ્રણાલીના રૂપમાં કામમાં લેવામાં આવે છે. જેનાથી સામુદાયિક વ્યવહાર અને જટિલ રીતની સામાજીક સંસ્થાઓના પૂર્ણ એકમોનું અધ્યય કરી શકે છે.'

પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી અભ્યાસ વિષયક પરિસ્થિતિ જેવી કે શિક્ષણ, તાલીમ, ઉછેર, દાકતરી સારવાર તેમજ તેમની સંસ્થાનું વાતાવરણ જેવી અન્ય પ્રવૃતિઓ વગેરેના સંદર્ભમાં માહિતી મેળવેલી છે.

## ૪. મુલાકાત પદ્ધતિ

મુલાકાત ક્ષેત્રિય કાર્યની એક એવી પદ્ધતિ છે. જે એક વ્યક્તિ અથવા સામાજીક આંતરક્રિયાની વાસ્તવિક પરિક્ષાઓનું અવલોકન કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.'

બીજા શબ્દોમાં કહીએ તો મુલાકાત એ સંશોધક વિષયના અનુસંધાનમાં સંશોધન કરનાર અને અન્ય વ્યક્તિ વચ્ચેની મોઢા-મોઢની શાબ્દીક આપ-લેની પ્રક્રિયા છે. મુલાકાતમાં સંશોધન વિષય અનુસંધાનમાં બંને પક્ષો વચ્ચે વિચાર વિનિમય કે વાતચીત થાય આ પ્રવિધિ દ્વારા વિષયમાં ઉંડાણપૂર્વક જવા માટે તેના વિશે ચર્ચા-વિચારણા કરવા માટે તેમજ સંશોધનમાં ઉપયોગી માહિતી જે અન્ય પ્રવિધિઓ દ્વારા પ્રાપ્ત થતી નથી તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર, અમરેલી, આ જીલ્લામાં આવેલ સ્વૈચ્છીક તેમજ સરકારી સંસ્થાઓ જે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના સંદર્ભમાં કાર્યરત છે, તેમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને અપાતું શિક્ષણ, તાલીમ, વિવિધ કલ્યાણકારી યોજનાઓ દાકતરી સારવાર ઉછેર વગેરેના સંદર્ભમાં માહિતી મેળવેલી છે.

આમ પ્રસ્તુત સંશોધનમાં સંશોધન વિષયક માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને જેમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ જે સંસ્થામાં વસવાટ કરે છે, તેમના જીવનમાં કેવી સમસ્યાઓ સામનો કરી રહ્યા છે તે અનુસાર પત્રક બનાવી અને માહિતી મેળવવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ જેઓ સંસ્થામાં રહીને વસવાટ કરે છે તેમની જીવનશૈલી, કુટુંબ, જ્ઞાતિ, જાતિ, ઉંમર, શિક્ષણ, સહાય વિવિધ યોજનાઓ, તાલીમો

દૈનિકજીવનમાં થતા કાર્યો તેમજ પ્રજ્ઞાચક્ષુની ટકાવારી વિષયક માહિતી મેળવવામાં મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિ દ્વારા સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતી મેળવવામાં આવી છે. માહિતીનું વર્ગીકરણ કરવામાં ન આવે ત્યાં સુધી તેના વિભિન્ન એકમોની ઓળખ શકય બનતી નથી. માહિતીના વિવિધ એકમોને સમાનતા અને વિભિન્નતાનાં આધારે જુદા-જુદા વર્ગોમાં વહેંચી નાંખવાની પ્રક્રિયાને વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

આ અભ્યાસમાં ઉતરદાતાની જાતિ, ઉંમર, ધર્મ, શિક્ષણ, આરોગ્ય તેમજ સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી છે. એ માહિતીનું કોડીંગ કરી તેના કોષ્ટક બનાવવામાં આવ્યા છે. ત્યારબાદ ગુણાત્મક માહિતીનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેમાં સંસ્થા સંબંધીત માહિતી પ્રજ્ઞાચક્ષુઓના સંસ્થા માટેના અભિપ્રાયો, વ્યવસાયિક તાલીમ તેમજ પ્રજ્ઞાચક્ષુઓના પ્રશ્નો અંગેના અભિપ્રાયો વગેરે માહિતીનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. વર્ગીકરણ બાદ આ સમગ્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

વિશ્લેષણની મુખ્ય પ્રક્રિયા તો બધી માહિતી એકત્ર થઈ ગયા પછી કરવામાં આવે છે. આમ છતાં માહિતી એકત્ર કરવાનો પ્રારંભ કરવાની સાથે જ વિશ્લેષણની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હોય છે. આ પ્રક્રિયાનો ઉપયોગ બધી માહિતી એકત્ર થઈ ગયા પછી કરવામાં આવે છે. આ અભ્યાસના બે પ્રકરણમાં અભ્યાસની સમગ્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એકત્ર કરેલી માહિતીના આધારે સંશોધનના સામાન્ય તારણો તારવવા માટે માહિતીના વિવિધ એકમોને યોગ્ય સેટીંગ અને તેમની વચ્ચેના તાર્કીક સંબંધમાં મુકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### ૦ મુલાકાત અનુસૂચિ

મુલાકાત અનુસૂચિ એ જોઈતી માહિતીને લગતી વિગતોની વિગતવાર, વર્ગીકૃત આયોજિત અને ક્રમબધ્ધ યાદી છે. મુલાકાત અનુસૂચિ એ પ્રશ્નોનો સંકૂલ છે. તે શ્રેણીબધ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. મુલાકાત લેનાર અભ્યાસ હેઠળની વ્યક્તિને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્નો પૂછે છે અને મળતા જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે.

પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ-અંધ સંસ્થાઓની મુલાકાત લઈને મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કર્યો છે અને તેમને લગતી વિવિધ માહિતી લઈને મુલાકાત અનુસૂચિમાં જાતે ભરેલી છે.

અનુસૂચિ સંશોધનકાર્યકર પોતે માહિતીદાતાની હાજરીમાં જ ભરે છે. આ માટે સંશોધનકાર્યકર માહિતીદાતાને રૂબરૂ મળે છે. અને અનુસૂચિ અનુસાર પ્રશ્નો પૂછે છે. આ રીતે અનુસૂચિના ઉપયોગમાં સંશોધનકાર્યકર અને માહિતીદાતા વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક સ્થાપિત થાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને તેમની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નો અંગે પ્રશ્નો પૂછી જવાબ મેળવવાનો પ્રયત્ન કરેલો છે.

## ૧.૧૦ સંશોધનની મર્યાદાઓ

ઉપરોક્ત સંશોધન ક્ષેત્રકાર્ય પર આધારિત હોવાથી તેમાં કેટલીક ક્ષેત્રકાર્ય સંબંધીત મર્યાદાઓ રહેલી છે.

આ ક્ષેત્રના સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી ઓછા અભ્યાસ થયેલા હોવાથી સંદર્ભ સાહિત્યની અગવડતા ઉભી થયેલ છે.

પ્રજ્ઞાચક્ષુ સમગ્ર લોકોની વસ્તી સમગ્ર ગુજરાતમાં (૨૦૦૧ પ્રમાણે) ૪,૯૪,૬૨૪ છે. પરંતુ મે સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાઓનો અભ્યાસ માટે પસંદ કરેલ છે. આ અભ્યાસ સૌરાષ્ટ્રના વિસ્તારના રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર જીલ્લા

પુરતો મર્યાદીત હોય આથી આ અભ્યાસના તારણો છ જીલ્લા પુરતા જ મર્યાદીત ગણાશે.

પ્રસ્તુત સંશોધન નિશ્ચિત સમયમાં રહી તે પૂર્ણ કરવાનું હોય છે તેથી અહી સમયની મર્યાદા પણ નડી જાય છે.

## ૧.૧૧ જાણીતા પૂર્વ અભ્યાસ

વિકલાંગ બાળકો અંગેના પૂર્વ અભ્યાસો બહુ મળતા નથી. છતાં ક્ષતિવાળા બાળકોના અભ્યાસો જોવા મળે છે. વિકલાંગ બાળકો અને ક્ષતિવાળા બાળકો (બધિર અંધ વગેરે)ની માનસિક ભૂમિકા લગભગ એક સરખી હોવાથી આ પ્રકારના અભ્યાસો પણ આપણને સારી રીતે માહિતી પુરી પાડે છે.

### ૧. હેઈસનું સંશોધન

ક્ષતિવાળા બાળકોમાં સૌથી પ્રથમ ધ્યાન અંધ વ્યક્તિઓ તરફ ગયું છે. હેઈસ નામના મતો વૈજ્ઞાનિક સ્ટેન્ડફૂડ વિશેની કસોટીમાં ફેરફાર કરીને કેટલાક અભ્યાસ કર્યા તેણે ૮થી૧૪ વર્ષ સુધીના બાળકોને લઈને કેટલી કસોટી તૈયાર કરી હતી. આ કસોટીમાં મુખ્યત્વે બે પ્રકાર હતા જેમકે (અ) શાબ્દીક કસોટી કે જેમાં કેટલાક પ્રશ્નો પૂછવામાં આવતા હતા અને તેના દ્વારા તેણે બુદ્ધિનું માપન કર્યું હતું. (બ) બ્રેઈલ લિપીમાં તૈયાર કરેલી કસોટીઓ કે જેમાં આંગળી ફેરવીને અંધ બાળક માહિતી મેળવી શકે અને કેટલાક ઉતર આપી શકે.

આ પ્રકારની કસોટીઓ દ્વારા કરેલા અભ્યાસો અંધ બાળકોની બૌદ્ધિક શક્તિ દર્શાવે છે. અહી તેમના વ્યક્તિત્વના માપન ઉપર ભાર મૂકવામાં આવ્યા નથી. છતાં વ્યક્તિત્વ અંશ તરીકે બુદ્ધિનું મહત્વ દર્શાવ્યું છે.

### ૨. ડો. સુશીલકુમાર ગોયલ અને ડો. અરુણ કે સેનનો અભ્યાસ

બન્ને સંશોધકો એ પણ દ્રષ્ટિહીન બાળકોને લીધા હતા તેમણે દિલ્હીની વ્યક્તિના વિવિધ પાસાઓ અંગે અભ્યાસ કર્યો છે. વિશેષ કરીને આવી વ્યક્તિઓની જરૂરિયાતોની ઈચ્છાઓ અને મનોવલણો અંગે તપાસ કરી હતી. તેમણે શોધી કાઢ્યું હતું કે આવી

વ્યક્તિઓના મનમાં ચિત્ર જે રૂઢ ખ્યાલો પ્રચલિત હોય છે. તેની અસર તેમના વર્તન ઉપર થાય છે. આ ઉપરાંત તેમણે શોધી  કાઢ્યું કે આવી વ્યક્તિઓને સ્વતંત્ર અને ગૌરવયુક્ત જીવન જીવવું હોય છે અને તેમના પુનવસવાટની જરૂરિયાતો ઉભી થાય છે.

## ૩. હિસ્કીનો અભ્યાસ

અમેરિકાના આ સંશોધકે ત્રણ થી સતર વર્ષની ઉમરના બહેરા અને ઓછુ સાંભળી શકતા બાળકો વિશે અભ્યાસ કર્યો હતો. મોટેભાગે તે ક્રિયાત્મક કસોટીને આધારે થયેલા અભ્યાસો છે. તેના ઉપરથી બૌદ્ધિક સ્તર માપવામાં આવ્યું હતું. સાથેસાથે તેમના બાહ્ય વર્તનની નોંધ પણ લેવામાં આવી હતી. અમેરિકાના દશ રાજ્યોમાંથી લગભગ એક હજાર (૧૦૦૦) બહેરા બાળકો લેવામાં આવ્યા હતા. બાળકો કૃતત્વની રીતે અભિવ્યક્ત કરી શકે તે માટે મણકા, ચિત્રઓળખ, કાગળ વાળવા, બ્લોક ગોઠવવા કોયડા ઉકેલવા વગેરેનો સમાવવામાં આવ્યા હતા.

આમાં વિકલાંગ પતિ-પત્નીને સ્પર્શતો સંશોધન જોવા પણ મળ્યા અને વિકલાંગોના બીજા વિષયો પર અભ્યાસ થયેલા જે વર્ષની સારણી મુજબ ક્રમાનુસાર જોઈએ તો....

**૪.** એમ.એસ.યુનિવર્સિટી કુ.મંજીત કૌરે વિકલાંગોના અનુભવ અને સમાયોજન અંગે વડોદરાની એમ.એસ.વિશ્વવિદ્યાલયમાં ૧૯૮૧માં એક મહાનિબંધ રજૂ કર્યો છે.

તેનો હેતુ શારીરિક વિકલાંગોના કટોકટીરૂપ અનુભવો અંગે સમાયોજનની સમસ્યાને લગતા કેટલાક પરિબળોનો અભ્યાસ કરવાનો હતો તેમાં તેમણે વડોદરા, અમદાવાદ, પુના અને મુંબઈમાંથી ૧૧૦ અપંગોનો નિદર્શ પસંદ કરેલો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઘણા બધા વિષયો પર સંશોધનો કરવામાં આવ્યા છે. જેમાં વિદ્યાર્થી સમસ્યાઓને સારુ એવું મહત્વ આપ્યું છે. તેમ છતાં અલગ-અલગ ભવનોમાં થયેલ સંશોધનો જોતા જણાઈ આવે છે. સંશોધકે કરેલ વિષય પર અભ્યાસ થયો નથી જ્યાં વિકલાંગોના અન્ય સંશોધનો નીચે મુજબ છે.

૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનની વિદ્યાર્થીની કુ. કિરણ તલસાણીયાએ એમ.ફીલની પદ્વી માટે દરેક ૧૯૯૯માં રાજકોટ અને ભાવનગરના અપંગોનો અભ્યાસ તેમની સામાજીક-આર્થિક પૃષ્ઠભૂમિના સંદર્ભમાં કર્યો હતો.

૬. ૧૯૯૯માં રજૂ થયેલ આશાબેન ડી.ઝાલાનો મહાનિબંધ અપંગ પર થોડો પ્રકાશ ફેંકે છે તેમના મહાનિબંધનું શિર્ષક હતું. અનુકુલન, હતાશા, સિદ્ધિ અને સિદ્ધિ પ્રેરણાની સામાન્ય અને અપંગ વિદ્યાર્થીઓ રાજીવ ગોલારીયાએ 'ડાયાબીટીસને કારણે વિકલાંગતા ધારણ કરેલ બાળ દર્દીઓનો લઘુશોધ નિબંધ ૨૦૦૬માં રજૂ કરેલ છે.

૭. બોઘરા જીજ્ઞેશભાઈ એ પ્રાધ્યાપક 'અંધ પુરુષોના વિકાસના સ્વૈચ્છીક સંસ્થાની ભૂમિકાનો અંધજન ઉત્પાદન મંડળ રાજકોટના સંદર્ભમાં' ૨૦૦૬માં લઘુશોધ નિબંધ રજુ કરેલ.

૮. અતુલભાઈ વાઘાણીએ ડો. તુષારભાઈ હાથીના માર્ગદર્શન હેઠળ 'મુકબધીર બાળકોના વાલીઓની સમસ્યા ઉપર 'લઘુશોધ નિબંધ' ૨૦૦૬માં રજુ કરેલ.

ઉપર્યુક્ત માહિતી જે પ્રાપ્ત થઈ છે તેના આધારે પ્રસ્તુત લઘુશોધ નિબંધનો વિષય સંયુક્ત નાવીન્ય તથા સમસ્યાને ઉંડાણપૂર્વક સમજવાને માટે પુષ્ટિ પુરી પાડે છે, વિકલાંગ ધારો ૧૯૯૫ બાદ ૧૯૯૯માં તૈયાર થયેલ વિકલાંગ ધારાને ધ્યાનમાં રાખીને છેવટમાં છેવટની પરિસ્થિતિની છણાવટ કરતો લઘુશોધ નિબંધ તૈયાર કરવામાં આવેલ છે.

**9. Disabled in India**

S. Barik

અધ્યયન પબ્લીસર્સ એન્ડ ડીસ્ટ્રીબ્યુટર્સ,

ન્યુ દિલ્હી, ૨૦૦૯.

રાષ્ટ્રના આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપે દેશના વિવિધ નબળા વર્ગોના ઉત્કર્ષ માટે અનેકવિધ કાર્યો હાથ ધરાઈ રહ્યા છે કે જે દ્વારા તેમને રાષ્ટ્રના

વિકાસની મુખ્ય ધારામાં લાવવા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. સમાજના એક અવિભિન્ન ભાગ એવા વિકલાંગ વર્ગના ઉત્કર્ષ અને કલ્યાણ માટે પૂર્વ આયોજન અત્યંત આરવશ્યક છે. ભારત સરકારે વિકલાંગો અને બહુવિકલાંગો માટે અનેક પ્રકારની યોજનાઓ કરી છે જેને કાર્યાન્વિત કરવા માટે કાયદાઓ પણ ઘડવામાં આવેલા છે. બહુવિકલાંગો અને વિકલાંગોને રાષ્ટ્રના સમાજજીવનની મુખ્યધારામાં ભેળવવા માટે સરકારી પ્રયત્નો ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓ, યોજનાઓ અને કાર્યક્રમો કરી રહી છે અને અનેક પ્રકારના અભ્યાસો આ દિશામાં હાથ ધરાઈ રહ્યા છે. વિકલાંગો અને બહુવિકલાંગો વિશે સંશોધન અભ્યાસો ઉપરાંત સારા એવા પ્રમાણમાં સાહિત્ય પ્રગટ થઈ રહ્યુ છે. જેના એક ભાગ રૂપે ડો. એસ.બેરીકે ઉપરોક્ત પુસ્તક લખેલ છે.

ડો. બેરીકે પોતાના લખાણને ૧૦ પ્રકરણોમાં વહેચેલ છે. જેમાં ચર્ચાનો જોક વિકલાંગ, બહુવિકલાંગતા, તેમના અધિકારો, તેમની અપેક્ષાઓ અને આશાઓ તેમજ તે અંગેના સંબંધીત કાયદાઓ પર આપેલ છે. ડો.બેરીકે પ્રથમ પ્રકરણમાં વિકલાંગતાની વ્યાખ્યા કરી છે તેમજ તે અંગેના વિદેશોમાં કાર્યક્રમો, રોજગારી વિગેરે પરિબળો પણ ધ્યાનમાં લીધા છે. ડો. બેરીક બીજા પ્રકરણમાં વિકલાંગતાની દુનિયામાં ડોકીયુ કરાવે છે અને આગળ આપેલ વિકલાંગતાની વ્યાખ્યાની વિશેષ છણાવટ કરેલ છે. આ પ્રકરણના અંતમાં વિકસીત અને વિકાસમાન દેશોમાં પ્રવર્તમાન વિકલાંગતા વિશેની ચર્ચા કરે છે. ત્રીજુ પ્રકરણ મહત્વનું એટલા માટે છે કે તેમાં વિકલાંગતાઓ અંગેના કાયદાઓનો પરિચય આપવામાં આવ્યો છે જેમાં બંધારણની જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ઉપરાંત વિકલાંગતા અંગેના ચોકકસ કાયદાઓની ચર્ચા કરવામાં આવી છે તે ઉપરાંત અન્ય કાયદાઓમાં કરવામાં આવેલ વિકલાંગતા અંગેની જોગવાઈઓનો સમાવેશ પણ થાય છે. વિદેશોમાં વિકલાંગતાઓ અંગેના પ્રવર્તમાન કાયદાઓની પણ ચર્ચા ડો.બેરીકે કરી છે તેમજ વિકલાંગો અંગે કેવા

પ્રકારના કાયદાઓ હોવા જોઈએ તેની ચર્ચા કરી છે. ચોથા અને પાંચમા પ્રકરણમાં માનસિક ક્ષતિવાળી વ્યક્તિઓ તેમજ વિકલાંગો માટેની સંસ્થાઓની અનુક્રમે ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ પાંચમા આ ઉપરાંત આ ક્ષેત્રમાં કામ કરતી અન્ય સંસ્થાઓ જેવી કે India Redcross Society, Lions International અને Rotary International ની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ છમાં વિકલાંગતા અંગેના જટિલ પાસાની છણાવટ કરવામાં આવી છે.

**૧૦. Improvement of Disabled and others**

**Dr. R.K. Panchal**

**મહાવીર એન્ડ સન્સ, નવી દિલ્હી, ૨૦૦૮**

ડો. પંચાલે ઉપરોક્ત ગ્રંથમાં ભારતીય સમાજજીવનના અનેક એવા પાસાઓની ચર્ચા સમાજજીવનના અનેક એવા પાસાઓની ચર્ચા કરી છે. જેઓ એક યા બીજી રીતે સામાન્ય જીવન પ્રવાહથી વિચલીત હોય, માનવસર્જીત કે કુદરત પ્રેરિત અન્યાયનો ભોગ બન્યા હોય અથવા રાષ્ટ્રજીવનમાં બહુજ કિંમતી યોગદાન આપ્યા બાદ નિવૃત થયા હોય છતા રાષ્ટ્ર કે સમાજ પાસેથી એમની અપેક્ષાઓ સંતોષાણી ન હોય તેવા વંચીત વર્ગની વિષદ છણાવટ કરે છે.

ડો. પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં ભારતીય સમાજ જીવનની યુવા પેઢી, નિવૃત લશ્કરી અધિકારી, વૃદ્ધો, જીવનસાથીઓ, બાળમજુરો જેવા વિષયોની તાત્ત્વિક ચર્ચા કરી છે. સાથો-સાથ સ્ત્રીઓ પરની હિંસા, વસ્તી-વિસ્ફોટ, ગુન્હેગારો, વિકલાંગો અને રમતવિરોની ચર્ચા કરી છે. આધુનિક યુગના એઈડ્સ જેવા ભયંકર રોગનો ઉલ્લેખ પણ ન કરવામાં આવે એ અશકય છે. એથી ડો.પંચાલે આ ગ્રંથમાં એઈડ્ઝ વિશે પણ ચર્ચા કરી છે. અંતમાં ડો. પંચાલ પંચવર્ષીય યોજનાઓના સમયગાળા દરમ્યાન ઉપરોક્ત પ્રશ્ન અંગેના ઉકેલો અને પગલાઓની ચર્ચા કરી છે.

ડો.પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં વિકલાંગો વિશેની ચર્ચા કરે છે. વિકલાંગો વિશે વાત કરતા જે મહત્વના મુદા પ્રત્યે ધ્યાન દોરે છે તે એ છે કે વિકલાંગો એ કોઈપણ સમાજનું તંદુરસ્ત માણસોની માફક જ મહત્વનું અંગ છે અને સમાજની એ નૈતિક ફરજ છે કે તેમના ઉત્કર્ષ અને પુન: સ્થાપન કરવું જોઈએ. આમ વિકલાંગોના પુન: સ્થાપન અને ઉત્કર્ષની જવાબદારી એ સામાજિક જવાબદારી છે એ કહેવાની સાથે તેઓ એક મહત્વની વાત જણાવે છે કે આ વિકલાંગોને જીવન વહાલુ લાગતુ હોય છે અને બીજા માનવીઓની માફક જ સામાન્ય જીવન જીવવા માંગતા હોય છે.

ડો. પંચાલના જણાવ્યા મુજબ ભારત સરકારના કલ્યાણ મંત્રાલયે નેશનલ સેમ્પલ સર્વે કરાવેલો જેના અહેવાલ મુજબ ભારતની કુલ વસ્તીના ૧.૮% જેટલા લોકો એક યા બીજા પ્રકારની વિકલાંગતાથી પીડાતા હોય છે. ડો. પંચાલ પ્રસ્તુત ગ્રંથમાં આગળ ચર્ચા કરતા જણાવે છે કે વિકલાંગતા અંગેના ક્યા અસરકારક પગલાઓ હોય શકે જે એમની ઉપચાર પદ્ધતિ અને પુન:સ્થાપનમાં ઉપયોગી નિવડે. આ કામગીરીમાં બિનસરકારી સંસ્થાઓની ભૂમિકા વિશે પણ ડો. પંચાલે ચર્ચા કરી છે. આ ઉપરાંત વિકલાંગો માટેની રાષ્ટ્રીયકક્ષાએ આવેલી સંસ્થાઓની કામગીરીની પણ તેમણે ચર્ચા કરી છે.

**11. Children with developmental Disablities (A traning guide for Parents, Teachers care givers)**

**-S. Venkatesan**

**Maysore (Karnatak)**

**(SAGE Pablication, New Delhi, 2008)**

મૈસુરમાં આવેલી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્વીચ એન્ડ હીઅરીંગના ચિકિત્સા મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક એસ. વેંકટેશને ઉપરોક્ત શિર્ષક અંગેનો માહિતીસભર ગ્રંથ

લખેલ છે. જે ખરેખર તો વિકાસ અંગેની અક્ષમતા ધરાવતા છ વર્ષ ઉમર સુધીના બાળકોના માતા-પિતા, શિક્ષકો અને સંભાળ લેનારાઓ માટે એ પ્રકારની માર્ગદર્શિકા છે. જેમાં માત્ર વિકાસ અંગેની વિવિધ પ્રકારની અક્ષમતાઓનું જ વિવેચન કરવામાં આવેલ નથી. પરંતુ આ પ્રકારના બાળકોનું સામાન્ય જન પ્રવાહમાં ભેળવવાની પ્રક્રિયા માટે જે કંઈ પ્રયત્નો કે પ્રયાસો કરવા પડે ત્યાંનો સંપૂર્ણ ચિતાર આપવામાં આવેલો છે એટલે એમ કહી શકાય કે આ ગ્રંથ માત્ર માહિતી નથી આપતો પરંતુ આ પ્રકારના બાળકોની ક્યા પ્રકારની તાલીમો, શિક્ષણ, વર્તન અને અભિગમો આપી શકાય તેની મુદાસર અને ચિત્રાત્મક છણાવટ કરેલ છે.

**૧૨. Children with cerebral palsy (A Manual for Therapist, Parents Commutity workers)**

**(second edition)**

**-Archie Hinchliffe.**

**(Sage Publication, New Delhi) 2008**

વિકલાંગતાથી પીડાતા બાળકોમાં સેરેબ્રલ યાલ્સીથી પીડાતા બાળકોનો પણ સમાવેશ થાય છે. સેરેબ્રલ યાલ્સી એટલે સામાન્ય પરિભાષામાં મગજને થતી ઈજાને પરિણામે થતો લકવો, આપણે જાણીએ છીએ કે શરીરનું સમગ્ર રચનાતંત્ર મગજ આધારીત હોય છે. જેને ચેતાતંત્ર કહેવામાં આવે છે. શરીરની સમગ્ર પ્રવૃતિઓનું નિર્માણ સંચાલન આ ચેતાતંત્ર દ્વારા થાય છે. તેવી તેની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પર શરીરની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પર બહુ મોટો આધાર રહેલો છે.

પ્રસ્તુત પુસ્તક આ રોગથી પીડાતા બાળકો, તેમનો જીવન વ્યવહાર, તેમની ખાસીયતો, તેમના ગમા-અણગમા અને તેની અભિવ્યક્તિ તેમની સારવારની પદ્ધતિ તેમજ તેમના કુટુંબો, તેમની સારવાર કરનારાઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલી છે.

પ્રસ્તુત પુસ્તકમાં સેરેબ્રલ પાલ્સીની વ્યાખ્યા આપવામાં આવેલી છે, તે રોગ વિશેની જાણકારી આપવામાં આવી છે, કઈ રીતે બાળકોને તે લાગુ પડે છે તેમજ આ રોગના કયા લક્ષણો છે અને રોગનું નિદાન કઈ રીતે થઈ શકે છે તેની ચર્ચા કરવામાં આવી છે. વિશેષમાં દર વર્ષે જન્મતા બાળકોમાંથી કેટલા બાળકોને આ રોગ લાગુ પડે છે, તેમજ તેની પાછળના કેવા કારણો હોય શકે તેની ચર્ચા કરવામાં આવી છે, સાથો-સાથ ઉપચારપદ્ધતિ અને દવાઓ કઈ રીતે ઉપયોગી થઈ શકે છે તેની પણ જાણકારી આપવામાં આવી છે. સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળકોનું કઈ રીતે નિરીક્ષણ કરવું અને કઈ રીતે સંભાળવા તેની વિસ્તૃત અને ચિત્રાત્મક છણાવટ કરવામાં આવી છે. તે ઉપરાંત નિરીક્ષણનું પૃથ્થકરણ પણ ચર્ચવામાં આવ્યું છે. સેરેબ્રલ પાલ્સીને કારણે બાળકોમાં આવતી વિકૃતતાઓ કે અવિકાસ પણ જણાવવામાં આવેલો છે. આ પુસ્તકનું મહત્વનું પાસુ સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળકોની સારવારના સિદ્ધાંતો આપવામાં આવેલા છે. તેમજ બાળક, કુટુંબ અને સારવાર કરનાર વ્યક્તિ એક ટીમ તરીકે કઈ રીતે કામ કરી શકે તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આવા બાળકોની સારવાર માટે ઘેર રાખવાના અને સારવાર કેન્દ્રના ઉપયોગી સાધનોની પણ માહિતી આપવામાં આવી છે. આ બધી માહિતી સંયુક્ત પણે ચિત્રાત્મક સ્વરૂપની હોવાથી આવો અઘરો વિષય પણ વાચકને ગળે ઉતરી જાય છે. આ ઉપરાંત ઈન્દ્રીયોના સંકલનના પ્રશ્નો પણ ઉદભવે છે તો તેની પણ ચર્ચા કરવામાં આવેલી છે.

**૧૩. દ્રષ્ટિક્ષતિ માર્ગદર્શીકા**

**-ભુષણ પુનાણી**

**-નંદીની રાવળ**

**(અંધજન મંડળ, અમદાવાદ, ૧૯૯૩)**

અમદાવાદની પ્રસિદ્ધ બીનસરકારી સમાજકાર્યની સંસ્થા અંધશાળા, દ્દષ્ટીહીન, બધીર,

અસ્થીવિષયક ક્ષતિગ્રસ્ત, મંદબુદ્ધિ, માનસિક બિમારી અને બહુવિકલાંગતા ધરાવતા હોય તેવા સૌ લોકોને તેમજ વિકલાંગ વૃદ્ધજનોને અવિરત સેવા પુરી પાડે છે. આ સંસ્થાઓની કામગીરીનો ફલક અને મુલ્ય આધારીત સેવા પ્રવૃતિઓને કારણે ભારતભરમાં પ્રસીદ્ધ છે. એટલું જ નહી. દૃષ્ટક્ષતિની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે આ સંસ્થા અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

આ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ વિશે એક વિશાળ દૃષ્ટિબિંદુ ધરાવતા સંશોધન સમકક્ષ ગ્રંથની રચના કરવામાં આવેલી છે.

**૧૪. વિકલાંગ ઉત્થાન**

**- જે.એમ.મલકાણ**

**- સી.ડી.પરિખ**

**(નવસર્જન પબ્લીકેશન, અમદાવાદ- ૨૦૦૧)**

વિકલાંગતા અને બહુવિકલાંગતાના ક્ષેત્રે દાયકાઓથી જોડાયેલ તજજ્ઞો, બહુવિકલાંગતાના ઉત્કર્ષ અંગે એક માહિતીસભર પુસ્તક રજુ કરે છે. ઉપરોક્ત ગ્રંથમાં લેખકો વિકલાંગતાને બહુવિકલાંગતાને સામાજિક સંદર્ભમાં મુલવતા જાણાવે છે કે અપંગ એ હિત કે નાના માનવાની જરૂર નથી જે વ્યક્તિઓને કુદરતે શારીરિક અક્ષમતાઓ, ખોડ-ખાપણ, અંધાપો, બહેરાશ અને મંદબુદ્ધિતા આપી હોય અને આ પ્રકારની શારીરિક અપંગતાઓ જન્મથી અથવા કોઈ કારણસર પાછળથી વિકલાંગ થયા હોય તો તેઓ માનવવિકાસના લાભોથી વંચિત રહ્યા છે. આથી સમગ્ર માનવસમાજ તેમના તરફ કુણી લાગણી ધરાવે છે અને એની સહાયતા અને નૈસર્ગીક માનવ અધિકારી માટે તેના માનવી તરીકેના મુળભુત અધિકારો આપવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરતો રહ્યો છે.

૨૦૦૧ની ભારતની વસ્તીગણતરી મુજબ વિકલાંગતાની વ્યાખ્યા આપવામાં આવેલી

છે તેમજ પ્રવર્તમાન સમયના વિશ્વના મહાન ભૌતિકશાસ્ત્રી ડો. સ્ટીફન હોકીંગનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે. સંપૂર્ણપણે વિકલાંગ એવી આ મહાન વ્યક્તિના તમામ અંગો નિષ્ક્રીય છે, માત્ર હાથની આંગળીઓમાંજ હલન છે કે જે દ્વારા તેઓ કોમ્પ્યુટર ચલાવી દુનિયા સાથે સંપર્કમાં રહે છે.

ઉપરોક્ત ગ્રંથમાં આઠ વિભાગો આપવામાં આવેલા છે જેમાં પહેલા વિભાગમાં શારીરિક અપંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણની યોજનાઓ, શિક્ષણ અને તાલીમની યોજનાઓ, વ્યાવસાયીક રાહત વિશે જાણકારી આપવામાં આવેલ છે. આ ઉપરાંત આવી વ્યક્તિઓને જો સરકારી કર્મચારી હોય તો વ્હેલચેરની સહાય, ક્વાટરની પસંદગી મકાન અંગે પેશગી, શિક્ષણ ભથ્થુ વગેરે મળે છે, તેની જાણકારી આપવામાં આવેલી છે. અપંગ વ્યક્તિઓને મળતા પ્રસસ્તી એવોર્ડ અને રોકડ પુરસ્કાર વિશેની માહિતી આપવામાં આવેલી છે અને વિશ્વ અપંગદિનની પણ ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત અપંગ વ્યક્તિઓને મળતી અલ્પ આર્થિક સહાય માટેની યોજનાઓ અને અન્ય સવલતોની પણ જાણકારી આપવામાં આવેલી છે.

**૧૫ લઘુપુસ્તિકાની સમીક્ષા**

**'વિકલાંગની વિકાસ ગાથા'**

**ડો. રમેશ ભટ્ટ**

**ડો. મંજુલા ભટ્ટ**

**પ્રકાશક: કુસુમ પ્રકાશન, અમદાવાદ-૨૦૦૬**

ઉપરોક્ત લઘુપુસ્તિકામાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકો માટેના સંકલીત શિક્ષણને કેન્દ્રસ્થ રાખીને શાળામાં આવતા બધા બાળકોમાં જેમ એની સાથે બેસીને ભણે જો મુકબધીર કે અંધ ન હોય તો. આમ મુકબધીરતા કે અંધત્વ સિવાયની કોઈપણ પ્રકારની

વિકલાંગતા ધરાવતા બાળક માટે સર્વ શિક્ષા અભિયાનમાં ભાગ લેવા અંગેની આ લઘુપુસ્તિકા છે. પ્રસ્તુત લઘુપુસ્તિકાની અંદર કથાત્મક સ્વરૂપમાં બહુવિકલાંગતાથી પીડાતા બાળકોની જીજ્ઞાશા, તેમનુ શિક્ષણ, તેમની વ્યાવસાયિક તાલીમ અને તેનો આત્મવિશ્વાસ વધારવા માટેના દ્રષ્ટાંતો આવેલા છે. ૧૩ પ્રકરણોમાં વિકલાંગ બાળકોનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાય અને વિકલાંગતા હોવા છતાં તેની વાસ્તવિકતા સ્વીકારીને જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવે અને આધુનિક યુગમાં પ્રાપ્ય એવી એમને માટેની શિક્ષણ અને તાલીમની પધ્ધતિ દ્વારા શિક્ષણ અને તાલીમ મેળવે આ બધા સંકલીત પ્રયત્નોને પરિણામે જીવન પ્રત્યેનો તેનો અભિગમ આશાસ્પદ અને હકારાત્મક બનતો જશે જેને પરિણામે તે સામાન્ય માનવ પ્રવાહમાં ભળી શકશે.

ઉપરોક્ત લઘુપુસ્તિકામાં એવા અસંખ્ય દ્દષ્ટાંતો આપવામાં આવેલા છે કે જેમાં કોઈને કોઈ પ્રકારની વિકલાંગતા ધરાવતુ બાળક કઈ રીતે વિકલાંગતાના સ્વીકાર સાથે જીવનનો પણ સ્વીકાર કરે છે અને એક અંગ વિકલાંગ આપ્યુ છે તેને ભુલીને શરીરના બિજા અંગોની શક્તિને તે ખીલવે છે, માનવ સમાજમાં એક રૂઢ માન્યતા છે કે આવી વ્યક્તિઓને ભગવાને છઠ્ઠી ઈન્દ્રીયોનું જ્ઞાન આપેલુ હોય છે જેથી ઘણીવાર બીજી સામાન્ય વ્યક્તિ કરતા આવી વ્યક્તિ બારૈધ્ધિક અને આત્મિક રીતે વધારે સક્ષમ હોય છે. સીવાય કે માનસિક ક્ષતિવાળા બાળકો. પ્રસ્તુત લઘુ પુસ્તિકા દ્વારા લેખક દંપતીએ ખરેખર વિકલાંગ બાળકો ઉપર ઉપકાર કરેલ છે અને વિકલાંગ સમાજની બહુ મોટી સેવા કરી છે.

**૧.૧૩ સંશોધન ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાતમાંથી સૌરાષ્ટ્રના છ જિલ્લા પસંદ કરવામાં આવેલ છે. કારણ કે આ જિલ્લાઓ ૬ માં પ્રસારણ લોકોનું પ્રમાણ વધારે છે.

(૧) જૂનાગઢ, (૨) પોરબંદર, (૩) રાજકોટ, (૪) જામનગર, (૫) સુરેન્દ્રનગર,

(૬) અમરેલી. આ છ જિલ્લાઓમાં આવેલા દરેક પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટેની સંસ્થાઓમાં રહેલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓના માતા-પિતા અને વાલીઓ પાસેથી માહિતી મેળવી અભ્યાસ કરવામાં આવ્યો છે. ૩૦૦ વિદ્યાર્થીઓ પાસેથી નિદર્શન પદ્ધતિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ સૌરાષ્ટ્ર પ્રદેશના સંદર્ભમાં હાથ ધરાયો હોય તે અંગેનો સામાન્ય પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. સૌરાષ્ટ્ર શબ્દ સંસ્કૃત સુરાષ્ટ્ર પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ સારું રાજ્ય એવો થાય છે. ઘણી બધી દષ્ટિએ આ પ્રદેશ સારો પ્રદેશ હોવાથી તેના નામને સાર્થક કરે છે. જેની ટૂંકી વિગત નીચે પ્રમાણે છે.

સૌરાષ્ટ્ર વિસ્તાર એ ભારતના પશ્ચિમ કિનારે આવેલ ગુજરાતનો એક ભાગ છે. ગુજરાતને ભૌગોલિક રીતે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. (૧) દ. ગુજરાતમાં પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં સમાવેશ થાય છે. (૨) મધ્ય ગુજરાત અને (૩) સૌરાષ્ટ્ર છે. એક કાળે ભારતના ભુખંડ સાથે આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના ભૂમિખંડો જોડાયેલા હતા. ધરતીકંપો અને જવાળામુખી પ્રવાહોને કારણે આફ્રિકા ખંડ અને ઓસ્ટ્રેલીયા ખંડ છૂટા પડ્યા. સૌરાષ્ટ્રનું ભુકવચ જીવમયુગ (Mesozoic)ના Jurassic સમયનું છે. કાઠીયાવાડના ભૂમિખંડો એ પોષાણ ખંડો છે. તેથી તેને 'ગોડવીન પૃથ્વી' તે પણ કહે છે.

ભૌગોલિક સ્થાન અને સીમાની દષ્ટિએ જોઈએ તો ભારતના પશ્ચિમ કિનારે ૨૦.૪૦ અને ૨૩.૩૫ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૦૫ થી ૭૨.૨૦ પૂર્વ રેખાંશ ઉપર ગુજરાત રાજ્યનો સૌરાષ્ટ્ર પ્રદેશ આવેલો છે. જેના ઉત્તરે કચ્છનો અખાત, દક્ષિણે ખંભાતનો અખાત, પૂર્વે અમદાવાદ જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. જેનું ભુપૃષ્ઠ ઉંધી રકાબી આકાર જેવું છે. આ પ્રદેશ જુદા જુદા વિભાગોમાં વિભાજીત થયેલ છે. જેમાં અમરેલી, જામનગર, જુનાગઢ, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર અને પોરબંદર એમ સાત જિલ્લાઓ, તાલુકાઓ, ૪૭૬૨ ગામો, અમરેલી જિલ્લાના ૧૦ તાલુકાઓ છે. ભાવનગર જિલ્લાના

૧૨ તાલુકાઓ છે. જુનાગઢ જિલ્લાના ૧૫ તાલુકાઓ છે. સુરેન્દ્રનગરના નવ તાલુકાઓ છે અને જામનગર જિલ્લાના ૧૦ તાલુકાઓ છે. અમરેલી જિલ્લો ૬૭૬૦ ચો.કી.મી.માં પથરાયેલો છે. જયારે ભાવનગર જિલ્લો ૧૧૧૫૫ ચો.કી.મી. જુનાગઢ જિલ્લો ૧૪૧.૨૫ ચો.કી.મી. વિસ્તાર ધરાવે છે. તેમજ રાજકોટ જિલ્લો ૧૧૨૦૩ ચો.કી.મી. વિસ્તાર ધરાવે છે. તેમજ ૧૩૧૧.૩ ચો.માઈલ વિસ્તાર જંગલોનો, ત્રણ બાજુએ આશરે ૮૨૦ કી.મી.નો લાંબો દરિયા કિનારો, ૧૬ નાની-મોટી ખાડીઓ ૨૮ બંદરો, ૯૩ પહાડ, ડુંગરો, ૮૦ નદીઓ એક નાનું રણ, ૫ મોટા ટાપુઓ અને ૧૭૦ જેટલી માનવ કોમો, જાતિઓ, ૧૧૧ લાખની વસ્તી વાળો ૨૨૮૫૬ ચો.માઈલનું ક્ષેત્રફળ ૩૪૪ કી.મી.ની લંબાઈ અને ૨૫૬ કી.મી.ની પહોળાઈ ધરાવતો સૌરાષ્ટ્ર ભૌગોલિક સાંસ્કૃતિક અને સામાજિક અનેકવિધ લાક્ષણિકતાઓથી સુશોભિત દ્વીપકલ્પ છે.

### ૧.૧૩.૧ સૌરાષ્ટ્રના વિભાગો :

બારોટ તેમજ ભાટના ગ્રંથ અને ફારસી તવારીખ પ્રમાણે જણાય છે કે ૧૦ મી સદી પછી ચુડાસમા અને મુસલમાનોના વખતમાં સૌરાષ્ટ્ર નવ ભાગમાં વહેંચોલો હતો. ભાટ લોકો ચુડાસમાના બયાનમાં 'નવઘણ'ને નવા સોરઠનો ધણી કહી વર્ણવે છે.

કુઝલ પણ પોતાના ગ્રંથમાં સોરઠના નવ વિભાગો લખે છે. (૧) પ્રભાસ, (૨) દ્વારકા, (૩) પંચાણ, (૪) ભાલ, (૫) ઝાલાવાડ, (૬) ગોહિલવાડ, (૮) બાબરીયાવાડ, (૯) કાઠિયાવાડ.

કર્નલ જે. ડબલ્યુ. વોટસન કાઠિયાવાડ સર્વસંગ્રહમાં દસ ભાગ આ પ્રમાણે છે. (૧) ઝાલાવાડ, (૨) મચ્છુ કાંઠો, (૩) હાલાર, (૪) ઓખા મંડળ, (૫) બરડો, (૬) સોરઠ, (૭) બાબરીયાવાડ, (૮) ગોહિલવાડ, (૯) ઉંદર સરવૈયા, (૧૦) કાઠિયાવાડ.

ગુજરાતના સુલ્તાનોનું સૌરાષ્ટ્ર ઉપર આધિપત્ય સ્થપાયા પછી સૌરાષ્ટ્રના દસમાંથી

પાંચ વિભાગો પાડવામાં આવ્યા છે. આ વિભાગો બ્રિટિશ હકુમત સુધી યથાવત રહ્યા પણ સ્વતંત્રતા પછી ફરી તેના નામ ફેરવવામાં આવ્યા છે.

(૧) સોરઠ અને પોરબંદર ભેળથી જુનાગઢ જિલ્લો

(૨) હાલાર અને ઓખામંડળનો જામનગર જિલ્લો

(૩) કાઠિયાવાડનો અમરેલી જિલ્લો

(૪) ગોહિલવાડનો ભાવનગર જિલ્લો

(૫) ઝાલાવાડનો સુરેન્દ્રનગર જિલ્લો

આ રીતે સૌરાષ્ટ્રમાં જુદા જુદા જ્ઞાતિ સમુદાયો વિશેની ટૂંકી માહિતી અહીં રજૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રની ભૌગોલિક પૃષ્ઠભૂમિ-દ્વિપકલ્પ અને ખુશનુમાન, સાગર કિનારો, પર્વતો અને જંગલોની સમૃદ્ધિએ પશુપાલન કરતી, શાસન કરતી, સાગર ખેડતી, વેપારી વાણિજ્ય કરતી, કામો કરતી અનેક કોમને આકર્ષે છે. જેમાંથી અનેક જ્ઞાતિ પેટાજ્ઞાતિઓ ઉદ્.ભવી છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગની વસ્તી હિંદુઓની છે. તેમાં પેટા જ્ઞાતિઓ અને પ્રાદેશિક ભેદજોવા મળે છે. શ્રી કી.મા. મુનશી નોંધે છે કે ૧૯૦૧ માં હિન્દુઓની ૩૧૫ જ્ઞાતિઓ હતી. અમુક જ્ઞાતિઓ અમુક વિસ્તારોમાં જે કેન્દ્રિત થયેલી હતી. કાઠિયાવાડની નોંધ પ્રમાણે અને ૧૮૮૧ માં કાઠિયાવાડમાં પ્રાંતની વસ્તી ૨૩,૪૩,૮૯૯ જેટલી હતી. ઈતિહાસવિદ્ શંભુપ્રસાદ દેસાઈના મતે સૌરાષ્ટ્રને જુના વતનનીઓમાં મુખ્યત્વે સોમપુરા, કંડનિયા, ગિરનારા, ગુગળી, રાજગોર અને અબોટી બ્રાહ્મણો, ગોહિલ, ચાવડા, રજપૂતો, આહિર, સોરઠિયા, રબારી, ચારણ, ભરવાડ, મેર, તળપદા, કોળી, કણબી, પરજીયાસોની, સુતાર, લુહાર, વાંઝ, વાણંદ એ મુખ્ય કોમો છે. જ્યારે અન્ય પ્રાંતમાંથી આગમન થયેલ સીંધમાંથી જાડેજા, મકવાણા, ઝીલા, ચુડલથા, પરમાર, કાઠી, સરસ્વત, બ્રાહ્મણો, ભાટિયા, લુહાર, દેવાળા, ભણસારી, મારવાડમાંથી ગોહિલ, સોલંકી, રાઠોડ, મારુ, કુંભાર ભાંડ તથા નટ, કચ્છમાંથી કોળી, મેવાળા, બ્રાહ્મણો, મેવાડા સુતાર, બુહારિયા અને ગુરાતમાંથી ચુંવાળીયા કોળી,

નાગરો, ઔદિચ બ્રાહ્મણો, વાણિયા, સુતાર, ગુર્જર તથા કંસારા આવીને વસ્યા છે. સૌરાષ્ટ્રના માનવ સમુદાયમાં એલ્વાઈન, ડિનારિક, નેગ્રીટો અને બ્રેટો ઓસ્ટ્રોલોઈડ પ્રકારના લોકોનો સમાવેશ જુદી જુદી જ્ઞાતિઓમાં થયેલો જણાય છે. આમ સૌરાષ્ટ્રમાં દરેક પ્રકારના જ્ઞાતિ-સમુદાયના લોકો વસવાટ કરે છે.

આ જિલ્લાઓમાં ઘણા બધા ખનીજો આવેલા છે. જેમાં બોકસાઈડ, કેલસાઈડ, ચોક, ક્રેલ્સયા, જીપ્યસમ, લીડઓર, સોલ્ટ, આર્યનઓર, લાઈમસ્ટોન, કુદરતી ગેસ, કોપરઓર, મિનરલ, પિગમેન્ટસ, ઓરનામેન્ટલ સ્ટોન્સ, ગ્લાસ સેન્ડ વગેરે ખનીજો અને ધાતુઓ આવેલી છે. આ બધી વસ્તુઓ અને ખનીજો ઉદ્યોગોમાં બાંધકામ તેમજ અન્ય ઉપયોગમાં લેવામાં આવે છે.

સૌરાષ્ટ્ર પ્રદેશમાં અનેક મોટી નદીઓ આવેલી છે. જેમાં ભાદર નદી સૌથી મોટી નદી છે. જે ૧૭૭ કીમી.માં ફેરવાયેલી છે એ જ રીતે રાજકોટ જિલ્લામાં મચ્છુ અને આજી એ બે મોટી નદીઓ છે. જુનાગઢ જિલ્લામાં ઉબેણ, ઓજત, હિરણ, મચ્છુન્દ્રી, સાબલી, સરસ્વતી, મેઘલ, રાવણ અને સિંઘવાડા વગેરે મુખ્ય નદીઓ છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી, ઘેલો અને કાલુભાર એ ત્રણ મોટી નદીઓ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ, ભોગાવ, લીંબડી, ભોગાવ સુખભાદર, ફાલ્ફ અને ઉમાઇ, ચંદ્રભાગ, કંકાવટી, બ્રાહ્મણી અને વંશણ નદીઓ આવેલી છે. ભાવનગર જિલ્લામાં શેત્રુંજી, ઘેલો, કાણુભાર, વાગળ, ફાલણી, કેરી, ગોમા, માલણ અને બગડ એ નદીઓ આવેલી છે. જ્યારે જામનગર જિલ્લામાં આજી, ઉંડ, વેણું, રંગમતી, નામગતી, ફૂલઝર, સિંહણ, રૂપારેલ અને ડેમી વગેરે નદીઓ આવેલી છે.

## ૧.૧૩.૨ જૂનાગઢ જિલ્લાનો પરિચય :

***'સોરઠ ધરતી સોહામણી ઉંચા ગઢ ગિરનાર***

***સાવજકા સેંજળ પીવે તેના નમણા નર ને નારી'***

સોરઠ પંથક કહેતા જૂનાગઢ જિલ્લાના લોકોના હૈયામાંથી નીકળતો આ દુહો સોરઠનો આગવો પરિચય આપી જાય છે. સોહામણી ધરતી અને જેની ઓગાશમાં આ વિસ્તાર કાયમ પનપની રહ્યો છે. એવો ઋષિતુલ્ય ગરવો ગિરનાર, જગ વિખ્યાત ગિર અભ્યારણ્ય અને ડાલામનથા સિંહની જે જન્મભૂમિ છે. તેવા વિસ્તારનો નર અને નારી નમણાંજ હોય, કુદરતે પણ સોરઠને બે હાથ ગોડળા કરીને સૌંદર્યની લ્હાણી કરી છે. તો ઐતિહાસિક સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વિરોધાભાસનું વૈભવ પણ આપ્યું છે. જૂનાગઢનો આગવો ઈતિહાસ છે. તો ભગવાન સોમનાથ, ગિરનારના મંદિરો અને સાંસ્કૃતિક વિરાસત ધરાવતા અનેક સ્થળો છે. આફટ અરબી સમુદ્ર સામે ગિરની વતરાઈઓ, ગિરનારની ગિરીકિંદારાઓ સાથે તુલશીશ્યામ અને ચોરવાડ જેવા વિહારધામો પણ છે.

### ૧. જૂનાગઢ જિલ્લો ઐતિહાસિક દષ્ટિએ :

ભારતના પશ્ચિમ વિસ્તારમાં સૌરાષ્ટ્ર દ્વિપકલ્પમાં સ્થિત જૂનાગઢ ૨૦.૪ં થી ૨૧.૪ં ઉત્તર અક્ષાંશ અને ૬૦.૪ં થી ૭૧.૦૫ પૂર્વ અક્ષાંશ ઉપર આવેલ છે. ૨૦૦૧ ની જનગણના મુજબ જિલ્લાની વસ્તી ૨૪,૪૮,૪૨૭ છે.

જુનાણું કહેતા જુનાગઢના આ નામ ઉપરાંત કરણ, કુબ્જ, મણીપુર, રેવંત, ચંદ્રકેતુપુર, નરેન્દ્રપુર, ગિરનાર, તેમજ પ્રતાપપુર નામથી પણ ઓળખાતું, ઈ.સ. ૧૮૬૮ સુધી જુનાગઢના સરકારી પત્રવ્યવહારમાં તેને જીરણગઢ કહેવામાં આવ્યું છે. ઈ.સ. ૧૮૨૦ માં બ્રિટિશ સરકારે લોકોમાં પ્રસિધ્ધ એવું જૂનાગઢ નામ આપ્યું.

જૂનાગઢ જિલ્લામાં ઈ.સ. પૂર્વે ૩૧૯ મૌર્ય, ઈ.સ. પૂર્વે ૧૮૫ શ્રીંગ ઈ.સ. પૂર્વે ૭૦ થી ૭૩ ગ્રીક, ઈ.સ. ૧૦૦ થી ૨૭૫ શક, ઈ.સ. ૪૫૬ થી ગુપ્ત અને ઈ.સ. ૮૭૫ થી

૧૪૭૨ ચુડાસમામાં રજપૂતોનું સીસન હતું. ઈ.સ. ૬૪૦ ના વર્ષમાં ચીની મુસાફરી હુસેન સીંગને જુનાગઢની મુલાકાત લીધી હતી.

ઈ.સ. ૧૪૭૨ બાદ મોહમ્મદ બેગડ, ખાલીસખાન, ગુઝમરફૂર, સિંકદર, બહાદુરશા અને ઈબાદતખાને રાજ્ય કર્યું હતું. ઈ.સ. ૧૫૭૩ થી ૧૭૪૮ દરમ્યાન મુગલોએ પણ શાસન કર્યું હતું. ત્યાર બાદ જુદા જુદા બાબી/નવાબોમાં ઈ.સ. ૧૯૪૭ સુધી રાજ કર્યું હતું. છેલ્લા જુનાગઢ નવાબ મહોબ્બતખાનજીએ લોકોએ સ્થાપેલ લોકોને સ્થાપિત અરજી હકુમત દ્વારા થયેલા સ્વાતંત્ર્ય સંગ્રામી ૯/૧૧/૧૯૪૭ ના રોજ જૂનાગઢ છોડી કરાંચી ચાલ્યા ગયા હતા અને ૧૯૪૯ માં જૂનાગઢ સ્ટેટ સૌરાષ્ટ્રનો ભાગ બન્યું.

૧૯૫૬ નવેમબરમાં જૂનાગઢ જિલ્લો દિવભાષી મુંબઈ રાજ્યમાં આવ્યો એ પછી ૧/૫/૧૯૬૦ ને દિવસે મુંબઈ અને ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતા જૂનાગઢ ગુજરાતી રાજ્યોનો ભાગ બન્યો. ત્યાર બાદ ૨/૧૦/૯૭ ના રોજ જૂનાગઢ જિલ્લાનું વિભાજન થતા પોરબંદર જિલ્લાની રચના થઈ અને પોરબંદર રાણાવાવનું કુતિયાણા એમ ત્રણ તાલુકા નવા જિલ્લા પોરબંદરમાં ગયા. જ્યારે જૂનાગઢ જિલ્લામાં નવા ઉમેરાયેલા કોડીનાર અને સુત્રાપાડા તાલુકાનો સમાવેશ થયો.

## ૨. વાતાવરણ અને વરસાદ :

જૂનાગઢ જિલ્લાનું વાતાવરણ સમષિતોષણ છે. વર્ષમાં ત્રણ શિયાળો, ઉનાળો, ચોમાસું નિયમિત છે. આમ છતાં જૂનાગઢ જિલ્લાની આબોહવા એક બાજુ વિશાળ દરીયા કિનારો, ગીરનું જંગલ, સપાટ દરીયો અને ગીરનારના ડુંગરાળ વિસ્તારને લીધે ઘણી વિવિધતા છે. ઉનાળામાં ૪૦ ડીગ્રી સેલ્સીયેસથી વધુ ગરમ હવામાન છે. જ્યારે શિયાચળામાં સામાન્ય રીતે ૧૦ થી ૧૨ ડીગ્રી જેટલું હવામાન થાય છે. પણ સણિસાણ ૨૭ ડીગ્રી જેટલું હવામાન ઠંડુ થયું હતું. ખેડુતો જેની ચાતક નજરે રાહ જોતા હોય છે તે ચોમાસું ઋતુ જિલ્લામાં જૂનના બીજા પખવાડીયાથી શરૂ થાય છે અને સપ્ટેમ્બરમાં આખર સુધી વરસાદ હોય છે.

જિલ્લામાં સરેરાશ ૮૦૦મી.મી. જેટલો વરસાદ પડે છે.

**૦ જમીન અને ખનીજ સંપત્તિ :**

જૂનાગઢ જિલ્લાની જમીન એકંદરે સપાટ છે. (ગીરનારની પર્વતમાળા સિવાય) અને તેના ઢાળ પશ્ચિમે દરીયાની બાજુ પડે છે. જિલ્લામાં પાચ પ્રકારની જમીન આવેલી છે.

**૦ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ પર દ્દષ્ટિપાત :**

જિલ્લાના સર્વાંગી વિકાસ પર છે. જબૂનાગઢ જિલ્લામાં કાર્યરત ઉદ્યોગોનું વર્ગીકિરણ કરીએ તો અહીં મુખ્યત્વે કૃષિ આધારિત ઉદ્યોગોમાં સીંગદાણાના એકમો, ઓઇલ મીલો, સોલવન્ટ પ્લાન્ટ, જીનીંગ પ્રેસીંગના એકમો છે. જે લઘુ ઉદ્યોગોમાં આવે છે. જિલ્લામાં આવા ૬૪૮૬ થી વધુ ઉદ્યોગો નોંધાયેલા છે. જેમાં રૂા. ૭૩૮૦૦ લાખ જેટલું મૂડીરોકાણ થયું છે અને તેના દ્વારા ૨૮૦૦૦ થી વધુ લોકો સીધી રોજગારી મેળવી રહ્યા છે. ખનિજ સંપત્તિ આધારિત મોટા ઉદ્યોગોમાં સીમેન્ટ ઉદ્યોગો, સોડા એશ અને ફિશીંગ ઉદ્યોગોનો સારા પ્રમાણમાં સીમેન્ટ ઉદ્યોગ, સોડાએશ અને ફિશીંગ ઉદ્યોગોનો સારા પ્રમાણમાં વિકાસ થયો છે. સીમેન્ટ ઉદ્યોગમાં વિશાળકાય અંબુજા સીમેન્ટ ફેકટરી ગુજરાત સિદ્ધિ સીમેન્ટ, વેરાવળ ઉપરાંત સુત્રાપાડા ખાતે કાર્યરત જી.એચ.સી.એલ. વેરાવળની ઇન્ડીયન રેયોન ફેકટરી, ચોરવાડ ખાતે હિન્દુસ્તાન લીવર, ઓસ્ટીન એન્જીન રીંગ, હિરાવતી, એક્સપોર્ટ પ્રા.લી. સહિત કુલ ૪૪ થી વધુ મોટા ઔદ્યોગિક એકમો જિલ્લામાં કાર્યરત છે. જેમાં ૧ લાખ કરોડથી વધુ મુડી રોકાણ છે અને હજારો લોકોને સીધી તેમજ આનુષાંગિક વ્યવસાય દ્વારા આડકતરી રોજગારી પૂડી પાડે છે. તાલાલા અને કોડીનાર ખાતે સહકારી ધોરણે બે મોટી ખાંડ ફેકટરીઓ કાર્યરત છે.

જિલ્લામાં ૪૨૮ એકમો ફેકટરી એક્ટ હેઠળ નોંધાયેલા છે. આ તમામ ઉદ્યોગોને આંતર માળખાકીય સુવિધા જરૂરી તેમજ પ્રોત્સાહન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

### ○ જૂનાગઢ જિલ્લામાં જોવાલાયક યાત્રા સ્થળો અને વિહાર ધામો :

નરસૈયાની નગરી જૂનાગઢ હવે તો મહાનગર થયું છે. ઐતિહાસિક, ધાર્મિક મહત્ત્વ ધરાવતું નવાબી મહત્ત્વ ધરાવતું નવાબી શહેર જૂનાગઢ હંમેશા પ્રવાસીઓ-યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જૂનાગઢના ડાંગરે-ડાંગરે ઈતિહાસ કંડારાયેલો છે. આપણે જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોથી શરૂઆત કરીએ.

### ○ ગિરનાર અને ગિરનારની આસ-પાસ આવેલા યાત્રા સ્થળો :

### ○ પર્વતાધિરાજ ગિરનાર :

પર્વતાધિરાજ ગિરનાર હિમાલયને પત્ર લખે તો ચિરંજીવીથી શરૂઆત કરવી પડે એટલે હિમાલયથી પણ જુનો પર્વત એ ગિરનાર છે. ગિરનારના થયેલું ઐતિહાસિક તેમજ ધાર્મિક મહત્ત્વ છે. જૂનાગઢ શહેરની પૂર્વ દિશાએ ૩.૬ કી.મી. દૂર વાદળથી વાતો કરતા ઉભેલા પ્રાચીન, પુરાણ, પ્રસિદ્ધ ગિરનાર પર્વતને પૂર્વકાળમાં રૈવત, રૈવળક, રેવાચળ, ઉજ્જયેત, ગિરનાર ચરણ પણ કહેતા, ગિરનાર ગુજરાતનો સૌથી ઉંચો પર્વત છે.

ગિરનાર એ ૧૮૧ ચો.મી.માં પથરાયેલ 'અનામત જંગલ' છે. ગિરનારનું સૌથી વિશેષ મહત્ત્વ હોય તો તેમાં જોવા મળતી મુલ્યવાન વનસ્પતિ છે.

### ○ જૂનાગઢમાં આવેલ વિકલાંગો માટેની સંસ્થાઓની યાદી

૧. એમ.પી. શાહ સરકારી અંધ શાળા, મહાત્મા ગાંધી રોડ.

૨. સરકારી બેરા-મુંગા શાળા, મહાત્મા ગાંધી રોડ

૩. મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની નિવાસી શાળા, ઠે. મંગલમૂતિ, ઠાળવા ચોક.

૪. શ્રી અંધ અપંગ સહકાર કેન્દ્ર, નિવાસી પ્રા. શાળા, વેરાવળ રોડ, ઉના, જિ. જૂનાગઢ.

૫. અંધ વિદ્યાર્થી ભુવન, વિસાવદર, જિ. જૂનાગઢ.

૬. પ્રજ્ઞાચક્ષુ (અંધ) સહશિક્ષણ વિવિધલક્ષી વિદ્યામંદિર, માંગરોળ.

૭. એન.એ.બી. જૂનાગઢ જિલ્લા શાળા, જૂનાગઢ, વંથલી હાઈવે, પો.બો. ૮, મુ. શાપુર (સોરઠ) તા. વંથલી, જિ. જૂનાગઢ.

**૦ રાષ્ટ્રીય અંધ મંડળ, જિલ્લા શાખા-જૂનાગઢ, સ્થાપના : ૭ સપ્ટેમ્બર, ૧૯૮૭.**

આંખ વિના અજવાળા એટલે માત્ર કોઠા સુઝ નહીં પરંતુ શરીરના પ્રત્યેક અંગ પરમાણુઓમાં નિરોભાવે પ્રગતિ એવી જ્ઞાન ચેતનાનું સ્વર્ગ અને સંપૂર્ણપણે પ્રાકપ્ય.

આપોઆપ ન સૂઝતું હોય તો માર્ગદર્શક નિમિતોની આ ધરા પર કમી નથી. જરૂર છે માત્ર ધગશની, ચર્મચક્ષુ ગુમાવી બેસેલા કોઈપણ ભાઈ બહેનોને સ્વાવલંબી જીવન જીવવાની ધગશ જાગે તો તેના માર્ગદર્શક બનવા સદ્ય તત્પરતા અને રસ દાખવી ઉપયોગી થતી એક સંસ્થા ગરવા ટંગરનારની છત્રછાયામાં આવેલી છે. જેનું નામ છે. ‘રાષ્ટ્રીય અંધજન મંડળ જૂનાગઢ’

૧૮ વર્ષ પૂર્વે એક નાના છોડરૂપે રોપાયેલી આ સંસ્થા આજે વિશાળ વટવૃક્ષ સમાન ફુલી હાલી છે. પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસ માટે આ સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ અને કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાના ફળ સ્વરૂપે જૂનાગઢ જિલ્લાના અનેક અંધ ભાઈ બહેનોના જીવનને સ્વમાનભેર, સ્વાવલંબી જીવન જીવતા થયેલા જોવા મળે છે.

‘રાષ્ટ્રીય અંધજન મંડળ’ ના જૂનાગઢ જિલ્લા એકમની સ્થાપના સંસ્થાના મુખ્ય પ્રકોતા એવમ્ પ્રમુખ શ્રી ડૉ. એમ.ડી. નાણાવટીના ‘નાણાવટી ક્લિનિક’ના એક ઓરડામાં ૭/૯/૧૯૮૭ ના રોજ કરવામાં આવી, જે વાસ્તવમાં રાષ્ટ્રીય કક્ષાએ મુંબઈ મુકામે ૧૯૫૨ માં સ્થપાયેલી ‘રાષ્ટ્રીય અંધજન મંડળ’ની જિલ્લા શાખા તરીકે અંધજન વિકાસની પ્રવૃત્તિ અર્થે કાર્યરત થઈ હતી. જોત જોતામાં સંસ્થાના કાર્યક્ષેત્રનો વ્યાપ વિસ્તૃત થતો ગયો, સમાજના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું લક્ષ્ય એ તરફ આકર્ષિત થતું ગયું અને પરિણામ સ્વરૂપે

જૂનાગઢ નગરપાલિકાએ સને ૧૯૮૫ માં 'સ્વામી વિવેકાનંદ વિનય મંદિર'ના મેદાનમાં આ સંસ્થાનું એક નાનું-પુરાણું મકાન ફાળવ્યું. આથી સંસ્થાની કલ્યાણકારી પ્રવૃત્તિને વેગ પ્રાપ્ત થયો. પરિણામે સને ૧૯૮૯ ની સાલમાં આ નાનકડી જગ્યા આઠ અંધવૃદ્ધો જ માટેની અને વૃદ્ધાશ્રમની શરૂઆત કરી.

કોઈપણ સેવાભાવી સંસ્થા પાસે વિપુલ સગવડો હોય અખુટ ધન ભંડાર અને સેવાભાવનાનોસાચો ઉમળકો હોય, તેમ છતાં જ્યાં સુધી એ સેવાના લાભાર્થી સુધી સંસ્થાના આશયોની માહિતી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી સર્વ વૃદ્ધા જ સાબિત થાય છે. આથી સંસ્થાની સ્થાપના કર્યા બાદ આ સંસ્થા દ્વારા ગ્રામીણ અંધજનો સુધી પહોંચવા આ સંસ્થાના પ્રચાર-પ્રસારની વિશિષ્ટ ઢબે કાર્યવાહી કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં સંગીતના કાર્યક્રમો યોજી, શૈક્ષણિક પ્રદર્શન-નિદર્શન કરી, શિવરાત્રીના મેળામાં જૂનાગઢ મુકામે પ્રદર્શનો યોજી, બ્રેઈલ લિપીના વાચન લેખનના નિદર્શનો અને અંધજન ક્રિકેટ સ્પર્ધા યોજી, ગ્રામીણ અંધજન સુધી પહોંચવાના સફળ પ્રયત્નો કર્યા છે. આ કારણે આ પ્રવૃત્તિને વેગ અને ન્યાય પ્રદાન થયો છે. અને આથી જ ગ્રામીણ અંધજનોના ઉત્કર્ષ અને આત્મનિર્ભર થવાનાસેવાકાર્યમાં કંઈક કરી શકયા.

## o **સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ :**

૧. સ્વ. શ્રી પુંજાભાઈ ચાંગેલા પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધાશ્રમ

૨. સંકલિત શિક્ષાણ યોજના

૩. અંધજન પુસ્તકાલય

૪. અંધજન પુનવર્સન યોજના

૫. સંગીત તાલીમ

૬. ઉદ્યોગ

૭. નેત્ર નિદાન કેમ્પ

## ૦ વિશેષ સવલતો :

સંસ્થા દ્વારા એસ.ટી. બસમાં ફ્રી મુસાફરી કરવા માટે એસ.ટી. કન્સેશન પાસ તથા રેલ્વે કન્સેસન ફોર્મ ઈસ્યુ કરવામાં આવે છે. એર કન્સેસન પાસ તથા પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધોને મળતું પેન્શન તેમજ સરકારશ્રી તરફથી મળતી બધી જ સવલતો અંગે માર્ગદર્શન આપવામાં આવે છે અને તેમાં સંસ્થા સહાય કરે છે તેમજ સંસ્થાની મદદથી અભ્યાસ કરીને કેટલાક સ્વાવલંબી જીવન જીવતા થયેલ છે.

આ સંસ્થામાં રહીને તાલીમ લઈરહેલા વિદ્યાર્થીઓ ભાઈઓની સંખ્યા ૩૨ અને બહેનોની સંખ્યા ૩૩ છે. આ સાથે તેમાં ૨૫ જેટલા પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધો આશ્રય લઈ રહ્યા છે.

## ૧.૧૪ અભ્યાસ શહેર અને સંસ્થાઓનો પરિચય :

### ૧.૧૪.૧ રાજકોટ શહેરનો પરિચય :

રાજકોટ શહેર ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો હાથની આંગળીની વીંટીમાં હીરા જડેલ જેવું છે. રાજકોટની સીમા તપાસીએ તો રાજકોટની એક બાજુ અમરેલી જિલ્લાની હદ તો બીજી બાજુ જામનગર જિલ્લાની હદ, ત્રીજી બાજુ સુરેન્દ્રનગર જિલ્લાની હદ અને ચોથી બાજુ કચ્છની હદ આવેલી છે.

રાજકોટ શહેર તથા જિલ્લો સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ છે. સૌરાષ્ટ્રના રાજ્ય વખતે રાજધાની હતી. હાલમાં રાજકોટનું મહત્ત્વ ઘણી રીતે આંકવામાં આવે છે.

રાજકોટ શહેરની સ્થાપના ભાદરસુદ પાંચમમાં આવેલો છે. સવંત ૧૯૬૨ ઈ.સ. ૧૬૮૦ માં મિત્રતાના ભાવને જીવંત રાખવા જામલાખાન નાનાભાઈ વિભાજીએ રાજસિંધીના મિત્રની યાદમાં રાજકોટની સ્થાપના થઈ. ઈ.સ. ૧૬૪૬ માં સરધારના રાજવીના કબજા હેઠળ આવ્યું. ઈ.સ. ૧૭૨૦ માં દિલ્લીના મોગલ શાસને આક્રમણ કરતા સરધાર, જસદણ, ભાડલા, આકાંદપરને ભેળવીને રાજકોટમાં રાજધાની સ્થપાઈ. ઈ.સ. ૧૭૨૦ માં મોગલ સત્તા અસ્તવ્યસ્ત થતા અંગ્રેજો રાજકોટના ઠાકોર પસો ૬૮૮ એકર જમીન ભાડે મેળવીને અંગ્રેજોએ રાજકોટમાં કોઠી સ્થાપી જે હાલ કોઠીકંપાઉન્ડ તરીકે જાણીતું છે. જયાં પહેલા

લશ્કરી થાણા અમલદારોના બંગલા અને વિભાગીય કચેરી આવેલી. જેની જગ્યાએ હાલ પણ રેલ્વે ડિવીઝન ઓફિસ અને વિભાગીય કચેરીઓ તથા દુરદર્શન સ્ટુડિયો, સેન્ટ્રલ એકસાઈઝની કચેરી, રેલ્વે કર્યચારીઓના બંગલા અને રમતનું મેદાન આવેલું છે. ૧૮૬૮ માં કાઠીયાવાડના રાજાઓએ રાજકુમાર કૉલેજની સ્થાપના કરી. ૧૮૮૮ માં રાજકોટમાં રેલ્વે આવી. ઈ.સ. ૧૮૯૩ માં ડોનોટ હોલ, વોટસન મ્યુઝીયમ, લેંગ લાયબ્રેરી, વગેરે ઈમારતો બંધાઈ જે હાલ પણ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. ઈ.સ. ૧૯૪૭ માં સ્વતંત્રતાની ભેટ સ્વરૂપે સૌરાષ્ટ્ર રાજ્ય અલગ થયું અને રાજવી રાજધાની તથા સચિવાલયમાં રાજકોટમાં અસ્તિત્વમાં આવ્યું. ઈ.સ. ૧૯૪૯ માં રાજકોટને બરો મ્યુનિસિપાલીટી મળી સમયના તાલ સાથે કદમ મિલાવતા ઈ.સ. ૧૯૭૩ થી રાજકોટને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો.

રાજકોટની રશીક જનતા માટે ૧૨ સિનેમા થિયેટરો જેમાંથી ૮ સિનેમા થયેટરો કાર્યરત છે. ૨ નાટક શાળા આવેલી છે. શિક્ષણ ક્ષેત્રે જોઈએ તો આર્ટસ, સાયન્સ, કોમર્સ, ખેતીવાડી, એન્જીનીયરીંગ, ફાર્મશી, અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો આવેલા છે. રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફોર સ્ટારથી વિભુષિત કરેલ છે. આ સિવાય ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના સંચાલન કેન્દ્રો આવેલા છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું કેન્દ્ર પણ આવેલ છે. આકાશવાણી, દુરદર્શન જેવા પ્રચાર માધ્યમો સાથે સંકળાયેલ છે અને હાઈવે મથક પણ આવેલ છે. જુદા જુદા પ્રકારના દૈનિક પત્રોના પ્રેસ આવેલા છે.

દેશના તમામ રાજ્યોએ આવરીલેતી રેલ્વે સેવાઓ ઉપલબ્ધ છે. આ મળતી માહિતી મુજબ ઓખા-ગોહાટી ટ્રેનનો ભારતની સૌથી લાંબી ટ્રેનની સુવિધા રાજકોટને ફાળવે છે.

ઔદ્યોગિક ક્ષેત્રે રાજકોટ હરણફાળ ભરી છે. રાજકોટ ઓઈલ એન્જીનીયરીંગ ઉદ્યોગોને સિંગતેલ ઉદ્યોગ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

ભારતની ખાદ્યતેલ બજાર રાજકોટની ખાદ્યતેલ ઉપર આધારિત હોય તે ઉપરાંત સોના-ચાંદીના ઘરેણાને ઘાટ આપવાની તાલીમ હુન્રનર શાળા દ્વારા આપવામાં આવે છે.

મહિલાના માનીતા પાટણના પટોળા ગુજરાતની પછી રાજકોટ રાષ્ટ્રીય શાળામાં બનાવવામાં આવે છે. જેની નિકાસ દેશ-વિદેશમાં કરવામાં આવે છે.

રાજકોટમાં ટી.બી.નું પણ ઉત્પાદન થાય છે. આમ, રાજકોટમાં સૌરાષ્ટ્ર સંસ્કૃતિને પણ જાળવી રાખી છે. રાજકોટમાં રાષ્ટ્રીય જાગૃતિના નકશામાં પણ સ્થાન ધરાવે છે. જેમાં સ્વ. મહાત્મા ગાંધીજી મનુભાઈ મસાણી, ઢેબરભાઈ, શ્રીમતિ જયાબેન શાહ, શ્રી વિજયાલક્ષ્મી પંડિત (ભારતના ગર્વનર) કે જેઓ સ્વ. વડાપ્રદાન જવાહરલાલ નહેરુના બહેન તેઓની પણ કાર્યભૂમિ રાજકોટ જ રહી છે.

**o રાજકોટમાં આવેલ સંસ્થાઓની યાદી :**

૧. અપંગ બાળગૃહ ભક્તિનગર સ્ટેશન રોડ, રાજકોટ-૨.

૨. મંદ બુદ્ધિવાળા બાળકોનું ગૃહ, કેન્દ્રીય વિદ્યાલયની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ-૫.

૩. શ્રી અને શ્રીમતી છ. ચા. વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટ, સ્વામીનારાયણ ગુરુકુળ પાસે, ઢેબર રોડ, રાજકોટ.

૪. શ્રી જય સચ્ચિદાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બહેરા-મૂંગા શાળા, જેતપુર, જિ. રાજકોટ.

૫. ધી સોસાયટી ફોર ધી મેન્ટલી રીટાયર્ડ સંચાલિત મંદ બુદ્ધિના બાળકોની શાળા, બી.ટી. સવાણી કણસાગરા સ્કૂલની નજીક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, રાજકોટ.

૬. અંધ કલ્યાણ મંડળ સંચાલિત અંધ છાત્રાલય, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ સામે, હનુમાનના ડેરા પાસે, રાજકોટ.

૭. શ્રી વી.વી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

**○ વ્રજલાલ દુર્લભજી પારેખ સંઘ મહિલા વિકાસ ગૃહ :**

સૌરાષ્ટ્રના અંધ ભાઈઓ માટેની સંસ્થા હતી. આ સંસ્થામાં કુલ સંખ્યા ૯૦ બહેનોની છે. પરંતુ અંધ બહેનોના શિક્ષણ માટેની કોઈ વ્યવસ્થા ન હોઈ શ્રી અંધ સર્વોદય મંડળના કેટલાક પ્રજ્ઞાચક્ષુ કાર્યકરોએ અંધ બહેનોના શિક્ષણ માટે જ યોજના વિચારી અને એ રીતે ૧૮/૬/૫૩ ના રોજ પોરબંદરમાં એક સ્થાનિક વર્ગની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૫૩ માં શરૂ કરવામાં આવી. આ પ્રવૃત્તિને બીજામાંથી વટવૃક્ષનું રૂપ આપવું હોય તો તે માટે સુદઢ પગલાઓની આવશ્યકતા હતી. છાત્રાલય વીના આવી સંસ્થાઓ વિકસી શકે નહીં તેથી સોનગઢમાં છાત્રાલયના મકાનની વ્યવસ્થા મળતા ઈ.સ. ૧૯૫૬ માં આ સંસ્થાને સોનગઢ ફેરવવાનું વિચારાયું. સોનગઢમાં સંસ્થાના વિકાસ માટેના તનતોડ પ્રયાસ છતા ત્યાં તેનો વિકાસ થઈ શકયો નહીં આખરે સ્વ. નારણદાસ ગાંધીના આશીર્વાદ અને શ્રી પુરુષોત્તમભાઈ ગાંધીના સૌજન્યપૂર્ણ સહકારથી આ સંસ્થાને રાજકોટ ખસેડવામાં આવી અને રાષ્ટ્રીય શાળામાં તા. ૧૬/૯/૫૭ માં તેની પ્રવૃત્તિનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો.

કોઈપણ સંસ્થાના વિકાસ માટે પોતાના સ્વતંત્ર મકાનની જરૂર રહે જ છે. સંસ્થાના સૌનિષ્ઠ કાર્યકરો તેમજ શુભેચ્છકોના પ્રયાસો અને મહેનતથી એ જરૂરીયાત પૂરી થઈ શકે.

રાજકોટ મ્યુનિસિપાલીટી તરફથી ૩૧/૧૧ ના રાહત ભાવે ૮૫૦૦ ચો. વાર જમીન મળી. મુંબઈનાં શ્રી વૃજલાલ દુલર્ભજી પારેખ તરફથી રૂા. ૫૧૦૦૦ નું દાન મળતા અને તેટલી જ રકમની સહકારી ગ્રાન્ટ મળતા તેમજ અન્ય દાતાઓની સહાયની છાત્રાલય સાથેનું શાળાનું મુખ્ય મકાન બાંધવામાં આવ્યું જેના નામને મુખ્ય દાતાના નામ સાથે જોડવામાં આવ્યું. તે જ ‘શ્રી વ્રજલાલ દુલર્ભજી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ’

**○ સંસ્થાનો ઉદ્દેશ :**

બ્રેઈ લિપી દ્વારા શિક્ષણ તેમજ સંગીત અને ઉદ્યોગની તાલીમ મેળવી અંધ બહેનો પગભર થવાની શક્તિ પ્રાપ્ત કરે તે આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

## ૦ સંસ્થાની પ્રવૃત્તિઓ :

## ૧. શૈક્ષણિક પ્રવૃત્તિઓ :

આ સંસ્થામાં રહેતી વિદ્યાર્થીનીઓને સંસ્થા દ્વારા એકથી બાર ધોરણ ભણાવવામાં આવે છે. તેમાંથી એકથી સાત ધોરણ સંસ્થામાં જ ચાલતી સ્કૂલમાં ભણાવવામાં આવે છે. પરંતુ હાઈસ્કૂલની માન્યતા નહીં મળવાને કારણે જે બહેનોને આગળ ભણવું હોય તેને આઠથી બાર ધોરણ સુધી બહારથી ભણાવવામાં આવે છે. આ ઉપરાંત સંગીત શિક્ષણમાં પ્રારંભિકથી વિશારદ સુધી શિખવવામાં આવે છે. જે બહેનોને બાર ધોરણ પછી કૉલેજ કરવી હોય તેને સંસ્થા પુરતી મદદ કરે છે. શિષ્યવૃત્તિ આપે છે. અને બીજા અનેક રીતે મદદરૂપ બને છે. તેમજ તેઓને શિખવનાર પાંચ શિક્ષકોમાંથી ત્રણ શિક્ષકો અંધ છે અને શિક્ષણ માટેની કોઈ જ ફી લેવામાં આવતી નથી. આ ઉપરાંત વિવિધ ધર્મનું શિક્ષણ પણ આપવામાં આવે છે.

## ૨. આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ :

પ્રજ્ઞાચક્ષુ બહેનોની નાની-મોટી માંદગીના સમયે શહેરના સેવાભાવી ડૉક્ટરોની સેવાઓ મળે છે. ઉપરાંત તેઓના વજન, ઉંચાઈ વગેરેનું દ્વિમાસિક નોંધપત્રક પણ રાખવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ બહેનોના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યની સંપૂર્ણ કાળજી રાખવામાં આવે છે. ઉપરાંત આંખના ઓપરેશનો માટે પણ આ સંસ્થા તરફથી સુવિધા આપવામાં આવે છે. કેમ્પ પણ યોજે છે. તેમજ આંખની સારવાર માટે સંસ્થા મદદરૂપ પણ બને છે. સંસ્થામાંથી ચાર બહેનોના ઓપરેશનો થયા હતા. તેમાં સફળતા મળેલ નથી. તેમજ બીજાને કોઈ ઓપરેશન થાય છે. તેમાં પણ કોઈને કોઈ મુશ્કેલીઓ પડે છે. ચક્ષુદાનની સગવડતા પ્રાપ્ત થતી નથી છતાં પણ જો સંજોગોવશાત પ્રાત થાય તો તે સ્વીકારવી કે નહીં તે વ્યક્તિ પર આધારિત રહે છે.

### ૩. આર્થિક પ્રવૃત્તિઓ :

અહીં બહેનોને અભ્યાસ ઉપરાંત પોતાના પગભર થઈ શકે તે માટે વ્યાવસાયિક તાલિક આપવામાં આવે છે. જેમાં ખાસ કરીને નેતર કામ, વણાટ કામ, પ્લાસ્ટીક ઉદ્યોગ વિશે તાલીમ આપવામાં અવે છે અને તે અંગેનું બહારનું કામ પણ મેળવી આપવામાં આવે છે. જે કાર્ય શિક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ એટલે કે ૧૨ થી ૫ પછી કરવામાં આવે છે અને તે દ્વારા તેઓ આવક પ્રાપ્ત કરે છે. તેમજ જે બહેનો અભ્યાસ પૂર્ણ કરી સમાજમાં ગોઠવાઈ છે તેને સંસ્થા તેઓને લાગતી નોકરી મેળવી આપવામાં મદદ કરે છે. આ ઉપરાંત એમ્પ્લોયમેન્ટ કાર્ડ કઢાવી આપે છે. સંગીત શિક્ષણ તરીકે પણ ગોઠવી આપે છે. જેમાં આ સંસ્થાને લગભગ ૫૦% સફળતા મળી છે.

### ૪. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :

સંસ્થામાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગીત-સંગીત, રમત-ગમત, વકૃત્વ નિબંધ તેમજ બીજા વિવિધ સ્પર્ધાઓ યોજે છે અને ગીતા-રામાયણ વગેરે કંઠસ્થ કરવામાં આવે છે. આ ઉપરાંત બહેનો સાંસ્કૃતિક કાર્યક્રમો આપવા જાય છે. તેમાં સંગીત, નિબંધ, મુખપાઠ, વકૃત્વ, સંસ્કૃત શ્લોકો તેમજ બ્રેઈલ વાંચનની સ્પર્ધાઓ વગેરેમાં ભાગ લે છે. ઉપરાંત જો તે સ્પર્ધામાં ઈનામ મેળવે તો બહેનો પોતે રાખે છે. તેમજ પ્રવાસ પર્યટનો પણ ગોઠવવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓ કરવા પાછળનો મુખ્ય હેતુ બહેનોનો સામાજિક, સાંસ્કૃતિક વિકાસ થાય તેમજ દેખીતી વ્યક્તિને તેમની શક્તિઓનો પરિચય થાય તેમજ તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય અને બહારની વ્યક્તિઓ સાથે સતત સંપર્કમાં રહી અને સામાજિક દૃષ્ટિએ આગળ વધે તે રહેલો છે.

### ૦ ભાવનગર શહેરનો પરિચય :

સૌરાષ્ટ્રના નૈતૃત્વ ખુણામાં આવેલ ભાવનગરની સ્થાપના ઈ.સ. ૧૭૪૩ માં ભાવસિંહજી ગોહિલે કરી હતી. આ પ્રતાપી સુર્યવંશી રાજવીના વડાઓએ પાંચ સદી પૂર્વે

સ્થળાંતર કર્યું હતું. આ નગરની સ્થાપના મરાઠાના સૌરાષ્ટ્ર પરના આક્રમણના લીધે તેમજ સરળતાથી પલાયન થઈ કાય અને દરિયાયી માર્ગે વ્યાપાર પણ વિકસે તે હેતુસર દરિયા કિનારા નજીક કરવામાં આવી હતી. આ નગરની સ્થાપના દિને જોતાસિંહ ધધરા નામના ચારણે ભાળ્યા મુજબ ભાવનગરની ૧૮ મી સદી પૂરી થતા સમૃદ્ધ શહેર બની ગયું. સૌરાષ્ટ્રના સંઘ રાજ્યોમાં તે ૧૯૪૮ માં તે ભળી ગયું. ત્યાં સુધી ગોહિલવંશના રાજ્યની રાજાની તરીકે રહ્યું. ભાવનગર જિલ્લાની કુલ વસ્તી ૧૯૮૧ ની વસ્તી ગણતરી મુજબ ૧,૮૭૬,૪૭૧ છે. અને ભાવનગર શહેરની કુલ વસ્તી ૧૯૮૧ ની વસ્તી ગણતરી મુજબ ૩,૦૮,૬૨ છે.

ભાવનગર એ દરેક ઋતુમાં ચાલું રહેતું 'વચગાળાનું બંદર' છે. આજ અહીં કાપડ, વણાટ, તેલ, લોખંડ, પોલાદ, રબ્બર, ખાતરના નાના-મોટા અને મધ્યમ કદના કારખાનાઓ આવેલા છે.

ભાવનગર એ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું ધામ રહ્યું છે. જયાં ગાંધીજીએ અભ્યાસ કર્યો હતો. તે શામળદાસ કૉલેજની સ્થાપના ૧૯૮૪ માં થઈ હતી. આ ઉપરાંત ત્યાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમો શીખવવામાં આવે છે. તેમજ પ્રભાશંકર પટ્ટાણીના રાજ્ય સંચાલન દરમ્યાન કેટલીક પ્રજા ઉપકારક સંસ્થાઓ ઉદ્ભવી અને તે પ્રવૃત્તિઓને સારો વેગ મળ્યો આવી સંસ્થાઓમાં ભાવનગરમાં થિયસોફિકલજી સનાતન ધર્મ હાઈસ્કૂલ, દક્ષિણમૂર્તિ વગેરેનો વિકાસ થયો છે. આ ઉપરાંત કેળવણીના દષ્ટિએ ભાવનગર પ્રથમથી જ અગ્રણ્ય સ્થાન ધરાવતું આવ્યું છે.

ભાવનગરમાં ફરવાના સ્થળોમાં ખોડિયાર મંદિર, તખતેશ્વર, બોર તળાવ, વગેરેનો સમાવેશ કહી શકાય.

વાહન વ્યવહાર ક્ષેત્રે ભાવનગરનો વિકાસ સારો એવો થયેલો છે. જેમાં ગુજરાતના જુદા જુદા શહેરોને જોડતીબસો, રેલ્વે તથા એર હવાઈ જહાજોનો સમાવેશ થાય છે. જેણે

ભાવનગરના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

ભાવનગરના ૧૧ તાલુકા અને ૭૮૪ ગામડાઓ આવેલા છે. આમ ભાવનગર એ સૌરાષ્ટ્રનું બીજા નંબરનું મોટું શહેર છે.

**o (શ્રીમતી પરસન બહેન, નારણદાસ રામજી શાહ)**

**શ્રી કે.કે. સ્કૂલએન્ડ હોમ ફોર ધી બ્લાઈન્ડ-ટ્રસ્ટ સંચાલિત**

આ શાળાની સ્થાપના ૬ ઠ્ઠી જાન્યુઆરી ૧૯૩૨ ના રોજ થઈ. આજે શાળાને ૬૭ વર્ષ પુરા થયા છે. ત્યારે શાળામાં અંધજનોના પાયાના શિક્ષણથી માંડીને તેઓ પગભર થાય. સમાજમાં પુનઃ સ્થાપિત થાય તે માટે વિવિધ વિભાગો કાર્યરત છે અને તેથી જ વર્ષ ૧૯૮૯ નો ‘બેસ્ટ આઉટ સ્ટેન્ડીંગ’ નો ભારત સરકારનો એવોર્ડ આ સંસ્થાએ રાષ્ટ્રપતિના વરદ હસ્તે પ્રાપ્ત કરેલો છે.

આ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટેની વિશિષ્ટ શાળામાં પ્રાથમિક, માધ્યમિક તેમજ ટેકનીકલ જેવા વિભાગો ચાલે છે. આ શાળામાં ૧૦૭ જેટલા પ્રજ્ઞાચક્ષુ બાળકો વિવિધ વિભાગોમાં શિક્ષણ મેળવી રહ્યા છે. તેમાં ૨૨ બહેનો અને ૮૫ ભાઈઓ છે. જેમાં દર વર્ષે સંખ્યાનું પ્રમાણ વધતું જાય છે.તેનું કારણ છે. વાલીઓની જાગૃતિ, ગ્રામ્ય પ્રદેશમાં વસતા અંધ બાળકો અને તેમના વાલીઓમાં જાગૃતિતા આવતા તેઓ પોતાના અંધ બાળકોને અભ્યાસ અને પ્રગતિ માટે અંધશાળામાં મૂકતા થયા છે. શાળામાં ધોરણ ૧ થી ૧૦ સુધી નો અભ્યાસ કર્યા બાદ બાળકો વ્યાવસાયિક તાલીમ મેળવી પગભર થઈ શકે તે માટે કેન્દ્ર, નાયલોન ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ધોરણ ૧ થી ૯ ના બાળકોને વર્કશોપમાં સુતારીની પ્રાથમિક તાલીમ આપવામાં આવે છે.

શાળામાં બધા જ વિભાગોમાં કુલ મળીને ૧૪ શિક્ષકો કાર્ય કરી રહ્યા છે. આ શાળામાં નોર્મલ શાળામાં અપાતા જ વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. ફરક માત્ર લિપીનો છે. આ પ્રજ્ઞાચક્ષુ બાળકોને શિક્ષણ બ્રેઈલ લિપીમાં આપવામાં આવે છે. બાળકોની

પરીક્ષા પદ્ધતિ સામાન્ય શાળા જેવી જ છે. ધોરણ ૧ થી ૭ ની પરીક્ષા બ્રેઈલ લિપીમાં છે. જયારે ધોરણ ૮ થી ૧૦ ની પરીક્ષા બાળકોને રાઈટર પદ્ધતિથી લેવામાં આવે છે. વર્ષમાં ત્રણ પરીક્ષાઓ લેવામાં આવે છે. આ ઉપરાંત બાળકોને સંગીતનું શિક્ષણ સારી રીતે મળી રહે તેમાટે સંગીત વિશારદ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેથી બાળકો પોતાના સર્વાંગી વિકાસ સાધી શકે છે. સંસ્થાની સ્થાપના ૧૯૩૨ માં થઈ. ત્યારથી આજ સુધી શાળાઓનો જે કોઈ ઉત્તમ વિકાસ થયો છે તેમાં શાળાના ટ્રસ્ટીઓ, કર્મચારી ગણ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહયોગ સાપડ્યો છે.

**○ સંસ્થાનો ઉદ્‌ભવ અને વિકાસ :**

સંશોધન નિબંધના સંદર્ભમાં માહિતી એકઠી કરવા માટે જે પાંચ સંસ્થાઓ પસંદ કરેલ છે. તેમાની જ એક સંસ્થા છે. શ્રી કૃષ્ણકુમાર સિંહજી અંધ ઉદ્યોગ શાળા જે સૌરાષ્ટ્રની સૌ પ્રથમ પ્રજ્ઞાચક્ષુ શાળા છે. તેની સ્થાપના ૧૯૩૨ માં એન.ડી. નેતરવાળાએ કરેલ છે. હાલમાં આ સંસ્થામાં ૮૨ વિદ્યાર્થીઓ શિક્ષણ તથા વ્યાવસાયિક તાલીમ મેળવી રહ્યા છે. જેમાં ૬૫ ભાઈઓ તથા ૧૭ બહેનો છે. આ સંસ્થામાં પાંચવર્ષના બાળકોને દાખલ કરવામાં ઓ છે. અને દસ ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને ૧૦ ધોરણથી આગળ શિક્ષણ લેવું હોય તેના માટે અમદાવાદમાં વ્યવસ્થા છે.

**○ સંસ્થાનો ઉદ્દેશ :**

આ સંસ્થાની સ્થાપના પાછળનો ઉદ્દેશ અંધજનોના વિકાસનો છે. આ ઉપરાંત વ્યાવસાયિક તાલીમ આપી પગભર કરવાનો છે.

**○ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ :**

**○ શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ધોરણ દસ સુધી શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત સંગીત અંગેનું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ આ સંસ્થાના શિક્ષકોમાંથી ત્રણ શિક્ષકો

એક યા બીજા શારીરિક અપંગતા ધરાવે છે. શિક્ષણ માટેની કોઈ ફી લેવામાં આવતી નથી. આ ઉપરાંત અહીં રહેતા વિદ્યાર્થીઓ બહાર સંગીતના ટ્યુશનો આપવા માટે જાય છે. અને તે માટે બહાર આવવા જવા માટેની વ્યવસ્થા અંગત રીતે કરવાની હોય છે.

**૦ આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ :**

સંસ્થાના વિદ્યાર્થીઓને આંખના ઓપરેશનો માટે સંસ્થા તરફથી જરૂરી હોય તે દરેક પ્રકારની સુવિધા આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ય આરોગ્ય વિષયક સારવારમાં વીટામીન્સની ટેબલેટ્સ, દવાઓ, સ્વચ્છતા, દવાઓ છંટાવવી વગેરે કરવામાં આવે છે. બાકી આંખના આરોગ્ય માટે ડૉકટરની સલાહ મુજબ કાર્ય કરવામાં આવે છે. તેમજ ચક્ષુદાનની સગવડતા પ્રાપ્ત નથી. અને હોય તો પણ સ્વીકારતા નથી કારણ કે અંધશાળાની પોતાની હોસ્પિટલ નથી.

**૦ આર્થિક પ્રવૃત્તિ :**

આ સંસ્થાની આર્થિક પ્રવૃત્તિમાં અંધ વ્યક્તિને રોજગાર મળી રહે તથા પગભર, ગૌરવપૂર્વક જીવન જીવી શકે તે હેતુથી વિવિધ આર્થિક પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં સુથારી કામ, લુહારી કામ, કેનીંગ કામ, મોટર રિવાઈન્ડીંગ તેમજ પ્લાસ્ટીક મોલ્ડીંગ વગેરે શિખવવામાં આવે છે. ત્યાર બાદ વ્યાવસાયિક તાલીમ લીધા પછી તેઓને નોકરી કે વ્યવસાય મળી રહે તે માટે સંસ્થા દરેક પ્રકારે મદદ કરે છે. પરંતુ તેમાં અંશતઃ સફળતા મળી છે. આજ સુધી આશરે ૫૦ વ્યક્તિઓને તેનો લાભ મળેલ છે. સંસ્થા છોડતી વખતે જીવન નિવાર્હ માટે તેઓને સંસ્થા આર્થિક સહાય આપતી નથી. આર્થિક સિવાય દરેક બાબતની મદદ કરે છે.

**૦ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :**

આ સંસ્થામાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સંગીત સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, રમત-ગમત સ્પર્ધા, વાંચન સ્પર્ધા વગેરે યોજવામાં આવે છે. તેમજ તેમાં ભાગ લેવામાં પણ આવે

છે. આ ઉપરાંત સંસ્થાના વિદ્યાર્થીઓ બહાર કાર્યક્રમો આપવા માટે પણ જાય છે અને બહાર કાર્યક્રમો આપવા જવા પાછળનો મુખ્ય હેતુ તેઓના વ્યક્તિત્વના વિકાસ માટેનો છે. તેમજ બહાર કાર્યક્રમોમાં જે કોઈ ઈનામ મળે છે તે વિદ્યાર્થીઓ રાખે છે.

**o ભાવનગરમાં આવેલ વિકલાંગ માટે સંસ્થાઓ :**

૧. તાપીબાઈ નારણદાસ રામજીશાહ
(તળાજા વાળા) અપંગ બાલિકાગૃહ
નવા ફિલ્ટર સામે

૨. શ્રીમતી પરસનબેન નારણદાસ રામજીશાહ
(તળાજાવાળા) પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય
કૉલેજ રોડ નવા ફિલ્ટર પાસે.

**o અમરેલી શહેરનો પરિચય :**

એક એવી માન્યતા છે કે વર્ષ ૫૩૪ ની સાલમાં અમરેલી અનુમાનજીના નામે અસ્તિત્વ ધરાવતું હતું અને પછી તેનું નામ બદલી અમલીક અને અમરાવતી પડ્યું હતું.

પુરાતનકાળમાં સાંસ્કૃતિક ભાષામાં અમરેલીનાં અર્થે અમરાવતી થાય છે. ૧૮૮૬ ના સમયકાળ દરમ્યાન અમરેલી બરોડાના રાજા ગાયકવાડના હસ્તગત હતું. સ્વતંત્રતા પછી અમરેલીમાં સૌ પ્રથમવાર અભ્યાસ ફરજીયાત અને નિસુલ્ક કરવામાં આવેલ.

અમરેલી સ્વતંત્રતા પછી મુંબઈ સ્ટેટનો ભાગ બનેલ અને મુંબઈ સ્ટેટના ભાગલા પડ્યા પછી ગુજરાતનો એક અલગ જિલ્લો બનેલો.

અમરેલી ૨૧.૬૨-૭૧.૨૩ ઉપર સ્થિત છે.

અમરેલી દરીયાઈ સપાટીથી ૧૨૮ મી. ની ઉંચાઈ એ સ્થિતિ છે. મોટાભાગનો વ્યવસાયિક વિસ્તાર ટાગોરરોડથી ઓળખાય છે અને જે ટાવરથી લઈને મુખ્ય બસ સ્ટેન્ડ અને ત્યાંથી ગોપી સીનેમા સુધી વિસ્તરેલ છે.

કાઠિયાવાડની દરિયાઈ સરહદ પશ્ચિમ ભાગમાં ભારતમાં ગુજરાતમાં છે. જે દરીયાઈ સરહદ દક્ષિણ-પશ્ચિમ દિશામાં સ્વૈચ્છિક અરેબિક સમુદ્રને મળે છે. ઉત્તર-પશ્ચિમ તરફ કચ્છની ખાડીને અને દક્ષિણ પૂર્વ તરફ ખંભાતની ખાદીને મળે છે.

૧૪ મી સદીના અંતમાં સૌરાષ્ટ્રમાં આવેલા કાઢી સમુદાયના લોકોના નામ પરથી કાઠિયાવાડનું નામ પડેલ છે.

કાઠી લોકોનું મુખ્ય પુરેપુરુ જાકીમાં નથી. પણ એક શક્યતા પ્રમાણે દક્ષિણને દિશામાં મુસ્લીમ શાસકોના લીધે પ્રયાણ કરેલ.

તે ખાચર અને ચોટીલા કાઠીઓમાં અગત્યતા ધરાવે છે.

અહીં લોકો સુર્યદેવને પુજન કરનારા લોકો છે. કાઠીઓમાં સર્વોત્તમ ઘોડાઓને ઉછેર કરવાનીકળા વારસાગત છે. કાઠીયાવાડમાં અલગ અલગ જાતિ સંસ્કૃતિનો વસવાટ થાય છે. જે કાઠીયાવાડ પ્રગતિમાં મહત્વનો ભાગ ભજવે છે.

મજબૂત રજવાડાઓને સૌરાષ્ટ્ર જીતીને કાઠીયાવાડમાં પોતાના કાયદાઓ અમલમાં મૂકેલા.

**○ ખ્યાતનામ વ્યક્તિઓ :**

૧. ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજભાઈ મહેતાનો જન્મ અમરેલીમાં થયો હતો.

૨. સ્વ. શ્રી કવિ કલાપી જે એક પ્રખ્યાત ગુજરાત કવિ જે અમરેલી નજીકના કાઠીના વતની હતા.

૩. સ્વ. શ્રી રમેશભાઈ પારેખ એક પ્રખ્યાત કવી કે જે અમરેલીમાંથી આવેલા હતા.

૪. શ્રી ડૉ. એન. ડી. રાઠોડ જે અમરેલીમાંથી છે. તે એક અગ્રણી વૈજ્ઞાનિક છે. જેમની મુખ્ય શોધ કૃષિ વિષયક શોધમાં જમીન વિષયક છે. ટેકસાઈઝ

કૉલેજ (યુ.એસ.એ.) તરફથી તેમની શોધખોળને સન્માન મળે છે. તેમને શોધખાંડના અગ્રણી સભ્ય અને વૈજ્ઞાનિક તરીકે કામ કરેલ છે. તેણે ગુજરાત કલ્ચર યુનિ. ટેકસાઈસ એ.એન્ડ એમ. યુનિ. માટે શોધખોળ કરેલ છે. જેમાં વર્લ્ડ બેન્ક માટેનું કામ પણ સામેલ છે. રાઠોડે સાર્કરમાં શોધખોળ અગ્રણી વૈજ્ઞાનિક તરીકે સેવા આપેલ છે.

૫. શ્રી કેલાલ જાદુગર જે અમરેલી જિલ્લામાંથી આવેલઅ ને વિશ્વવિખ્યાત પ્રાપ્ત જાદુગર છે.

૬. શ્રી યોગીજી મહારાજ (સાધુ જ્ઞાન જીવનદાસ)

(મે ૨૩-૧૮૯૨ થી જાન્યુઆરી ૨૩, ૧૯૭૧) જે મુખ્યતારૂપે યોગીજી મહારાજ તરીકે જાણીતા છે. જે ભારતીય સાધુ છે. અને બાંચાણવાસી શ્રી મહેર પુરુષોત્તમ સંસ્થાના બીજા નંબરના પ્રમુખ સાધુ છે, એક માન્યતા મુજબ તે ભગવાન સ્વામીનારાયણની ચોથી પેઢીના છે.

૭. શ્રી કવિકાન્ત (મણીશંકર ભટ્ટ) જે અમરેલી જિલ્લાના ચનવાડ ગામના છે અને તે એક કવિ છે.

## ○ વસ્તી-વિસ્તાર :

૨૦૦૧ માં ભારતના સર્વે મુજબ અમરેલીની વસ્તી ૯૫૩૦૭ છે. જેમાં પુરુષો ૫૨ મહિલા ૪૮% છે.

અમરેલીમાં ૭૮% લોકો શિક્ષિત છે. જે કુલ રાષ્ટ્રીય ટકાવારી પ્રમાણે ૫૯.૫૮% થી વધારે છે. જેમાં ૫૫% પુરુષ ૪૫% મહિલાનો સમાવેશ થાય છે.

કુલ વસ્તીમાંથી ૧૦% વસ્તી ૬ વર્ષથી નીચેના લોકોની છે.

વિસ્તાર - ૬૭૫૦

વસ્તી - ૧૨૫૨૫૮૯

ભણતર - ૬૦.૦૮%

મુખ્ય મથક - અમરેલી

તાલુકા - ૧૦

ગામડા - ૫૯૫

**o અંધજન પ્રગતિ મંડળ :**

અમરેલી શહેરમાં દતમંદિર પાસે ચિતલ રોડ પર એક પોતાના જે મકાનમાં અમરેલી જિલ્લા અંધજન પ્રગતિ મંડળ સંચાલિત શ્રીમતી પુષ્પાવલી પ્રાણજીવનદાસ વાળીયા અંધજન તાલીમ કેન્દ્ર, પ્રજ્ઞાચક્ષુ માધ્યમિક શાળા, ટેકનીકલ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ અને શ્રી ગીરધરલાલ હંસરાજ કમાણી પ્રજ્ઞાચક્ષુ પ્રાથમિક સંસ્થા ચાલે છે. આ સંસ્થાની સ્થાપના ૧૦ મી સપ્ટેમ્બર ૧૯૭૨ ના રોજ થઈ હતી. આ સંસ્થાઓમાં હાલ ૪ થી ૨૫ વર્ષ સુધીના ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનો જુદા જુદારોજગારલક્ષી ઉદ્યોગની તાલીમ તેમજ શિક્ષણ લઈ રહ્યા છે. તેમાં હાઈસ્કૂલમાં શિક્ષણ લેતા ભાઈઓની સંખ્યા ૧૩૦ છે. અને પ્રાથમિકમાં શિક્ષણ લેતા ભાઈઓની સંખ્યા ૪૦ છે. એમ કુલ ૧૭૦ ભાઈઓ અને ૨૦ બહેનો જે હાઈસ્કૂલમાં શિક્ષણ લઈ રહ્યા છે. આ સંસ્થાઓમાં વણાટકામ, નેતરકામ, પ્લાસ્ટીક મોલ્ડીંગ કામ, કાથીકામ, બુક બાઈન્ડીંગ કામ, પુઠાના બોક્સ બનાવવાનું કામ, મોટર રીવાન્ડલંગ કામ ઉપરાંત બ્રેઈલલીપી દ્વારા અક્ષર જ્ઞાનથી માંડીને માધ્યમિક શાળામાં ધોરણ ૮ થી ૧૦ સુધીનું શિક્ષણ અને સંગીતમાં વિશારદ સુધીનું તેમજ શિક્ષા વિશારદ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.

આ સંસ્થાઓમાં જ્ઞાતિ-ભાષા કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના અને કોઈપણ પ્રકારની ફી લીધા વિના પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનોને પ્રવેશ આપવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા માધ્યમિક શાળા તથા કૉલેજમાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ માટે ઘેરબેઠા અભ્યાસ કરી શકે તે માટે રેકોર્ડ કરેલી ઓડીયો કેસેટ પોસ્ટ દ્વારા આખા ગુજરાત

રાજ્યમાં મોકલાવેલ છે. કારણ કે પ્રજ્ઞાચક્ષુનું સાહિત્ય પોસ્ટમાં નિઃશુલ્ક મોકલી શકાય. આ સંસ્થાની પ્રગતિમાં સમાજ સુરક્ષા ખાતું ગાંધીનગરનો સહયોગ રહ્યો છે.

આ સંસ્થાને રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી સુંદરસિંહ ભંડારીના વરદ હસ્તે રાજ્ય એવોર્ડ મળેલ છે. તદ્ઉપરાંત તા. ૩/૧૨/૨૦૦૨ ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબના વરદ હસ્તે રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

આ રાજ્ય કક્ષાનો તેમજ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ એટલા માટે આપવામાં આવેલ છે. કે આ સંસ્થાએ વધુમાં વધુ વિકલાંગ વ્યક્તિઓને નોકરી રાખી રોજીરોટી આપી છે. આ સંસ્થામાં સાહિત્ય તથા સંગીતનો અભ્યાસ કરાવી ૫૭ વિદ્યાર્થીઓને પ્રજ્ઞાચક્ષુ બહેનો સાથે લગ્નગ્રંથીથી જોડી આજે સુખશાંતિથી પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે રહે છે.

**o જામનગર શહેરનો પરિચય :**

''જામનગર એ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં આવેલ ગુજરાતનું પશ્ચિમ વિસ્તારનું શહેર છે. જામનગરને જામનગર સિવાયના પણ વિવિધ નામો વડે પણ ઓળખવામાં આવે છે. જેમાં 'હાલાર', 'છોટાકાશી', 'નવાનગર' તેમજ સૌરાષ્ટ્રનું પેરીશ પણ ગણવામાં આવે છે.

જામનગરની સ્થાપના હાલારની નદીઓમાં રંગમતી અને નાગમતી બે નાની પણ નમણી નદીઓ આવેલી છે. બંને બહેનો સમી નદીઓમાં નાગમતી મોટી છે અને રંગમતી નાની છે અને આ નદી કિનારે એક ભુજના રાજાએ પોતાનો થાકો ઉતારવા માટેનું સ્થળ પસંદ કર્યું અને ત્યાર બાદ ધીરે ધીરે જામનગર શહેરની રચના થઈ. આમ જામનગર શહેરની સ્થાપના થયા બાદ તેમાં વિવિધ રાજાઓએ રાજ કર્યું અને જામનગરમાં છેલ્લું રાજ જામ દિગ્વીજયસિંહનું રહ્યું અને ત્યાર બાદ સરકારનું શાસન આવી ગયું.

જામનગરની આગવી પ્રતિભા આપતું નજરાણું જોઈએ તો તેમાં લખોટા તળાવ કે જે લગભગ ઈ.સ. ૧૮૩૯ પહેલા બંધાયેલું છે અને તેમની પાસે જ ભુજ્યોકોઠો આવેલો છે.

જેમના વિશે માનવામાં આવે છે કે ત્યાં વર્ષો પહેલા આવેલા ભોયરામાંથી ભુજના ભુજયા ડુંગર પાસે જવાતું પરંતુ ભુકંપ બાદ આ ઈમારત જર્જરીત થઈ ગઈ છે અને તે ઉપરાંત વાત કરીએ તો જામનગરમાં ઐતિહાસિકવસ્તુઓ, ઈમારતોમાં 'પ્રતાપ પેલેશ, કે રાજાનો મહેલ હતો. 'દરબાર ગઢ' નો કિલ્લો કે જે રાજાના સમયમાં ત્યાં વિવિધ એટેફિસો હતી. તેમજ ઘણી સ્કૂલો પણ જુની છે. જેમકે નવાનગર હાઈસ્કૂલ તેમજ 'સજુબા ગર્લ્સ હાઈસ્કૂ' તે ઉપરાંત જામનગરના કુલ ચાર (૪) નાકમાંથી હાલમાં પણ 'ખંભાળીયાનું નાકું' દરબાર ગઢ (કાલાવડ નાકું) ખોજાનું નાકું અને ત્રણ દરવાજાએ જુના પ્રતિક સમાન ઊભા છે અને ધીમે ધીમે જામનગર શહેર પ્રગતિ કરવાનું શરૂ કર્યું અને ૧૯૪૭ પછી તેમાં પાછળ વળસીને જોયું નથી. જામનગરમાં પહેલા એટલે ૨૦ થી ૩૦ વર્ષ પહેલા 'બટન'નો ઉદ્યોગ હતો. પણ ધીરે ધીરે તે નષ્ટ થતો ગયો અને હવે બ્રાસપાર્ટનો ઉદ્યોગ વિકસવા લાગ્યો છે. પણ તેમાં સમયાંતરે તેજી મંદીનું મોજું આવી જાય છે. તેમજ જામનગરની બાજુમાં જ આવેલી મોટી ખાવડી, કે જયાં એશીયાની મોટી રીફાઈનરી રિલાયન્સ તથા એસ્સાર, જી.એ.એફ.સી. પણ આવેલા છે. તેમજ જામનગર એ દરિયા કિનારે આવતું શહેર છે.

જામનગરમાં સૈન્યની ત્રણેય પાબ્ંખ એટલે કે 'પાયદળ', 'હવાઈદળ', 'વાયુદળ' એ આવેલા છે અને જામનગરમાં લગભગ ૨૦-૨૫ વર્ષથી જામનગર શહેરને મહાનગર પાલિકાનું બિરુદ મળ્યું છે અને હીલની સરકારી કચેરીની વાત કરીએ તો 'લાલ બંગલા'માં કલેકટર તથા પોલીસ સુપ્રીટેન્ડન્ટ ત્યાં બીરાજે છે તેમજ આર.ટી.ઓ.ની ઓફિસ પણ આવેલી છે. તેમજ જ્યુબેલી ગ્રાઉન્ડ પાસે જ જામનગર મહાનગરપાલિકા આવેલી છે. અને ત્યાંથી થોડેક દૂર 'જિલ્લા ન્યાયાલય' પણ આવેલ છે. અને 'જિલ્લા પંચાયત તેમજ 'તાલુકા પંચાયત' પણ આવેલા છે.

જામનગરમાં બસ, રેલ્વે લાઈન, તેમજ હવાઈ જહાજ દરિયાઈ જહાજ વગેરેની સુવિધા ઉપલબ્ધ છે. હવે જો જામનગર શહેરના જોવાલાયક સ્થળની વાત કરીએ તો જામનગર

શહેરની મધ્યમાં આવેલ લખોટા તળાવ, તળાવની વચ્ચે આવેલ લખોટા ઈમારત, મુક્તિ ધામ-સોનાપુરી, બાલાહનું માન, મંદિર સિદ્ધનાથ-નાગેશ્વરનું મંદિર, સપડા ડેમ, રણજીતસાગર ડેમ, જોગવડમાતાનું મંદિર, કાશી વિશ્વનાથ જૈન દેરાસરો, ભીડભંજન, ટાઉનહોલ, સોલેરીયમ તેમજ દરિયા કિનારે આવોલ પીરોટીન ટાપુ તે ઉપરાંત ઘણા ધાર્મિક તેમજ જોવાલાયક સ્થળો છે.

જામનગર શહેરની રચનાની વાત કરીએ તો જામનગર વિકસતા વિકસતા ચારે બાજુમાં વધીને લગભગ ઘણો વિસ્તાર સમાવી લીધો છે. જેમાં લાલપુર રોડની વાત કરીએ તો હાલ બાયપાસ સુધીતેમજ ખંભાળીયા રોડની વાત કરીએ તો ત્યાં પણ અડતો, બાયપાસ સમર્પણ હોસિપટલ સુધી, રાજકોટ રોડની વાત કરીએ તો 'હાપા' સુધી વિસ્તરી ગયું છે. જામનગરની મધ્યમાં ઘણી જુની અને સૌરાષ્ટ્રની ૧ જી.જી. હોસ્પિટલ આવેલી. શ્રી એમ.પી. શાહ મેડીકલ કૉલેજમાંથી ઘણા ડૉકટરો બની અને સમાજને સેવા આપી છે. હાલ જામનગરમાં ઘણી શાળાઓ આવેલી છે .તેમજ ઘણા બાલમંદિરો વિકસી ગયા છે અને એમ પણ કહેવાય છે કે જામનગરની જનતાએ સ્વાદપ્રિય જનતા છે અને તે લોકો બહારનું ખાવાનું વધારે પસંદ કરે છે.

હવે જામનગર મહાનગર પાલિકાનો પરિચય આવતા કહેવામાં આવે છે કે જામનગરમાં કુલ ૧૭ વોર્ડ આવેલા છે. તેમજ હાલમાં જામનગરમાં વિવિધ બે થી ત્રણ વિસ્તારો સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તેથી જામનગર શહેરનાં વિસ્તાર વધી ગયો છે. જામનગરની વસ્તીની વાત કરીએ તો જામનગર શહેરની વસ્તી ૨૦૦૧ ના સર્વે અનુસાર ૪.૫ થી ૫.૮ લાખની આસપાસ છે.

જામનગરમાં વિવિધ ધર્મની જાતિ રહેલી હોવાથી વિવિધ પ્રકારના તહેવારો ઉજવવામાં આવે છે અને અહીં સામાન્યતઃ કોમી એકતા જોવા મળે છે. આમ, જામનગર શહેર સતતને સતત ધબકતું આગળ વધી રહ્યું છે.

(૧) શેઠ શ્રી કાનજી લધા તથા હંસરાજ લધા હિન્દુ અપંગ આશ્રમ, ડી.એસ.પી. બંગલા સામે, જામનગર.

(૨) નેશનલ એસોસીયેશન ફોર ધી બ્લાઈન્ડ અંધજન તાલીમ કેન્દ્ર, જામનગર.

**o અંધજન તાલીમ કેન્દ્ર :**

જામનગરમાં આવેલી અંધજન તાલીમ કેન્દ્ર સંસ્થાનો ઉદ્‌ભવ ૧૯૬૭માં થયો છે.

આ સંસ્થામાં કુલ ૧૨૦ ભાઈ-બહેનોની સંખ્યા શિક્ષણ લે છે. તેમાં ૮૦ બહેનો અને ૪૦ ભાઈઓ છે. જેઓને સંસ્થાના રહેઠાણ પરથી જ શિક્ષણ મેળવે છે. આ સંસ્થામાં ધોરણ ૫ થી ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ સંગીતમાં પ્રારંભથી માંડીને સંગીત શિક્ષણ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.

આ સંસ્થામાં વિવિધ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. તેમજ આ સંસ્થા સ્વૈચ્છિક સંસ્થા છે. સાથે સાથે વિશિષ્ટ પ્રવૃત્તિઓને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના મહત્વના અંગ તરીકે પ્રોત્સાહન અપાય છે. આ સંસ્થામાં સંવાદિતતા અને સુમેળભર્યું વાતાવરણ, વિવિધ પ્રવૃત્તિઓના વિકાસ માટે એક પાયાની જરૂરિયાત પૂરી પાડે છે. શાળામાં અપાતું કોમ્પ્યુટરનું શિક્ષણ બાળકોને વર્તમાન પ્રવાહો સાથે જોડી રાખે છે. શાળાની લાઈબ્રેરી, હસ્ત ઉદ્યોગ અને પ્રોજેક્ટ દ્વારા શિક્ષણની હિમાયત બાળકોને સર્વોત્તમ શિખરો સુધી લઈ જઈ રહી છે.

આમ, આ સંઊસ્થા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

**o સુરેન્દ્રનગરનો પરિચય :**

સુરેન્દ્રનગર શહેર ગુજરાતનો મહત્ત્વનો જિલ્લો છે. સુરેન્દ્રનગર એ જિલ્લાનું મુખ્ય સ્થળ હોવાથી પણ આ શહેરનું મહત્ત્વ ઘણું છે.

સુરેન્દ્રનગર જિલ્લો પહેલા ઝાલાવાડ તરીકે ઓળખાતો હતો. ઝાલાવાડ શબ્દ

મૂળઝાલા રજપૂતમાંથી ઉદભવ્યો છે. ઝાલા રજપૂતો ધાંગધ્રા, વઢવાણ, લીંબડી, સાયલા વગેરે રાજ્યોમાં સત્તા ધરાવતા હતા. દસેક સૈકાઓ પહેલા રાજા કેરસ મકવાણા રાજ્ય કરતો હતો. તેને હરપાલદેવ નામે એક પુત્ર હતો. હરપાલદેવની માતા પાટણના સોલંકી વંશના પ્રખ્યાત રાજ કરણઘેલાની પુત્રી હતી. એવું કહેવામાં આવે છે કે ઈ.સ. ૮૩૮-૩૯ માં હરપાલદેવે તેની શુરવીરતા અને પરાક્રમ દ્વારા કરણઘેલાનેએક ખુબ મોટા સંકટમાંથી ઉગાર્યો હતો. જેના બદલામાં કરણઘેલાએ પ્રસન્ન થઈને ૧૮૦૦ ગામો આપેલા. આ પછી હરપાલદેવે પોતાની રાજધાટની પાટડી બનાવી. હરપાલ દેવને ત્રણ પુત્રો હતા. એક વખત તેઓ મહેલના પટ્ટાંગણમાં રમતા હતા. ત્યારે એક ગાંડો હાથી તેમના તરફ ધસી આવ્યો જે કદાચ તેઓને મારી નાખત આ વખતે તેમની માતાએ ચમત્કારીક શક્તિ દ્વારા હથ લાંબો કરી તેઓની બચાવી લીધા. ઝાલી લીધા તેના પરથી તેઓ ઝાલા કહેવાય. તેવી માન્યતા છે.

સુરેન્દ્રનગર શહેર પરથી જિલ્લાને હાલનું નામ મળ્યું તે વઢવાણ કેમ્પ તરીકે ઓળખાતો હતો. અને તે બ્રિટીશ રાજકીય એજન્ટનું મુખ્ય મથક હતું. રાજકીય એજન્ટ વઢવાણમાંથી ગયા અને તેમણે તે ઈ.સ. ૧૯૪૬ માં વઢવાણના શાસકને પાછું આપ્યું. ત્યાર બાદ અગાઉના વઢવાણ રાજ્યના રાજા શ્રી સુરેન્દ્રસિંહના નામ પરથી ૧૯૪૭ માં તેને સુરેન્દ્રનગર નામ આપ્યું. સુરેન્દ્રનગર શહેર ૧૯૮૪ થી જિલ્લાનું મુખ્ય મથક તરીકે રહ્યું છે. નવેમ્બર ૧૯૫૬ માં રાજ્યોની પુર્નરચના થઈ અને વિદર્ભ મરાઠાવાડ, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશોનું બૃહદ દ્વિભાષી મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે ૧ લી મે ૧૯૬૦ ના રોજ મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ગુજરાત મહારાષ્ટ્રના અલગ રાજ્યો રચાયા. તે તારીખથી સુરેન્દ્રનગર જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો.

## ૦ વિસ્તાર અને વસ્તી :

સુરેન્દ્રનગર શહેરનું કુલ ક્ષેત્રફળ ૧૪.૧૯ ચો.કી.મી. છે. જ્યારે શહેરની કુલ વસ્તી ૧૯૯૧ ની વસ્તી ગણતરી મુજબ ૧,૨૨,૦૦૭ હતી. જે વધીને ૨૦૦૧ ની વસ્તી ગણતરી

મુજબ ૧,૫૬,૪૧૭ ની થઇ હતી.

સુરેન્દ્રનગર શહેર રેલ્વેમાર્ગ દ્વારા દેશના મહત્ત્વના મોટા શહેરો જેવા કે અમદાવાદ, મુંબઇ, દિલ્લી, સિકન્દરાબાદ, જમ્મુ, જબલપુર, ત્રિવેન્દ્રમ, કોચીન, હાપા સાથે સીધું જોડાયેલું છે. તેમજ રાજ્ય ધોરી માર્ગ દ્વારા રાજ્યના મહત્ત્વના શહેરો જેવા કે અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮ એ સાથે સીધું જોડાયેલું છે.

સુરેન્દ્રનગર શહેરના જોવાલાયક સ્થળોમાં સ્વામિનારાયણ મંદિર, ધ્રુવ બાલાશ્રમ, વડવાળા મંદિર, માનવ મંદિર, ટાગોરબાગ, રાધે ફન વર્લ્ડ, ધોળી ધજાડેમ વગેરે છે.

**૦ ધંધો રોજગાર વિકાસ :**

સુરેન્દ્રનગર અત્યારે કપાસનું મોટું મથક ગણાય છે. તેમાં અન્ય ઉદ્યોગોનો વિકાસ પણ ઝડપભેર થતો રહ્યો છે. શહેરમાં ત્રણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કામ કરે છે. જેમાં એક સરકારના હસ્તક છે. અને બાકીના બેમાંથી એક ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ચલાવે છે અને બીજી સરકારી ધોરણે ચાલે છે.

આ ઉપરાંત પરમાર મીકેનીક, સાયન્ટિફીક મીકેનીક વર્કસ, અંબા મીકેનીક, આર્યન ફાઉન્ડ્રી મુખ્ય છે. વળી મીલની મશીનરી અને તેના સ્પેર પાર્ટસ બનાવવાની ફેકટરી, પ્રાઈમસના બર્નર તેમજ કેનવાસના કલ્પેથ જેની નિકાસ વિદેશમાં પણ થાય છે. તે અહીં બનાવાય છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલા કારખાનાઓની સંખ્યા ૭૬૮ જેમાંથી ૫૬૦ ચાલુ છે અને ૨૦૮ બંધ છે. નાના પાયાના એકમોની સંખ્યા ૪૨૫ ની છે. દુધ સહકારી મંડળીઓની સંખ્યા ૧૬૮ ની છે.

જિલ્લાની વધતી જતી વસ્તીને કારણે મકાન બાંધનારી અનેક કંપનીઓ અસ્તિત્વમાં આવી છે. આરોગ્યની જાળવણી માટે મહાત્મા ગાંધી હોસ્પિટલ ચાલે છે. સી.જે. હોસ્પિટલ તબીબી રાહત મંડળ ચલાવે છે.

સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક્ટ કૉ.ઓ.બેંક સુરેન્દ્રનગર ઈન્ડસ્ટ્રીયલ કો.ઓપ. સંઘ તેમજ ગુજરાત રાજ્ય મીઠા ઉત્પાદક સંઘ જેવી અગત્યની સંસ્થાઓ આવેલી છે.

ધાર્મિક સ્થળોમાં હિન્દુ મંદિર ઉપરાંત મસ્જીદો અને ચર્ચ પણ છે.

## ○ શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સવાકુંજ

દુઃખ, દર્દ, પીડા આ સઘળું શરીર માટે વણાયેલું છે. માનવને શારીરિક પીડા ઉપરાંત કયારેક માનસિક પીડાનાં પણ અનુભવ થતો હોય છે.

તુલસીદાસ કહે છે કે ''સ્વર્ગ હી જનત સ્વર્ગ કી વાની ।' પક્ષીઓની વાચા પક્ષીઓ જ સમજી શકે છે. મુંગા ઢોરની વેદનાને આપણે સમજી શકતા નથી. વિકલાંગોની વેદનાઓને વિકલાંગ વ્યક્તિઓ સારી રીતે સમજી શકે છે અને એટલે જ આ સંસ્થાએ વ્યર્થમાં વિટળાયેલી, કષ્ટોગ્ય કણસતી, વેદનાઓમાં વિહરતી સમાજમાં ડગલે ને પગલે અપમાનિત અને તિરસ્કૃત થતી અંધ બહેનો માટે કામ કરવાનું કર્યું. આ સંસ્થાએ ગામડાના કાચા મકાનોના અંધારા ઓરડામાં પહેલી અંધ બહેનોને સ્વતંત્ર ઘરમાં રહેતી કરી. જેના માટે પોતાનું ઘર સ્વપ્ન સમાન છે, જેના માટે પોતાનું સુખ પાણીના પરપોટા સમાન છે. તેવી અંધ બહેનોને સઘળા સુખો આપવાના સંકલ્પથી આ સંસ્થાની શરૂઆત થઈ. તેમને કુટુંબ અને ઘરની હુંફ મળી રહે તેમને સુખ-દુઃખમાં કોઈ સાંપડે અને મદદરૂપ થાય તે માટે આ સંસ્થાએ જહેમત ઉઠાવે અને ભારભરમાં ન થતી હોય તેવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ શરૂ કરીને અંધ બહેનોના જીવનમાં અંજવાળા પાથરવાનું કાર્ય તા. ૨૦/૫/૧૯૯૬ ના રોજ સદગૃહસ્થો અને શ્રેષ્ઠીઓની સહાયથી શરૂ કર્યું.

આ સંસ્થામાં ૧૦૮ જેટલી અંધ બહેનો લાભ લઈ રહી છે. તેમને સંસ્થા દ્વારા ભોજન, નિવાસ, શિક્ષણ, વસ્ત્રો, તેમજ અન્ય સુવિધાઓ વ્નિા મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. કુમારી વિનોદા કે. શાહ અંધ મહિલા કેળવણી કેન્દ્રમાં વિવિધ શૈક્ષણિક કાર્યો થઈ રહ્યા છે. જેમકે ધોરણ ૧ થી ૭ નું પ્રાથમિક શિક્ષણની શરૂઆત પાયાની પ્રવૃત્તિઓ બ્રેઈલ વાંચન અને લેખનથી થાય છે. આ શિક્ષણનો લાભ લઈ કૉલેજ સુધીનું શિક્ષણ મેળવી ચૂકેલી

બહેનો પણ આજે સમાજમાં સારી રીતે પ્રસ્થાપિત થઈ છે.

ઉદ્યોગ માટે સંસ્થા પાસે પોતાના મકાનો ન હોવાથી ઓછી જગ્યા રોકે તેવા જ ઉદ્યોગોની તાલીમ હાલમાં અંધ બહેનોને અપાય છે. જેમાં કરથી કામ આ કામ દ્વારા વિવિધ પ્રકારના પગ લુંછણીયા અને કુંજા, અંધ બહેનો બનાવે છે. કેનિંગ કામમાં અંતર્ગત અંધ બહેનો વિવિધ પ્રકારની ખુરશીઓની ગુંથણી, વિવિધ પ્રકારના વાયરના થેલા, થેલી, વેસ્ટ પેપર, બાસ્કેટ તેમજ અન્ય બાસ્કેટની ગુંથણી કરી શકે છે. મોતી કામમાં અંધ બહેનો મોતીની વિવિધ વસ્તુઓ, માળા વગેરે બનાવે છે. સિલાઇના કામમાં અંધ બહેનો કપડાનું સમારકામ તેમજ કવર થેલી જેવી સીધી સિલાઈની વસ્તુઓ બનાવી શકે છે.

અન્ય પ્રવૃત્તિમાં જોઈએ તો સંગીત, વિશારદ, શિક્ષા વિશારદની ગાયન વાદનોની તાલીમ અપાય છે. એસ.એસ.સી. અને વિશારદનું શિક્ષણ લઈ ચૂકેલી ૧૦ અંધ બહેનો સંગીન શિક્ષણ તરીકે પોતાની સેવાઓ આપી રહી છે. અંધ બહેનોને અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપ શીખવવાનું કામ શરૂ કરેલ છે.

અંધ કન્યા માધ્યમિક વિદ્યાલય ગુજરાત રાજ્યમાં અંધ બહેનો માટે અલગ માધ્યમિક શાળા ન હતી. તેથી આ સંસ્થાએ અંધ કન્યા માધ્યમિક શાળા શરૂ કરી ધોરણ ૮ થી ૧૦ નું શિક્ષણ શરૂ કરેલ છે.

ઈલેકટ્રીકની તાલીમમાં દૃષ્ટિવાનને પણ જેનો ભય લાગે છે તેવા ઈલેકટ્રીક શોકનો ભય રાખ્યા વગર અંધ બહેનો ઈલેકટ્રીકની તાલીમ લઈ રહી છે.

આ ઉપરાંત શિક્ષણ અંધ કન્યાઓને યોગ્ય વર શોધી લગ્ન કરી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૯૧ અંધ બહેનોનાં લગ્ન કરી સમાજમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

(૧) પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સમિતિ સંચાલિત, કુ. વિનોદાબહેન કે. શાહ, અંધ મહિલા કેળવણી કેન્દ્ર, પી.એન.ટી. કવાર્ટર સામે નિર્મલ સોસાયટી.

(૨) શ્રી એમ.ટી. દોશી વિદ્યાલય નવા જંકશન, સુરેન્દ્રનગર.

(૩) શ્રી ડી.એસ. પારેખ, બહેરા મૂંગા શાળા, નવા જંકશન પાસે, સુરેન્દ્રનગર.

(૪) જીવન સ્મૃતિ મંદબુદ્ધિના બાળકોની શાળા, કુમ કુમ સોસાયટી સામે, સુરેન્દ્રનગર.

## ૧.૧૫ ઉપસંહાર

ઉપરોક્ત સંશોધન આયોજનમાં પ્રસ્તુત અભ્યાસ સાથે સંબંધીત મહત્વના તત્વો જેવા કે વિષયની પસંદગી કેવી રીતે કરવામાં આવી છે! સંશોધન સમસ્યા શું છે? સંશોધનના હેતુઓ તેનું મહત્વ શું છે? તેને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમજ સંશોધન પદ્ધતિઓ અને સંશોધનની મર્યાદાઓ પણ દર્શાવવામાં આવી છે. કારણ કે કોઈપણ સંશોધનની શરૂઆત કરતા પહેલા તેમાં પ્લાનીંગ હોવું ખૂબ જ મહત્વનું છે. કારણ કે કોઈપણ કાર્ય હોય તેને સફળ બનાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવું અનિવાર્ય બની જતું હોય છે. જેથી કરીને ઉપરોક્ત સંશોધન પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો એક સમાજશાસ્ત્રીય અધ્યયન સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર અને અમરેલી આ પાંચ જીલ્લાના સંદર્ભમાં આ અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ સંબંધીત નાનામાં નાની બાબતને મુલાકાત અનુસૂચિમાં આવરી લઈને માહિતી એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેથી જ સંશોધનને સફળ બનાવવા માટે સંશોધન આયોજન ખૂબ જ મહત્વ ધરાવે છે.

# પ્રકરણ-૨

## સામાજીક માહિતી

આપણો સમાજ હંમેશા વિકલાંગ વ્યક્તિ પ્રત્યે ઉપેક્ષા સેવતો આવ્યો છે. ખરેખર તો વિકલાંગ વ્યક્તિ આપણા સમાજનું એક અભિન્ન અંગ છે. જેનું વિભાજન થઈ શકે નહી. તેમ છતાં વિકલાંગોનો જે વિકાસ થવો જોઈએ તે થયો નથી. આવો મંદ વિકાસ સમાજના મનમાં રહેલી માન્યતાઓ, રૂઢિચુસ્તતા અને વલણોનું પ્રતિબિંબ છે. સદીઓથી સમાજ વિકલાંગતા પ્રત્યેના હકારાત્મક અને નકારાત્મક વલણો વચ્ચે આંદોલીત થતો આવ્યો છે જેમાં નકારાત્મક વલણોનું પલ્લુ નમતું જોવા મળ્યું છે. સમાજે ઘડી કાઢેલા કુરિવાજો, જડતા, રૂઢિચુસ્તતા અને ધાર્મિક લાગણીઓ જેમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે.

અંધ વિશ્વાસ અને ધાર્મિક જડતાથી ઘેરાયેલા પ્રાચીન યુગમાં નેત્રહીનો તથા અન્ય પ્રકારની ક્ષતિ ધરાવતા વિકલાંગોને ઈશ્વર દ્વારા દંડિત, પતીત અને અધર્મ પ્રાણી ગણવામાં આવતા તે લોકોને તેમના કુટુંબ અને સમાજની દયા ઉપર છોડી દેવામાં આવતા. આ વિકલાંગનો પોતાના ઘરે જન્મ થવો કે જન્મ બાદ બાળકમાં વિકલાંગતા આવવી ને દેવીમાનો પ્રકોપ, પોતાના કુટેલા કર્મનું ફળ કે પૂર્વજન્મના પાપનું ફળ ગણવામાં આવતુ. વિકલાંગતા વ્યક્તિના શિક્ષણ પાછળ પૈસા ખર્ચવા વ્યર્થ મનાતુ હતું. નેત્રહીન પ્રત્યે તિરસ્કારભર્યુ વર્તન થતું. તેને ઘર બહાર ગલીમાં ભીખ માંગવા મોકલતા જાણે કે તેમને મદદ કરવી તે ઈશ્વરી વિધાતાની વિરુદ્ધ વિદ્રોહ સમજવામાં આવતો હતો. અરે! ગ્રીસ જેવા દેશોમાં તો નેત્રહીન વ્યક્તિઓને સમુદ્રી જહાજમાં બેસાડીને સાગર મધ્યે લઈ જઈ ડૂબાડી દેવામાં આવતા પ્રાચીન સપાટો, એથેન્સ અને રોમમાં વિકલાંગોને જીવવાનો અધિકાર ન હતો. તેમની અનેરી રીતે હત્યા થતી. અમુક જગ્યાએ વિકલાંગ વ્યક્તિઓને ટેકરીઓ પરથી ફેંકી દેવાના દાખલાઓ પણ જોવા મળે છે. આ પ્રાચીન સમાજ વિકલાંગો પ્રત્યે ઘેરી ઉપેક્ષા દાખવતો હતો.

- વિકલાંગો પ્રત્યે સમાજના વલણો અને માન્યતાઓ

સમાજ વિકલાંગોના પરિપેક્ષ્યમાં હંમેશા વિવિધ મનોવલણો ધરાવતો જોવા મળ્યો છે. કેટલીક માન્યતાઓ ઘર કરી ગયેલી જોવા મળે છે.

- વિકલાંગ થવું તે પૂર્વજન્મના કર્મનું ફળ છે.
- વિકલાંગ માથે પડેલ હોય છે. માતા-પિતાના પાપોનું ફળ છે.
- સામાજીક સારા-નરસા પ્રસંગોમાં વિકલાંગોની જરૂર નથી.
- વિકલાંગોને કુટુંબ માટે અભિશાપરૂપ કે બોજારૂપ માનવામાં આવે છે.
- વિકલાંગોને ખવડાવી, દાન આપવાની પુણ્ય મળે.
- વિકલાંગોનો બુદ્ધિઆંક ઓછો હોય છે.
- બહેરા-મુંગા કે મંદબુદ્ધિના વ્યક્તિને ગાંડો ગણવામાં આવે.
- તેની પાસે તનતોડ મહેનત ગણી વૈતરૂ કરાવી શકાય.
- નેત્રહીન કોઈ કામ કરી જ શકે નહી, તે લાચાર અને બિચારો છે.
- દ્રષ્ટીહીનોને સુરદાસ, ભગત જેવા ઉપનામો અપાય છે.
- બિચારો, બાપડો ગણી ઉપેક્ષાભર્યુ વર્તન કરવામાં આવે છે.

આવા મનોવલણો અને જડ માન્યતાઓ ધીરે ધીરે સમાજમાં આવતી જાગરૂકતાને કારણે લુપ્ત થતી જોવા મળે છે. સમાજમાં થઈ રહેલા શિક્ષણનો પ્રચાર-પ્રસાર, આમ, પ્રતિભાશાળી વિકલાંગ વ્યક્તિઓને પોતાનામાં રહેલી શક્તિનું સમાજને કરાવેલ દર્શન, સમાજને વિકલાંગો પ્રત્યેના વલણો બદલવા માટે પડકાર આપ્યો છે જે સમાજે સ્વીકારી વિકલાંગોને સમાજનું અભિન્ન અંગ ગણતા થયા છે.

'જેમનું સંતાન પ્રજ્ઞાચક્ષુ છે, એમને માટે તો જાણે રૂપાળા સ્વપ્નોના ભાંગેલો મહેલ છે. શું ભાવિ છે આ સંતાનનું ? કેમ ઉછળશે એ અને સાધારણ બનાવવા જાદુ છે કયાંય ?'

જે દલિત તરીકે નહી જન્મનારને દલિતાવસ્થા શું છે એનો સાચો ખ્યાલ ન આવે

એમ બુદ્ધિમંદતા ધરાવતા બાળકના માતા-પિતાના વેદનાનો ઈતરજનોને કદીય ખ્યાલ નહી આવી શકે અને સમાજથી હડધૂત થનાર એ બાળકો પ્રત્યે કરાતા અન્યાય જગતના નિષ્કૃષ્ટમ અન્યાયોમાં ગણના પામે એવા છે. જેઓ અન્યથા પોતાની તકલીફ વ્યક્ત કરી શકે છે. એવા વિકલાંગો માટે તો સમાજ ઘણા સમયથી સભાન અને સહાયક બન્યો છે.પણ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ પ્રત્યે હજુ જોઈએ તેવું ધ્યાન જ ગયું નથી. એમની તાલીમ, એમના ગૌરવ, એમની આર્થિક સ્થિતિકરણ, સમાજમાં એમના સ્થાન વિશે હજુ હમણા જ આપણે વિચારતા થયા છીએ. હજુ એ પ્રજ્ઞાચક્ષુ બાળકોના બહુમતી વડીલો દોરા-ધાગા, મંત્ર-તંત્ર, બાધા માનતા પર આધાર રાખે છે, આવા બાળકના વૈજ્ઞાનિક શિક્ષણ વડે તેનું જીવન સુધારી શકાય. એનો બહુ ઓછાને ખ્યાલ છે.

સમગ્ર સંશોધનોના સંશોધક માટે ઉતરદાતાની સામાજીક માહિતી મેળવવી ખૂબ જરૂરી છે. સામાજીક માહિતી દ્વારા સંશોધક ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા જાણી શકાય તેમજ માતા-પિતા અને કુટુંબીજનો તરફથી સહકાર મળે છે, તેમની જરૂરિયાત પૂર્ણ કરવામાં ઘરના સભ્યોનું કેવું યોગદાન પ્રાપ્ત થાય છે.

ઉત્તરદાતાના ઘરના સભ્યોની સંખ્યાની માહિતી કોષ્ટક નં. ૨.૧ માં દર્શાવેલ છે.

કોષ્ટક નં. ૨.૧ મુજબ જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૨ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧થી૫ છે. જેઓ કુલ એકમના ૨૪ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૮ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ ધરાવે છે. જેઓ કુલ એકમના ૭૬ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૭૬ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે તેમજ ૨૪ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ની છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૧૦ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ છે. જેઓ કુલ એકમના ૨૦ ટકા છે.

કુલ ૫૦ ઉતરદાતામાંથી ૨૯ ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા ૬થી૧૦ છે. જેઓ કુલ ૫૮ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧૧થી૧૫ની છે. જેઓ કુલ એકમના ૮ ટકા ધરાવે છે. તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી જે કુલ એકમના ૧૪ ટકા છે.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે ૫૮ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે. જ્યારે ૨૦ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ની છે. તેમજ ૧૪ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૦ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૧૫ ની છે જે કુલ એકમના ૬૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૫ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૬થી૧૦ની છે જે કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની છે જે કુલ એકમના ૧૦ ટકા છે.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે ૬૦ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ની છે જ્યારે ૩૦ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે તેમજ ૧૦ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતાના ૨૭ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ની છે જે કુલ એકમના ૫૪ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૭ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે. જે કુલ એકમના ૩૪ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની છે જે કુલ એકમના ૬ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૫૪ ટકા ઉતરદાતા ૧થી૫ની છે. જ્યારે ૩૪ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે તેમજ ૬ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની છે.

અમરેલીમાં આવેલી સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૧૮ ઉતરદાતાના ઘરના સભ્યસંખ્યા ૧થી૫ની છે જે કુલ એકમના ૩૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૮ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૬થી૧૦ની છે જે કુલ એકમના ૩૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૨ ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧૧થી૧૫ની છે. જે કુલ એકમના ૨૪ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી જે કુલ એકમના ૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૩૩ ટકા ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧થી૫ની છે. ૩૬ ટકા ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૬થી૧૦ની છે. જ્યારે ૨૪ ટકા ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧૧થી૧૫ની છે તેમજ ૪ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦

ઉતરદાતામાં ૧૯ ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા ૧થીપની છે જે કુલ એકમના ૩૮ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૦ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૬થી૧૦ની છે જે કુલ એકમના ૪૦ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૧ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧૧થી૧૫ની છે જે કુલ એકમના ૨૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૩૮ ટકા ઉતરદાતાના ઘરના સભ્ય સંખ્યા ૧થી૫ છે. ૩૦ ટકા ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૬થી૧૦ છે. જ્યારે ૨૨ ટકા ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧૧થી૧૫ની છે.

**કોષ્ટક નં. ૨.૨**

**ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **ઘરના સભ્યની સંખ્યા** | **ઉતરદાતા** | **ટકા** |
|---|---|---|---|
| ૧. | ૧થી૫ | ૧૧૬ | ૩૮.૬૭ |
| ૨. | ૬થી૧૦ | ૧૩૭ | ૪૫.૬૭ |
| ૩. | ૧૧થી૧૫ | ૩૫ | ૧૧.૬૬ |
| ૪. | જવાબ મળેલ નથી | ૧૨ | ૪ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૧૬ ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા ૧થી૫ છે. જે કુલ એકમના ૩૮.૬૬ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૩૭ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૬થી૧૦ છે. જે કુલ એકમના ૪૫.૬૭% છે. તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૫ ઉતરદાતાના ઘરના સભ્યની સંખ્યા ૧૧થી૧૫ છે જે કુલ એકમના ૧૧.૬૬ ટકા છે. જ્યારે કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૨ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી જે કુલ એકમના ૪ ટકા છે.

ઉપરોક્ત કોષ્ટક નં. ૨.૩ દ્વારા સૌરાષ્ટ્રમાં આવેલ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલી સરકારી તથા સ્વૈચ્છીક સંસ્થામાં તાલીમ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ઉપરોક્ત કોષ્ટક દ્વારા સ્પષ્ટ થાય છે. જેની માહિતી નીચે મુજબ છે.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૩ સ્ત્રી છે. જેઓ સંસ્થામાં રહીને અભ્યાસ કરી રહ્યા છે. તેઓ કુલ એકમના ૬૬ ટકા છે. તેમજ કુલ ૫૦ ઉતરદાતામાંથી ૧૭ પુરુષો છે. તેઓ સંસ્થામાં રહીને અભ્યાસ કરી રહ્યા છે તેઓ એકમના ૩૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ઉતરદાતાની જાતિ પ્રમાણે ૬૬ ટકા ઉતરદાતા સ્ત્રી છે જ્યારે ૩૪ ટકા ઉતરદાતા પુરુષ છે.

રાજકોટમાં આવેલ સંસ્થાના કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાંથી ૫૦ સ્ત્રીઓ છે તેઓ કુલ એકમના ૧૦૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૧૦૦ ટકા ઉતરદાતા સ્ત્રી છે. જ્યારે એકપણ ઉતરદાતા પુરુષ નથી.

ભાવનગરમાં આવેલ સંસ્થાના કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૨૨ સ્ત્રી છે. જેઓ કુલ એકમના ૪૪ ટકા છે. તેમજ કુલ ૫૦ ઉતરદાતામાં ૨૮ પુરુષ છે. જેઓ કુલ એકમના ૫૬ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૪ ટકા ઉતરદાતા સ્ત્રીઓ છે જ્યારે ૫૬ ટકા ઉતરદાતા પુરુષ છે.

જામનગરમાં આવેલ સંસ્થાના કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૪૦ સ્ત્રી છે. જેઓ કુલ એકમના ૮૦ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦ પુરુષ છે જેઓ કુલ એકમના ૨૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૦ ટકા સ્ત્રીઓ છે જ્યારે ૨૦ ટકા પુરુષ છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૦ સ્ત્રી છે. તેઓ કુલ એકમના ૬૦ ટકા છે. તેમજ કુલ ૫૦ ઉતરદાતામાંથી ૨૦ પુરુષ છે. જેઓ કુલ એકમના ૪૦ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬૦ ટકા ઉતરદાતા સ્ત્રી છે જ્યારે ૪૦ ટકા ઉતરદાતા પુરુષ છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૫૦ સ્ત્રી છે. તેઓ કુલ એકમના ૧૦૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૦૦ ટકા ઉતરદાતા સ્ત્રી છે જ્યારે એકપણ ઉતરદાતા પુરુષ નથી.

**કોષ્ટક નં. ૨.૪**

**ઉત્તરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રી | ૨૨૫ | ૭૫ |
| ૨. | પુરુષ | ૭૫ | ૨૫ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં સ્ત્રી-પુરુષ બંને વિવિધ તાલીમ લઈ રહ્યા છે. પ્રવર્તમાન સમાજમાં સ્ત્રી-પુરુષ અસમાનતા જોવા મળી રહ્યું છે. તેમજ સાક્ષરતા દર વધવાથી પ્રવર્તમાન સમયમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે.

જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં કુલ ૩૦૦

ઉતરદાતામાંથી ૨૨૫ સ્ત્રીઓ છે. જેઓ કુલ એકમના ૭૫ ટકા છે. તેમજ કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ૭૫ પુરુષો છે. જે કુલ એકમના ૧૫ ટકા છે.

## ૦ ઉતરદાતાની જ્ઞાતિ

ભારતીય સમાજમાં વ્યક્તિના જીવનની સાથે જ્ઞાતિ સંસ્થા અવિભાજ્ય રીતે સંકળાયેલી છે. સ્તર રચનાનું જ્ઞાતિપ્રથા એ કરેલું સંકુલ ઝીણવટભર્યુ પદ્ધતિસરનું લોખંડી માળખા જેવું સ્વરૂપ કોઈ સંસ્કૃતિની સ્તર રચનામાં જોવા મળતુ નથી. વ્યક્તિના જીવનમાં મહત્વના નિર્ણયો જ્ઞાતિ દ્વારા લેવામાં આવતા હોય છે. માટે જ પ્રસ્તુત અભ્યાસમાં વિશ્લેષણના ભાગરૂપે પ્રશ્ન મૂકવામાં આવે છે. જેની માહિતી કોષ્ટક નં. ૨.૫ માં દર્શાવવામાં આવેલ છે.

કોષ્ટક નં. ૨.૫ મુજબ દરેક જ્ઞાતિને પોતાના મૂલ્યો પ્રણાલિકાઓ અને ધોરણો હોય છે. જેને આધારે વ્યક્તિ વર્તન કરે છે. વ્યક્તિનો સામાજીક દરજ્જો તેમજ વ્યક્તિની સંપતિ અને પ્રતિષ્ઠા પણ જ્ઞાતિ પર અવલંબે છે. અહી મારા અભ્યાસ સંશોધનમાં પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ જે સંસ્થામાં રહીને અભ્યાસ કરી રહ્યા છે તેઓ કઈ-કઈ વિવિધ જ્ઞાતિ શ્રેણીના છે તે જાણીએ.

જૂનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૮ સામાન્ય જ્ઞાતિમાં આવે છે. જેઓ કુલ એકમના ૧૬ ટકા છે. જ્યારે બક્ષીપંચમાં ૧૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ છે જે કુલ એકમના ૨૦ ટકા છે. અનુસૂચિત જાતિમાં ૧૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ છે જે કુલ એકમના ૨૪ ટકા છે. જ્યારે કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૦ ઉતરદાતા અનુસૂચિત જન જાતિમાં આવેલ છે. જેઓ કુલ એકમનાં ૪૦ ટકા છે.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે જૂનાગઢમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં સૌથી વધારે ૪૦ ટકા ઉતરદાતા અનુસૂચિત જનજાતિ જ્ઞાતિમાંથી આવે છે. જ્યારે સૌથી ઓછા ૧૬ ટકા ઉતરદાતા સામાન્ય જ્ઞાતિમાંથી આવે છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૧૦ ઉતરદાતા સામાન્ય જ્ઞાતિમાં આવે છે. જેઓ કુલ એકમના ૨૦ ટકા છે. બક્ષીપંચમાં ૮ ઉતરદાતા આવે છે. જે કુલ એકમના ૧૬ ટકા છે. તેમજ ૧૭ ઉતરદાતા અનુસૂચિત જાતિમાંથી આવે છે. જે કુલ એકમના ૩૪ ટકા છે. જ્યારે ૧૫ ઉતરદાતા અનુસૂચિત જનજાતિ જ્ઞાતિમાંથી આવે છે જે કુલ એકમના ૩૦ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે ૩૪ ટકા ઉતરદાતા અનુસૂચિત જાતિના છે. જ્યારે સૌથી ઓછા ૧૬ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બક્ષીપંચ જ્ઞાતિના છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૬ ઉતરદાતા સામાન્ય જ્ઞાતિના છે. જે કુલ એકમના ૧૨ ટકા છે. બક્ષીપંચમાં ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ છે જે કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે તેમજ ૨૧ ઉતરદાતા અનુસૂચિત જાતિ

જ્ઞાતિના છે. જે કુલ એકમના ૪૨ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાંથી ૧૮ ઉતરદાતા અનુસૂચિત જનજાતિના છે. જે કુલ એકમના ૩૬ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે પ્રમાણમાં ૪૨ ટકા ઉતરદાતા અનુસૂચિત જાતિ જ્ઞાતિના છે. જ્યારે સૌથી ઓછા ૧૦ ટકા ઉતરદાતા ઓબીસી જ્ઞાતિમાંથી આવે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૫ ઉતરદાતા સામાન્ય જ્ઞાતિના છે. જે કુલ એકમના ૧૦ ટકા છે. બક્ષીપંચના ૧૧ ઉતરદાતા છે. જે કુલ એકમના ૨૨ ટકા છે. અનુસૂચિત જનજાતિમાં આવેલ ૧૬ ઉતરદાતા છે. જે કુલ એકમના ૩૨ ટકા ધરાવે છે તેમજ કુલ ૫૦ ઉતરદાતામાંથી ૧૮ ઉતરદાતા અનુસૂચિત જનજાતિના છે. જે કુલ એકમના ૩૬ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે ૩૬ ટકા ઉતરદાતા અનુસૂચિત જનજાતિના છે. જ્યારે સૌથી ઓછા પ્રમાણમાં ૧૦ ટકા ઉતરદાતા સામાન્ય જ્ઞાતિના છે.

અમરેલીમાં આવેલ સંસ્થાના કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૯ ઉતરદાતા ઓપન જ્ઞાતિના છે. જે કુલ એકમના ૧૮ ટકા છે. બક્ષીપંચમાં આવેલ ૪ ઉતરદાતા છે જેઓના કુલ એકમના ૮ ટકા છે. અનુસૂચિત જાતિમાં આવેલ ૨૭ ઉતરદાતા છે. જેઓની કુલ એકમના ૫૪ ટકા ધરાવે છે તેમજ અનુસૂચિત જનજાતિ આવેલ ૧૦ ઉતરદાતા છે. જેઓની કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૫૪ ટકા અનુસૂચિત જાતિ જ્ઞાતિના છે. જ્યારે સૌથી ઓછા ૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બક્ષીપંચ જ્ઞાતિના છે.

સુરેન્દ્રનગરમાં આવેલ કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૪ ઉતરદાતા સામાન્ય જ્ઞાતિના છે. જે કુલ એકમના ૮ ટકા છે. બક્ષીપંચમાં ૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા છે.

જેઓની કુલ એકમના ૧૮ ટકા છે. અનુસૂચિત જાતિમાં આવેલ ૨૦ ઉતરદાતા છે. જેઓની કુલ એકમના ૪૦ ટકા ધરાવે છે તેમજ અનુસૂચિત જનજાતિમાં આવેલ ૧૭ ઉતરદાતા છે. જેઓની કુલ એકમના ૩૪ ટકા ધરાવે છે.

## કોષ્ટક નં. ૨.૬

## ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | સામાન્ય | ૪૨ | ૧૪ |
| ૨. | બક્ષીપંચ | ૪૭ | ૧૫.૬૭ |
| ૩. | અનુસૂચિત જાતિ | ૧૧૩ | ૩૭.૬૭ |
| ૪. | અનુસૂચિત જનજાતિ | ૯૮ | ૩૨.૬૬ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે ૪૦ ટકા ઉતરદાતા અનુસૂચિત જાતિ જ્ઞાતિમાંથી આવે છે. જ્યારે સૌથી ઓછા ૮ ટકા ઉતરદાતા સામાન્ય જાતિના છે.

આમ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૨ ઉતરદાતા સામાન્ય જાતિના છે. જે કુલ સંખ્યાના ૧૪ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૭ ઉતરદાતા બક્ષીપંચ જ્ઞાતિના છે. જે કુલ સંખ્યાના ૧૫.૬૭ ટકા છે તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૧૩ ઉતરદાતા અનુસૂચિત જાતિ જ્ઞાતિના છે જે કુલ એકમના ૩૭.૬૭ ટકા છે. જ્યારે ૯૮ ઉતરદાતા અનુસૂચિત જનજાતિ જ્ઞાતિના છે જે કુલ એકમના ૩૨.૬૬ ટકા ધરાવે છે.

## ૦ ઉતરદાતાનો ધર્મ

ભારત ભૂમિમાં જગતના વિવિધ ધર્મો છે. ભારત બિનસાંપ્રદાયિક ધરાવતો દેશ છે. ધર્મ શબ્દનો અર્થ ફરજ થાય છે. ધર્મના ધોરણો સમાજમાં નીતિમતાને પોષે છે. ધર્મ લોકોમાં નૈતિકતા તથા નિષ્ઠાનું નિર્માણ કરે છે તથા વ્યક્તિની કાર્યદક્ષતા ઉપર ખૂબ મોટો આધાર રાખે છે. માટે જ પ્રસ્તુત અભ્યાસમાં વિશ્લેષણના એક ભાગરૂપે ધર્મનો પ્રશ્ન પૂછવામાં આવેલ છે. જેની માહિતી કોષ્ટક નં. ૨.૭ માં દર્શાવેલ છે.

કોષ્ટક નં. ૨.૭ માં દર્શાવ્યા મુજબ ધર્મ દ્વારા વ્યાવસાયિક ક્ષેત્રે જે નિતિમતાની જે અસરો થતી હોય છે. તેનાથી સામાજીક સમાનતા નિર્માણ થાય છે. ધર્મ સમાજને સંગઠીત રાખે છે.

ઉપરોક્ત કોષ્ટકના આધારે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ કયા-કયા ધર્મમાંથી આવે છે તે માહિતી અહી પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણીએ.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૮ ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જેઓ કુલ એકમના ૯૬ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨ ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે જે કુલ એકમના ૪ ટકા છે.

જ્યારે કુલ ૫૦ ઉતરદાતામાંથી એક પણ ખ્રિસ્ત ધર્મ કે શીખ ધર્મના ઉતરદાતા નથી.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે જુનાગઢમાં આવેલ સંસ્થામાં સૌથી વધારે ૯૬ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જ્યારે સૌથી ઓછા ૪ ટકા ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે. ખ્રિસ્તી ધર્મ અને શીખ ધર્મના એક પણ ઉતરદાતા જોવા મળતા નથી.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૪૬ ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જેઓ કુલ એકમના ૯૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪ ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે. જે કુલ એકમના ૮ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એક પણ ઉતરદાતા ખ્રિસ્તી ધર્મ, શીખ ધર્મના નથી.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૯૨ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જ્યારે સૌથી ઓછા ૮ ટકા ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે. ખ્રિસ્તી, શીખ ધર્મના એકપણ ઉતરદાતા નથી.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૫૦ ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જે કુલ એકમના ૧૦૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ

ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા મુસ્લિમ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને શીખ ધર્મના નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૧૦૦ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જ્યારે એક પણ ઉતરદાતા મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ ધર્મના નથી.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૪૫ ઉતરદાતા હિન્દુ ધર્મ ધરાવે છે. જે કુલ એકમના ૯૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે. જે કુલ એકમના ૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતા ખ્રિસ્તી ધર્મના છે. જે કુલ એકમના ૨ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતા શીખ ધર્મના છે જે કુલ એકમના ૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે ૯૦ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે જ્યારે સૌથી  ઓછા ૨ ટકા ઉતરદાતા ખ્રિસ્તી ધર્મ, શીખ ધર્મના છે.

અમરેલીમાં આવેલ સંખ્યા કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૭ ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જે કુલ એકમના ૯૪ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે જે કુલ એકમના ૬ ટકા  છે. જ્યારે કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા ખ્રિસ્તી, શીખ ધર્મના નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૯૪ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જ્યારે સૌથી ઓછા ૬ ટકા ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે.

સુરેન્દ્રનગરમાં આપણે સંસ્થામાં કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૪૫ ઉતરદાતા હિન્દુ ધર્મના છે. જે કુલ એકમના ૯૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે. જે કુલ એકમના ૧૦ ટકા છે. જ્યારે કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા ખ્રિસ્તી, શીખ ધર્મના નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૯૦ ટકા ઉતરદાતા હિન્દુ ધર્મના છે જ્યારે સૌથી ઓછા ૧૦ ટકા ઉતરદાતા મુસ્લિમ ધર્મના છે.

## કોષ્ટક નં. ૨.૮

## ઉત્તરદાતાનો ધર્મ

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | હિન્દુ | ૨૮૧ | ૯૩.૬૭ |
| ૨. | મુસ્લિમ | ૧૭ | ૫.૬૭ |
| ૩. | ખ્રિસ્તી | ૧ | ૦.૩૩ |
| ૪. | શીખ | ૧ | ૦.૩૩ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ પ્રજ્ઞાચક્ષુ સંસ્થામાં તાલીમ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૩૦૦ ઉતરદાતામાંથી જોવા મળે છે.

કોષ્ટક નં. ૨.૯ પરથી ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પોતાના ઘરનાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે કે નહી તે જાણવાનો પ્રયાસ કરેલો છે.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩ ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ છે. જે કુલ એકમના ૬ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૭ ઉતરદાતાના કુટુંબમાં બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી જે કુલ એકમના ૯૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૯૪ ટકા ઉતરદાતાના કુટુંબમાં એકપણ પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી. જ્યારે ૬ ટકા ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં  ૨ ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે જે કુલ એકમના ૪ ટકા છે તેમજ ૪૮ ઉતરદાતાના કુટુંબમાં એક પણ વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી તે કુલ એકમના ૯૬ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૯૬ ટકા ઉતરદાતાના કુટુંબના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી તેમજ ૪ ટકા ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં એકપણ એવા ઉતરદાતા નથી જેના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવતા હોય તેમજ એકપણ ઉતરદાતાના ભાઈ પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી, કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ ઉતરદાતાની બહેન પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે જે કુલ એકમના ૬ ટકા છે કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૭ ઉતરદાતાના ઘરના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી જે કુલ એકમના ૯૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૬ ટકા ઉતરદાતાની બહેન પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે તેમજ ૯૪ ટકા ઉતરદાતાના કુટુંબમાં એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં એકપણ ઉતરદાતાના કુટુંબના સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી જેઓ કુલ એકમના ૧૦૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૧૦૦ ટકા ઉતરદાતાના કુટુંબના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧ ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે જેઓ કુલ એકમના ૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૯ ઉતરદાતાના કુટુંબના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી જેઓ કુલ એકમના ૯૮ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૯૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાના કુટુંબના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી જ્યારે ૨ ટકા ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧ ઉતરદાતાના ભાઈ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. જે કુલ એકમના ૨ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતાના કુટુંબમાં બહેન પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે જે કુલ એકમના ૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૮ ઉતરદાતાના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી જે કુલ એકમના ૯૮ ટકા છે.

## કોષ્ટક નં. ૨.૧૦

## કુટુંબમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે.

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | માતા-પિતા | ૬ | ૨ |
| ૨. | ભાઈ | ૧ | ૦.૩૪ |
| ૩. | બહેન | ૪ | ૧.૩૩ |
| ૪. | એકપણ નહી | ૨૮૯ | ૯૬.૩૩ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬ ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ છે. જે કુલ એકમના ૨ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતા ભાઈ પ્રજ્ઞાચક્ષુ છે. જે કુલ એકમ ૦.૩૪ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪ ઉતરદાતાના બહેન પ્રજ્ઞાચક્ષુ છે. જે કુલ એકમના ૧.૩૩ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૮૯ ઉતરદાતાના ઘરના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી જે કુલ એકમના ૯૬.૩૩ ટકા છે.

ઉપરોક્ત કોષ્ટક નં. ૨.૧૧ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાના પોતાના ઘરના સભ્ય ઉતરદાતા પ્રત્યે કેવું વર્તન રાખે છે તે જાણવાનો પ્રયાસ કરેલો છે જે માહિતી આ પ્રમાણે છે.

જૂનાગઢમાં આવેલ કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૫ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપવામાં આવે છે. જેઓ કુલ એકમના ૭૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૫ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપવામાં આવે છે જે કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય ઓછું ધ્યાન આપવામાં આવતું નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૭૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્યનું વર્તન વિશેષ ધ્યાન આપે છે. જ્યારે ૩૦ ટકા ઉતરદાતા પ્રત્યે અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપવામાં આવે છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૮ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૫૮ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૨ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે. જે કુલ એકમના ૪૨ ટકા છે તેમજ એકપણ એવા ઉતરદાતા નથી. જેના પ્રત્યે કુટુંબના સભ્ય ઓછુ ધ્યાન આપતા હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૫૮ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જ્યારે ૪૨ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૦ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જે કુલ એકમના ૪૦

ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૩ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ-બહેન જેટલું ધ્યાન આપે છે જે કુલ એકમના ૪૬ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય ઓછું ધ્યાન આપે છે જે કુલ એકમના ૧૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૪૬ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે તેમજ ૪૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જ્યારે ૧૪ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય ઓછુ ધ્યાન આપે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૦ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે જે કુલ એકમના ૮૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું જ ધ્યાન આપે છે. જે કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે, તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી જે કુલ એકમના ૧૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૧૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે તેમજ ૧૦ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી જ્યારે ૮૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૫ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૫૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૯ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્યે અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે જે કુલ એકમના ૩૮ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી. જે કુલ એકમના ૧૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૫૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે તેમજ ૪૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે તેમજ ૪૦ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ-બહેન જેટલું ધ્યાન આપે છે. જ્યારે ૧૨ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૩ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૨૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૭ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ-બહેન જેટલા ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૭૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૭૪ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે. જ્યારે ૨૬ ટકા ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્યો વિશેષ ધ્યાન આપે છે.

## કોષ્ટક નં. ૨.૧૨

## કુટુંબના સભ્યનું તમારા પ્રત્યેનું વર્તન

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | વિશેષ ધ્યાન આપવામાં આવે છે. | ૧૬૧ | ૫૩.૬૭ |
| ૨. | અન્ય ભાઈ-બહેન જેટલું ધ્યાન આપવામાં આવે છે. | ૧૨૧ | ૪૦.૩૩ |
| ૩. | ઓછું ધ્યાન આપવામાં આવે છે. | ૭ | ૨.૩૪ |
| ૪. | જવાબ મળેલ નથી. | ૧૧ | ૩.૬૬ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૬૧ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૫૩.૬૭ ટકા છે તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૨૧ ઉતરદાતા પ્રત્યે કુટુંબના સભ્ય અન્ય ભાઈ બહેન જેટલું ધ્યાન આપે છે. જેઓ કુલ એકમના ૪૦.૩૩ ટકા છે. જ્યારે કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતા પ્રત્યારે કુટુંબના સભ્ય ઓછુ ધ્યાન આપે છે જેઓ કુલ એકમના ૧૪ ટકા છે તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૧ ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી. કુટુંબ એકમના ૩.૬૬ ટકા છે.

કોષ્ટક નં. ૨.૧૩ પરથી ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જ્યારે કોઈ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે તેને મદદ કોના તરફથી પ્રાપ્ત થાય છે તેના વિશેની માહિતી પ્રાપ્ત કરવામાં આવેલી છે જે આ પ્રમાણે છે.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૫ ઉતરદાતાને મુશ્કેલીના સમયમાં મિત્રો પાસેથી મદદરૂપ થાય છે. જેઓ કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૫ ઉતરદાતાને મુશ્કેલીના સમયમાં સહ અધ્યાયીઓ તરફથી મદદરૂપ થાય છે જેઓ કુલ એકમના ૭૦ ટકા છે.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે ૭૦ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહઅધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે તેમજ ૩૦ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે. જ્યારે કુટુંબીજનો અને સગાસંબંધીઓ તરફથી મુશ્કેલીના સમયે મદદ મળતી નથી. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે તેઓને સંસ્થામાં જ્યારે કોઈપણ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે તેઓને મિત્રો અને સહઅધ્યાયીઓ માત્ર મદદ કરે છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં કુલ ૫૦ ઉતરદાતામાં ૨૫ ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો મદદરૂપ થાય છે જે કુલ એકમના ૫૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૧૪ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૮ ઉતરદાતા એ એક કરતા વધુ જવાબ આપેલા છે જેઓ કુલ એકમના ૩૬ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૫૦ ટકા ઉતરદાતાને કુટુંબીજનો તરફથી મુશ્કેલીના સમયે મદદરૂપ થાય છે તેમજ ૧૪ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે. જ્યારે ૩૬ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો, મિત્રો, સહઅધ્યાયીઓ, સગાસંબંધીઓ મદદ તરફથી મદદ મળી રહી છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ

ઉતરદાતામાં ૩૧ ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો મદદરૂપ થાય છે. જેઓ કુલ એકમના ૬૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૯ ઉતરદાતાએ એક કરતા વધુ જવાબ આપેલા છે જેઓ કુલ એકમના ૩૮ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૬૨ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો મદદરૂપ થાય છે. જ્યારે ૩૮ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો, મિત્રો સહઅધ્યાયીઓ તેમજ સગાસંબંધીઓ મદદરૂપ થાય છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૦ ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો મદદરૂપ થાય છે. જેઓ કુલ એકમના ૪૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦ ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૨૦ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૩ ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહઅધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૨૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતાને મુશ્કેલીના સમયે સગાસંબંધીઓ તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૧૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૪૦ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો તરફથી મદદ મળી રહે છે તેમજ ૨૦ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે. ૨૬ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહઅધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે. જ્યારે ૧૪ ટકા ઉતરદાતાને મુશ્કેલી સમયે સગાસંબંધીઓ તરફથી મદદ મળી રહે છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૩ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૬૬ યકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૭ ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહ અધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૩૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૬૬ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો તરફથી મદદ મળી રહે છે. ૩૪ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહ અધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે. જ્યારે એક પણ એવા ઉતરદાતા નથી જેને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળતી હોય તેમજ એકપણ એવા ઉતરદાતા નથી જેને સગાસંબંધીઓ તરફથી મદદ મળતી હોય.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૫૦ ઉતરદાતાએ એક કરતા વધુ જવાબ આપેલ છે જેઓ કુલ એકમના ૧૦૦ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૧૦૦ ટકા ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો, મિત્રો, સહઅધ્યાયીઓ, સગાસંબંધીઓ આ બધા તરફથી મદદ મળી રહે છે. મુલાકાત જાણવા  મળ્યું કે તેઓને મુશકેલીના સમયે કોઈ એક મદદ થતું નથી. પરંતુ બધાનો સહકાર મળી રહે છે.

## કોષ્ટક નં. ૨.૧૪

## મુશ્કેલીના સમયમાં મુખ્યત્વે કોણ મદદરૂપ થાય છે.

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુટુંબીજનો | ૧૦૯ | ૩૬.૩૩ |
| ૨. | મિત્રો | ૩૨ | ૧૦.૬૭ |
| ૩. | સહઅધ્યાયીઓ | ૬૫ | ૨૧.૬૭ |
| ૪. | સગાસંબંધીઓ | ૭ | ૨.૩૩ |
| ૫. | એક કરતા વધુ જવાબ | ૮૭ | ૨૯ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦૯ ઉતરદાતાને મુશ્કેલીના સમયે કુટુંબીજનો તરફથી મદદ મળી રહે છે. જેઓ કુલ એકમના ૩૬.૩૩ ટકા છે. તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૨ ઉતરદાતાને મુશ્કેલીના સમયે મિત્રો તરફથી મદદ મળી રહે છે. જેઓ કુલ એકમના ૧૦.૬૭ ટકા છે. કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ૬૫ ઉતરદાતાને મુશ્કેલીના સમયે સહ અધ્યાયીઓ તરફથી મદદ મળી રહે છે. જેઓ કુલ એકમના ૨૧.૬૭ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતાને મુશ્કેલીના સમયે સગાસંબંધીમાં મદદ મળી રહે છે જેઓ કુલ એકમના ૨.૩૩ ટકા છે. જ્યારે ૮૭ ઉતરદાતાને મુશ્કેલીના સમયે એક કરતા વધુ મદદ કરે છે જેમકે કુટુંબીજનો, મિત્રો, સહ અધ્યાયીઓ, સગાસંબંધીઓ મદદ કરે છે. જેઓ કુલ એકમના ૨૯ ટકા છે.

કોષ્ટક નં. ૨.૧૫ પરથી ફલિત થાય છે કે સંસ્થામાં તાલીમ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ સમાજ પાસે કેવા વર્તનની અપેક્ષા રાખે છે તે જાણવાનો પ્રયાસ કર્યો.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૦ ઉતરદાતા સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૨૦ ટકા છે. તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૩ ઉતરદાતા સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૬૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ ઉતરદાતા સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૧૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૬૬ ટકા ઉતરદાતા સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. તેમજ ૨૦ ટકા ઉતરદાતા સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. ૧૪ ટકા ઉતરદાતા સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે. જ્યારે એક પણ એવા ઉતરદાતા નથી જેઓને દયાની જરૂર હોય, મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે તેઓને દયા કે સહાનુભૂતિની જરૂર નથી તે માત્ર સારા વર્તન સ્વીકૃતિ તેમજ આગળ વધવા માટે તકની ખાસ જરૂર છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૨ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૨૪ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૮ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૩૬ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૦ ઉતરદાતાને સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૪૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૪૦ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી મદદની જરૂર છે. ૩૬ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. તેમજ ૨૪ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિ અપેક્ષા રાખે છે. જ્યારે એકપણ એવા

ઉતરદાતાને સમાજ પાસેથી દયાની અપેક્ષા રાખતા નથી. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે તેઓને સમાજ પાસેથી સારા વર્તનની તેમજ તેમને જેવા છે તેવી રીતે તેમને સ્વીકારે છે. દયાની દ્રષ્ટિથી નહી પરંતુ તેમને આગળ વધવા માટે તક અને મદદ કરે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૧ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૬૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ૧૯ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૩૮ ટકા છે. તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેને સમાજ પાસેથી દયા, મદદની જરૂર હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૬૨ ટકા ઉતરદાતાને સમાજ પાસે સ્વીકૃતિની અપેક્ષા રાખે છે તેમજ ૩૮ ટકા ઉતરદાતાને સમાજ પાસે સારા વર્તનની અપેક્ષા રાખે છે. તેમજ ૩૮ ટકા ઉતરદાતાને સમાજ પાસે સારા વર્તનની અપેક્ષા રાખે છે. જ્યારે એકપણ એવા ઉતરદાતા નથી જેઓને સમાજ પાસે દયાની, મદદની અપેક્ષા હોય. મુલાકાત દ્વારા જાણવા મળ્યું તેઓને દયા કે મદદની જરૂર નથી. પરંતુ તેઓનો સ્વીકાર થાય એટલે સ્વીકૃતિની અને સારા વર્તનની સમાજ પાસે અપેક્ષા રાખે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૦ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૪૦ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૫ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૩૦ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૫ ઉતરદાતાને સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૩૦ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે ૪૦ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે તેમજ ૩૦ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની તેમજ

૩૦ ટકા ઉતરદાતાને મદદની સમાજ પાસે અપેક્ષા રાખે છે. જ્યારે એકપણ ઉતરદાતાને દયાની જરૂર નથી.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૮ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૩૬ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૪ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૪૮ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮ ઉતરદાતાને સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૧૬ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે, કે ૪૮ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની જરૂર છે. ૩૬ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની જરૂર છે, તેમજ ૧૬ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી મદદની જરૂર છે. જ્યારે એકપણ એવા ઉતરદાતા નથી. જેઓને સમાજ પાસેથી દયાની જરૂર હોય મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે તેઓને માત્ર તકની સલામતીની તેમજ સ્વીકૃતિ અને સારા વર્તનની જરૂર છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૪ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૨૮ ટકા ધરાવે છે, કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૭ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૩૪ ટકા છે તેમજ કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૯ ઉતરદાતાને સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે જેઓ કુલ એકમના ૩૮ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૩૮ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી મદદની જરૂર છે. તેમજ ૩૪ ટકા ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની જરૂર છે. ૨૮ ઉતરદાતાને સમાજ પાસેથી સ્વીકૃતિની જરૂર છે. જ્યારે એકપણ એવા ઉતરદાતા નથી જેઓને સમાજ પાસેથી દયાની અપેક્ષા હોય.

### કોષ્ટક નં. ૨.૧૬

### સમાજ પાસે શું અપેક્ષા રાખો છો?

| ક્રમ | વિગત | ઉતરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વીકૃતિ | ૧૦૫ | ૩૫ |
| ૨. | સારા વર્તનની | ૧૨૭ | ૪૨ |
| ૩. | દયાની | ૦૦ | ૦૦ |
| ૪. | મદદની | ૬૯ | ૨૩ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦૫ ઉતરદાતા સમાજ પાસે સ્વીકૃતિની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૩૫ ટકા છે તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૨૭ ઉતરદાતાને સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. જેઓ કુલ એકમના ૪૨ ટકા છે. જ્યારે કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬૯ ઉતરદાતાને સમાજ પાસેથી મદદની જરૂર છે. જેઓ કુલ એકમના ૨૩ ટકા છે. જ્યારે એકપણ ઉતરદાતાને સમાજ પાસેથી દયાની જરૂર નથી.

ઉપર્યુક્ત કોષ્ટક નં. ૨.૧૭ પરથી ફલિત થાય છે કેપ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પોતાના કુટુંબમાં સામાજીક પ્રસંગોમાં, રમતગમતમાં તેઓ દૈનિક જીવનના કાર્યમાં ભાગ લેવા છતાં તેની સંપૂર્ણ ભાગીદારી નોંધાવી શકતા નથી. કારણ કે તેઓની શારીરિક ખામી તેમની મર્યાદા રહે છે કે કેમ તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેની માહિતી આ પ્રમાણે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૨ (પુરુષ)માં ૧ વિદ્યાર્થી અભ્યાસ કરે છે જે કુલ એકમના ૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૩ (સ્ત્રી)માં ૬ વિદ્યાર્થીઆ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૨ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૪ (પુરુષ)માં ૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૪  ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૫ (સ્ત્રી)માં ૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૮ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૬ (પુરુષ)માં ૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૭ (સ્ત્રી)માં ૫ વિદ્યાર્થીઓ અને (પુરુષો) ૧૦ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૦ ટકા અને ૨૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૮ (સ્ત્રી)માં ૫ વિદ્યાર્થીઓ અને (પુરુષો) ૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૦ ટકા અને ૧૨ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતાઓ ધોરણ ૯માં ૪ (સ્ત્રી) અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૮ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૧૦માં (સ્ત્રી) ૧ અભ્યાસ કરે છે. તેમજ (પુરુષ) ૩ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨ ટકા અને૬ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધો.૧૧માં (પુરુષ) ૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૪ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધો.૧૨માં (સ્ત્રી) ૧ વિદ્યાર્થી અભ્યાસ કરે છે જે કુલ એકમના ૨ ટકા ધરાવે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ધો.૨માં (સ્ત્રી) ૧ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધો.૩માં (સ્ત્રી) ૯ વિદ્યાર્થીની અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૮ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધો.૪માં (સ્ત્રી) ૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૫માં (સ્ત્રી) ૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨૦ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૬માં (સ્ત્રી) ૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૬ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૭માં (સ્ત્રી) ૨ વિદ્યાર્થીની અભ્યાસ કરે છે જે કુલ એકમના ૪ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૯માં (સ્ત્રી) ૧૦ વિદ્યાર્થીની-અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૨માં (પુરુષ) ૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૩માં સ્ત્રી) ૧૦ વિદ્યાર્થીઓની અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૪માં (પુરુષ) ૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૪ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૫માં (પુરુષ) ૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૬ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૬માં (સ્ત્રી) ૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૮માં (પુરુષ) ૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૬ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૧૦ (સ્ત્રી) ૨ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૪ ટકા ધરાવે છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૩માં (સ્ત્રી) ૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૨૦ ટકા

ધરાવે છે. કુલ ઉતરદાતામાં ધોરણ ૪માં (સ્ત્રી) ૫ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે જે કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૫માં (સ્ત્રી) ૬ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જેઓ કુલ એકમના ૧૨ ટકા ધરાવે છે.

કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૭માં (સ્ત્રી) ૭ વિદ્યાર્થીનીઓ છે જે કુલ એકમના ૧૪ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૯માં ૩ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૬ ટકા ધરાવે છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૧૦માં (સ્ત્રી) ૯ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૮ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતામાં ધોરણ ૧૦માં (સ્ત્રી) ૧૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે જે કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે.

કોષ્ટક નં. ૪.૧૮ પરથી જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ધોરણ ૨માં કુલ ૨૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૭ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ધોરણ ૩માં ૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૨.૬૭ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ધોરણ ૪માં ૪૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૫.૬૬ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૫માં ૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૩.૩૩ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ધોરણ ૬માં ૨૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૮.૬૭ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ધોરણ ૭માં ૩૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૦.૩૩ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ ઉતરદાતામાંથી ધોરણ ૮માં ૩૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૧૧.૩૩ ટકા છે. કુલ ૩૦૦ ઉતરદાતામાં ધોરણ ૯માં ૨૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૯.૬૭ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ ધોરણ ૧૦માં ૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૫ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ ઉતરદાતામાં ધોરણ ૧૧માં ૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૫.૬૧ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ધોરણ ૧૨માં ૧ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. જે કુલ એકમના ૦.૩૩ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં પ્રથમ વર્ષમાં ૧ વિદ્યાર્થીની અભ્યાસ કરે છે જે કુલ એકમના ૦.૩૩ ટકા ધરાવે છે.

કોષ્ટક નં. ૪.૧૯ પરથી ફલિત થાય છે કે

જૂનાગઢમાં આવેલ સંસ્થામાં ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૭ ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે. જે કુલ એકમના ૩૪ ટકા ધરાવે છે. કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૩ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે. જે કુલ એકમના ૬૬ ટકા ધરાવે છે.

રાજકોટમાં આવેલ સંખ્યામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૨ ઉતદરદાતાઓના માતા-પિતા શિક્ષિત હોય કુલ એકમના ૬૪ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતાઓમાંથી ૧૮ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે જે કુલ એકમના ૩૬ ટકા ધરાવે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૧૭ ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે જે કુલ એકમના ૩૪ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતાઓમાં ૩૩ ઉતરદાતાઓના માતા-પિતાઓ અશિક્ષિત છે. જે કુલ એકમના ૬૬ ટકા ધરાવે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતાઓમાં ૩૦ ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે. જે કુલ એકમના ૬૦ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતાઓમાં ૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે. જે કુલ એકમના ૪૦ ટકા ધરાવે છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૧૦ ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે. જે કુલ એકમના ૨૦ ટકા ધરાવે છે. કુલ ૫૦ ઉતરદાતાઓમાં ૪૦ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે જે કુલ એકમના ૮૦ ટકા છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦

ઉતરદાતાઓમાં ૧૫ ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે જે કુલ એકમના ૩૦ ટકા છે. કુલ ૫૦ ઉતરદાતાઓમાં ૩૫ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે જે કુલ એકમના ૭૦ ટકા ધરાવે છે.

## કોષ્ટક નં. ૪.૨૦

### તમારા માતા-પિતા શિક્ષિત કે અશિક્ષિત તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉતરદાતા ૩૦૦માંથી | ટકા |
|---|---|---|---|
| ૧. | શિક્ષિત | ૧૨૧ | ૪૦.૩૩ |
| ૨. | અશિક્ષિત | ૧૭૯ | ૫૯.૬૭ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ છ જીલ્લાઓમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાંથી કુલ ૧૨૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓના માતા-પિતાઓ શિક્ષિત છે જે કુલ એકમના ૪૦.૩૩ ટકા ધરાવે છે. તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૧૭૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓના માતા-પિતા અશિક્ષિત છે. જે કુલ એકમના ૫૯.૬૭ ટકા ધરાવે છે.

# પ્રકરણ-૫

# આરોગ્ય માહિતી

પ્રાચીન સમયમાં વિકલાંગ હોવું એ એક અભિશાપ ગણાતો. જે કુટુંબમાં કોઈ અંધ અપંગ હોય તેને લોકો બિચારો કહેતા અને દયા ખાતા સમાજમાં એ બોજારૂપ ગણાતો. આપણામાંથી ઘણાએ પેલુ ગીત સાંભળ્યુ હશે, ઓ ભાઈ મારે આંખ વિનાનું અંધારું જે સાંભળી આપણને ગાનાર અંધ પ્રત્યે અનુકંપાની લાગણી હતી. પરંતુ આજે સમય બદલાયો છે. સરકારની સાથે ખાનગી સંસ્થાઓ અને ટ્રસ્ટો પણ આવા વિકલાંગોના પુન:વસન માટે મહત્વપૂર્ણ કામ કરી રહેલ છે.

વિકલાંગ લગભગ ૭૫ ટકા ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. જ્યારે ઘણીખરી સરકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓ શહેરી વિસ્તારમાં કામ કરે છે. તબીબી અને આરોગ્ય સગવડો નફાના ધોરણે નહી પણ સેવાના ધોરણે ચાલતી હોવાથી શહેરી વિસ્તારને કેન્દ્રીત થયેલ છે. આ તફાવતના કારણે વિકલાંગ વ્યક્તિઓ સુધી સેવાઓ પહોંચતી નથી. વિકલાંગો માટે કામ કરતી સંસ્થાઓની વધુ જરૂરિયાત ગ્રામ્ય વિસ્તારોમાં છે. શહેરી વિસ્તારોમાં કામ કરતી સંસ્થાઓએ તેમનું કાર્યક્ષેત્ર ગ્રામ્ય વિસ્તારમાં વિસ્તારવું જોઈએ.

આમ આરોગ્ય સગવડો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચે તે ખૂબ જરૂરી છે.

થોડા વર્ષ અગાઉ આપણે ત્યાં પોલીયોને લીધે શારીરિક વિકલાંગતાના બહુ કેસ નોંધાતા હતા. એવી જ રીતે શીતળા એટલે કે સ્મોલ પોક્સ નીકળ્યા પછી અંધાપો આવવાના કિસ્સા પણ સાંભળવા મળ્યા. તબીબ વિજ્ઞાને બન્નેની રસી શોધ્યા પછી આ બે વ્યાધી પર નિયંત્રણ મેળવી શકાયું છે.

જો કે એનો મતલબ એ નથી કે આપણે બધી ખોડખાંપણ પર જીત મેળવી લીધી. હજી એવી ઘણી આધિ-વ્યાધિ છે. જે થવાના કારણ સુદ્ધા આપણને ખબર નથી. આ સામે ખાસ તો બાળકોમાં પંગુલા નોતરતી એવી પણ અમુક બીમારી છે, જેને ઉગતા પહેલા

ડામી શકાય છે. ટુંકમાં આવા રોગ થાય જ નહી. એટલું ખરું કે એ માટે વડીલોએ અને સંતાન ઈચ્છતા દંપતીએ થોડી કાળજી લેવી જરૂરી છે.

અપંગ દિન કે વિકલાંગ સપ્તાહ મનાવવામાં વાંધો નહી પરંતુ હવે પછી શકય હોય એવા કિસ્સામાં અપંગ બાળક જન્મે જ નહી એવું કરીએ તો?

વસંતના આગમથી વનરાજા નવપલ્લિત થઈ ઉઠે તેમ સંસાર બાગમાં નવજાત શિશુનું આગમન સર્વેને આનંદીત કરી દેતુ હોય છે, તે માતા-પિતા ખૂબ આનંદથી નિભાવે છે. દરેક માતા-પિતા પોતાનું બાળક શારીરિક અને માનસીક રીતે સંપૂર્ણ સ્વસ્થ હોય તેવું ઈચ્છતા હોય છે. પરંતુ હંમેશા આવું બનતું નથી. સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ભારત જેવા વિશાળ ગ્રામ્ય વિસ્તાર ધરાવતા દેશમાં મોટાભાગની પ્રજા અજ્ઞાનતાના કારણે સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે સભાન નથી ત્યારે જન્મ લેતા ૧૦૦થી૧૫૦ નવજાત બાળકે આશરે ૧૦ બાળક વિકલાંગતા સાથે જન્મ લે છે અથવા પછીના સમયમાં વિકલાંગતાનો ભાગ બને છે.

આથી પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ આરોગ્ય વિશેના પ્રશ્નો પુછી અભ્યાસ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં. ૫.૧ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓની દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર જાણવાનો પ્રયાસ કર્યો છે. જે માહિતી આ પ્રમાણે છે.

જૂનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ ઉતરદાતામાં ૩૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટિહીન ધરાવે છે. તેઓ કુલ એકમના ૬૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટિ ધરાવે છે જેઓ કુલ એકમના ૩૨ ટકા છે.

ઉપરોક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં સંપૂર્ણ દ્રષ્ટીહીન ધરાવતા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ વધારે છે. કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૬૮ ટકા ઉતરદાતાઓ સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. જ્યારે ૩૨ ટકા ઉતરદાતા અલ્પ દ્રષ્ટી ધરાવે છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૧ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટિહીન છે. જેઓ કુલ એકમના ૪૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પ દ્રષ્ટિ ધરાવે છે જેઓ કુલ એકમના ૫૮ ટકા છે.

ઉપરોક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટિ ધરાવતા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ઓછા છે. ૪૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટિ ધરાવે છે. જ્યારે ૫૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પ દ્રષ્ટી ધરાવે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨૬ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે જેઓ કુલ એકમના ૫૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જેઓ કુલ એકમના ૪૮ ટકા છે.

ઉપરોક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી સૌથી વધારે ૫૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન ધરાવે છે. જ્યારે ૪૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પ દ્રષ્ટીહીન ધરાવે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે જેઓ કુલ એકમના ૩૬ ટકા ધરાવે છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જેઓ કુલ એકમના ૬૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે ૬૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જ્યારે ૩૬ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે.

અમરેલીમાં આવેલ કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે જેની કુલ એક જૂથના ૭૬ છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જેઓ કુલ એકમના ૨૪ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭૩ ટકા ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે. જ્યારે ૨૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે.

સુરેન્દ્રનગરમાં આવેલ કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૧૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે. જેઓ કુલ એકમના ૩૮ ટકા છે. કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જેઓ કુલ એકમના ૬૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. ૬૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પદ્રષ્ટી ધરાવે છે. જ્યારે ૩૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટી ધરાવે છે.

## કોષ્ટક નં. ૫.૨

## દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉતરદાતા 300માંથી | ટકા |
|---|---|---|---|
| ૧. | સંપૂર્ણ દ્રષ્ટિહીન | ૧૫૬ | ૫૨ |
| ૨. | અલ્પ દ્રષ્ટિ | ૧૪૪ | ૪૮ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૫૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંપૂર્ણ દ્રષ્ટીહીન છે. જેઓ કુલ એકમના ૫૨ ટકા છે.

કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૪૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અલ્પ દ્રષ્ટિ ધરાવે છે. જેઓ કુલ એકમના ૪૮ ટકા છે.

કોષ્ટક નં. ૫.૩ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાની દ્રષ્ટી ક્ષતિની શરૂઆત થઈ હોય ત્યારની વય જાણવાનો પ્રયાસ કર્યો છે. જે માહિતી આ પ્રમાણે છે.

જૂનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૭ ઉતરદાતા જન્મથી પ્રજ્ઞાચક્ષુ છે જેઓ કુલ એકમના ૯૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ ઉતરદાતા ૦-૫ વયથી પ્રજ્ઞાચક્ષુ થયા છે જેઓ કુલ એકમના ૬ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એક પણ એવા ઉતરદાતા નથી. જેઓની દ્રષ્ટિક્ષતિની શરૂઆત થઈ હોય ત્યારની વય ૬-૧૦, ૧૧-૨૦, ૨૦થી વધારે હોય.

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુની શરૂઆત જન્મથી વધારે થયા છે. કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૯૪ ટકા છે. ૬ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન છે જેઓ કુલ એકમના ૮૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વયથી દ્રષ્ટહીન છે. જેઓ કુલ એકમના ૧૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬થી૧૦ વર્ષથી દ્રષ્ટી ગુમાવી છે. જેઓ કુલ એકમના ૮ ટકા ધરાવે છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેની વય ૧૧થી૨૦, ૨૦ વર્ષથી વધારે હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન છે. તેમજ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬થી૧૦ની વયથી દ્રષ્ટીહીન બન્યા છે. ૧૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦થી૫ વયથી પ્રજ્ઞાચક્ષુ થયા છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન ધરાવે છે. જેઓ કુલ એકમના ૭૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વયથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જેઓ કુલ એકમના ૧૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા એવા નથી જેની વય ૬થી૧૦ વર્ષ, ૨૦થી વધારે હોય.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૧૧થી૨૦ વયથી દ્રષ્ટીહીન બન્યા છે જેઓ કુલ એકમના ૧૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે સૌથી વધારે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન છે. જ્યારે ૧૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે તેમજ ૧૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૧૧થી૨૦ વર્ષથી દ્રષ્ટીહીન થયા છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન થયા છે. જેઓ કુલ એકમના ૭૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જેઓ કુલ એકમના ૧૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬-૧૦ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે જેઓ કુલ એકમના ૧૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેની વય ૧૧-૨૦ અને ૨૦થી વધારે હોય.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી સૌથી વધારે પ્રજ્ઞાચક્ષુ શરૂઆત જન્મથી ૭૮ ટકા છે. જ્યારે ૧૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વયથી બન્યા છે. તેમજ ૧૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬-૧૦ વર્ષથી બન્યા છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન છે. જેઓ કુલ એકમના ૮૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જેઓ કુલ એકમના ૧૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬થી૧૦ વર્ષથી દ્રષ્ટીહીન થયા છે. જેઓ કુલ એકમના ૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેની વય ૧૧થી૨૦ અને ૨૦થી વધારે હોય.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી સૌથી વધારે ૮૮ ટકા પ્રજ્ઞાચક્ષુ શરૂઆત જન્મથી બન્યા છે. ૧૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે તેમજ ૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬-૧૦ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન છે. જેઓ કુલ એકમના ૮૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ ઉતરદાતા ૦-૫ વર્ષથી દ્રષ્ટીહીન થયા છે. જેઓ કુલ એકમના ૧૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬થી૧૦ વર્ષથી દ્રષ્ટીહીન થયા છે. જેઓ કુલ એકમના ૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એક પણ એવા ઉતરદાતા નથી. પ્રજ્ઞાચક્ષુ બન્યા હોય ત્યારની વય ૧૧-૨૦ અને ૨૦થી વધારે હોય.

## કોષ્ટક નં. ૫.૪

## દ્રષ્ટિહીનની શરૂઆત થઈ ત્યારની વય

| ક્રમ | વિગત | ઉતરદાતા ૩૦૦માંથી | ટકા |
|---|---|---|---|
| ૧. | જન્મથી | ૨૪૮ | ૮૨.૬૭ |
| ૨. | ૦-૫ | ૩૨ | ૧૦.૭૭ |
| ૩. | ૬-૧૦ | ૧૪ | ૪.૬૬ |
| ૪. | ૧૧ થી ૨૦ | ૦૬ | ૦૨ |
| ૫. | ૨૦ થી વધુ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૪૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૮૨.૬૭ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૦-૫ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૧૦.૬૭ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૬-૧૦ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૪.૬૬ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ૧૧-૨૦ વર્ષથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૨ ટકા ધરાવે છે.

કોષ્ટક નં. ૫.૫ પરથી ખ્યાલ આવે છે કે મનુષ્યનું કોઈપણ અંગ ક્ષતિગ્રસ્ત થાય છે તો તેની પાછળ કોઈને કોઈ કારણ રહેલું હોય છે. તેવી જ રીતે પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ થવાની કયા કારણ જવાબદાર છે. તે જાણવાનો પ્રયાસ કર્યો છે જે માહિતી આ પ્રમાણે છે.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન થયા છે તેઓ કુલ એકમના ૯૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પ્રજ્ઞાચક્ષુ થવા પાછળનું કારણ બિમારી છે જે કુલ એકમના ૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પ્રજ્ઞાચક્ષુ થવા પાછળનું અન્ય કારણ જવાબદાર ગણાવ્યું છે. તેઓ કુલ એકમના ૨ ટકા છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૯૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. કારણ કે કુપોષણ જવાબદાર ગણાવી શકાય. જ્યારે ૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારથી દ્રષ્ટીહીન થયા છે. કારણ કે યોગ્ય સમયે સારવાર ન થવાથી તેમજ સારવાર ન મળતા આંખ ગુમાવી છે. ૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાને અન્ય બિમારી જેવી કે શિતળા માતા નીકળવા, કાયમી તાવ, શરદી, આંચકી જેવી બિમારીથી દ્રષ્ટીહીન બનેલા.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન ધરાવે છે. તેઓ કુલ એકમના ૭૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૯ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પ્રજ્ઞાચક્ષુ થવા પાછળનું કારણ બિમારી છે જે કુલ એકમના ૧૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અન્ય કારણોથી પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. જે કુલ એકમના ૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા અકસ્માતથી પ્રજ્ઞાચક્ષુ બન્યા નથી.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭૮ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. કુપોષણ, અલ્પપોષણ વગેરે પરિબળો જવાબદાર ગણાવી શકાય. ૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓને અન્ય બિમારી જેવી કે તાવ, આંચકી જેવી બિમારીને કારણે દ્રષ્ટીહીન બનેલ છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન થયા છે. તેઓ કુલ એકમના ૭૪ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૩ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીનાં કારણે પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જેઓ કુલ એકમના ૨૬ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા અકસ્માત કે અન્ય કારણોથી દ્રષ્ટીહીનતા આવેલ નથી.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૭૪ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. કુપોષણ, અલ્પપોષણ વગેરે કારણો જવાબદાર ગણાવી શકાય. જ્યારે ૨૬ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના કારણે પ્રજ્ઞાચક્ષુ બન્યા. કારણ કે બિમારીના સમયે યોગ્ય સારવાર ન મળી જેમકે શીતળા-માતા નીકળ્યા હોય ત્યારે દેશી દવાનો સહારો લીધો હોય ત્યારે દવાખાને પહોંચતા ઘણો સમય પસાર થઈ ગયો હોવાથી.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ

ઉતરદાતામાં ૪૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુરલ એકમના ૮૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ બિમારી છે જે કુલ એકમના ૨૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેને અકસ્માત કે અન્ય બિમારીના કારણોથી પ્રજ્ઞાચક્ષુ આવેલ હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે તેઓને માતાના ગર્ભમાં જ યોગ્ય પોષણ ન મળતા કુપોષણના કારણે દ્રષ્ટીહીન બન્યા છે. જ્યારે ૨૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીને કારણે દ્રષ્ટીહીન બન્યા તેવોને તીવ્ર તાવ, શીતળા માતા નીકળવાથી યોગ્ય સારવાર ન મળવાથી તેઓએ પોતાની દ્રષ્ટી ગુમાવી પડી.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૪ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટી ગુમાવી છે જેઓ કુલ એકમના ૮૮ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના કારણે દ્રષ્ટી ગુમાવી છે જેઓ કુલ એકમના ૧૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જે અકસ્માત કે અન્ય બિમારીના કારણોથી પ્રજ્ઞાચક્ષુ બનેલા હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. કારણ કુપોષણ, અલ્પ પોષણ ગણાવી શકાય તેમજ ૧૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના કારણે પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જેમકે તાવ આવવો, શીતળા માતા નીકળવા, આંચકી, જૂની ઉધરસ, શરદી વગેરે.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૧ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી પ્રજ્ઞાચક્ષુ બન્યા છે જેઓ કુલ એકમના ૮૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના કારણે દ્રષ્ટી ગુમાવી છે. તેઓ કુલ એકમના ૧૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અકસ્માતથી દ્રષ્ટી ગુમાવી છે જેઓ કુલ એકમના ૬ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેઓ અન્ય કારણોથી દ્રષ્ટી ગુમાવી હોય.

ઉપરોક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી દ્રષ્ટીહીન બન્યા છે. કારણ કુપોષણ, અલ્પપોષણ. જ્યારે ૧૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીથી દ્રષ્ટિ ગુમાવી કારણ, યોગ્ય સમયે સારવાર ન મળતા તેમજ સારવાર ન થવાથી આંખ ગુમાવી તેમજ ૬ ટકા અકસ્માતના લીધે દ્રષ્ટી ગુમાવી પડી.

## કોષ્ટક નં. ૫.૬

## પ્રજ્ઞાચક્ષુ આવવા પાછળનું કારણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉતરદાતા ૩૦૦માંથી | ટકા |
|---|---|---|---|
| ૧. | જન્મથી | ૨૪૮ | ૮૨.૬૭ |
| ૨. | બિમારી | ૪૬ | ૧૫.૩૩ |
| ૩. | અકસ્માત | ૩ | ૧ |
| ૪. | અન્ય | ૩ | ૧ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં છ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૪૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા જન્મથી પ્રજ્ઞાચક્ષુ બનેલ છે. જેઓ કુલ એકમના ૮૨.૬૭ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૪૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીને કારણે દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૧૫.૩૩ ટકા ધરાવે છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અકસ્માતના કારણે દ્રષ્ટી ગુમાવી છે. જેઓ કુલ એકમના ૧ ટકા છે તેમજ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૩ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અન્ય કારણોથી દ્રષ્ટીહીન બન્યા છે. જેઓ કુલ એકમના ૧ ટકા છે.

કોષ્ટક નં. ૫.૭ માં પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમાર પડે છે ત્યારે તેઓ તબીબી સારવાર માટે કયાં જાય છે તે અંગેની માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો છે.

જુનાગઢમાં આવેલ સંસ્થામાં કુલ ૬૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાંજ સારવાર લે છે જે કુલ એકમના ૧૦૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી. જેઓ બિમારીના સમયે સરકારી દવાખાનાઓમાં, ખાનગી દવાખાનામાં, વૈદ પાસે કે ખાનગી દવાખાનામાં સારવાર લેતા હોય.

ઉપરોક્ત માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦૦ ટકા ઉતરદાતા સંસ્થામાંજ સારવાર લે છે તેનું કારણ મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે સંસ્થામાંથી મળતી બધી જ સારવાર નિ:શુલ્ક હોય છે.

રાજકોટમાં આવેલ સંસ્થામાં કુલ ૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાં જ સારવાર લે છે. જે કુલ એકમના ૯૬ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતા બિમારીના સમયે સરકારી દવાખાનાઓમાં સારવાર લે છે. જેઓ કુલ એકમના ૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧ ઉતરદાતા બિમારીના સમયે ખાનગી દવાખાનામાં સારવાર લે છે જેઓ કુલ એકમના ૨ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ ઉતરદાતા વૈદ પાસે સારવાર લેતા નથી.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૯૬ ટકા ઉતરદાતા સંસ્થામાંજ સારવાર લે છે. તેવી જ રીતે કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સરકારી, ખાનગી દવાખાનામાં સારવાર માટે જાય છે. જયારે એકપણ એવા

ઉતરદાતા નથી જેઓ વૈદ પાસે સારવાર લેતા હોય.

મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે સંસ્થામાં સંસ્થા તરફથી નિ:શુલ્ક સારવાર મળે છે. તેમજ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા અચાનક બિમાર પડે છે ત્યારે જે તે સમય તેમને સંસ્થાની બહાર લઈ જવામાં આવે છે અને તે ખર્ચ સંસ્થા ભોગવે છે.

ભાવનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૭ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૫૦ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાંજ સારવાર લે છે જે કુલ એકમના ૧૦૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સરકારી, ખાનગી, વૈદ, દવાખાનાઓમાં સાર લેતા નથી.

ઉપર્યુક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે. પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાં સારવાર લે છે. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે સંસ્થામાં સારવાર નિ:શુલ્ક હોય છે અને પુરતી સારવાર મળી રહે છે.

જામનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૨૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાંજ સારવાર લે છે. જેઓ કુલ એકમના ૧૦૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એકપણ એવા ઉતરદાતા નથી જેઓ વૈદ પાસે ખાનગી, સરકારી દવાખાનામાં સારવાર લેતા હોય.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૧૦૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થામાંજ સારવાર લે છે. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે સંસ્થામાં મળતી બધીજ સારવાર નિ:શુલ્ક હોય છે. જ્યારે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી વધારે બિમાર અચાનક પડે છે ત્યારે તેને સારવાર માટે બહાર લઈ જવામાં આવે છે.

અમરેલીમાં આવેલ સંસ્થામાં કુલ ૧૯૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સંસ્થા પરથી જ સારવાર મળી રહે છે. જેઓ કુલ એકમના ૮૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા બિમારીના સમયે સરકારી દવાખાનાઓમાં સારવાર માટે જાય છે. જેઓ કુલ એકમના ૧૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ ઉતરદાતા બિમારીના સમયે ખાનગી દવાખાનામાં સારવાર લે છે. જેઓ કુલ એકમના ૧૦ ટકા છે.

ઉપર્યુક્ત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૮૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ સંસ્થામાંજ સારવાર લે છે તેમજ ૧૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સરકારી દવાખાનામાં અને ખાનગી દવાખાનામાં સારવાર માટે જાય છે. મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું કે તેઓ સંસ્થામાં રહેણાંક પરથી જ પુરતી સારવાર મળી રહે છે. પરંતુ અમુક અચાનક પરિસ્થિતિનું સર્જન થતા તાત્કાલીક સારવાર માટે જ આકસ્મીત બિમારી થતા તેઓને સંસ્થાની બહાર લઈ જવા પડે છે. વૈદ પપાસે એક પણ ઉતરદાતા સારવાર માટે જતા નથી.

સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૧૦૮ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ બિમારીના સમયે સંસ્થામાં સારવાર લે છે. જેઓ કુલ એકમના ૯૦ ટકા છે.

કુલ ૫૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ એક કરતા વધુ જવાબ આપેલ છે જેઓ કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે.

ઉપર્યુક્ત માહિતી દ્વારા ફલિત થાય છે. ૯૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ બિમારીના સમયે સંસ્થાના રહેણાંક પરથી જ સારવાર મળી રહે છે. જ્યારે ૧૦ ટકા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાએ એક કરતા વધુ જવાબ આપવાનું કારણ તેઓ ખાનગી, સરકારી દવાખાનામાં નવા વૈદ પાસે સારવાર લે છે.

## કોષ્ટક નં. ૫.૮

## બિમારીના સમયે સારવાર કયાં લો છો?

| ક્રમ | વિગત | ઉતરદાતા ૩૦૦માંથી | ટકા |
|---|---|---|---|
| ૧. | સંસ્થામાં | ૨૮૨ | ૯૪.૩૩ |
| ૨. | સરકારી દવાખાનાઓમાં | ૬ | ૨ |
| ૩. | ખાનગી દવાખાનાઓમાં | ૬ | ૨ |
| ૪. | વૈદ પાસે | ૦૦ | ૦૦ |
| ૫. | એક કરતા વધુ જવાબ | ૫ | ૧.૬૭ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

આમ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૨૮૨ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સંસ્થાના રહેણાંક પરથી સારવાર મળી રહે છે જેઓ કુલ એકમના ૯૪.૩૩ ટકા છે. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા સરકારી દવાખાનાઓમાં સારવાર લે છે. જેઓ કુલ એકમના ૨ ટકા ધરાવે છે તેમજ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૬ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતા ખાનગી દવાખાનામાં સારવાર લે છે. જેમાં કુલ એકમના ૨ ટકા ધરાવે છે. જ્યારે કુલ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી એક પણ એવા ઉતરદાતા નથી જેઓ વૈદ્ય પાસે સારવાર લેતા હોય. કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાંથી ૫ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓ એક કરતા વધુ જવાબ આપેલ છે. જેઓ કુલ એકમના ૧૦ ટકા ધરાવે છે. મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓને સંસ્થામાં બિમારીના સમયે સારવાર મળી રહે છે. પરંતુ જ્યારે અચાનક આકસ્મિત બિમારી કે અકસ્માત થતા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાને સંસ્થાની બહાર લઈ જવા પડે છે તથા પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાને ગંભીર બિમારી થતા તેમજ સંસ્થામાં આવ્યા પહેલા તેમનો ઈલાજ જે તે દવાખાનામાં ચાલતો હોય ત્યાં તેમને લઈ જવા પડે છે.

## કોષ્ટક નં.૫.૯

## ભારતમાં દ્રષ્ટિક્ષતિના કારણો

## (એનપીસીબી-વિશ્વ આરોગ્ય સંસ્થા સર્વેક્ષણ)

| અ.નં. | અંધત્વના કારણો | આઈસીએમઆર સર્વેક્ષણ(%) | વિશ્વ આરોગ્ય સંસ્થા એનપીસીબી સર્વેક્ષણ (%) |
|---|---|---|---|
| ૧. | મોતિયો | ૫૫ | ૮૧ |
| ૨. | વક્રીભવનશ્રમ ક્ષતિઓ | - | ૭ |
| ૩. | આંખની કીકીની અપારદર્શકતા | - | ૩ |
| ૪. | ઝામર | ૦.૫૦ | ૨ |
| ૫. | નેરાખીલ | ૫.૦૦ | ૦.૨૦ |
| ૬. | કુપોષણ | ૨.૦૦ | ૦૪ |
| ૭. | અન્ય ચેપ | ૧૫.૦૦ | - |
| ૮. | શિતળા (જુના કિસ્સાઓ | ૩.૦૦ | - |
| ૯. | વાગવાથી જખમ | ૧.૫૦ | - |
| ૧૦. | અન્ય | ૧૮.૩૦ | ૬.૭૬ |
| | **કુલ** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** |

પ્રાપ્તિસ્થાન: એનપીસીબી પ્રકાશનો

એનએસએસઓ સર્વેક્ષણ: રાષ્ટ્રીય નિદર્શ સર્વેક્ષણ સંસ્થાઓ ૧૯૯૨ના સર્વેક્ષણ મુજબ એવુ સ્થાપિત કર્યુ છે કે દ્રષ્ટિક્ષતિના વૃદ્ધવય અને મોતિયો એ બે મોટા કારણો છે.

## કોષ્ટક નં.૫.૧૦

## દ્રષ્ટિક્ષતિના મુખ્ય કારણો

## (રાષ્ટ્રીય નિદર્શ સર્વેક્ષણ સંસ્થા સર્વેક્ષણ)

## (વિતરણ પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ)

| અ.નં. | દ્રષ્ટિક્ષતિના કારણો | વિતરણ પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ | |
|---|---|---|---|
| | | (ગ્રામીણ વિસ્તાર) | (શહેરી વિસ્તાર) |
| ૧. | વૃદ્ધ-વય | ૨૭૩ | ૨૧૪ |
| ૨. | મોતિયો | ૨૩૬ | ૨૮૦ |
| ૩. | અન્ય આંખના રોગ | ૧૩૦ | ૧૦૭ |
| ૪. | દાઝવા સિવાયની અન્ય ઈજાઓ | ૩૨ | ૩૫ |
| ૫. | ઝામર | ૩૪ | ૪૨ |
| ૬. | શીતળા | ૨૯ | ૩૫ |
| ૭. | અતિસાર (ગંભીર મરડો) | ૧૧ | ૧૩ |
| ૮. | ખબર નથી | ૧૬૧ | ૧૩૦ |
| ૯. | અન્ય | ૯૪ | ૧૪૪ |
| | **કુલ** | **૧૦૦૦** | **૧૦૦૦** |

રાષ્ટ્રીય નિદર્શ સર્વેક્ષણ સંસ્થા (એનએસએસઓ)ના સર્વેક્ષણ એ હકીકત બહાર આણી છે કે ગ્રામીણ વિસ્તારોમાં દ્રષ્ટિક્ષતિનું વૃદ્ધવય એક મોટું કારણ છે અને તેનું પ્રમાણ દ્રષ્ટિક્ષતિગ્રસ્તોનાં ૨૭ ટકા જેટલું છે. જ્યારે શહેરી વિસ્તારોમાં મોતિયો દ્રષ્ટિક્ષતિનું એક મોટું કારણ છે જેનું પ્રમાણ પણ ૨૭ ટકા છે. આ રીતે ગ્રામીણ અને શહેરી બન્ને વિસ્તારોમાં દ્રષ્ટિક્ષતિ પામેલાઓના લગભગ ૫૦ ટકા ઉપરાંત લોકો વૃદ્ધ વય અને મોતિયાને કારણે છે. આ સર્વેક્ષણ ગ્રામીણ વિસ્તારોમાં ૨૫.૫ ટકા જેટલા અને શહેરી વિસ્તારોમાં ૨૭.૪ ટકા જેટલા દ્રષ્ટિક્ષતિ પામેલાઓ માટે કોઈ નિશ્ચિત કારણ દર્શાવી શકયું નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા- એનપીસીબી સર્વેક્ષણે સ્થાપિત કર્યું છે કે દેશભરમાં દ્રષ્ટિક્ષતિ પામેલાઓના ૮૧ ટકા લોકો મોતિયાને કારણે છે. રાષ્ટ્રીય સર્વેક્ષણના સમયે જે મોટાભાગના લોકોએ દ્રષ્ટિક્ષતિનું કારણ વૃદ્ધ વય દર્શાવ્યું હતું. તેઓએ કદાચ મોતિયાને કારણે તેમની દ્રષ્ટિ ગુમાવી હશે. જો કે બન્ને સર્વેક્ષણોએ મોતિયાને સૌથી મોટુ કારણ હોવાનું દર્શાવ્યું છે છતાં દ્રષ્ટિક્ષતિના અન્ય કારણો વિશે બંને વચ્ચે વિષમતા છે.

o રાષ્ટ્રીય ભારણ (બોજો)

અંધત્વના આગળ પડતા કારણો માટે ૮૦ કરોડની કુલ વસ્તીમાં રાષ્ટ્રીય ભારણ નીચે મુજબ છે.

**કોષ્ટક નં.૫.૧૧**

**દ્રષ્ટિક્ષતિ પામેલા લોકોનું દેશની ૮૦ કરોડ ધારેલી કુલ વસ્તીમાં (રાષ્ટ્રીય) ભારણ**

| **અંધત્વનું કારણ** | **રાષ્ટ્રીય ભારણ (લાખમાં)** |
|---|---|
| મોતિયો | ૨૫૭.૬ |
| વક્રભવનક્ષમ ક્ષતિઓ | ૨૨.૪ |
| કીકીની અપારદર્શકતા | ૧૦.૯ |
| ઝામર | ૬.૩ |
| નેત્રખીલ | ૦.૮ |
| પ્રજીવક-એની ઉણપ | ૦.૧ |
| અન્ય | ૨૦.૩ |
| **કુલ** | **૩૧૮.૪** |

પ્રાપ્તિસ્થાન: વિશ્વ આરોગ્ય સંસ્થા એનપીસીબી સર્વેક્ષણ

નોંધ: મૂળ કોઠામાં સંખ્યા મિલિયનમાં છે જે લાખમાં બદલી છે.

## કોષ્ટક નં.૫.૧૨

## દ્રષ્ટિહીનતાનો પ્રવર્તમાન દર (અંધત્વનો પ્રવર્તમાન દર)

| **આંખ** | **પ્રવર્તમાન દર** | **અંદાજીત સંખ્યા (કુલ ૮૦ કરોડની વસ્તીમાં)** |
|---|---|---|
| બન્ને આંખોમાં | ૧.૪૯% | ૧૧૯.૨ લાખ |
| એક આંખમાં | ૦.૯૨% | ૭૮.૪ લાખ |
| આંખોમાં | ૧.૯૯% | ૩૧૮.૪ લાખ |

પ્રાપ્તિસ્થાન: વિશ્વ આરોગ્ય સંસ્થા એનપીસીબી સર્વેક્ષણ

નોંધ: મૂળ કોઠામાં સંખ્યા મિલિયનમાં છે જે લાખમાં બદલી છે.

## કોષ્ટક નં.૫.૧૩

## ગ્રામીણ-શહેરી વિસ્તારો વચ્ચે વિતરણ

| | |
|---|---|
| અર્થતંત્રમાં કુલ દ્રષ્ટિહીનતા | ૧.૪૯% |
| ગ્રામીણ કુલ દ્રષ્ટિહીનતા | ૧.૬૨% |
| શહેરી કુલ દ્રષ્ટિહીનતા | ૧.03% |

દ્રષ્ટિહીનતાનું ભારણ શહેરી વિસ્તારોની તુલનામાં ગ્રામીણ વિસ્તારોમાં વધુ ઉંચું છે.

## કોષ્ટક નં.૫.૧૪

## સાધ્ય અને અસાધ્ય દ્રષ્ટિહીનતા

## સુધારા થઈ શકે તેવી દ્રષ્ટિહીનતાનું પ્રમાણ

| | શસ્ત્રક્રિયાથી સાધ્ય તેવી | શસ્ત્રક્રીયા વગર સાધ્ય તેવી | સુધારી ન શકાય તેવી | અચોકકસ |
|---|---|---|---|---|
| રાષ્ટ્રીય અનુમાનિત અંદાજ | ૭૭.૪૩% | ૧૦.૬૩% | ૫.૯૯% | ૧૨.૯૯% |
| રાષ્ટ્રીય ભારણ (લાખમાં) | ૧૭૦ | ૨૩.૫ | ૧૩.૨ | ૧૩.૨ |

પ્રાપ્તિસ્થાન: વિશ્વ આરોગ્ય સંસ્થા- એનપીસીબી સર્વેક્ષણ

૮૦ કરોડની વસ્તીની સપાટીએ દેશભરમાં સુધારી શકાય તેવા દ્રષ્ટિહીનતા ધરાવતા લોકોની પાછલી બાકી સંખ્યા ૧૯૩.૫ લાખની છે. અર્થાત આ લોકોની શસ્ત્રક્રિયા કરવાની બાકી છે અને તેઓ દ્રષ્ટિહીનતાથી પીડાય છે. દેશમાં દર વર્ષે મોતિયાની શસ્ત્રક્રિયાનો વર્તમાન અંદાજીત દર ૧૨ લાખ છે. (૧૯૯૨માં) (૧૯૯૮માં તે માત્ર ૨૭ લાખ થયાનું નોંધાયું છે.) જ્યારે એકલુ મોતિયાનું ભારણ ૨૯.૭ લાખથી ૪૬.૭ લાખની વચ્ચે છે. આ રીતે જોતા કોઈ એક વર્ષમાં પીડાતી વ્યક્તિઓના માત્ર ૪૦ ટકા આવરી લેવાય છે. બાકીના ૬૦% મોતિયા માટેની પાછલી બાકીમાં ઉમેરાઈને ૧૯૩.૫ લાખ થયા છે.

વધતા જતા આયુષ્યમાન સાથે આંખના રોગોનું અને વિસંવાદિતાઓનું ભારણ વધી રહ્યું છે, જ્યારે આ વધતા જતા ભારણ સાથે નેત્ર સંભાળ અને નેત્ર-શસ્ત્રક્રિયા માટેની સુવિધાઓ પ્રમાણસર વધતી નથી. પરિણામે આંખની શસ્ત્રક્રિયાની પાછલી બાકી સંખ્યા, અંધત્વનું ભારણ અને દ્રષ્ટિહનતાની પ્રવર્તમાન સ્થિતિ વધ્યા છે.

### ૦ દ્રષ્ટિક્ષતિના કારણોનું વર્ગીકરણ

- ૦ દ્રષ્ટિવિષયક રોગો અને અનિયમિતતાઓ
- ૦ સર્વસામાન્ય અને પ્રણાલિજન્ય રોગો

○ ઈજાઓ અને અકસ્માતો

○ દ્રષ્ટિવિષયક રોગો અને અનિયમિતતાઓ

એ. ફુલેલી આંખ (બુફથાલનોસ): શિશુઓમાં કવચિત જ જોવા મળતો આ બાળ ઝામરનો રોગ છે. શિશુની આંખ સુવાળી સ્થિતિ સ્થાપક હોવાથી આંખના ડોળા પર દબાણ વધતા આંસ વિસ્તૃત થાય છે. આગળ પડતી બહારની ખોલીના આ વિભાગની થિરાગ્રંથીઓનો વિકાસ થંભી જવાથી મોટાભાગે આવુ બને છે. તેને કારણે વધુ પડતુ પાણી નીકળે છે. પ્રકારનો ભય લાગે છે અને કીકી પર વાદળો છવાઈ જાય છે. આંખના બદલાયેલા આકારને લીધે વક્રીભવનક્ષમ ક્ષતિઓ ઉભી થઈ શકે છે.

બી. અલિપ્તનીઝમ: આ એક વારસાગત એવી સ્થિતિ છે જેમાં વાળ, ચામડી અને આંખોનો રંગનો ખામીભર્યો વિકાસ થાય છે. દ્રષ્ટિના 'અલિપ્તનીઝમ'માં આંખોને અસર થાય છે. મુગ્ધાવસ્થા સુધી આવી સ્થિતિ ધીમે ધીમે વધે છે અને અંતે દ્રષ્ટિક્ષમતાના સુધારામાં પરિણમે છે.

૧. નિશાનીઓ

○ દ્રષ્ટિની 'અલિપ્તનીઝમ'ની સ્થિતિમાં વ્યક્તિ પ્રકાશનો ભય ઘટી ગયેલી દ્રષ્ટિની સક્ષમતા, અસ્થિર આંખો અને વક્રીભવનક્ષમ ક્ષતિઓ અનુભવે છે.

○ નિરભ્ર આકાશવાળા સ્વચ્છ દિવસે બહાર નીકળવાનું મુશ્કેલ લાગે છે.

○ ચકચકતો પ્રકાશ મુશ્કેલી ઉભી કરે છે.

૨. સાવચેતીના પગલા

○ આવા બાળકોએ બારીઓ પાસે બેસવું નહી.

○ પ્રકાશની માત્રા અનુકુળ રહે એટલી રાખવી.

○ દૂરની વસ્તુઓ જોવા માટે ચશ્માની જરૂર પડે છે.

○ મુગ્ધાવસ્થાના બાળકોને અનુવંશિક સલાહ સૂચન આપવા.

## સી. રેટિનાઈટીસ પિંગ્મેંટોસા

આંખના પડદાને ધીમે ધીમે ક્ષીણ કરનારો આ વારસાગત રોગ છે. સળીયાઓના કોષ સહિત આંખના પડદાની આજુબાજુની સીમાઓના વિસ્તારમાં તેની અસર પડે છે. તેનાથી રતાંધળાપણું ભુંગળી દ્રષ્ટિ અને અંધારામાં દ્રષ્ટિની અસમર્થતા આવી શકે છે. કેટલાક બાળકો નબળી દ્રષ્ટિવાળા જન્મતા હોવા છતાં આ રોગની શરૂઆત બાળપણથી થઈ શકે છે. તે વધતો જ જાય છે અને મધ્ય વયે અથવા મોટી વયે દ્રષ્ટિહીનતામાં પરિણમે છે. દ્રષ્ટિની સક્ષમતા વારંવાર સામાન્ય થાય છે અને દ્રષ્ટિનું ક્ષેત્ર એટલું નબળું હોય છે કે વ્યક્તિ દ્રષ્ટિહીનતાના વર્ગીકરણમાં આવી જાય છે. તે શ્રવણશક્તિ ગુમાવવા સહિતના અન્ય રોગો સાથે પણ સંકળાયેલ છે.

**o સાવચેતીના પગલા**

- માતા-પિતાઓ અને શિક્ષકોએ સતત નજર રાખવી જોઈએ અને દ્રષ્ટિના કોઈ ફેરફાર થાય તો તેની નોંધ રાખવી જોઈએ.
- વ્યક્તિના સામાજીક અને માનસિક તેમજ વર્તાણુંક સંબંધી સમસ્યાઓ સમજીને તેમનો સહાનુભૂતિપૂર્વક નિકાલ કરવો જોઈએ.
- બારીકાઈથી જોવાના અને સામાન્ય દ્રષ્ટિ જાળવી રાખવાના દ્રષ્ટિના કૌશલ્ય કેળવવાની તાલીમ આપવી જોઈએ.
- આકલન અને હલનચલનની તાલીમ આપવી.
- વ્યક્તિને અનુવંશશાસ્ત્રીય સલાહ સૂચન આપવા.

ડી. આંખનો પડદો ખસી જવો

આંખની અંધના ભાગમાં નેત્રપટલના રક્ષણ અને કાર્ય માટે જે પાતળી ચામડીનો થર હોય છે તે તેના પરથી અલગ પડી જાય છે અથવા ખસી જાય છે. તેના સારવાર કરવાની દ્રષ્ટિથી બે વર્ગ પડે છે.

૨. સાદુ પડદાનું ખસવું: નેત્રપટલમાં કાણું વિકસવાથી પડદો ખસવાના કારણોમાં ટુંકી દ્રષ્ટિનું ઘસાતા જવું, મધુપ્રમેહ, મધુ પ્રમેહને કારણે આંખમાં વિષમતાઓ સર્જાવી વગેરે હોઈ શકે. પડદો ખસવાથી કોઈપણ પ્રકારના દર્દ વગર દ્રષ્ટિ જતી રહે છે, આંખમાં પ્રકાશના ચમકારા દેખાય છે. દ્રષ્ટિક્ષેત્રને નુકશાન થાય છે, અને દ્રષ્ટિની સક્ષમતા ઘટી જાય છે. સામાન્યત: તેની સારવાર બેકાર સર્જરીથી અને કાર્યા સર્જરીથી થાય છે.

## ૧. દ્વિતીયકક્ષાનું પડદાનું ખસવું

આંખના તંત્રમાં અન્ય કોઈ ઘટના બનવાથી સર્જાતા અને યાંત્રિક કારણસર પડદો ખસી જવો.

## ઈ. મધુ પ્રમેહ

આ એક વારસાગત ખામી છે અને તે નેત્રપટને અસર કરે છે. 'ડાયેબેટિક રેટિનોપેથી' તરીકે પણ તે ઓળખાય છે અને મધુપ્રમેહ ૧૦ વર્ષ જૂનો થાય પછી તે સામાન્યત: જોવા મળે છે તેને કારણે મોટી વયે આવતો મોતિયો ઘણી નાની વયમાં જ સામાન્ય કરતા ઘણી વધુ ઝડપથી વિકસે છે. તેનાથી દ્રષ્ટિમાં વધઘટ થાય છે, રંગ અંધતા આપે છે. અથવા દ્રષ્ટિક્ષેત્રને નુકશાન થાય છે. વક્રભવનક્ષમ ક્ષતિઓ સર્જાય છે અને દ્રષ્ટિની સક્ષમતા ઘટે છે તેની આહાર નિયંત્રણ, ચશ્માના નિદાન અને રેટિનોપથી માટેના લેસર ઉપચાર સાથે તબીબી સારવાર કરવામાં આવે છે.

## એફ. નેત્રખીલ

કંજંકિટવા અને આંખની કીકીનો આ એક કાયમી સ્વરૂપનો ચેપી રોગ છે, જે 'કલામિડિયા' સજીવ તત્વથી થાય છે. તેનો પ્રાથમિક ચેપ 'કંજકિટવા અને 'ફોવિકલ'ને લાગે છે અને તે આંખની કીકી સુધી પ્રસરતા ચાંદા પડે છે. પોપચા કદરૂપા બની જતા પાપણના વાળ અવળી દિશામાં વળે છે. જે વધુ ગુંચવણ ઉભી કરે છે. કદરૂપ બનેલા પોપચાઓને સુધારવા દવાઓ અને શસ્ત્રક્રિયાની સારવાર આપી શકાય છે.

**જી. ઝામર**

આગળ ઉપસેલ બહારના ભાગની ખોલીના ખૂણે આવેલ પ્રવાહી વહન કરતી નળીમાં (ચેનલમાં) અવરોધ આવવાથી ઝામર થાય છે તેનાથી અક્ષાંતર દબાણ વધે છે જે આંખ માટે નુકશાનકાર નીવડે છે. સામાન્યત: તે વારસાગત, ચિહ્નાત્મક, સ્થિતિ છે.

**એચ. મોતિયો**

લેટીન ભાષામાં ‘કેટરેકટ’ શબ્દનો અર્થ ‘જલધોધ’ થાય છે. આંખમાં કીકીનો છાકાચ વાદળછાયો અને અપારદર્શક બને ત્યારો તેના પર જળધોધ દેખાવાથી તેનું આવું નામ આપ્યું છે. તે શિરાગ્રંથીઓની અંદર જ શારીરિક અને રાસાયણીક પ્રક્રિયાઓ બદલાઈ જવાને લીધે જે પારદર્શકતાનો નાશ થાય તેના સંદર્ભ દર્શાવે છે. સામાન્યત: મોટી ઉંમરે મોતિયો થાય છે જો જન્મ વખતે જ તે શિશુની આંખમાં હોય તો તેને ‘જન્મજાત મોતિયો’ (કન્જેનિટલ કેટરેકટ) કહેવાય છે.

**કોષ્ટક નં.૫.૧૫**

| **અ.નં.** | **મધ્યસ્થ સંસ્થા અથવા પ્રાપ્તિસ્થાન પ્રાપ્તિસ્થાન** | **વર્ષ** | **દ્રષ્ટિહીનની સંખ્યા (મિલિયમમાં)** | **કુલ વસ્તી ટકા (%)** |
|---|---|---|---|---|
| એ. | ભોરે સમિતિ | ૧૯૪૪ | ૨.૦૦ | ૦.૫૭ |
| બી. | આરોગ્ય મંત્રાલય | ૧૯૬૩ | ૪.૫૦ | ૧.૦૦ |
| સી. | આઈસીએમઆર અભ્યાસ | ૧૯૭૧-૭૪ | ૯.૦૦ | ૧.૪૦ |
| ડી. | એનએસએસઓ સર્વેક્ષણ | ૧૯૮૧ | ૩.૪૭ | ૦.૫૦ |
| ઈ | ડબલ્યુએચઓ-એનપીસીબી સર્વેક્ષણ | ૧૯૮૬ | ૧૨.૦૦ | ૧.૪૯ |

પ્રાપ્તિસ્થાન: ડબલ્યુએચઓ-એનપીસીબી સર્વે ૧૯૮૧-૮૬.

સર્વે ઓફ ડિઝેબલ્ડ પર્સન્સ, એનએસએસઓ (૧૯૯૧)

આ રીતે દરેક અંદાજ અને સર્વેક્ષણ સમયે દ્રષ્ટિક્ષતિ પામેલાઓની વસ્તીના અંદાજ

કુલ વસ્તીના ૦.૪૭% થી ૧.૪૯%ની મર્યાદામાં બદલાતા રહ્યા છે. હાલ સુધી આઈસીએમઆર અભ્યાસ (૧૯૭૧-૭૪) મુજબનો ૯ મિલિયમ વસ્તી હોવાનો અંદાજ વ્યાપક રીતે સ્વીકારાયેલો છે અને તેનો આધારભૂત તરીકે ઉલ્લેખ થાય છે. નેશનલ એસોસીએશન ઓફ ધ બ્લાઈન્ડની રૂરલ એકિટવીટીઝ કમીટીએ દેશભરમાં પ્રસરેલી ગ્રામીણ વિસ્તારોની ૧૦૮ પરિયોજનાઓના સ્થળે ઘર-ઘર ફરીને કરેલા સર્વેક્ષણ પણ દ્રષ્ટિક્ષતિ પામેલાઓની વસ્તી કુલ વસ્તીના ૦.૫%ના તારણો તેમજ  નેશનલ સેમ્પલ સર્વે ૧૯૯૧ના તારણો એકબીજા સાથે મળતા આવે છે.

નેશનલ સેમ્પલ સર્વે આ રીતે દેશની દ્રષ્ટિક્ષતિ પામેલાઓની વસ્તીનો અત્યંત રૂઢિચુસ્ત વિચારસરણીથી અંદાજ કરે છે. પરંતુ સંભવત તે અત્યંત વાસ્તવિક અંદાજ છે.

## ૦ વિકલાંગપણું એટલે શું ?

એક વ્યાખ્યા પ્રમાણે 'વિકલાંગપણું એટલે કોઈપણ ક્ષતિ જે વ્યક્તિના સામાન્ય વિકાસને અવરોધે છે' આમ અહી વિકલાંગપણા ને વિસ્તૃત ખ્યાલ લક્ષમાં લેવામાં આવ્યો છે.

લંડનમાં પ્રસિધ્ધ થયેલ વોરનોડ રિપોર્ટમાં આવા બાળકોની વ્યાખ્યા તેમણે શૈક્ષણિક જરૂરિયાતોના સંદર્ભમાં આપે છે, કે શારીરિક ક્ષતિવાળા બાળકોને વિકલાંગપણુ શારીરિક કરતા માનસિક અને વિશેષ તો શૈક્ષણિક રીતે કેટલો અને કેવી અસર કરે છે તે ખ્યાલમાં લેવું જોઈએ તેમ ના રિપોરનું કહેવું છે.

ભારતમાં ૧૯૯૫માં વિકલાંગ વ્યક્તિઓના ધારામાં તેમજ દ્રષ્ટિહીનતા નિયંત્રણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ (નેશનલ પ્રોગ્રામ કન્ટ્રોલ બ્લાઈન્ડનેસ- એનપીસીબી) માં દ્રષ્ટિક્ષતિ નીચે પ્રમાણેની વિસ્તૃત વ્યાખ્યા અપનાવેલી છે.

## ૦ દ્રષ્ટિહીનતા

જ્યાં કોઈ વ્યક્તિ નીચે દર્શાવેલીમાંથી કોઈપણ એક જેવો અનુભવ કરે ત્યારે તેને દ્રષ્ટિહીનતા ગણવામાં આવે છે.

- ૦ દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ હોવો.
- ૦ દ્રષ્ટિ સુધાર કૃત્રિમ કાચથી દ્રષ્ટિની સક્ષમતા ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ સ્નેલેનથી વધુ ન હોવી અથવા
- ૦ દ્રષ્ટિના ક્ષેત્રની મર્યાદા ૨૦ અંશ કોણ સુધીની અથવા તેનાથી વધારે ખરાબ હોવી.

અહી દ્રષ્ટિહીનતા નકકી કરવા માટે દ્રષ્ટિની સક્ષમતા અને દ્રષ્ટિનું ક્ષેત્ર બન્નેને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

## ૦ અલ્પ દ્રષ્ટિ

૧૯૯૫નો વિકલાંગ વ્યક્તિઓનો ધારો અલ્પ દ્રષ્ટિને પણ દ્રષ્ટિક્ષતિના એક પ્રકાર તરીકે માન્યતા આપે છે અને તેઓ નીચે પ્રમાણે અર્થ દર્શાવે છે.

‘અલ્પદ્રષ્ટિવાળી વ્યક્તિ એટલે સારવાર પછી પણ અથવા પ્રમાણિત વક્રીભવનક્ષમ ક્ષતિમાં સુધારો કર્યા પછી પણ જેની દ્રષ્ટિમાં ખામી રહી હોય તેવી વ્યક્તિ પરંતુ જે યથાયોગ્ય સહાયક સાધન વડે દ્રષ્ટિનો ઉપયોગ કાર્યના આયોજન અને અમલ માટે કરતી હોય અથવા કરવાને સક્ષમ હોય.’

આ વ્યાખ્યા અધૂરી છે. કારણ કે અજાણતામાં તે દ્રષ્ટિની સક્ષમતાને અને દ્રષ્ટિના ક્ષેત્રને સંખ્યામાં ગણવાનું ટાળે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની વ્યાખ્યામાં પણ તેમ ગણવામાં આવ્યું નથી. ઉપરની વ્યાખ્યામાં નીચે પ્રમાણેનું સંખ્યામાં ગણવાનું ઉમેરીને ફેરફાર કરવો ઈચ્છનીય છે.

‘અલ્પ દ્રષ્ટિજન એટલે એવા લોક જેમની સારી આંખની શકય તેટલી ઉતમ સારવાર અને સુધારા પછી પણ દ્રષ્ટિની સક્ષમતા ૨૦/૨૦૦ થી ૭૦/૨૦૦ સ્નેલેનની વચ્ચે હોય અથવા ૬/૧૮ થી ૬/૬૦ ની વચ્ચે હોય દ્રષ્ટિનું ક્ષેત્ર ૨૦ અંશથી ૩૦ અંશના ખૂણા વચ્ચે હોય.’

વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ-૧૯૯૨) ની અલ્પ દ્રષ્ટિની કામકાજની વ્યવહારમાં ઉપયોગમાં લેવાની) વ્યાખ્યા નીચે મુજબ છે.

'અલ્પ દ્રષ્ટિવાળી વ્યક્તિ એટલે એવી વ્યક્તિ જેની દ્રષ્ટિની કામગીરીમાં સારવાર લીધા પછી પણ અથવા પ્રમાણિત વક્રીભવનથી સુધારો કર્યા પછી પણ દ્રષ્ટિક્ષતિ થઈ હોય અને જેની પ્રકાશની પ્રતીતિ થવા માટે દ્રષ્ટિની સક્ષમતા ૬/૧૮ થી ઓછી હોય અથવા જેનું દ્રષ્ટિ ક્ષેત્ર નિશ્ચિત સ્થિર કરેલા બિંદુથી ૧૦ અંશ ઓછું હોય અને છતા જે પોતાની દ્રષ્ટિનો ઉપયોગ કાર્યના આયોજન અને/અથવા અમલમાં કરતી હોય અથવા કરવા માટેની સુષુપ્ત શક્તિઓથી સંપન્ન હોય.'

આ વ્યાખ્યામાં બે અગત્યના ગણેલા મુદાઓ પર ભાર મૂકયો છે.

૧. દ્રષ્ટિમાં ગણનાપાત્ર ઘટાડો થયો છે.

૨. દ્રષ્ટિની કામગીરી પર ખરાબ અસર થઈ હોવા છતાં જે કંઈ માત્રમાં ઓછી દ્રષ્ટિ હાજર છે તેનો ઉપયોગ કરી શકવાની સંભાવના છે.

આ બીજો મુદો અત્યંત મહત્વનો છે. કારણ કે જો ઉપયોગમાં લઈ શકાય તેવી દ્રષ્ટિની માત્ર મોજૂદ હોય તો તેવી દ્રષ્ટિને તાલીમ આપીને તેને ઉપયોગમાં લેવાની તેમાં શકયતા સમાયેલી છે. વધુમાં આવી વ્યક્તિને 'દ્રષ્ટિહીન' તરીકેનું બિરુદ પણ આપી શકશે નહી.

## કોષ્ટક નં. ૫.૧૬

## દ્રષ્ટિ-ક્ષતિના પ્રકાર

### વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા

| પ્રકાર | સુધારો કર્યા પછીની દ્રષ્ટિની સક્ષમતા વધુ સારી આંખ | પ્રમાણભૂત | કામકાજની (વ્યવહારમાં ઉપયોગમાં લેવાના) | ભારતની વ્યાખ્યા |
|---|---|---|---|---|
| ૦ | ૬/૬- ૬/૧૮ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧ | ૨૬/૧૮-૬/૬૦ | દ્રષ્ટિ-ક્ષતિ | અલ્પદ્રષ્ટિ | અલ્પદ્રષ્ટિ |
| ૨ | ૨૬/૬૦-૩/૬૦ | અતિશય દ્રષ્ટિ-ક્ષતિ | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૩ | ૨૩/૬૦-૧/૬૦ | દ્રષ્ટિહીન | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૪ | ૨૧/૬૦- 'પ્રકાશની પ્રતિતી થતી' | દ્રષ્ટહીન | અલ્પદ્રષ્ટિ | દ્રષ્ટિહીન |
| ૫ | 'પ્રકાશની પ્રતીતિ ન થવી' | દ્રષ્ટિહીન | સદંતર દ્રષ્ટિહીન | સદંતર દ્રષ્ટિહીન |

વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની પ્રમાણભૂત વ્યાખ્યાનો ઉપયોગ તેના તબીબી અહેવાલોમાં તેમજ પ્રકાશનોમાં થાય છે અને તે માત્ર દ્રષ્ટિની સક્ષમતા પર આધારિત છે અને દ્રષ્ટિની કામગીરીની નોંધ લેતી નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની કામકાજની (વ્યવહારમાં ઉપયોગમાં લેવાની) વ્યાખ્યા તેણે ૧૯૯૨ની સલાહ મસલત પછી અપનાવેલી છે. આ વ્યાખ્યાનો ઉપયોગ અહેવાલ તૈયાર કરવાના હેતુ માટે થાય છે પણ સેવાઓ પ્રાપ્ત કરવાના લાયકાતના ધોરણ તરીકે તેનો ઉપયોગ કરવાનો નથી.

કામકાજની વ્યાખ્યાનું મહત્વ લોકોને જે નામનું 'બિરુદ' આપવામાં આવે તેમાં સમાયેલું છે. જો કોઈ વ્યક્તિની દ્રષ્ટિની સક્ષમતા ૨/૬૦ હોય તો તેની દ્રષ્ટિ થોડો પણ

ઉપયોગ કરી શકાય તેટલી તો હોય જ છે. દા.ત., હલનચલન માટે તેમ છતાં તેને કે તેણીને ‘દ્રષ્ટિહીન’ એવું ‘બિરુદ’ આપવામાં આવશે. તેના પરિણામ સ્વરૂપે એવી વ્યક્તિ સાથે તે દ્રષ્ટિહીન છે એવી રીતે જ વર્તવામાં આવશે. આ વ્યાખ્યા ઉપયોગ કરી શકાય એવી દ્રષ્ટિની અવગણના કરે છે. કાનૂની દ્રષ્ટિહીનતા અને કામકાજની દ્રષ્ટિહીનતા અથવા અલ્પદ્રષ્ટિ વચ્ચે તફાવત તો હોવો જ જોઈએ ને.

વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની પ્રમાણભૂત વ્યાખ્યા મુજબ સારી કર્યા પછીની આંખની અર્થાત શકય તેટલો મહતમ સુધારો કર્યા પછીની આંખની દ્રષ્ટિની સક્ષમતા ૩/૬૦ કરતા ઓછી છે. જ્યારે ભારતની વ્યાખ્યામાં તે ૬/૬૦ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની કામકાજની વ્યાખ્યા અનુસાર, અલબત દ્રષ્ટિહીનતા ‘પ્રકાશની પ્રતિતી થવી’ ના તબકકે શરૂ થાય છે અથવા જ્યારે (જે તબકકે) વ્યક્તિની ઉપયોગકારક દ્રષ્ટિ હોતી નથી તેવી જ રીતે ભારતમાં વ્યક્તિની દ્રષ્ટિની સક્ષમતા ૩/૬૦ કરતા વધુ સારી પણ ૬/૬૦ જેટલી અથવા તેનાથી ઓછી હોય ત્યારે તેને ‘દ્રષ્ટિહીન’ તરીકે લેખવામાં આવે છે જ્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) તેવી વ્યક્તિને ‘અલ્પદ્રષ્ટિ’ તરીકે ગણે છે.

ભારતમાં ૬/૬૦ કરતા ઓછી દ્રષ્ટિની સક્ષમતા ધરાવતી વ્યક્તિ કાનૂની રીતે દ્રષ્ટિહીન છે, જેના આધારે તે કેટલીક સેવાઓ અને નાણાંકીય લાભ મેળવી શકે છે. જ્યારે કામકાજની વ્યાખ્યા આધારે જોઈ શકાય છે કે કાનૂની રીતે દ્રષ્ટિહીન વ્યક્તિની કેટલાક ચોકકસ કાર્યો કરી શકાય તેવી ઉપયોગકારક દ્રષ્ટિ તો હોય જ છે. આ બાબત એ હકીકતનો નિર્દેશ કરે છે કે તેઓ પાસે કાર્યલક્ષી દ્રષ્ટિ તો હોય જ છે જે કોઈ ખાસ હેતુ માટે દ્રષ્ટિનો ઉપયોગ હોવાનું દર્શાવે છે.

ભારત માટે અથવા અન્ય વિકસતા દેશો માટે દ્રષ્ટિહીનતાની કાનૂની વ્યાખ્યાને દ્રષ્ટિની સક્ષમતા ૬/૬૦ (૨૦/૨૦૦ સ્નેલેન) અથવા તેનાથી ઓછી અને દ્રષ્ટિનું ક્ષેત્ર ૨૦ અંશ કોણ કે તેનાથી ઓછું એવી સપાટીઓ એ જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. પ્રવાસ

રાહતો, શિષ્યવૃતિ અને અન્ય લાભ હાલમાં અત્યંત મામુલી જ છે. જો ‘પ્રકાશની પ્રતિતિ’ થવીથી ‘પ્રકાશની પ્રતીતિ ન થવી’ ને દ્રષ્ટિહીનતા ગણવામાં આવે તો મોટી સંખ્યામાં જે વ્યક્તિઓ અત્યારે આ બધી રાહતો ભોગવે છે તેઓ આ લાભો મેળવવા માટેની લાયકાતના ધોરણોની બહાર જતી રહેશે અને આ લાભો મેળવવા માટેની લાયકાતના ધોરણોની બહાર જતી રહેશે અને આ લાભોથી વંચિત થઈ જશે. વૈકલ્પિક રીતે જો આ બધી રાહતો વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ની વ્યાખ્યા મુજબ જેમની દ્રષ્ટિની સક્ષમતાની મર્યાદા ૬/૧૮થી ‘પ્રકાશની પ્રતીતિ થવી’ સુધીની છે તેમાં સૌને આવરી લેવામાં આવે તો યથાયોગ્ય સરકાર નાણાકીય મુશ્કેલીઓને કારણે તેઓ સૌની રાહતો માટેની માંગ સંતોષી શકશે નહી. ભારત માટે અને અન્ય વિકસતા દેશો માટે ૧૯૯૫ના વિકલાંગ વ્યક્તિઓના ધારામાં અપનાવ્યા મુજબની દ્રષ્ટિહીનતાની વ્યાખ્યા જાળવી રાખવી ઈચ્છનીય છે. દા.ત. દ્રષ્ટિની સક્ષમતા ૬/૬૦ (૨૦/૨૦૦) અથવા ઓછી હોવી અને દ્રષ્ટિનું ક્ષેત્ર ૨૦ અંશ કોણ અને ઓછું હોવું. ઉપરાંત એવી તમામ વ્યક્તિઓ જેમની સક્ષમતાની મર્યાદા ૬/૧૮ થી ૬/૬૦ (૨૦/૬૦ થી ૨૦/૨૦૦) સુધીની હોય તેઓ સૌને અલ્પ-દ્રષ્ટિવાળી ગણી હોવી જોઈએ.

અર્થાત ભારતીય સંદર્ભમાં અલ્પદ્રષ્ટિની ભલામાણ કરેલી વ્યાખ્યા આવી હોવી જોઈએ: ‘અલ્પદ્રષ્ટિ જન તેઓનેજ કહેવા જેમેની દ્રષ્ટિની સક્ષમતા ૨૦/૨૦૦ થી ૭૦/૨૦૦ (સ્નેલેન) વચ્ચે હોય અથવા ઉતમ શકય સુધારો કર્યા પછીની સારી કરેલી દ્રષ્ટિની સક્ષમતા ૬/૧૮ થી ૬/૬૦ વચ્ચેની હોય.

## o બધિર-દ્રષ્ટિહીન વ્યક્તિઓ

બધિર-દ્રષ્ટિહીનતા એક એવી સ્થિતિ છે. જેમાં બધીરતા અને દ્રષ્ટિહીનતાથી નિપજતી મુશ્કેલીઓ કરતા જુદી જ સેવા સૌ બાળકો અને પ્રૌઢોને આવરી લે છે જેઓ દ્રષ્ટિ અને શ્રવણની ક્ષતિઓની જુદી જુદી માત્રથી પીડાતા હોય અને કદાચ તેઓ માહીતીની આપ-લેની, વિકાસની, અને શિક્ષણની સમસ્યાઓ નિપજાવી શકે તેવી શીખવાની સમસ્યાઓ અને

શારીરિક અસમર્થતાઓ પત્ર અનુભવતા હોય તેમાં એવા સૌ બાળકોનો અને પ્રૌઢોનો સમાવેશ થાય છે જેઓ;

- દ્રષ્ટહીનતા સાથે અતિશય બધિર
- દ્રષ્ટિહીન અને ઘાણું ઓછું સાંભળી શકે તેવા
- અંશત: દ્રષ્ટિ હોવા છતાં અતિશય બધિર અને
- અંશત: દ્રષ્ટિ સાથે અતિશય અથવા અંશત: સાંભળી શકે તેવા બધિર

'બ્રેઈલ': સામાન્ય પરિચય

પ્રસ્તાવના

બ્રેઈલ-વાંચન અને લેખન

'બ્રેઈલ'નો વિકાસ

ભારતમાં 'બ્રેઈલ'ની છપાઈ

'બ્રેઈલના પ્રદાનનું મહત્વ નિવારી ન શકાય એવી કટોકટીના ઉકેલ આપવામાં સમાયેલું છે. વાંચન અને લેખન મારફતે અસરકારક માહિતીની આપ-લે કરવાની (બ્રેઈલ)ની પ્રણાલિ વગર દ્રષ્ટિહીન બાળકનું શિક્ષણ નિ:શંક રીતે અંધકારમય મધ્યયુગથી જે પ્રમાણે ચાલ્યુ આવતુ હતું તેવું જ ચાલ્યું રહ્યું હોય.'

-લોવેનફેલ્ડ-૧૯૭૫

## ૧. પ્રસ્તાવના

### ૧.૧ સંશોધક

દ્રષ્ટિહીન માટેની ઉપસાવેલી લિપિનું 'બ્રેઈલ' નામ આ ૬ ટપકાની પ્રણાલિના શોધક ફ્રાન્સના પેરિસ પાસે આવેલા કુપ્રેના મિસ્ટર લુઈ બ્રેઈલના નામ પરથી પાડવામાં આવ્યું છે.

લુઈ બ્રેઈલ: જન્મ: ૫ જાન્યુઆરી, ૧૮૦૯

મૃત્યુ: ૬ જાન્યુઆરી, ૧૮૫૨

ફ્રાન્સના ચાર્લ્સ બાબિસરે ફ્રેન્ચ ગુપ્તચર માહિતી સંસ્થાના ઉપયોગ માટે ૧૨ ટપકાની ગુપ્ત સંકેતસંજ્ઞા પ્રણાલિ તૈયાર કરેલી તેને આધારે લુઈ બ્રેઈલે ઉપસાવેલા ૬ ટપકાની પ્રણાલી વિકસાવી હતી.

## ૧.૨ પ્રણાલિ

બ્રેઈલ એ વાંચન અને લેખન માટેનો સ્પાર્શિક અભિગમ છે. બ્રેઈલની પાયાની મૂળ સંજ્ઞાને 'બ્રેઈલ સેલ' (બ્રેઈલ કોષ) કહેવામાં આવે છે. તે તારસ આકારમાં ૬ ટપકા ગોઠવીને બનેલી છે જેમાં ત્રણ ટપકા ઉપરથી નીચેની દિશામાં અને બે ટપકા પહોળાઈની દિશામાં ગોઠવેલા છે. અર્થાત તે ત્રણ સ્તંભ અને બે હારની બનેલરી છે. દાહ.ત.

બ્રેઈલ નીચે મુજબ ગોઠવેલા અને સંખ્યાકન કરેલા ૬ ટપકાઓના વિવિધ સંયોજનોનો ઉપયોગ કરીને રચેલી ઉપસાવેલી નિશાનીઓની પ્રણાલી છે.

૧ ○ ○ ૪

૨ ○ ○ ૫

૩ ○ ○ ૬

આ કોષોની ૬૩ વિવિધ સંયોજનોમાં ગોઠવણી થઈ શકે છે જેનું દરેક સંયોજન બારાખડીના જુદા જુદા અક્ષર દર્શાવે છે. પ્રમાણિત ગુજરાતી બ્રેઈલની નીચેની યોજના તેનું ઉદાહરણ છે.

## ૧.૨.૧ ગુજરાતી બ્રેઈલ

બ્રેઈલ ગુજરાતી વર્ણમાળા




બ્રેઈલની સુંદર વાણીના ધ્વનિશાસ્ત્ર પર આધાર રાખે છે. કોઈપણ ભાષા હોય ગુજરાતી, મરાઠી, હિંદી, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, ચીની કે જાપાની વગેરે તે દરેકમાં એક જ પ્રકારના વાણી-ધ્વનિ માટે બ્રેઈલમાં એક સરખી નિશાની છે. અ. દા.ત. અંગ્રેજીમાં વર્ણાક્ષર 'બ' અને ગુજરાતી, મરાઠી કે હિન્દીમાં વર્ણાક્ષર 'બ' માટે બ્રેઈલમાં એક સરખા જ ટપકા છે.



## ૧.૨.૨ ગુજરાતી લખાણમાં ઉપયોગ થતા ચિહ્નો (બ્રેઈલમાં)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ⠂ | ⠆ | ⠒ | ⠲ | ⠖ | ⠶ |
| અલ્પવિરામ | અર્ધવિરામ | ગુરુવિરામ | પૂર્ણવિરામ | આશ્ચર્ય ઉદ્‌ગાર | ( )કૌસ શરૂ અને પૂર્ણ |

| | | | |
|---|---|---|---|
| ⠦ | ⠴ | ⠔ | ⠼ |
| ''અને? અવતરણ શરૂ અને પ્રશ્નાર્થ માટે | અવતરણ પૂરું | ફૂદડી (તારક ચિહ્ન) | સંખ્યા સૂચક ચિહ્ન |

## ૧.૨.૩ગુજરાતી સંક્ષેપ સંહિતા (બ્રેઈલમાં)

| અ.નં. | ચિહ્ન | ને માટે | અ.નં. | ચિહ્ન | ને માટે |
|---|---|---|---|---|---|
| ૧. | ⠁ | અને | ૧૪. | ⠃ | બથા |
| ૨. | ⠔ | જે | ૧૫. | ⠍ | મારા |
| ૩. | ⠥ | ઉપર | ૧૬. | ⠗ | રહ્યા |
| ૪. | ⠅ | કહ્યા | ૧૭. | ⠇ | લાગ્યા |
| ૫. | ⠛ | ગયા | ૧૮. | ⠧ | વળી |
| ૬. | ⠬ | કર | ૧૯. | ⠩ | શું |
| ૭. | ⠉ | ચાલ્યા | ૨૦. | ⠎ | સાથે |
| ૮. | ⠴ | જો | ૨૧. | ⠓ | હતા |
| ૯. | ⠣ | ઘણા | ૨૨. | ⠋ | એક |
| ૧૦. | ⠞ | તારા | ૨૩. | ⠢ | તે |
| ૧૧. | ⠹ | થયા | ૨૪. | ⠶ | કે |
| ૧૨. | ⠏ | પણ | ૨૫. | ⠤ | તો |
| ૧૩. | ⠖ | ફરી | | | |

નોંધ: આ સંક્ષેપ સહિત ઉદાહરણ તરીકે આપેલ છે, તેમાં બધી જ વિગતોનો સમાવેશ થતો નથી.

બ્રેઈલમાં સંખ્યા લખવા માટે અર્થાત ૧થી૯ અને શૂન્ય માટે નીચેની બ્રેઈલ સંજ્ઞાઓનો

ઉઉપયોગ થાય છે. તે દરેકની આગળ નીચેનું સંખ્યા સૂચક ચિહ્ન મૂકવાની સંખ્યા અને છે.

સંખ્યા સૂચક ચિહ્ન ⠼

| | | | |
|---|---|---|---|
| ⠂ | ⠆ | ⠒ | ⠲ |
| ૧ માટેની બ્રેઈન સંજ્ઞા | ૨ માટેની બ્રેઈન સંજ્ઞા | ૩ માટેની બ્રેઈન સંજ્ઞા | ૪ માટેની બ્રેઈન સંજ્ઞા |
| ⠢ | ⠖ | ⠶ | ⠦ |
| ૫ માટેની બ્રેઈન સંજ્ઞા | ૬ માટેની બ્રેઈન સંજ્ઞા | ૭ માટેની બ્રેઈન સંજ્ઞા | ૮ માટેની બ્રેઈન સંજ્ઞા |
| ⠔ | ⠴ | | |
| ૯ માટેની બ્રેઈન સંજ્ઞા | શૂન્ય માટેની બ્રેઈન સંજ્ઞા | | |

દા.ત.

સંખ્યા ૧ લખવી હોય તો
⠼⠂

સંખ્યા ૫ લખવી હોય તો
⠼⠢

સંખ્યા ૫૨ ૧૨ લખવી હોય તો
⠼⠂⠆

સંખ્યા ૧૨૫ લખવી હોય તો
⠼⠂⠆⠢

## ૧.૨.૪.૧ અપૂર્ણાંક સંખ્યાઓ અને દશાંત પ્રણાલી

અપૂર્ણાંક સંખ્યા લખવા અંશની સંખ્યા અને છેદની સંખ્યા વચ્ચે નીચેના અપૂર્ણાંક ચિહનો ઉપયોગ થાય છે. ⠌

૪/૫= ⠼⠲⠌⠢

સંખ્યા દશાંશ પદ્ધતિથી લખવી હોય તો નીચેના દશાંશ સૂચક ચિહ્ન ઉપયોગ થાય છે. ⠨

ઉદાહરણ

| .૫ | ૨.૫ | ૨.૦૫ |
|---|---|---|
| ⠼⠨⠢ | ⠀⠀⠀⠀ | ⠼⠆⠨⠶⠢ |

૧.૨.૪.૨ ગણિતની પ્રક્રિયાના ચિહ્ન

સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર માટે બ્રેઈલ સેવાઓનો નીચે પ્રમાણે ઉપયોગ થાય છે.

| સરવાળા સૂચક ચિહ્ન | બાદબાકી સૂચક ચિહ્ન | ગુણાકાર સૂચક ચિહ્ન |
|---|---|---|
| + | – | × |
| ⠬ | ⠤ | ⠈⠡ |
| **ભાગાકાર સૂચક ચિહ્ન** | **બરાબર સૂચક ચિહ્ન** | **પ્રતિશત સૂચક ચિહ્ન** |
| ÷ | = | % |
| ⠨⠌ | ⠨⠅ | ⠈⠴ |

ઉપરાંત 'થી વધુ' અને 'થી ઓછા' માટે નીચેના ચિહ્નો ઉપયોગ ચલનમાં છે.

| 'થી વધુ' સૂચક ચિહ્ન | 'થી ઓછા' સૂચક ચિહ્ન |
|---|---|
| > | < |
| ⠨⠂ | ⠐⠅ |

ગણિતની પ્રક્રિયાનાં ચિહ્નોનો ઉપયોગ દર્શાવતા ઉદાહરણો

સરવાળો (+) ૩+૪ 

બાદબાકી (-) ૮-૨ 

ગુણાકાર (x) ૪ ૫ 

ભાગાકાર (÷) ૫ ÷ ૪ 

બરાબર (=) ૪ +૫ = ૯ 

પ્રતિશત(%) ૪% 

૨. બ્રેઈલ: વાંચન અને લેખન

બ્રેઈલ વાંચવા અને લખવા સાથે નીચેની બાબતો સંકળાયેલી છે.

એ. પુર્વ-બ્રેઈલ તાલીમ

બી. તત્પરતા કસોટીનું વાંચન

સી. બ્રેઈલનું વાંચન

ડી. બ્રેઈલમાં લેખન

## ૨.૧ પૂર્વ-બ્રેઈલ તાલીમ

બ્રેઈલમાં વાંચન અને લેખન કરવાના કૌશલ શીખવતા પહેલા અગત્યનું એ છે કે બાળક સારા પ્રમાણમાં સ્પર્શથી ભેદ ઓળખવાનું અને આંગળીઓનું કસબ વિકસાવે. બાળકને હાથ વચ્ચે સંકલન, આંગળીઓનું ઝડપથી ફરવું, સ્પર્શથી તફાવતોનું ઓળખવું અને સ્નાયુઓનું કલાત્મક સંકલન ઈ.વિકસાવવા માટે વિવિધ પ્રવૃતિઓ કરવા ઉતેજન આવવું જોઈએ. ૬ ટપકાઓના સંયોજનોનો ઉપયોગ કરીને બ્રેઈલ શીખવા પૂર્વેના વિવિધ કાર્યપત્રકો વિકસાવવા ઈચ્છનીય છે. આ કાર્યપત્રકો બાળકને આંગળીઓને ડાબેથી જમણી તરફ ફેરવવાની તાલીમ

આપે છે, ટપકાઓના સ્થાનની નિશ્ચિત ઓળખ કરાવે છે અને બ્રેઈલ ટપકાઓ વચ્ચેના તફાવત સ્પષ્ટ કરે છે.

## ૨.૨ બ્રેઈલનું વાંચન

પૂર્વ-બ્રેઈલ તાલીમ અને બ્રેઈલ તત્પરતા કસાટી અને બ્રેઈલના વાંચનમાં પરિણમવા જોઈએ. વુલ્ફગેંગ સ્ટેઈન બ્રેઈલ શીખવવામાં વૈજ્ઞાનિક અભિગમની હિમાયત કરે છે અને નીચેના ક્રમની ભલામણ કરે છે.

- બ્રેઈલમાં વાંચવું એ પહેલુ કદમ હોવું જોઈએ.
- ટપકા ઓળખવાથી શરૂઆત કરવી જોઈએ.
- બ્રેઈલમાં લખવું એ છેવટનું પગથિયું (કક્ષા) હોવું જોઈએ.
- બ્રેઈલનાં વાંચનમાં અંગુઠા પછી તરતની બન્ને આંગળીઓનો ઉપયોગ કરો.
- આંગળીઓના વેઢાથી બ્રેઈલનું વાંચન કરો.
- આંગળીઓ થોડીક વાંકી વાળેલી રાખવી જોઈએ અને કાંડુ થોડું ઉંચુ લઈ જવું જોઈએ.
- આંગળીઓ થોડીક વળેલી અને વાંચન સામગ્રી પર હળવી રીતે મુકેલી હોવી જોઈએ.
- ટપકાઓને હળવી રીતે સ્પર્શ કરવો જોઈએ અને જોરથી દબાણ નહી આપવું જોઈએ.
- ડાબી તરફથી જમણી તરફ વાંચો.
- મોટાભાગના લોકો બ્રેઈલ જમણી અનામિકાથી વાંચે છે અને ડાબી અનામિકાનો ઉપયોગ બ્રેઈલનો થોડોક ભાગ વાંચવા માટે અથવા ડાબી બાજુના હાંસિયામાં હવે પછી આવતી લીટી શોધવા માટે નિશાની દર્શન તરીકે કરે છે.

### ૨.૩.૨ કાર્યરીતિતંત્ર

- બ્રેઈલનું કાર્યરીતિતંત્ર વિકસાવવા કેટલીક નિશ્ચિત સ્પર્શથી તફાવત ઓળખવાની પ્રવૃતિઓ હાથ ધરવી જોઈએ.
- ફકત બ્રેઈલ કક્ષા-૧ થી શરૂઆત કરો.
- બાળક ને પરિચય કરાવેલો પહેલો બ્રેઈલ શબ્દ તેનો પહેલેથી પરિચય શબ્દ હોવો જોઈએ.
- બ્રેઈલ વાંચન શીખવવા વાક્ય-શબ્દ-વર્ણાક્ષર પદ્ધતિની ભલામણ છે. બાળકને સૌ પ્રથમ વાક્યનો પરિચય કરાવવો જોઈએ.
- એકવારનું બાળક માટે વાકયનું વિશ્લેષણ કરવું શકય થાય એટલે વાકયોના શબ્દો ટુકડે ટુકડે આપવા જોઈએ.
- જયારે બાળક વાક્ય અને શબ્દો સંપૂર્ણતયા સમજવા સમર્થ બને એટલે તેને શબ્દનું વર્ણક્ષરોમાં વિઘટન કરવાને ઉતેજન આપવું જોઈએ.
- આ વિશ્લેષણ બાળકને દરેક વર્ણાક્ષરની આકારરચના સમજવામાં મદદ કરશે જે દ્રષ્ટિહીન બાળક માટે અત્યંત અગત્યનું છે.

## ૨.૪ બ્રેઈલ લેખન

### ૨.૪.૧ પદ્ધતિ: સામાન્યત:

બ્રેઈલ લીપી બ્રેઈલ પાટી, આંતરટપકા બ્રેઈલ પાટી અથવા ચાર પંક્તિવાળી ખિસ્સા પાટી અને સ્ટાઈલસ (વિશેષ પ્રકારની પેન)થી અથવા બ્રેઈલરથી લખવામાં આવે છે.

એ. પાટી અથવા આંતરટપકાં બ્રેઈલ પાટીથી બ્રેઈલ લખવા માટે

- પાટીના માર્ગદર્શકના અથવા ખિસ્સા પાટીના તળીયાના અને ટોચના સ્તરો વચ્ચે કાગળ નાખવામાં આવે છે.
- પાટી હોય તો તાળાના કાર્યરીતિતંત્રનો ઉપયોગ કરીને અને ખિસ્સા પાટી

હોય તો ખુણાઓ પર ટાંકણીઓ લગાડીને કાગળને મજબૂત રીતે પકડી રાખવામાં આવે છે.

- પાટી અથવા ખિસ્સા પાટીના ખાતાઓ મારફતે સ્ટાઈલસ (કલમ)નો ઉપયોગ કરીને કાગળમાં નીચેની દિશામાં બ્રેઈલ ટપકાં પાડવામાં આવે છે.
- બ્રેઈલનું એવી રીતે જમણીથી ડાબી બાજુ તરફ લખાણ થાય છે કે જ્યારે કાગળને વાંચવા માટે ઉતરાવવામાં આવે તો અક્ષરો ડાબીથી જમણી તરફ વાંચી શકાય.

**બી. બ્રેઈલરથી બ્રેઈલ લીપી લખવા માટે**

- પટ્ટી જેવા લાંબા કાણા વાટે કાગળ અંદર દાખલ કરવામાં આવે છે.
- કાગળ ડટ્ટો ફેરવીને ગોળ નળી આકારના ડ્રમ ઉપર વીંટાળવામાં આવે છે.
- આવશ્યક ચાવીઓ દબાવીને બ્રેઈલ કાગળની ચેપના ભાગે લખી શકાશે.
- લખનાર વ્યક્તિ બ્રઈલર ઉપરથી ટપકાઓ કાગળના ઉપરના ભાગમાં દેખાતા હોવાથી ડાબીથી જમણી તરફ લખશે.

## ૨.૪.૨ આવશ્યક કુશળતાઓ

એ. બાળક દરેક ખાનાનો અર્થ સમજતું જ હોવું જોઈએ.

બી. બાળક પાસે નીચેની બાબતો હોવી જોઈએ.

- આંગળીઓથી ચતુરાઈ (રમત) કરવાની કુશળતા
- હલનચલનનું સૂક્ષ્મ સંકલન અને સ્નાયુઓ પર નિયંત્રણ
- પરિચિત બ્રેઈલ શબ્દો વાંચવામાં કૌશલ્ય.

## ૨.૪.૩ રીતિનીતિઓ

- બાળકને બધા ટપકાઓના કાણા પાડવા કહો.
- શરૂઆત કરવા માટે સહેલામાં સહેલી રચનાઓ શીખવો.

- ડાબા હાથથી બ્રેઈલના ખાતાઓ નિશ્ચિત કરતા જવું જોઈએ અને જમણા હાથથી તરતના પાછલા પહેલા ખાનાઓમાં ટપકાં પાડતા જવું જોઈએ.
- સ્ટાઈલસ (કલમ) સીધી ઉભી પકડવી જોઈએ.
- જમણા હાથમાં પકડી રાખેલી સ્ટાઈલસ (કલમ) અને ડાબો હાથ પરિણામરૂપે પકડવા જોઈએ.
- યોગ્ય ટપકાં ઓળખવામાં તે મદદ કરે છે.

**૨.૪.૪લખવાનું ઢાળિયું**

બ્રેઈલ વાંચતી અને લખતી વખતે વ્યક્તિ તદન સીધી સ્થિતિમાં બેસે છે અને બ્રેઈલ વાંચન સામગ્રી આરામદાયક ઉંચાઈ પર રાખે છે.

ગ્રામીણ વિસ્તારોમાં લખવાની ઢળતા મેજ ઉપલબ્ધ હોતા નથી. બાળક બ્રેઈલ વાંચતી વખતે પોતાની બેસવાની સ્થિતિ યોગ્ય કાઢીમાં જાળવી શકે તે માટે તેને નીચે મુજબની વિશિષ્ટ વિગત હોય તેવું લખવાનું ઢાળિયું પુરું પાડવું ઈચ્છનીય છે.

એ. ભલામણ કરેલું કદ

ઉપરના પાટીયાની લંબાઈ: ૧૮ ઈંચ (૪૫.૪ સેન્ટીમીટર)

ઉપરના પાટીયાની પહોળાઈ= ૧૨’’ ઈંચ (૨૫.૪ સેન્ટીમીટર)

આગળના ભાગની ઉંચાઈ= ૧૨’’ ઈંચ (૨૫.૪ સેન્ટીમીટર)

પાછલા ભાગની ઉંચાઈ= ૧૪’ ઈંચ (૩૫.૩ સેન્ટીમીટર)

બી. માલસામગ્રી

માળખું: ૧ સેન્ટીમીટર જાડાઈના લોખંડના સળીયા

ઉપર ટોચ પર: ૧૨ મીલીમીટર જાડાઈનું સનમાઈકા અથવા ફોરમાઈકા.

વિવિધ ભાગો જોડવાની ક્રિયા: ધાતુ માટે વિદ્યુત-ઝારણ.

માળખું: સ્ક્રુના ઉપયોગ વડે ઉપરના પાટિયાને ચોંટાડવું.

ધાર કાઢવી: ઉપરના ભાગની આગળની દર્શની બાાાજુએ લખવાની પાટી અથવા ચોપડી  લપસી ન જાય તે માટે ધાર રાખવી.

**૩. ભાષામાં બ્રેઈલનો વિકાસ**

ઓગણીસમી સદીના પાછલા અડધા ભાગમાં દ્રષ્ટિહીતો માટે લેખન અને વાંચનના સૌથી વધુ પ્રચલિત માધ્યમ તરીકે યુરોપ તેમજ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં બ્રેઈલનો આવિષ્કાર થયો હતો. ભારતમાં મિશનરી પાદરીઓ બ્રેઈલ લાવ્યા હતા જેમણે દ્રષ્ટિહીતો માટે અનેક શાળાઓ સ્થાપી હતી. દા.ત. અમૃતસરમાં (૧૯૮૭)માં, પાલાયમ કોટ્ટાઈ (૧૮૯૦)માં, કલકતા (૧૮૯૭)માં રાચી (૧૯૯૮)માં, મુંબઈ (૧૯૯૯) માં

૧૯૦૨: ફોરેઈન બાઈબલ સોસાયટીના પ્રતિનિધિઓ મિસ્ટર જે ફનાઉલ્સ અને મિસ્ટર ગાર્થવેઈટ બન્નેએ પૌર્વાત્ય (ઓરિએન્ટલ) બ્રેઈલની શોધ કરી હતી અને પ્રકાશન કર્યુ હતું.

૧૯૨૨ (જાન્યુઆરી):

મિસ્ટર પી.એમ.અડવાની- કરાચીની દ્રષ્ટિહીન માટેની શાળાના આચાર્યશ્રી-એ સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશનની મિટીંગમાં સૌને માટે સમાન એવી બ્રેઈલ સંકેતસંજ્ઞા વિકસાવવાની જરૂરીયાત વ્યક્ત કરી હતી.

૧૯૨૩: મુંબઈમાં ભરાયેલી અંધ અને બધિર માટેનાં કાર્યકરોના સમેલનમાં સૌને માટે સમાન બ્રેઈલ સંકેતસંજ્ઞાની શકયતા વિશે ચર્ચા થઈ હતી.

૧૯૩૮: એક સમાન ભારતીય બ્રેઈલ સંકેતસંજ્ઞા વિકસાવવા માટે સમિતિની નિમણુંક થઈ.

૧૯૪૧ (નવેમ્બર): આ સમિતિ પ્રથમવાર મળેલી અને આ મુદા વિશે વાદવિવાદ કરેલો.

૧૯૪૩: સમિતિએ એક સમાન બ્રેઈલ સંકેતસંજ્ઞાઓ તૈયાર કરી તેમને અંધજનો

માટેની વિવિધ પ્રાંતીય સરકાર અને સંસ્થાઓને પારંપરિત કરી હતી.

૧૯૪૪: અંધત્વ વિશેના ફરજ અધિકારી સકલુથા મેકેન્ઝીએ ઐતિહાસિક અહેવાલ 'રિપોર્ટ ઓફ બ્લાઈન્ડનેસ ઈન ઈન્ડીયા' સુપ્રત કર્યો.

૧૯૪૫: સર કબુયા મેકેન્ઝીએ પ્રમાણભૂત ભારતીય બ્રેઈલ સંકેતસંજ્ઞા તૈયાર કરવા પ્રાથમિક રીતે કેપ્ટન એ.એક્ષ.મોટિમેર અને મિસ્ટર લાલ અડવાણીની બનેલી સમીતીની નિમાણુંક કરી.

૧૯૪૭(એપ્રિલ): 'રિપોર્ટ ઓફ બ્લાઈન્ડનેસ ઈન ઈન્ડીયા'ની ભલામણો આધારે 'શિક્ષણ મંત્રાલય' દ્રષ્ટિક્ષતિ પામેલાઓના શિક્ષણ માટે એક સમાન બ્રેઈલ સંકેતસંજ્ઞા વિકસાવવા અને દેશના બ્રેઈલ છાપખાના સ્થાપવા માટે એક ખાસ એકમની રચના કરી.

૧૯૪૭: ભારતને જ્યારે સ્વતંત્રતા મળી ત્યારે દેશના વિવિધ ભાગોમાં ૧૧ બ્રેઈલ સંકેતસંજ્ઞાઓ ઉપયોગમાં લેવાતી હતી.

એ. શિરૈફફ (ઉર્દૂ અને હિન્દી) બ્રેઈલ

બી. ડો. નિલકંઠરાય છત્રપતિની ભારતીય બ્રેઈન

સી. મિસ આસ્કિવથની તામિલ બ્રેઈલ

ડી. માયસોર અને કન્નડ સંકેતસંજ્ઞા

ઈ. ચેટર્જી બંગાળી) સંકેતસંજ્ઞા

એફ. ઓરિએન્ટલ (કનાઉલ્સ અને ગાર્થવેઈટ) બ્રેઈલ

જી. શાહ બ્રેઈલ

એચ. અડવાણી (સિંધી) બ્રેઈલ

આઈ. નિષ્ણાંત બ્રેઈલ સમિતિની એક સમાન ભારતીય બ્રેઈલ

જે. લેફટનંટ કર્નલ સર કલુથા મેકેન્ઝીના પ્રમુખપદ નીચે અવૈધિક સમિતિએ પ્રમાણભૂત ભારતીય બ્રેઈલ તૈયાર કરી.

૧૯૪૯(૨૩ એપ્રિલ): શિક્ષણ મંત્રાલય સંયુક્ત સચિવ પ્રોફે. હુમાયુન કાંબર યુનેસ્કોના મહાનિયામક (ડીરેકટર જનરલ)ને મળ્યા અને એકસમાન વિશ્વ બ્રેઈલ સંકેત સંજ્ઞા (કોડ) વિકસાવવાની અરજ કરી.

૧૯૪૯ (ડીસેમ્બર): યુનેસ્કો વિશ્વ બ્રેઈલ વિશેની સલાહકાર સમીતીની પ્રાથમીક સભા બોલાવી.

૧૯૫૦(માર્ચ): યુનેસ્કોએ પેરીસમાં વિશ્વ બ્રેઈલ સંકેત સંજ્ઞાઓ (કોડ) વિકસાવવા આંતરરાષ્ટ્રીય બ્રેઈલ સંમેલન યોજ્યું.

૧૯૫૧: યુનેસ્કોએ મિસ્ટર લાલ અડવાણીના ભારતના પ્રતિનિધિ સાથે વિશ્વ બ્રેઈલ કાઉન્સીલની રચના કરી.

૧૯૫૧ (જાન્યુઆરી): ભારત સરકારે ઈન્ટરનેશનલ બ્રેઈલ કોન્ફરન્સની ભલામણોનો સ્વીકાર કર્યો અને ભારતીય ભાષામાં 'ભારતી બ્રેઈલ' નામે બ્રેઈલ સંકેતસંજ્ઞાઓ (કોડ) તૈયાર કરવા કાર્યવાહી શરૂ કરી. તેને શિક્ષણના કેન્દ્રીય સલાહકાર મંડળ (સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન) સમક્ષ તે મંજુર રાખવા માટે સુપ્રત કરી. બોર્ડે સિદ્ધાંતમાં સંકેતસંજ્ઞાઓ સ્વીકારી અને ભલામણ કરી કે તેમાં વિભાગીય બ્રેઈલ સંમેલન (રિજિયોનલ બ્રેઈલ કોન્ફરન્સ)ના પ્રકાશમાં જરૂરી સુધારાવધારા કરી શકાશે.

૧૯૫૧(ફેબ્રુઆરી): બેરૂતમાં બ્રેઈલની એક સમાનતા માટે એશિયન વિભાગ સંમેલન (એશિયન રીજીઓનલ કોન્ફરન્સ) બોલાવવામાં આવ્યું.

૧૯૫૧ (એપ્રિલ): 'ભારતી બ્રેઈલ'ને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું અને તેના દેશવ્યાપી ઉપયોગ કરવા માટે ભલામણ કરવામાં આવી તે એક આંતરરાષ્ટ્રીય પ્રણાલિ બની છે. કારણ કે નેપાલ અને બાંગ્લાદેશ પણ આ સંકેતસંજ્ઞા (કોડ)ના ઉપયોગ કરતા થયા છે.

૧૯૮૮: એનઆઈવીએચ, દહેરાદૂનમાં નેમેથ બ્રેઈલ સંકેતસંજ્ઞા (કોડ)ને 'બ્રેઈલ મેથેમેટીકસ કોડ ફોર ઈન્ડીયા' તરીકે અપનાવવા કાર્યશાળા ગોઠવવામાં આવી.

## ૪. ભારતમાં 'બ્રેઈલ'ના છાપખાનાં

દ્રષ્ટિહીનતાના અહેવાલ (૧૯૪૪)માં દહેરાદૂનમાં બ્રેઈલ પ્રેસ સ્થાપવાની ભલામણ કરેલી હતી. ૧૯૫૦ની આસપાસ ભારત સરકારે મિસ્ટર કાલીદાસ ભટ્ટાચાર્યને અમેરિકન પ્રિન્ટીંગ હાઉસ ફોર ધ બ્લાઈન્ડ, યુએસએમાં તાલીમ માટે મોકલ્યા હતા. એપ્રિલ ૧૯૫૧ દરમિયાન દહેરાદૂનમાં બ્રેઈલ છાપખાનાએ કામ કરવાનું શરૂ કર્યું હતું. ત્યારપછીના વિતેલા વર્ષો દરમિયાન ભારતના વિવિધ ભાગોમાં અનેક બ્રેઈન છાપખાના સ્થપાયા છે.

# પ્રકરણ-૬

# પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ અને તેમના વિકાસ માટેના સરકાર અને બિનસરકારી પ્રયાસો


૬.૧ પ્રસ્તાવના

૬.૨ સામાજિક સમસ્યા

૬.૩ કૌટુંબિક સમસ્યા

૬.૪ શૈક્ષણિક સમસ્યા

૬.૫ આર્થિક સમસ્યા

૬.૬ આરોગ્ય સમસ્યા

૬.૭ વિકલાંગ વ્યક્તિઓનો ધારો-૧૯૯૫

૬.૮ ગુજરાતમાં વિકલાંગ વ્યક્તિઓને મળતી કાયદાકીય વિશિષ્ટ સવલતો

૬.૯ ઉપસંહાર

# પ્રકરણ-૬

# પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ અને તેમના વિકાસ માટેના સરકાર અને બિનસરકારી પ્રયાસો

પ્રત્યેક સમાજમાં પ્રજ્ઞાચક્ષુઓની વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. સામાજીક વિજ્ઞાનોમાં વૈજ્ઞાનિક સંશોધનની દ્રષ્ટિએ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનું આ ક્ષેત્રે પણ એક મોટું ક્ષેત્ર છે તથા તેની સંવિધાનિક વૈજ્ઞાનિક તપાસ માટે અગત્યની બની રહે છે. તે પ્રસ્તુત અભ્યાસ સામાજીક વિજ્ઞાનમાં તેમાં પણ સમાજશાસ્ત્ર આ અભ્યાસ પ્રત્યે સમાજનું ધ્યાન દોરવવાનો એક બિંદુ સમાન પ્રયત્ન કરેલ છે.

આથી પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) વિદ્યાર્થીઓના વિવિધ સામાજીક, આર્થિક, શૈક્ષણિક વગેરે પરિસ્થિતિઓ અને સમસ્યાઓ જાણી છે.

તેમજ પ્રજ્ઞાચક્ષુ લોકોના વિકાસ માટે કયા પગલા ભરવા જરૂરી છે. તે પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવાનો પ્રયાસ કર્યો છે તથા પ્રજ્ઞાચક્ષુ લોકોના વિકાસ માટેના સરકારી અને બિનસરકારી પ્રયાસો દ્વારા પ્રજ્ઞાચક્ષુ લોકોના જીવનમાં સુધારો થઈ શકે તે માટે તેમને જાગૃત કરવા જરૂરી છે.

પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને પોતાના શૈક્ષણિક, વ્યાવસાયિક વિકાસની સાથે-સાથે રોજબરોજના જીવનમાં કંઈ કંઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે સમસ્યા દુર થાય તેવા પ્રયત્ન કરેલા છે.

વસંતના આગમથી વનરાજા નવપલ્લિત થઈ ઉઠે તેમ સંસાર બાગમાં નવજાત શિશનું આગમન સર્વેને આનંદીત કરી દેતું હોય છે, તે માતા-પિતા ખૂબ આનંદથી નિભાવે છે. દરેક માતા-પિતા પોતાનું બાળક શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હોય તેવું ઈચ્છતા હોય છે. પરંતુ હંમેશા આવું બનતું નથી. સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ભારત જેવા વિશાળ ગ્રામ્ય વિસ્તાર ધરાવતા દેશમાં મોટાભાગની પ્રજા અજ્ઞાનતાના કારણે સ્વચ્છતા અને

આરોગ્ય પ્રત્યે સભાન નથી ત્યારે જન્મ લેતા ૧૦૦થી૧૫૦ નવજાત બાળકે આશરે ૧૦ બાળક વિકલાંગતા સાથે જન્મ લે છે. અથવા પછીના સમયમાં વિકલાંગતાનો ભોગ બને છે.

પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓની ક્ષમતાઓનો યોગ્ય ઉપયોગ થાય તથા તેની ક્ષમતાઓનો યોગ્ય દીશામાં વિકાસ કરવામાં આવે, આ બધી જ મહત્વપૂર્ણ બાબતો સમાજ પર તથા સરકાર પર અવલંબીત છે. સરકારે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ અંગેની નીતિ-નિયમોના ઘડતર પહેલા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓની કાર્યક્ષમતાને અસર કરતી વિવિધ પરિસ્થિતિ જેવી કે સામાજીક, કૌટુંબિક તથા માનસિક તેમજ આરોગ્ય વિષયક પરિસ્થિતિઓ જાણવાનો તથા વિવિધ આવશ્યકતા કે જરૂરિયાતો જાણવાનો પ્રયાસ કરવો આવશ્યક છે.

આથી પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) વિદ્યાર્થીઓ તરફથી સમાજ પાસેથી રાખવામાં આવતી અપેક્ષા જાણવાનો પ્રયાસ કર્યો છે.

વ્યક્તિ ભલે અલગ-અલગ વયની હોય ભલે તે અલગ અલગ સામાજીક અને આર્થિક વર્ગમાંથી આવતી હોય પણ કેટલીક ચોકકસ પાયાની દૈનિક પ્રવૃતિઓ તો સૌને માટે સરખી જ હોય છે. દૈનિક જીવનની પ્રવૃતિઓની તાલીમ આપવા માટે વય-જૂથ પ્રમાણે વર્ગીકરણ કરવું શકય છે.

તેમ છતાં આવી તાલીમનું આયોજન કરતી વખતે વિશિષ્ટ અનુભવેલી જરૂરિયાતો કુટુંબની પૃષ્ઠભૂમિ, પાછલો અનુભવ, શારીરિક સુષુપ્ત શક્તિઓ, વ્યક્તિઓની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ વગેરે.

કૃત્રિમ તમામ પરિસ્થિતિ પરિણામ ન પણ લાવી શકતી હોય ત્યારે કુદરતી કે સ્વાભાવિક પરિસ્થિતિમાં તાલીમ આપવી. આવી તાલીમમાં ઉચિત આકલન અને હલનચલનની તેમજ ઈન્દ્રીય સંવેદનની તાલીમનો પણ ઉમેરો કરવો.

દ્રષ્ટિક્ષતિ થયેલ વ્યક્તિને જે બધા વિષયો શીખવતા હોય તેમાં આ તાલીમને તેના એક અવિભાજ્ય અંગ તરીકે ગણવી અને દ્રષ્ટિક્ષતિ પામેલ બાળક હોય તો પાયાની કુશળતાની

તાલીમ તેના માતા-પિતાને આપવી જોઈએ. જેથી તેઓ તે બાળક જ્યારે ઘરે હોય ત્યારે તેને તે જ તાલીમ આપી શકે.

ભારતમાં ૮૩% કરતા વધુ દ્રષ્ટિ ક્ષતિવાળા વ્યક્તિઓ ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. તેઓમાંથી મોટાભાગની વ્યક્તિઓ કોઈપણ જાતની પુનર્વસનની સેવાઓથી વંચિત છે તેઓ નીચે મુજબની સમસ્યાઓનો સામનો કરે છે.

ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓની હાલત બિનસલામત છે. ઘણા બધા ગામડાઓમાં પહોંચવાના રસ્તા અને ગામડાઓની ગલીઓના રસ્તાનું સારું આયોજન થયેલું હોતું નથી અને તેમના પર પથ્થર પણ પાથરેલા હોતા નથી.

ખાસ કરીને જેઓ પાછલી ઉંમરે દ્રષ્ટિક્ષતિ પામે છે તેઓને માટે શિક્ષણને 'તાલીમની તકો' તદન અપૂરતી છે.

હલનચલનના યથાયોગ્ય સાધનો સહેલાઈથી પ્રાપ્ત થતા નથી જે કંઈ સાધનો મળી શકે તેમ હોય તેમનું સ્થાનિક સંજોગોને અનુરૂપ થવા માટે યોગ્ય અનુકુલન થયેલું હોતું નથી.

વર્ગમાં દ્રષ્ટિક્ષતિ ધરાવતા બાળક પ્રત્યે ધ્યાનમાં હોવાની ખાસ જરૂર પ્રવૃતિ પ્રત્યે જાગૃતિ કેળવવી જરૂરી છે જેમકે, વર્ગમાં અંધ કે અંશતઃ દ્રષ્ટિની ખામી ધરાવતા બાળકોને આગળ બેસાડવા જોઈએ. જેથી કરીને તેને સ્પષ્ટ દેખરેખ નીચે અભ્યાસ કરી શકે. આવા અંધ બાળક/બાળકીને દરવાજાની નજીક બેસાડવો જોઈએ.

ત્રાસી આંખવાળા બાળકનું સ્થાન ત્રાસમાં રાખવું. જેથી તેને સ્પષ્ટ દેખી શકે તેમજ વર્ગ વ્યવસ્થામાં અંધ બાળક હરી ફરી શકે તેવી જગ્યા સ્થાન વિષયક સમાજ વિકસાવવાની રહેશે. કાળા પાટીયા પર લખતી વખતે અંધ બાળકને સમજાય તે હેતુસર મોટા અવાજે બોલવું. કારણ કે અંધ બાળક જોઈ શકતો નથી. પરંતુ તે જે વર્ગ શિક્ષક બોલે છે તે સાંભળીને તે મનમાં યાદ કરતો હોય છે. જો તેને સ્પષ્ટ ધીમેથી બોલે તો તેને સમજવું મુશ્કેલ બને છે. તેમજ તેને થોડુંક પણ દેખાય તેવા અંધ બાળકો માટે કાળા પાટીયા ઉપર મોટા

અક્ષરે લખવું અન્ય સામાન્ય વિદ્યાર્થીઓ અંધ બાળકોની ટીકા ન કરે તે માટે અન્ય બાળકોને વલણ બદલવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

અંધ બાળકને ચીજવસ્તુઓ માટે રોક-ટોક કરવામાં આવે તો તેની સમસ્યા વધુ તીવ્ર બનતી હોય છે. તેમને પ્રેમથી સ્પર્શથી સમજણ વિકસાવવી પડશે.

અંધ બાળકને સતત નવીન વિવિધ અનુભવો પુરા પાડવાની જરૂર છે.

આમ કેટલીક એવી સમસ્યાઓ છે તે ઘરની બહાર અંધ બાળકો વધારે સમય પસાર કરે છે. જો શિક્ષક તેને સાથ-સહકાર તેમજ પ્રેમ દ્વારા તેમને મદદ કરે તો તેની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ શકે છે. જેમકે,

શિક્ષકે બાળક અંધ છે માટે સામાન્ય બાળકથી અલગ બેસાડી તેને ઉતારી પાડવું કે તેના ધ્યાને કે વિગતની અવગણના ન કરવી સાથે શિક્ષક પોતાના શૈક્ષણિક આદાન-પ્રદાન વધુ સરળ બની શકે તે માટે અંધ બાળકને ધ્યાનમાં રાખી શિક્ષક જે કંઈ પણ લખે તે બોલીને લખે જેથી સરળતાથી તે બાળક શ્રવણ કરી શકે. આમ સામાન્ય બાળક તરફ જે ધ્યાન આપવામાં આવે તેનાથી થોડુ વધુ ધ્યાન આપવું જરૂરી છે.

શાળાના વર્ગ શિક્ષકે સામાન્ય શાળાના બાળકની જેમ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં ભળી શકે તેવા હેતુસર આવા અંધ બાળકને શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક અન્ય રમત-ગમતમાં ભાગ લેવા પ્રેરિત કરવા જરૂરી બને છે.

o **સામાજીક સમસ્યા**

પ્રજ્ઞાચક્ષુ હોવાના કારણે સમાજમાં ઝડપથી ભળી શકતો નથી, સમાજ પણ આવા બાળકોને સાહજીકતાથી સામાન્ય બાળકની જેમ સ્વીકારવા તૈયાર થતો નથી. પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) બાળક હંમેશા લઘુતાગ્રંથીથી પીડાય છે.

સામાન્ય બાળકોની જેમ પ્રજ્ઞાચક્ષુ બાળક સમાજના કાર્યોમાં ભાગ લઈ શકતો નથી.

પરિણામે તે એકલતા અને નિરાશા અનુભવે છે. ઘણીવાર તેમના માતા-પિતા પણ આ પ્રકારનાં બાળકને જાહેરમાં સ્વીકારવામાં સંકોચ અનુભવે છે. પરિણામે બાળકને તેઓ સામાજીક પ્રસંગોએ લઈ જવાનું ટાળે છે.

○ કૌટુંબિક સમસ્યા

પ્રજ્ઞાચક્ષુ બાળકના જન્મને લીધે માતા-પિતા હતાશા અનુભવે છે. પ્રજ્ઞાચક્ષુ બાળકના જન્મ માટે માતા-પિતા પોતાના પૂર્વ જન્મના કોઈ પાપને દોષિત ગણે છે. કુટુંબના સભ્યો વિકલાંગ બાળકને બોજારૂપ ગણે છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેને પીડાઓ તરફ દુર્લક્ષ સેવે છે, બાળકની લાગણી અને જરૂરિયાતો પ્રત્યે ઉપેક્ષા સેવે છે.

**○ શૈક્ષણિક સમસ્યા**

પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) બાળકો સરળતાથી સામાન્ય બાળકોની શિક્ષણ પ્રક્રિયામાં ભળી શકતા નથી. સામાન્ય બાળકોની શાળામાં પ્રજ્ઞાચક્ષુ બાળકો માટેની શૈક્ષણિક સુવિધાઓનો અભાવ હોય છે. શિક્ષકમાં વિકલાંગ બાળકોના વિશિષ્ટ શિક્ષણની જાણકારીનો અને તેમના પ્રત્યે હકારાત્મક વલણનો અભાવ હોય છે. પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે તેનો વ્યાપ વધારી પ્રક્રિયા વધુ વેગવાન બનાવવાની જરૂર છે.

**○ આર્થિક સમસ્યા**

આર્થિક ઉપાર્જન કરી શકે તેવી તાલીમ મળતી ન હોવાથી લઘુતાગ્રંથીથી પીડાય છે. સમાજનું એક બિનઉત્પાદક અંગ બની રહે છે. તાલીમ અને રોજગારી માટે નાણાકીય સહાયનો અભાવ જોવા મળે છે.

**○ આરોગ્ય સમસ્યા**

જનગણના ૨૦૦૧ અંદાજો પ્રમાણે ૭૫ ટકા ગ્રામ્ય વિસ્તારોમાં વિકલાંગો વસે છે. જ્યારે ઘણી ખરી સરકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓ શહેરી વિસ્તારમાં કામ કરે છે. તબીબી અને આરોગ્ય સગવડો નફાના ધોરણે નહી પણ સેવાના ધોરણે ચાલતી હોવાથી શહેરી

વિસ્તારમાં કેન્દ્રીત થયેલ છે. આ તફાવતના કારણે વિકલાંગ વ્યક્તિઓ સુધી સેવાઓ પહોંચતી નથી. વિકલાંગો માટે કામ કરતી સંસ્થાઓની વધુ જરૂરીયાત ગ્રામ્ય વિસ્તારોમાં છે. શહેરી વિસ્તારોમાં કામ કરતી સંસ્થાઓએ તેમનું કાર્યક્ષેત્ર ગ્રામ્ય વિસ્તારોમાં વિસ્તારવું જરૂરી છે.

## ૬.૭ વિકલાંગ વ્યક્તિઓનો ધારો-૧૯૯૫

એશિયા અને પેસિફિક વિભાગના વિકલાંગોની સંપૂર્ણ સહભાગીદારી અને સમાનતા વિશેના જાહેરનામાને અસર આપવા ભારતની સંસદે વિકલાંગ વ્યક્તિઓનો (સમાન તકો, અધિકારોનું રક્ષાણ અને સંપૂર્ણ સહ ભાગીદારી) કાયદો ૧૯૯૫ ઘડ્યો જે ૭ ફેબ્રુઆરી ૧૯૯૬ થી અમલમાં આવ્યો છે.

આ કાયદો એવી અપેક્ષા રાખે છે કે યથાયોગ્ય સરકારો અને અધિકૃત સત્તા મંડળ, દરેક વિકલાંગ બાળકોને ૧૮ વર્ષની વયની થાય ત્યાં સુધી યોગ્ય પર્યાવરણમાં મફત શિક્ષાણનીસુવિધા પૂરી પાડશે. જે સંકલિત, વિશિષ્ટ શિક્ષાણ, સક્રિય સાક્ષરતા, બિન-વૈધિક શિક્ષાણ, મુક્ત શાળાઓ અને મુક્ત વિશ્વવિદ્યાલયો મારફતે વિકલાંગોના શિક્ષાણને પ્રોત્સાહન આપે છે. તે નવા સહાયકારી ઉપકરણો બનાવવાને અને વિકસાવવાને સંશોધનની શરૂઆત કરવાની અને માનવ સંસાધન વિકસાવવાની ઇચ્છા ધરાવે છે અને નેમ રાખે છે.

આ ધારામાં વિકલાંગોના શિક્ષાણ માટે નીચે મુજબની સુવિધાઓની જોગવાઈઓ છે.

○ દરેક વિકલાંગ બાળકોને તે ૧૮ વર્ષની વયનું થાય ત્યાં સુધી વિના મૂલ્યે અને પૂરતું શિક્ષાણ પ્રાપ્ત કરાવવું, વિકલાંગ બાળકોને સામાન્ય શાળા સાથે સંકલિત કરવા, જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં વિશેષ શાળાઓ સ્થાપવી અને આવી શાળાઓને વ્યાવસાયિક તાલીમની સુવિધાઓથી સજ્જ કરવી.

○ જે બાળકોએ ધોરણ ૫ પછી શાળા છોડી દીધી હોય તેઓના બિન-વૈધિક શિક્ષાણ માટે યોજનાઓ દાખલ કરવી. ૧૬ વર્ષ અને તેથી વધુ વયના બાળકો માટે

કામકાજ માટે જરૂરી હોય તેટલી સાક્ષરતા અર્થે ખંડ સમયના વર્ગ ચલાવવા અને દરેક બાળકને તેના શિક્ષણ માટે (જેમાં મુક્ત શાળઓમાં ના અને મહાવિદ્યાલયોમાંના શિક્ષણનો માસવશે થાય છે. ખાસ પુસ્તકો અને સાધનોવિના મૂલ્યે પૂરાં પાડવાં.

- તાલીમ પામેલ શિક્ષકો મારફતે વિકલાંગ બાળકોને શિક્ષણ આપતી વિશેષ શાળાઓ અને સંકલિત શાળાઓને ચલાવવા સરકારે શિક્ષકોને તાલીમ આપની સંસ્થાઓ શરૂ કરવી.
- આવા બાળકોને સરકાર  પરિવહનની સેવાઓ પૂરી પાડશે. વ્યાવસાયિક શિક્ષણ અને સામાન્ય શિક્ષણ પૂરાં પાડતી શૈક્ષણિક સંસ્થાઓમાંથી બાંધકામ સંલગ્ન અવરોધો દૂર કરશે, શાળાઓમાં જતાં બાળકોને પુસ્તકો, ગણવેશ અને અન્ય સામગ્રી પૂરી પાડે. શિષ્યવૃત્તિઓ આપશે તેમજ વિકલાંગ બાળકોના લાભ માટે અભ્યાસક્રમની પુર્નરચના કરશે. દષ્ટિહિન અને અલ્પદષ્ટિ વિદ્યાર્થીઓના લામ માટે માત્ર એકલા બીજ ગણિતના પ્રશ્નો ટાળી શકે તે માટે તેમને કાઢી નાંખવા પરીક્ષા પદ્ધતિમાં યોગ્ય સુધારા-વધારા કરશે અને શ્રવણ ક્ષતિવાળા બાળકોના લાભ માટે તેઓના અભ્યાસક્રમના ભાગ તરીકે ફક્ત એક જ ભાષા રાખવાની તેઓને સુવિધા આપવા અભ્યાસક્રમની પુર્નરચના કરશે.
- બધી શૈક્ષણિક સંસ્થાઓ દષ્ટિહિન અથવા અલ્પદષ્ટિ વિદ્યાર્થીઓને લહિયા પૂરા પાડશે અવા પૂરા પડાવશે.
- વિકલાંગ બાળકોને શિક્ષણમાં સમાન તકો પૂરી પાડવા સરકાર સહાયકારી ઉપકરણોના સંશોધનને પ્રોત્સાહન આપશે.
- સરકાર પરિવહન, અવરોધ મુક્ત પર્યાવરણ અને મનદુઃખ નિવારણના તંત્રને સમાવતી સર્વગ્રાહી શિક્ષણ યોજના રજૂ કરશે.

- ૦ તમામ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ અને સરકાર પાસેની અનુદાન મેવતી શૈક્ષણિક સંસ્થાઓ ત્રણ ટકાથી ઓછી નહીં એટલી બેઠકો અનામત રાખશે. આવી અનામત અંધ અને અલ્પદષ્ટિ માટે ૧% જેટલી, શ્રવણની ક્ષતિ હોય તેવી વ્યક્તિઓ માટે ૧% જેટલી, શ્રવણની ક્ષતિ હોય તેવી વ્યક્તિઓ માટે ૧% જેટલી અને અસ્થિ વિષયક વિકલાંગો અને મગજનો લકવો થયેલી વ્યક્તિઓ માટે ૧% જેટલી મુકરર કરવામાં આવી છે.

આ સંદર્ભમાં અહીં એ નોંધ લેવી જરૂરની છે કે ગુજરાત સરકારે વિકલાંગ વ્યક્તિઓના ધારા ૧૯૯૫ નો અમલ કરવા મહત્ત્વના નિર્ણય કર્યા છે.તેના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક આઈઈડી-૧૨૯૯-૧૯૬૨ ના તા. ૨૦ ઓક્ટો, ૧૯૯૯ થી રાજ્યમાં જે ‘‘સૌને માટે શિક્ષણ’’ અન્વયે ઉં. ૧૪ સુધીનું શિક્ષણ ફરજિયાત અને મફત છે તે પ્રત્યેક વિકલાંગ બાળક માટે હવે ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી નિઃશુલ્ક આપવાનું મંજૂર કરવામાં આવ્યું છે.

ઉપરાંત તેના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક : આઈઈડી-૧૨-૨૦૦૦-૧૭૯૦ ના તા. ૨૫ ઓક્ટોમ્બર, ૨૦૦૦ થી રાજ્યમાં સર્વે પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક શાળા, વ્યાવસાયિક શિક્ષણ, ઉચ્ચતર બુનિયાદી શિક્ષણ, કૉલેજ તાંત્રિક શિક્ષણ-પ્રશિક્ષણ, અવૈધિક તેમજ નિરંતર શિક્ષણ, વૈકલ્પિક શાળા વ્યવસ્થા અંતર્ગત ચાલતા વર્ગો, પ્રૌઢ શિક્ષણ, તેમજ શિક્ષણને લગતા તમામ તાલીમી અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ, તમામ સરકારી-બિનસરકારી, અનુદાન મેળવતી કે અનુદાન ન મેળવતી તેમજ સ્વયં સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓએ વિકલાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજિયાત નીચે પ્રમાણેની વિકલાંગતા અનુસાર પ્રત્યેકની એક એક ટકા લેખે ગણીને કુલ ત્રણ ટકા ગાઓ અનામત રાખવાની સૂચના આપવામાં આવી છે. (૧) અંધત્વ અથવા અલ્પદષ્ટિ, (૨) મુકબધિરની ખામી (બહેરા-મુંગા) અને (૩) અસ્થિવિષયક વિકલાંગ અથવા મગજનો લકવો (મંદબુદ્ધિ)

આ પરિપત્રથી પ્રત્યેક વિકલાંગતા માટે તારવેલી જગાઓમાં કોઈપણ સંસ્થામાં

ચાલતા શૈક્ષણિક અભ્યાસક્રમમાં ત્રણ ટકા અનામત જગાઓનું ચુસ્તપણે અમલ કરવાનું ફરજિયાત બન્યું છે.

### ○ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડિસ્ટ્રીકટ પ્રાયમરી એજ્યુકેશન, પ્રોગ્રામ)

વિસ્તાર વિશિષ્ટ પરિયોજનાઓના દેશ વ્યાપી અનુભવને આધારે લોકોમાં જાણીતી એવી મહત્ત્વકાંક્ષી રાષ્ટ્રવ્યાપી યોજના-ડિસ્ટ્રીક્ટ પ્રાયમરીએજ્યુકેશન પ્રોગ્રામ-ડીપીઈપી-(જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ) ઘડવામાં આવી જેનું મુખ્ય કાર્ય સ્થાનિક સમુદાયોને તેમના વિસ્તારમાં શિક્ષણની જવાબદારી સોંપવાનું અને પ્રાથીમક શિક્ષણ માટે રોકાણ કરવાનું હતું. ડીપીઈપી દેશમાં શૈક્ષણિક આયોજનની પ્રણાલીમાં ઉથલપાથલ કરી સંપૂર્ણ સુધારાને બદલે તેમાંથી કંઈક ઓછું કરવાનો પ્રયાસ કરે છે અને પ્રાથમિક શિક્ષણમાં સર્વત્વલક્ષી અને સંકલિત રીતે કરેલાં આંતરક્ષેપણોનો અમલ કરવાનો પ્રયાસ કરે છે. તેનો અમલ કર્તવ્યનિષ્ઠ ઢબથી દરેક રાજ્યમાં નોંધાયેલી સ્વતંત્ર રીતે કામ કરતી મંડળીઓ મારફતે થાય છે. અમલ કરવાના પ્રથમ પગલા તરીકે પસંદ કરેલા જિલ્લાઓ માટે પંચવર્ષીય યોજના ઘડવામાં આવી છે. જિલ્લા કક્ષાની આયોજન પ્રક્રિયા જો શિક્ષણ પ્રણાલિના મોટાભાગના કાર્યકર્તાઓ જેવા કે માતા-પિતાઓ, વાલીઓ, શિક્ષકો, શૈક્ષણિક વહીવટ અને સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગીદારીને મહત્વ આપવાની બાબતમાં ભાત પડતી રીતે અલગ છે. ૧૯૯૫ ના વર્ષથી વિકલાંગ બાળકોના શિક્ષણનો આ કાર્યક્રમ તેમાં એક સંપૂર્ણ સ્વતંત્ર ઘટક તરીકે સમાવેશ કર્યો છે. પસંદ કરેલા જિલ્લાઓના આવા બધા જ બાળકોને પ્રાથમિક કક્ષાએ સંમિલિત શિક્ષણ માટે દાખલ કરવામાં આવશે. ડીપીઈપીના આ અંગે નીચે મુજબનાં પગલાં વિચારે છે :

- ○ વિકલાંગો સહિત સૌ બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે વૈધિક પ્રણાલિમાં અથવા બિન-વૈધિક શિક્ષણના કાર્યક્રમમાં જોડવાની તક આપવી.
- ○ લાભવંચિત જૂથો-કન્યાઓ, સામાજિક રીતે પછાત સમુદાયો અને વિકલાંગ બાળકોને જોડવાનીતક મળે તે માટેની સુવિધાઓ કરી આપવી.

- શિક્ષકોને તાલીમ આપીને, શિખવાની સાધન સામગ્રીમાં સુધારા કરી અને અંતઃ સ્થિત માળખાગત સુવિધાઓની કક્ષા સુધારવીને શિક્ષણની અસરકારકતા ઉંચી લઈ જવી.
- વિકલાંગ બાળકોને શિક્ષણ આપવા માટે સંકળાયેલા, પસંદ કરેલા પ્રાથમિક શિક્ષકોને ટૂંકી મુદતની તાલીમ આપવી.
- જિલ્લા કક્ષાએ અને વસ્તી-એકમોના જૂથ-કક્ષાએ વર્ગ શિક્ષકોને ટેકારૂપ સેવાઓ પૂરી પાડવા વિશેષ શિક્ષકોની નિમણૂંક કરવી.
- આવા બાળકોને શૈક્ષણિક અને સહાયકારી સાધનો અને ઉપકરણો પૂરા પાડવાં.
- રાજ્ય સંકલન સમિતિ (સ્ટેટ કોઓર્ડિનેશન કમિટિ)માં વિકલાંગોના વિકાસ સાથે સ:કળાયેલા નિષ્ણાંતોને રસ લેતા કરવા.
- વિકલાંગ બાળકોના શિક્ષણની જરૂરિયાત સંબંધમાં જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ તાલીમ આપનાર શિક્ષકોના શિક્ષકો માટે ઓપન વર્ગ ગોઠવવા.
- ઉત્તમ સેવાઓ માટેની માંગનું સર્જન કરવાની પ્રક્રિયા મારફતે શિક્ષણની ગુણવત્તા ઉંચી લઈ જવી.

વિકલાંગ બાળકોના સંમિલિત શિક્ષણને પ્રોત્સાહન આપવાની દિશામાં ડીપીઈપી એક ઉત્કૃષ્ટ અને હિંમતભર્યું પગલું છે.

### ○ આંતરરાષ્ટ્રીય મંતવ્ય

આઝાદે (૧૯૯૬) શિક્ષણ વિશેના વિકલાંગ બાળકો સહિત પ્રત્યેક નાગરિક માટે શિક્ષણ પ્રાપ્ય બનવું જોઈએ એ વાત પર ભાર મૂકતા શિક્ષણ વિશેના વિવિધ પંચો, જાહેર નામાઓ અને નીતિઓના સારાંશ રજૂ કર્યા છે. તેમાંના કેટલાક વિધાન નીચે મુજબ છે.

- વિકલાંગ બાળક સહિત દરેકને શિક્ષણનો અધિકાર છે. (માનવ અધિકારો

માટે વૈશ્વિક જાહેર નામુ ૧૯૪૮) (યુનિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ)

- વિકલાંગ બાળકોનું શિક્ષણ સામાનય શિક્ષણ પ્રણાલીનું એક અવિભાજ્ગ્ય અંગ છે. (ઈન્ડિયન એજ્યુકેશન કમિશન ૧૯૬૪-૬૬)
- વિકલાંગ બાળકોને નિયમિત શાળાઓમાં અભ્યાસ કરી શકે તે માટે આંતરગ્રંથિય કાર્યક્રમો વિકસાવવાના દરેક પ્રયત્ન કરવા જોઈએ. (શિક્ષણ વિશેની રાષ્ટ્રીય નીતિ, ૧૯૬૭)
- અન્ય કોઈપણ જે બધા અધિકાર ભોગવે છે તે વિકલાંગ બાળકો ભોગવશે. (યુ.એન.જનરલ એસેમ્બલી ડિક્લેરેશન ઓન ધ રાઈટ્સ ઑફ પર્સનસ વીથ ડિઝેબિલિટીઝ, ૧૯૭૫)
- વિકલાંગ બાળકોના શિક્ષણના વ્યાપક વિસ્તરણ માટે શક્ય તે દરેક પ્રયત્ન કરવા જોઈએ. (નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન-૧૯૭૯)
- તમામ પ્રકારના વિકલાંગ બાળકોને નિયમિત શાળાઓમાં પ્રવેશ મળે તે માટે વિશેષ સહાયકારી સાધનો અને ઉપકરણો પૂરાં પાડવાં જોએ. (વર્કિંગ ગ્રુપ રિપોર્ટ ઓન એજયુકેશન ઓફ ચિલ્ડ્રન વીથ ડિઝેબિલિટીઝ, મે-૧૯૮૦)
- ગમે તેવા વ્યક્તિગત તફાવતો હોય તો પણ દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર તો  છે જ. (વર્લ્ડ કોન્ફરન્સ ફોર ઓલ, ૧૯૯૦)
- વિકલાંગ બાળકોને જો સામાન્ય શાળામાં શિક્ષણ આપી શકાતું હોય તો તેને ફક્ત ત્યાં જ શિક્ષણ આપવું જોઅઈે. (નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન-૧૯૯૨)
- વિકલાંગોનું શિક્ષણ શિક્ષણ પ્રણાલિનો એક સંપૂર્ણ સ્વતંત્ર ભાગ છે. (યુએન સ્ટેન્ડર્ડ રૂલ્સ વીથ ઈક્વલાઈઝેશન ઓફ એપ્યુનિટિઝ ફોર પર્સન્સ વીથ ડિઝેબિલિટીઝ-૧૯૯૩)

- ૦ સામાન્ય શિક્ષણ પ્રણાલિમાં ના વિશેષ શૈક્ષણિક જરૂરિયાતવાળા બાળકોને શિક્ષણ પૂરું પાડવું. (સલમાનકા જાહેરનામું-૧૯૯૪)
- ૦ વિકલાંગ બાળકોને દાખી કરી શકાય તે માટે તમામ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓને તાલીમ પામેલ માનવશક્તિ અને સુવિધાઓથી સજ્જ કરી સરળ બનાવવી. (રાઇટ્સ ઓફ ચિલ્ડ્રન વીથ ડિઝેબિલિટીઝ, એનઆઇ.વીસીસીડી-૧૯૯૯)
- ૦ વર્ષ ૨૦૦૨ સુધીમાં વિકલાંગ બાળકો અને પ્રૌઢોના તેમના ઓછામાં ઓછા ૭૫% ને બિન-વિકલાંગ સહાધ્યાયીઓ સાથે સમાનતાના ધોરણે વૈધિક અને બિનવૈધિક શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લઇ શકે તેવા બનાવવા (એશિયા પેસિફિક્સ ડિકેડ ફોર પર્સન્સ વીથ ડિઝેબિલિટીઝ)

  (દૃષ્ટિક્ષતિ માર્ગદર્શિકા, લે. ભૂષણ પૂનાની, નંદિની રાવલ)

**૦ સરકારી તથા અર્ધસરકારી અહેવાલો અને આનુસંગિક કાયદાઓની સમીક્ષા**

**૧. 'વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ'**
**'માહિતી નિયામકશ્રી', સરકારી મુદ્રણાલય અને પ્રકાશક, રાજકોટ**
**વર્ષ: ફેબ્રુઆરી ૨૦૦૯ પાંચમી આવૃતિ સુધારેલી**

ગુજરાત સરકારશ્રીના વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેના અહેવાલમાં જણાવ્યા મુજબ આ અહેવાલમાં દ્રષ્ટિહીન, શ્રવણમંદ, ચારિત્ર્યવિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ અને બહેનો તથા વિધવા-બહેનો માટેની ગુજરાત અને ભારત સરકારની કલ્યાણકારી યોજનાઓ આપવામાં આવેલી છે. આ અહેવાલમાં શરૂઆતમાં વિકલાંગતાનો દાખલો અને વિકલાંગોને ઓળખપત્ર અંગેની ચર્ચા કરવામાં આવેલી છે જે વિકલાંગ વ્યક્તિઓ માટે અત્યંત મહત્વની અને જરૂરી છે.

ત્યારબાદ અપંગ વ્યક્તિઓને, મંદબુદ્ધિવાળી વ્યક્તિઓને, બહેરી, મુંગી વ્યક્તિઓને અને અંધ વ્યક્તિઓને ગુજરાતની હદમાં એસ.ટી.બસમાં મુસાફરીના લાભો તેમજ અમદાવાદની શહેરી બસ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં મુસાફરીમાં મળતા લાભો જણાવેલા છે. આ ઉપરાંત અપંગ વ્યક્તિઓને, બહેરી મુંગી વ્યક્તિઓને, અંધવ્યક્તિઓને અને સિનીયર સિટીઝન્સને રેલ્વે દ્વારા મુસાફરીમાં મળતા લાભો ચર્ચવામાં આવ્યા છે.

આ ઉપરાંત અંધ વ્યક્તિઓને અને સિનિયર સિટીઝન્સને વિમાની (એરલાઈન્સ) સેવાના મુસાફરીના લાભો જણાવેલા છે, આજ રીતે સ્ટીમર સેવામાં પણ મુસાફરીના લાભો આપવામાં આવેલા છે. વિશેષમાં રાજ્ય સરકાર તરફથી તેમજ ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી અપંગ સાધન સહાય યોજનાની માહિતી આપવામાં આવેલી છે. તે ઉપરાંત વિકલાંગ બાળકોની સંકલીત શિક્ષણ યોજના, શૈક્ષણિક સંસ્થાઓમાં ત્રણ ટકા બેઠકોનું અનામત, પ્રત્યેક વિકલાંગ બાળકને અઢાર વર્ષનું થાય ત્યાં સુધી નિ:શુલ્ક શિક્ષણ અભ્યાસ કરતી વિકલાંગ વ્યક્તિ અને મુકબધીર વ્યક્તિઓ, શિષ્યવૃતિની યોજના સમજાવવામાં આવેલ છે. સેકન્ડરી બોર્ડની પરિક્ષાઓમાં અંધ અને હાથ કપાયેલ અપંગ વિદ્યાર્થીને લહિયાની મદદ અને ત્રીસ મીનીટના વધુ સમયની ફાળવણી, વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાય યોજના તેમજ વિકલાંગ તથા અંધવ્યક્તિઓને ઘેર બેઠા અભ્યાસ (ડીસ્ટન્સ એજ્યુકેશન) કરવાની તક પુરી પાડતી યુનિવર્સિટીઓની માહિતીઓ આપવામાં આવેલી છે. આ ઉપરાંત વિકલાંગો અને અંધો માટે અલગ-અલગ પ્રકારની માસિક સહાયની યોજનાઓ પણ ચર્ચવામાં આવેલી છે. સૌથી મહત્વની બાબત એ છે કે અલગ-અલગ શિક્ષણ સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામતની જોગવાઈ કરવામાં આવેલી છે.

ગુજરાત રાજ્યમાં આવેલી રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓની સંપૂર્ણ માહિતી આ અહેવાલમાં આપવામાં આવેલી છે. તેમજ રાજ્યમાં ચાલતા તાલીમ કેન્દ્રો અને

એપ્રેન્ટીસના કાયદા મુજબ વિકલાંગ વ્યક્તિઓ માટે ત્રણ ટકા અનામતની પણ જોગવાઈ કરવામાં આવેલી છે. વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીઓમાં અનામત, ઉમર મર્યાદામાં છુટછાટ, સ્પર્ધાત્મક પરિક્ષા ફીમાંથી મુક્તિ, પ્રાથમિક શાળામાં અંધજન શિક્ષણ તરીકે પસંદગી અને અપંગ વ્યક્તિઓ માટે ટેલીફોન બુથની યોજનાઓ જાણાવવામાં આવેલ છે.

નેત્રહીન વ્યક્તિને ટેલીફોન ભાડામાં રાહત તેમજ વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીનની યોજના પણ સમજાવવામાં આવેલી છે. વિકલાંગ વ્યક્તિઓને તેમની શ્રેષ્ઠતા માટે રાજ્યસરકાર તરફથી ભારત સરકાર તરફથી અલગ એવોર્ડોની જાણકારી આપવામાં આવેલી છે. આવકવેરામાં રાહત આપવામાં આવેલી છે.

શારીરિક ખોડખાપાણવાળા અપંગ સરકારી કર્મચારીઓને વાહનપેસગી, વાહન કરમાંથી મુક્તિ, વાહન વિમા પ્રીમીયમમાં રાહત, મકાન માટે અનામતની જોગવાઈ, વેચાણવેરામાં રાહત, ઘરવપરાશ માટે ગેસ જોડાણ આમ વિકલાંગ વ્યક્તિઓને તેમના વ્યવસાય તેમજ તેમના જીવન અંગે અનેક પ્રકારની રાહતો અને સહાયોની યોજનાઓ આપવામાં આવેલી છે. વિશેષમાં રાજ્યની હોસ્પીટલોમાં અગ્રતાક્રમે સારવાર, અપંગોના લગ્ન અંગે મદદરૂપ સંસ્થાઓ, વિકલાંગોના શિક્ષાણ અને પુન:સ્થાપન માટે મહર્ષી અષ્ટાવક્રયોજના, યુનીટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા અને એલઆઈસીની અપંગો માટેની યોજનાઓ પણ આપવામાં આવેલી છે.

આ ઉપરાંત ગુજરાતમાં આવી બ્રેઈલ લાઈબેરીયો, સરકારી અને સ્વૈચ્છિક માનસિક સ્વાસ્થ કેન્દ્રો, અંધ અપંગ અને મંદબુદ્ધિના બાળકો માટે મલ્ટી કેટેગરી વર્કશોપ, અપંગ વ્યક્તિઓને પર્વતારોહણના કાર્યક્રમની ફીમાં રાહત અને અંધજનો માટે રાજ્યકક્ષાની સ્પર્ધાઓ પણ ચર્ચવામાં આવેલી છે. વિકલાંગોને માટે માર્ગદર્શન આપતા મેગેઝીનો પણ પ્રસિધ્ધ થાય છે તેની જાણ કરવામાં આવી છે તો પોલીયો ફાઉન્ડેશન અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ કામગીરી અને તેની લાંબી યાદી આપવામાં આવેલી છે. બહુવિકલાંગો માટે પુર્નવસનની

યોજના, અપંગો માટે વિજબીલમાં રાહત અને આ ક્ષેત્રે રાષ્ટ્રીયસ્તરે કામ કરતી ટોચની સંસ્થાઓની યાદી આપવામાં આવેલી છે. ગુજરાત રાજ્યમાં રાજ્યસ્તરે અપંગોના કલ્યાણનું કામ કરતી કચેરીઓ અને અન્ય અગત્યની યોજનાઓની માહિતી આપવામાં આવેલી છે. સાથોસાથ અપંગો માટેના ઓળખચિત્રો, વિકલાંગોને ઉપયોગી નિશાનીઓ, કૃત્રિમ અવયવો અને અપંગોને ઉપયોગી સાધનોની માહિતી પણ આપવામાં આવેલી છે. અંધવ્યક્તિઓ માટે આશિર્વાદ સમાન નિવડેલ બ્રેઈલલીપી તેમજ તેના મુળાક્ષરો સમજાવવામાં આવેલા છે તેમજ બહેરી-મુંગી વ્યક્તિઓ માટે હાથના ઈશારાની ભાષા પણ સમજવામાં આવેલી છે. વિશેષમાં અંધજનો માટે શૈક્ષણિક અને અન્ય વિશિષ્ટ સાધનો વિશેની માહિતી આપવામાં આવી છે તેમજ બહુવિકલાંગતા અંગે તેમજ તેના કારણો અંગે માહિતી આપવામાં આવેલી છે. આ ઉપરાંત આ અહેવાલમાં વિકલાંગધારો ૧૯૯૫ તથા તેના અનુસંધાને થયેલા નિયમો, ઠરાવો, પરિપત્રો અને નોટીફીકેશનથી સમજાવામાં આવેલી છે.

**૨. વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ**

**પ્રકાશક: માહિતી કમીશ્નર ગુજરાત રાજ્ય ૫મી આવૃતિ, ૨૦૦૯**

ગુજરાત રાજ્ય માહિતી કમીશ્નર દ્વારા પ્રકાશીત થયેલ ઉપરોક્ત અહેવાલની પાંચમી આવૃતિ બતાવી આપે છે કે ગુજરાતના માનવ સમાજમાં અને આ ક્ષેત્રે કામ કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં આ અહેવાલની કેટલી બધી જરૂર છે. વસ્તુતઃ આ એક માત્ર સરકારી અહેવાલ ન રહેતા વિકલાંગો માટેની સંપૂર્ણ માહિતીસભર માર્ગદર્શિકા બની જાય છે. માનવીનો જન્મ એ કુટુંબમાં બનતી અદભુત ઘટના છે. પરંતુ જન્મજાત ખોડખાપણ કે કુદરતી અથવા માનવસર્જીત વિકલાંગતાએ સમાજમાં બનતી આકસ્મિક ઘટના છે. આ અહેવાલ જાણાવે છે કે આવી પ્રત્યેક ઘટનામાં કુદરત જો એક હાથે લઈ લે છે તો બીજા હાથે તેના જીવનમાં છુપી શક્તિ અને તાકાતનો સંચાર કરે છે. તેથી વિકલાંગ વ્યક્તિને

દયાની નહી પણ પ્રેમ અને હુંફની જરૂર છે. સહકાર અને સહવાસની જરૂર છે કે જેથી વિકલાંગ વ્યક્તિઓ પણ આમ આદમીની માફક સમાજમાં સરળ અને સહજ રીતે જીવંત વ્યતિત કરી શકે.

પ્રસ્તુત પુસ્તિકામાં રાજ્ય સરકાર અને ભારત સરકારની વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, અગત્યના ઠરાવો, રેલ્વે અને બસોમાં મફત મુસાફરી અને ઓળખપત્રો, વિમાની (એરલાઈન્સ) સેવા અને સ્ટીમર મારફત મુસાફરી, વિવિધ સાધન સહાય અને શૈક્ષણિક યોજનાઓ, રાષ્ટ્રીય અને રાજ્ય પારિતોષીક યોજના, બ્રેઈલ લાઈબ્રેરી, નિરાધાર વૃદ્ધો, અપંગો વિધવાઓને આર્થિક સહાય, સરકારી નોકરીઓમાં અનામત, વાહન-મકાન, નોકરી, વેચાણવેરો આવકવેરો વિગેરેમાં રાહત અને સહાય તેમજ તેમના સર્વાંગી વિકાસને સ્પર્શતી યોજનાઓનો સમાવેશ કરવો.

પ્રસ્તુત પુસ્તિકા સંપાદકીય કોલમમાં જણાવે છે કે લુઈ અને નાઈટિંગલ વિકલાંગ હોવા છતા આટલુ મહાન કાર્ય કરી શક્યા તો જે શારીરિક રીતે સ્વસ્થ છે તે બીજા માટે શુ ન કરી શકે? લુઈ બ્રેઈલ પોતે અંધ હોતો છતા તેણે વિકલાંગોના ઈતિહાસમાં અમર બની ગયેલ બ્રેઈલલીપીની શોધ કરી છે. જેને કારણે દ્રષ્ટિહીન વિકલાંગો માટે શિક્ષણના દ્વાર ખુલ્યા છે. તેવીજ રીતે ફ્લોરેન્સ નાઈટિંગલ વિકલાંગ હોવા છતાં સેવા અને સુરક્ષાના મહાન કાર્યો કરીને વિશ્વ ઈતિહાસમાં અમર થઈ ગયા છે તો સુરદાસ અને મિલ્ટન અંધ હોવા છતાં સાહીત્યના ક્ષેત્રે અમર બની ગયા છે.

### ૩. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીની યોજનાકિય માહિતી.

**પ્રકાશક: જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રાજકોટ**

રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી દ્વારા ગુજરાત રાજ્યની સમાજ સુરક્ષા વિભાગની વિકલાંગો, બહુવિકલાંગતાને નિરાધાર વિધવાઓ, નિરાધાર વૃદ્ધો અને

મહીલાઓ માટે જે અનેક પ્રકારની યોજનાઓ કાર્યાન્વિત છે તે અંગે સંપૂર્ણ માહિતી વર્ગીકરણ દ્વારા આપવામાં આવેલી છે.

ઉપરોક્ત માહિતી પત્રિકામાં જે આર્થિક સહાય યોજનાઓ દર્શાવવામાં આવેલી છે. તેમાં નિરાધાર વૃદ્ધ મહીલાઓના પુન:સ્થાપન માટેની તેમજ આ વિધવા મહીલાઓની તાલીમ દ્વારા પુન:સ્થાપન માટેની યોજના દર્શાવામાં આવેલ છે. વિશેષમાં આ અહેવાલમાં વિકલાંગ, અંધ, બહેરા-મુંગા, મંદબુદ્ધિવાળી વ્યક્તિ માટે વિકલાંગ ઓળખકાર્ડ આપવાની યોજના, વિકલાંગ વ્યક્તિઓને એસ.ટી.બસમાં મફત મુસાફરી કરવાની યોજના, વિકલાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના, વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના, તિવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા અંગેની યોજના કે જે સંતસુરદાસ યોજના તરીકે જાણીતી છે, રાષ્ટ્રીય વિકલાંગ આર્થિક સહાય અને વિકાસ નિગમ દ્વારા આપવામાં આવતી સહાય, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના, નારી સંરક્ષણ ગૃહ અને કેન્દ્રની યોજના, શિશુગૃહો તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ અન્વયે બાળગૃહો, વિશિષ્ટ ગૃહો અને અનાથ આશ્રમોની યોજના આપવામાં આવેલ છે. આમ ગુજરાતના માનવ સમાજમાં જે-જે વ્યક્તિઓ એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવતી હોય નિરાધાર કે વૃદ્ધ હોય તો તેમને માટેની અનેક યોજનાઓ કાર્યાન્વીત છે.

**૪. વિકલાંગ વ્યક્તિ (સમાનતક, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગીતા) અધીનિયમ ૧૯૯૫**

**(૧૯૯૬નો પહેલો)**

**પ્રકાશક: સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર**

ભારત સરકારના ઉપરોક્ત બાબત પરત્વેના અધીનિયમની ગુજરાતી નકલ ગુજરાત

સરકારે સમાજ સુરક્ષાની કચેરી દ્વારા ગુજરાતના વિકલાંગો, વિકલાંગોના વાલીઓ, વિકલાંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ, સમાજ કાર્યકરો, કાયદાના અભ્યાસુઓ તેમજ વિકલાંગો સાથે એક યા બીજી રીતે સંકળાયેલ વ્યક્તિઓ માટે આ પ્રકાશન અત્યંત મહત્વનું છે.

આ કાયદામાં વિવિધ પ્રકારની વિકલાંગતા અંગેની વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે, આ કાયદા અન્વયે વિકલાંગતા નિવારણના ક્ષેત્રે કામ કરતી સંસ્થા તેના અધિકારીઓ, સંકલન સમિતિઓ, તેમના કાર્યો આપવામાં આવેલા છે જે રાષ્ટ્રીય કક્ષાએ કામ કરે છે.

તેવીજ રીતે રાજ્યકક્ષાએ કામ કરતી સરકારી સંકલન સમિતિ તેના નિયમો, કાર્યોની ચર્ચા કરવામાં આવેલી છે. આ ઉપરાંત આ કાયદામાં વિકલાંગ બાળકોના શિક્ષણ, રોજગાર વિગેરેની પણ જોગવાઈઓ કરવામાં આવેલી છે.

વિકલાંગ વ્યક્તિઓ માટે જાહેર સ્થળોએ કોઈપણ પ્રકારનો ભેદભાવ ન રાખવો તે અંગેની જોગવાઈઓ પણ કરવામાં આવેલ છે તેમજ વિકલાંગ વ્યક્તિઓ માટે કામ કરતી સંસ્થાઓને માન્યતા આપવાની જોગવાઈ અને ગંભીર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. આ ઉપરાંત વિકલાંગતાના ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ કે સંસ્થાઓ અશુદ્ધ બુદ્ધિથી કામ કરતી હોય તો તે અંગેની દંડાત્મક જોગવાઈઓ પણ આપવામાં આવેલી છે.

**૫. સ્વલીનતા, મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગતા ગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણ માટેનો રાષ્ટ્રીય ધારો ૧૯૯૯**

**પ્રકાશક: ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી.**

આ કાયદા અન્વયે, કેન્દ્ર સરકાર સ્વલીનતા, મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગતાઓની વ્યાખ્યાઓ આપ્યા બાદ તેમના કલ્યાણ માટેનું ટ્રસ્ટ આપવા અંગેની

જોગવાઈઓ કહે છે જે કાયદાકીય હેતુઓ માટે નોંધાયેલી સંસ્થા જેવા સ્વરૂપનું હશે. આ ટ્રસ્ટ સ્થાનિક વિસ્તારની સમિતિઓ તેમજ નોંધાયેલા સંગઠનો અને વાલીઓ માટે નીચેના ઉદ્દેશો પાર પાડશે.

વિકલાંગ વ્યક્તિઓ જે સમુદાયમાંથી આવતી હોય તેમાં અથવા તેના જેવા જ તેની તદન નજીકના સમુદાયમાં સ્વતંત્ર રીતે અને સંપૂર્ણ રીતે રહી શકે તે માટે તેમને શક્તિમાન બનાવવા અને તેઓમાં અધિકાર સિંચન કરવું. આ ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓ પોતાના કુટુંબમાં રહી શકે તે માટે તેને ટેકો પુરો પાડવાની સુવિધાઓ સક્ષમ બનાવવી અને વિકલાંગ વ્યક્તિઓના કુટુંબમાં તેની તીવ્ર  મુશ્કેલીઓના સમય દરમ્યાન જરૂરિયાતના આધારે સેવાઓ પુરી પાડવા નોંધાયેલા સંગઠનો સુધી સેવાઓનું વિસ્તરણ કરવું. વિશેષમાં કુટુંબનો ટેકો ન હોય તેવી વિકલાંગ વ્યક્તિઓની સમસ્યા હલ કરવી અને વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા અથવા વાલીનું મૃત્યુ થતા તેની સાર-સંભાળ અને રક્ષણના પગલાઓને પ્રોત્સાહન આપવું. આવા રક્ષણની જરૂર હોય તેવી વિકલાંગ વ્યક્તિઓ માટે વાલીઓ અને ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની કાર્યવિધિ વિકસાવવી અને વિકલાંગ વ્યક્તિઓનો સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંયુક્ત સહભાગીદારી સિધ્ધ થાય તે માટે સુવિધાઓ પુરી પાડવી અંતમાં ઉપરોક્ત ઉદ્દેશો પાર પાડવા માટે જે કંઈ આનુસંગીક પગલાની જરૂર હોય તે કરવું.

આ કાયદા અન્વયે ઉપરોક્ત હેતુઓ સિધ્ધ કરવા માટે જે ટ્રસ્ટ સ્થાપવામાં આવ્યુ હોય તેની પોતાની પ્રવૃતિઓ કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી શરૂઆતમાં ૧૦૦ કરોડનું સ્થાપી ભંડોળ મળશે તે ઉપરાંત આ ટ્રસ્ટ અનુદાન, દાન, સખાવતો, વારસાઓ અને હેરફેરથી નાણાકીય સાધનો મેળવી શકશે.

આ ટ્રસ્ટની વ્યવસ્થા કરનાર બોર્ડ તેની નિયત કરેલી ફરજો બજાવે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

એવા કાર્યક્રમો કે જે બહુવિકલાંગ વ્યક્તિને તેના સમુદાયમાં કે સ્વતંત્ર રીતે જીવન જીવવાની પ્રોત્સાહન આપે તેવા હોય તેમજ સમુદાયમાં અનુકુળ વાતાવરણ સર્જે તેવા વિશેષમાં બહુવિકલાંગ વ્યક્તિઓના કુટુંબની સભ્યોને સલાહ અને તાલીમ આપે તેમજ બહુવિકલાંગ વ્યક્તિના સંદર્ભમાં વિવિધ સમાજની સેવાઓને પ્રોત્સાહન આપે. આ ઉપરાંત બહુવિકલાંગ વિદ્યાર્થી માટે છાત્રાલયો, શિશુગ્રહો, વિશિષ્ટ પ્રકારની શાળાઓ અને રહેઠાણ માટેના નિવાસસ્થાન બતાવવા તેમજ બહુવિકલાંગ વ્યક્તિઓની સ્વાવલંબી જુથોના સશક્તિકરણની દીશામાં પ્રયાસો કરવા આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ સમિતિની વાલીપણાની અરજીઓને મંજુર કરવાની કામગીરી અને ટ્રસ્ટના ઉદ્દેશોને પ્રોત્સાહન આપે તેવા કાર્યક્રમો હાથ ધરવા ભારતની સંસદે આ કાયદો મંજુર કરીને રાષ્ટ્રીય ટ્રસ્ટની રચના કરી છે કે જે દ્વારા સ્વલીનતા મગજનો લકવો, મંદબુદ્ધિતા અને બહુવિકલાંગ વ્યક્તિઓના કલ્યાણના ક્ષેત્રે એક મહત્વનું સિમાચિન્હ ઉભુ કરીને સામાજિક સુરક્ષાના ક્ષેત્રે હરણફાળ ભરી છે.

○ **બિન સરકારી સંસ્થાના અહેવાલોની સમીક્ષા**

**૧. એશિયા અને પેસીફીકના વિકલાંગ લોકો માટે સમાવેશક, અવરોધમુક્ત અને અધિકાર આધારીત સમાજ માટેનું બિવાકો મિલેનીયમ ફ્રેમ વર્ક પ્રકાશક: એશિયા પેસીફીક વિકલાંગ કમિશન (૨૦૦૨)**

એશિયા પેસીફીક કમિશનના ૨૦૦૨ના ૫૮માં અધિવેશનમાં એશિયા અને પેસીફીક મહાસાગરના વિસ્તારમાં આવેલા દેશોમાં વિકલાંગ લોકો માટેના અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા જેમાં વિકલાંગ લોકો માટે સમાવેશક, અવરોધમુક્ત અને અધિકાર આધારીત સમાજ માટે જે યોજના ઘડવામાં આવી તેને બિવાઠો મિલેનીયમ ફ્રેમ કહેવામાં આવે છે. આ અધિવેશનમાં ઉપરોક્ત પ્રદેશોમાં રહેતા વિકલાંગો માટે શિક્ષણ, આરોગ્ય માહિતી, સંદેશાવ્યવહાર, તાલીમ અને રોજગારીની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત

વિકલાંગતા માટેની રાષ્ટ્રીય સંકલન સમિતિ બનાવવી, વિકલાંગતાને અસર કરતા કાર્યક્રમો વિકસાવવા અને તેનું મોનીટરીંગ કરવુ અને વિકલાંગોના ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી. આ ઉપરાંત આ સંસ્થાએ એશિયા અને પેસીફીક દાયકો (૧૯૯૩ થી ૨૦૦૨)ની યોજનાના અમલીકરણમાં પ્રાથમિક અગ્રતાવાળા ક્ષેત્રો નક્કી કરવા અને વિકસાવવા તેમજ આવા અગ્રતાવાળા ક્ષેત્રોના લક્ષ્ય અને કાર્યો નક્કી કરી કાર્યાન્વિત કરવા, વિકલાંગ મહીલાઓ માટેના કાર્યક્રમો અંગે તેના નિતિનિયમો ઘડવા તેમજ તેના લક્ષ્ય અને કાર્યો પણ નક્કી કરવા. આ ઉપરાંત ૨૦૧૫ના વર્ષ સુધીમાં કુમાર અને કન્યાઓ સહીત તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકો પૂર્ણ કરવા અંગે પણ નકકી કરવામાં આવ્યું. વિશેષમાં વિકલાંગોની સ્વરોજગારી સહીત તાલીમ અને રોજગાર યોજના અંગે નિર્ણાયક મુદાઓ અને લક્ષ્યાંકો નકકી કરવામાં આવ્યા. અંતમાં પર્યાવરણ અને જાહેર માર્ગવ્યવહાર અંગે પણ નિર્ણયો કરવામાં આવ્યા.

**૨. અમારા વગર અમારા વિશે કઈ નહી**

**પ્રકાશક: પ્રેક્ષાધ્યાન એકેડેમી, ગાંધીનગર ૨૦૦૭**

ઉપરોક્ત સંસ્થાના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના રાજ્યકક્ષાના વાર્ષિક સંમેલનમાં વિકલાંગ વ્યક્તિઓ વિશે ઘણીબધી માહિતીઓ આપવામાં આવેલી છે. વસ્તુત: ૪૭ પેઈઝનો આ અહેવાલ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ મા-બાપ અને વાલીઓ તેમજ વિકલાંગતાના ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ માટે એક માર્ગદર્શિકા સમાન છે. ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો એમ કહેવા માંગે છે કે અમારી બાબતમાં જે કંઈ નીતિ નિર્ણયો લેવામાં આવે, જે સ્તરે લેવામાં આવે કે જે પ્રકારના લેવામાં આવે તે અમારા સીવાય નહી. વિકલાંગ વ્યક્તિઓ તેમના વિશેની સમગ્ર યોજનાના આયોજન અને અમલીકરણમાં એમની ભાગીદારી ઈચ્છે છે. હેન્ડીકેન્ડ ઈન્ટરનેશનલે ડીસેએબીલીટી એડવોકસી ગ્રુપ અને ગુજરાતના કોર ગ્રુપ સાથે એક મીટીંગ ૨૦૦૭માં યોજી હતી.

ઉપરોક્ત સંસ્થા દ્વારા યોજાયેલા આ સંમેલનમાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિકલાંગોના જીવન અંગેના અલગ-અલગ પાસાઓ અને પરિમાણોના સંદર્ભમાં જુથો પાડવામાં આવ્યા હતા. કે જેમાં આરોગ્યનો હક, સામાજિક સુરક્ષાનો હક, સમાજમાં યોગદાનનો હક, અવરોધરહીત સમાજનો હક, કુટુંબમાં હકનો ભંગ અને શિક્ષણનો હક આમ વિકલાંગોના અલગ-અલગ હકો વિશે ચર્ચા થઈ હતી. અલગ અલગ સેસન્સમાં અલગ-અલગ બાબતો વિષે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં વિકલાંગ વ્યક્તિઓના નાગરીકતાના હકો, આર્થિક અને સાંસ્કૃતિક હકો, કાયદાકીય હકો અને રાજકીય હકો વિશે ખૂબજ મહત્વ પૂર્ણ ચર્ચા થઈ હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે આર.એમ.દાસ, કમીશ્નર શ્રી રાઈટ ટુ ઈન્ફરમેશન કમીશન, હાજર રહ્યા હતા. આ અહેવાલ ચિત્રાત્મક છે કે જે દ્વારા માહિતીનું સ્પષ્ટીકરણ વધુ ઝડપી બને છે.

### ૩. વિકલાંગતા અને આપણા પ્રશ્નો અને વ્યુહરચનાઓ

**પ્રકાશક: હેન્ડીકેપ્ટ ઈન્ટરનેશનલ, ૨૦૦૧**

વિકલાંગો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી સંસ્થા જે આ ક્ષેત્રે ઘણુ મહત્વનું અને પાયાનું કામ કરે છે. આ સંસ્થાના ઉપરોક્ત લેખમાં વિકલાંગ અને બહુવિકલાંગતાની વિશેષ સમજ આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જાણાવ્યા મુજબ વિશ્વમાં દર ૨૦ વ્યક્તિએ એક વ્યક્તિ વિકલાંગ હોય છે જ્યારે વિશ્વબેંકના અંદાજે એમ જાણાવેલ છે કે ગરીબ દેશોમાં ૨૦% લોકો વિકલાંગ હોય છે.

ઉપરોક્ત લેખમાં ગરીબી અને વિકલાંગતા વિશે ગહન ચર્ચા કરવામાં આવી છે. જેમાં ગરીબી અને વિકલાંગતા વચ્ચે કાર્યકારણીનો સિધ્ધાંત પણ સમજાવવામાં આવેલો છે. વિશેષમાં વિકલાંગતાના કારણો ગ્રાફ સાથે સમજાવવામાં આવેલા છે તો વિકલાંગતા આર્થિક પાસુ પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

વિકલાંગતાને કુદરતી આપતી સાથે પણ સાંકળવામાં આવેલ છે કે જેમાં ગુજરાતમાં આવેલ ભુકંપ બાદ વિકલાંગ લોકો માટે પુર્નવસનની યોજનાઓ દર્શાવવામાં આવેલી છે. વિકલાંગોને અધિકાર પ્રાપ્તિ માટે શક્તિમાન બનાવવાની પ્રક્રિયામાં સમુદાય આધારિત સંગઠનોની ભૂમિકા ચર્ચવામાં આવી છે તેમજ વિકલાંગો અને શિક્ષણ વિશે પણ પ્રકાશ પાડવામાં આવેલો છે. ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગોની શિક્ષણ વિકાસ માટેના કેટલાક પાયાના સિદ્ધાંતોની પણ ચર્ચા કરવામાં આવેલી છે. તો સાથોસાથ માનવવિકાસ અને અપંગતા ઉભી કરનારી પ્રક્રિયા પણ ચર્ચા કરવામાં આવેલી છે. ભારતની વસ્તીગણતરી અને વિકલાંગતાનો મુદ્દો પણ ગણી લેવામાં આવેલો છે કે જેમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી વિશેની વાત કરવામાં આવેલી છે.

વિકલાંગ વ્યક્તિઓ વિશે બહુ મહત્વની અને આંખ ખોલનારી વાત આ અહેવાલમાં જે જણાવવામાં આવેલી છે તે તેમની લાપતા (મીસીંગ) બનવા અંગેની છે. આ અહેવાલ જણાવે છે કે વિકસતા દેશમાં પણ વિકલાંગો લાપતા બને છે. અંતમાં વિકલાંગતાઓ માટે જોખમનું ચક્ર કયું હોય શકે તે ચર્ચવામાં આવેલી છે.

આ અહેવાલ ઉપસંહારમાં જણાવે છે કે વિકસતા દેશોમાં વિકલાંગ લોકો વિકસીત દેશો કરતા એટલા માટે ઓછા છે કે વિકસતા દેશોમાં વિકલાંગો અકાળે મોતને ભેટતા હોય છે. જે વિષચક્રનું મુળ ગરીબી અને આર્થિક સાધનોની અસમાન વહેચણી છે.

### ૪. ગુજરાત રાજયની પ્રાથમિક શિક્ષણ કાઉન્સીલના સર્વ શિક્ષા અભિયાનના વિકલાંગો અને બહુવિકલાંગો અંગેનો અહેવાલ

**- ગુજરાત રાજય કાઉન્સીલ**

ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો અને બહુવિકલાંગો અંગે શિક્ષણ અભિયાનની જરૂરિયાત અને પદ્ધતિઓ જણાવવામાં આવેલી છે. વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોની

શિક્ષણ અને તાલીમ આપવા માટે ખાસ પ્રકારની પદ્ધતિઓ વિકસાવવી પડે છે. કારણ કે તેમની ખાસ જરૂરિયાતોને ધ્યાનમાં લેવી પડે છે. અનેક પ્રકારની વિકલાંગતાઓ ચલાવનાર બાળકોને શિક્ષણ આપવામાં એક સાથે બેસાડીને અને એક સુત્રે બાંધીને શિક્ષણ આપવાની વાત આવે ત્યારે તેમની વિકલાંગતાઓને નજર અંદાજ કરી શકાય નહી. તેમનામાં અને તેમના વાલીઓમાં શિક્ષણ અને તાલીમની સફળતા વિશે હકારાત્મક વલણ સર્જવુ બહુ મહત્વનું છે. સાથોસાથ પોતાના વિકલાંગ બાળકોમાં રહેલી સુસુપ્ત શક્તિઓમાં પણ વાલીઓને વિશ્વાસ થવો જોઈએ. આ માટે આ ક્ષેત્રે કામ કરતી ગુજરાત કાઉન્સીલ બહુવિકલાંગ બાળકોના કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક અને પુન: સ્થાપનના પ્રશ્નોની ચર્ચા કરવા માટે એક મંચનું આયોજન કર્યુ હતુ અને આ વિષદ પ્રશ્નોની ચર્ચા કરી હતી.

બહુવિકલાંગ બાળકોના માતા-પિતા અને શિક્ષકોમાં સભાનતા જાગૃત કરવાનું અત્યંત આવશ્યક છે. કારણ કે આ પ્રકારની સભાનતા દ્વારા જ વિકલાંગ બાળકોને આપવામાં આવતા શિક્ષણ અને તાલીમ પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તેમજ શિક્ષકોમાં પણ હકારાત્મક અભિગમ ઉપરાંત શિક્ષણ પદ્ધતિથી માહીત કરી શકાય.

બહુવિકલાંગ બાળકોના શિક્ષકોને આ શિક્ષણ પદ્ધતિની તાલીમ આપવા માટે વિવિધ પ્રકારના ટ્રેઈનીંગ મોડ્યુલ્સ વિકસીત કરવામાં આવ્યા છે જે દ્વારા વિકલાંગ બાળકોના શિક્ષકો તૈયાર કરી શકાય. કારણ કે વિકલાંગ બાળકોને તેમની વિકલાંગતાના સંદર્ભમાં શિક્ષણ આપવાનું રહે છે. એટલે જેટલુ મહત્વ વિકલાંગોના શિક્ષકોના અને તેમની તાલીમનું છે. કારણ કે તેમને વિકલાંગોને શિક્ષણ અને તાલીમ આપી પુન: સ્થાપન માટે તૈયાર કરવાના છે.

ગુજરાત કાઉન્સીલના આ અહેવાલમાં ગુજરાતમાં આવેલ વિકલાંગ બાળકોના આંકડાઓ આપેલ છે. ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં વિવિધ પ્રકારની વિકલાંગતાઓ

ધરાવનાર બાળકોના આંકડાઓ તેમજ શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકોના આંકડાઓ આપેલા છે. વિકલાંગ અને બહુવિકલાંગ બાળકોના શિક્ષણને તાલીમનું મહત્વ એ તેમના સામાજિક અને વ્યવસાયિક પુન:સ્થાપન અંગે જેટલુ મહત્વનું છે તેટલાજ મહત્વના આ આંકડાઓ છે.

ગુજરાત કાઉન્સીલના આ અહેવાલમાં વિકલાંગતા અંગેના બંધારણીય અને કાનૂની પાસાઓની પણ ચર્ચા કરવામાં આવી છે. વિકલાંગો અને બહુવિકલાંગોને ભારતનું બંધારણ કઈ રીતે મુલવે છે અને સમાનતાના માનવીય અધિકારો આપે છે. તેની ચર્ચા કરવામમાં આવી છે જે અત્યંત મહત્વની છે. આમ ભારતમાં વિકલાંગોને બંધારણીય રક્ષણ મળતા તેમના માનવીય અધિકારોનું પુન: સ્થાપન થયું છે. આ ઉપરાંત આ અહેવાલમાં બહુવિકલાંગો માટે આંતરરાષ્ટ્રીયસ્તરે થતા પ્રયાસોની પણ નોંધ લેવામાં આવેલી છે જેમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની નોંધ અત્યંત મહત્વની છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની કલમ ૨૫ એ માનવીય અધિકારોની પ્રાપ્તી અંગેનો જાહેર ઢંઢેરો છે. તે અન્વયે અનેક પ્રકારની વિકલાંગતાઓ ધરાવનાર વિકલાંગો અને બહુવિકલાંગો અંગે પ્રસ્તુત ચર્ચા કરવામાં આવેલી છે. આ સંસ્થાની સમયાંતરે મળેલી મિટીંગોમાં આ અધિકારોને કાર્યાન્વિત કરવા અનેક પ્રકારના પગલાઓ સુચવવામાં આવેલા છે. એ બતાવે છે કે વિકલાંગોના શિક્ષણ, તાલીમ, સામાજિક અને વ્યાવસાયીક પુન:સ્થાપન દ્વારા તેમને સામાન્ય જનપ્રવાહમાં ભેળવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની ભૂમિકા અત્યંત મહત્વની બની રહે છે.

અંતમાં આ અહેવાલમાં વિકલાંગો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાયદો, ૧૯૯૫ની પણ છણાવટ કરવામાં આવેલી છે. ભારતમાં વિકલાંગો કે બહુવિકલાંગો અંગે જે કંઈ કાયદાઓ જયારે પણ થયા છે તે સૌમાં આ કાયદો અત્યંત મહત્વનો છે તેથી આ કાયદાની કલમદીઠ ચર્ચા કરવાને બદલે તેના મહત્વના પાસાઓની તેમજ એ અંગે જો કાનૂની ચુકાદાઓ આવેલ હોય તો તેની છણાવટ કરવામાં આવેલ છે.

**૫. Disability India Network Organization, New Delhi**

ભારતની બાળવિકાસ સોસાયટીના સૌજન્ય અન્વયે ઉપરોક્ત સંસ્થા ભારતમાં વિકલાંગો અંગેની બહુવિશાળ માહિતી પુરી પાડે છે. આ અહેવાલમાં બાળકોના વિકાસ અંગે જે પાયાની પ્રવૃતિઓ આ સંસ્થા કરી રહી છે તેની માહિતી આપવાની સાથોસાથ બૌધ્ધિક અક્ષમતા અંગેની જાણકારી, તેનુ સ્તર અને તેમને માટેની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવેલ છે. ડીસએબીલીટી ઈન્ડીયા નેટવર્ક પોતાની વેબસાઈટ ચલાવે છે કે જે દ્વારા એ વિકલાંગો અંગેની માહિતી અને તેમને અંગેના લાભોની સીધી જાણકારી આપે છે. આ સંસ્થાની સ્થાપના રાષ્ટ્રીય સ્તરે ૧૯૯૨માં કરવામાં આવી હતી કે જેને ઈન્કમટેકસમાંથી મુકિત આપવામાં આવી છે અને વિદેશોમાંથી ફંડ મેળવવાની મંજુરી પણ આપવામાં આવેલી છે. આ સંસ્થાની કાર્યવાહક સમિતિમાં વિવિધ વિષયોના તજજ્ઞો અને તબીબોનો સમાવેશ થાય છે.

**6. National Policy for person with Desabilities.**

**પ્રકાશક: ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય ભારત સરકાર (૧૯૯૩)**

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણના મંત્રાલય દ્વારા Desabiliti India Network અન્વયે આ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે ઘણોજ ગહન અને માહિતીસભર છે.

ઉપરોક્ત અહેવાલમાં વિકલાંગો અંગેના બંધારણીય પાસાની ચર્ચા કરવામાં આવેલી છે. જેમાં વિકલાંગોને મળતા સમાનતા, સ્વાતંત્ર, ન્યાય અને માનવીય ગૌરવની ખાત્રી આપવામાં આવી છે. વિકલાંગોને ભારતીય બંધારણે જે બંધારણીય અધિકારો આપેલા છે તે સમાજ માટે આદેશાત્મક છે. આ ઉપરાંત આ અહેવાલમાં ભારતની છેલ્લી વસ્તી ગણતરીના

આધારે કુલ વસ્તીના સંદર્ભમાં વિકલાંગોનું પ્રમાણ આપ્યું છે. વિશેષમાં વિકલાંગો અંગેના ભારત સરકારના ઘડેલા કાયદાઓના નામ પણ આપવામાં આવેલા છે તેમજ વિકલાંગો માટે રાષ્ટ્રીયસ્તરે કામ કરતી સંસ્થાઓની યાદી આપવામાં આવેલ છે.

આ ઉપરાંત વિકલાંગો માટે મળતી અલગ પ્રકારની લોનની જાણકારી પણ આપવામાં આવેલી છે કે જે દ્વારા વિકલાંગો સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે છે. વિકલાંગો અંગેની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું ભારત એક સક્રિય સભ્ય છે તેની જાણકારી પણ આ અહેવાલમાં આપવામાં આવેલા છે. આ ઉપરાંત વિકલાંગતા અટકાવવા અંગે અને તેમના પુન:સ્થાપન અંગેના પગલાઓ પણ સુચવવામાં આવેલા છે. વિશેષમાં તેમના ભૌતિક પુન:સ્થાપન અંગેની વ્યુહરચના પણ ચર્ચવામાં આવી છે અને તેમના શિક્ષણ અને આર્થિક પુન:સ્થાપન અંગેની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત સરકારી વિભાગોમાં અને સંસ્થાઓમાં વિકલાંગો માટેની રોજગારી, ખાનગી ક્ષેત્રમાં તેમની વેતન સાથેની રોજગારી તેમજ સ્વ રોજગારીની બાબતની છણાવટ કરવામાં આવેલી છે. સાથોસાથ વિકલાંગ મહીલાઓ અને વિકલાંગ બાળકો અંગે પણ જાણકારી આપવામાં આવી છે. વિકલાંગોને પ્રાપ્ય સામાજિક સુરક્ષાના લાભો તેમજ આ ક્ષેત્રે કામ કરતી બિનસરકારી સામાજિક સંસ્થાઓની ચર્ચા કરવામાં આવી છે. આ અહેવાલનું સૌથી મહત્વનું પાસુ માનવસંસાધન વિકાસની બાબત અંગેનું છે. જેમાં વિકલાંગ બાળકોનું શિક્ષણ, તાલીમ, કાઉન્સેલીંગ, રોજગારી અને સામાજિક રક્ષણની પણ જણાવવામાં આવી છે.

અંતમાં આ બધી બાબતોના સુયોગ્ય અમલની જવાબદારી પણ ચર્ચવામાં આવેલી છે.

## ૬.૯ ઉપસંહાર

આમ, પ્રજ્ઞાચક્ષુ બાળકો લઘુતાગ્રંથી, શંકાશીલ સ્વભાવ, આત્મવિશ્વાસનો અભાવ જોવા મળે છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ બીજા સમવયસ્ક બાળકો સાથેની આંતરક્રિયા પુરતા પ્રમાણમાં કરી શકતા નથી. પ્રજ્ઞાચક્ષુ બાળક વિજાતીય સમુહમાં શરમ સંકોચ અનુભવે છે.

પ્રજ્ઞાચક્ષુ (વિકલાંગ) બાળકોને મોટા થઈને વ્યવસાય કરવામાં મુશ્કેલી પડે છે. વિકલાંગ બાળકોના લગ્નની સમસ્યા પણ જોવા મળે છે. પ્રજ્ઞાચક્ષુ બાળકોના માતા-પિતા અને સમાજ અન્ય સામાન્ય બાળકોની માફક સાહજકતાથી સ્વીકારતા નથી કે તેમ વિશ્વાસ મુકતા નથી. આત્મનિર્ભર થવામાં પુરતો સહકાર મળતો નથી.

શાળામાં પ્રજ્ઞાચક્ષુ બાળકોને બેસવા ને બેસવા માટેનું અનુકુળ ફર્નિચર તેમજ યોગ્ય જગ્યાનો અભાવ તેમજ વિશિષ્ટ ઉપકરણો દરેક શાળા માટે ઉપલબ્ધ હોતા નથી તેમજ શિક્ષણ આપવા માટે વિશિષ્ટ લાયકાતવાળા શિક્ષકો દરેક શાળામાં હોતા નથી.

# પ્રકરણ-૭

# ઉકેલો, ઉપાયો અને સારાંશ

૭.૧ પ્રસ્તાવના

૭.૨ તારણો

૭.૩ કેશ સ્ટડી અભ્યાસો

૭.૩.૧ જૂનાગઢ

૭.૩.૨ રાજકોટ

૭.૩.૩ ભાવનગર

૭.૩.૪ જામનગર

૭.૩.૫ અમરેલી

૭.૩.૬ સુરેન્દ્રનગર

૭.૪ સૂચનો

૭.૫ ઉપાયો

૭.૬ સંશોધન ક્ષેત્રનો અનુભવ

૭.૭ મર્યાદાઓ

૭.૮ ભાવિ સંશોધન માટેના સૂચનો

૭.૯ ઉપસંહાર

૭.૧૦ સારાંશ

# પ્રકરણ-૭

# ઉકેલો, ઉપાયો અને સારાંશ

## ૭.૧ પ્રસ્તાવના

કુદરતી રીતે અથવા આકસ્મિક કારણોસર વિકલાંગતા આવતી હોય છે. સમાજ આવી વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યે ઉપેક્ષાભર્યું વર્તન રાખે છે. વિકલાંગ વ્યક્તિ વિશે સમાજના ખ્યાલ એવા હતા કે વિકલાંગ બાળક સામાન્ય શાળામાં શિક્ષણ મેળવી શકે નહી. પરંતુ પ્રવર્તમાન સમયમાં વિકલાંગ બાળકોના શિક્ષણ વિશે સમાજના ખ્યાલો બદલાય છે. આવા બાળકો પણ સમાજનો નાગરિક છે, ઉતમ નાગરિક બનવા માટે વિકલાંગ બાળકો પણ અન્ય બાળકો સાથે સામાન્ય શાળામાં સાથે શિક્ષણ મેળવી શકે છે. વિકલાંગ વ્યક્તિ સ્વાસ્થ્યપૂર્ણ વ્યક્તિની સરખામણીમાં કેટલાક વિશેષ કામ જેમાં શારીરિક બળની જરૂર પડતી હોય છે. તેવા કેટલાક કામ કરવામાં મુશ્કેલી જરૂર અનુભવે છે. છતાં પણ જો તેઓને સમાન તક, વિકસાવે અને યોગ્ય વાતાવરણ તેમજ સમાજ તરફથી હુંફ મળે તો તેઓ જરૂર સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવી શકે છે અને પોતાની રોજગારી પણ મેળવી શકે છે તે માટે તેમને અનુરૂપ વાતાવરણ નિર્માણ કરવાની જવાબદારી સમાજે સ્વીકારવી પડશે.

પૃથ્વી પર જન્મ લેતા પ્રત્યેક બાળકને જાણવાનો મૂળભૂત અધિકાર છે. જીવનપથ પર વિકાસ કરવા માટે કંઈ કરી બતાવવા માટે દરેક મનુષ્યમાં હિંમત, સાહસ, મહેનત, આત્મવિશ્વાસ ખૂબજ જરૂરી છે. આ બાબત વિકલાંગ બાળકો પણ સારી રીતે બંધ બેસે છે માટે સર્વશિક્ષા અભિયાનમાં શિક્ષણની નવી જ ક્ષિતિજ એટલે ‘સંમિલિત’ શિક્ષણ કે જ્યાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ સાથે વિકલાંગ બાળકને સમાન તક એક એવો વિશેષ અભિગમ કે જેમાં સામાન્ય શાળામાં સૌ સાથે શિક્ષણ એવો નવો સર્જનાત્મક વિચાર રહેલો છે એક શિક્ષણ તરીકે આવા ક્ષતિગ્રસ્ત બાળકને શિક્ષણથી લાભાન્વિત કરાવવા અથવા સમાજના ડરથી માતા-પિતા બાળકની વિકલાંગતા છુપાવે અને એના વિકાસ તરફ દુર્લક્ષ સેવે

છે તો આવા રૂઢિગત ખ્યાલોને માન્યતાઓને નિર્મળ કરવામાં સૌથી પહેલુ આપેલું યોગદાન હોવું જરૂરી છે. સમાજનું આ પ્રથમ બાળક સમાજનું જ એક અવિભાજ્ય અંગ હોઈ આપણે સમાજની સાથે પણ આ બાળકના સમાજયોજન અને વિકાસના હેતુસર એક સારા સંવાહક તરીકે આવા 'ચેલેંજીગ' બાળકોના શિક્ષણના ઉત્પાતના વિચારને સમાજમાં સંચાર કરીએ.

## ૭.૨ તારણો

## ο સામાજિક માહિતીના તારણો

૧. જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૭૫ સ્રીઓ છે જ્યારે ૨૫ ટકા ઉતરદાતાઓ પુરુષ છે.

૨. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૯૩.૬૭ ટકા ઉતરદાતાઓ હિન્દુ ધર્મ પાળે છે તેમજ ૫.૬૭ ટકા ઉતરદાતાઓ મુસ્લીમ ધર્મ પાળે છે. જ્યારે ૦.૩૩ ટકા ઉતરદાતાઓ ખ્રિસ્તી, શીખ ધર્મના છે.

૩. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી સહીત નગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૧૪ ટકા ઉતરદાતાઓ સામાન્ય જ્ઞાતિમાંથી આવે છે. ૧૫.૬૭ ટકા ઉતરદાતાઓ બક્ષીપંચમાંથી આવે છે તેમજ ૩૭.૬૭ ટકા ઉતરદાતાઓ અનુસૂચિત જાતિમાંથી આવે છે. જ્યારે ૩૨.૬૭ ટકા ઉતરદાતાઓ અનુસૂચિત જનજાતિમાંથી આવે છે.

૪. જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલા ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૧૦૯ ઉતરદાતાઓને મુશ્કેલીના સમયએ કુટુંબીજનો મદદ કરે છે. ૧૦.૬૭ ટકા ઉતરદાતાઓને મુશ્કેલીના સમયે મિત્રો મદદ કરે છે તેમજ ૨૧.૬૭ ટકા ઉતરદાતાઓને

મુશ્કેલીના સમયે સહઅધ્યાયીઓ મદદરૂપ થાય છે. જ્યારે ૨.૩૩ ટકા ઉતરદાતાઓ ને સગા સંબંધીઓ મદદરૂપ થાય છે તેમજ ૨૯ ટકા ઉતરદાતાઓએ એક કરતા વધુ જવાબ આપેલા છે જેથી તેઓ કુટુંબીજન, મિત્રો, સહઅધ્યાયીઓ, સગાસંબંધીઓ બધાજ મદદરૂપ થાય છે.

૫. જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આવેલ સંસ્થામાં ૩૦૦ ઉતરદાતાઓમાં ૩૫ ટકા ઉતરદાતાઓ સમાજ પાસે સ્વીકૃતિને અપેક્ષા રાખે છે. ૪૨ ટકા ઉતરદાતાઓ સમાજ પાસે સારા વર્તનની અપેક્ષા રાખે છે તેમજ ૨૩ ટકા ઉતરદાતાઓ સમાજ પાસેથી મદદની અપેક્ષા રાખે છે.

જ્યારે એકપણ એવા ઉતરદાતાઓ નથી જેને સમાજ પાસેથી દયાની અપેક્ષા રાખતા નથી.

૬. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલ કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૨૬.૩૩ ટકા ઉતરદાતાઓની પોતાની શારીરિક ખામી મર્યાદા લાગે છે. જ્યારે જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા ઉતરદાતાના ઘરના સભ્યોની સંખ્યા ૧થી૫ છે. જે કુલ એકમના ૩૮.૬૬ ટકા છે તેમજ ૪૫.૬૭ ટકા ઉતરદાતાઓના ઘરની સંખ્યા ૬થી૧૦ છે. ૬૭ ટકા ઉતરદાતાના ઘરની સંખ્યા ૬થી૧૦ છે અને ૧૧.૬૬ ટકા ઉતરદાતાઓના ઘરની સંખ્યા જવાબ મળેલ નથી.

૭. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૨ ટકા ઉતરદાતાના માતા-પિતા પ્રજ્ઞાચક્ષુ છે તેમજ ૦.૩૪ ટકા ઉતરદાતાના ભાઈ પ્રજ્ઞાચક્ષુ છે.

૧.૩૩ ટકા ઉતરદાતાની બહેન પ્રજ્ઞાચક્ષુ છે. જ્યારે ૯૬.૩૩ ટકા ઉતરદાતાના ઘરના એકપણ સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી.

૮. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલા ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૫૩.૬૭ ટકા ઉતરદાતાઓ પ્રત્યે કુટુંબના સભ્ય વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ૪૦.૩૩ ટકા ઉતરદાતાઓ પ્રત્યે અપંગ ભાઈ-બહેન જેટલું ધ્યાન આપવામાં આવે છે. જ્યારે ૨.૩૪ ટકા ઉતરદાતાઓ પ્રત્યે ઘરના સભ્ય ઓછું ધ્યાન આપે છે તેમજ ૩.૬૬ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી. ૪૮.૬૭ ટકા ઉતરદાતાઓની પોતાની શારીરિક ખામી મર્યાદા લાગતી નથી. જ્યારે ૨૫ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી.

૮. જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૬૩ ટકા ઉતરદાતાઓ સંસ્થામાં ૦થી૫ વર્ષથી રહે છે. તેમજ ૩૨ ટકા ઉતરદાતાઓ ૬થી૧૦ વર્ષથી રહે છે તેમજ ૩ ટકા ઉતરદાતાઓ સંસ્થામાં ૧૧થી૧૫ વર્ષથી રહે છે અને ૧ ટકા ઉતરદાતા ૧૫થી વધારે વર્ષથી રહે છે. જ્યારે ૧ ટકા ઉતરદાતા પાસેથી જવાબ મળેલ નથી.

૯ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૩.૩૩ ટકા ઉતરદાતાઓને સંસ્થાના રહેઠાણ પર શિક્ષણ મળી રહે છે. જ્યારે ૧૩.૬૭ ટકા ઉતરદાતાઓને સંસ્થાની રહેણાંક પરથી શિક્ષણ મળતું નથી.

૧૦ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલ કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૧૬.૬૭ ઉતરદાતાઓ ચાલીને

જાય છે. જ્યારે ૮૩.૩૩ ઉતરદાતાઓ બસ દ્વારા શૈક્ષણિક સ્થળે પહોંચે છે.

૧૧ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર આ છ સંસ્થામાં આવેલ કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતામાં ૪.૬૭ ટકા ઉતરદાતાઓ મનોરંજન માટે ધાર્મિક પ્રવૃતિ કરે છે. ૧૪.૬૭ ટકા ઉતરદાતાઓ મનોરંજન માટે ટીવી કે ટેપરેકોર્ડ સાંભળી છે તેમજ ૩.૩૩ ટકા ઉતરદાતાઓ મનોરંજન માટે સાહિત્ય કે પુસ્તકો વાંચે છે. જ્યારે ૪.૩૩ ટકા ઉતરદાતાઓ મનોરંજન માટે મિત્રો સાથે સમય પસાર કરે છે અને ૭૩ ટકા ઉતરદાતાઓ મનોરંજન માટે એક કરતા વધુ પ્રવૃતિ કરે છે.

૧૨ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૨.૩૩ ટકા ઉતરદાતાઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે છે. ૩.૩૩ ટકા ઉતરદાતાઓ મનોરંજનના કાર્યક્રમમાં ભાગ લે છે. જ્યારે ૯૪.૩૩ ટકા ઉતરદાતાઓ સાંસ્કૃતિક, રમત-ગમત, મનોરંજન બધા કાર્યક્રમમાં ભાગ લે છે.

૧૩ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૯૨ ટકા ઉતરદાતાઓ જે કલ્યાણકારી પ્રવૃતિઓ થાય છે. તેનાથી તેઓ સંતુષ્ટ છે તેમજ એકપણ એવા ઉતરદાતાઓ નથી જેઓ કલ્યાણની પ્રવૃતિથી સંતુષ્ટ ન હોય જ્યારે ૮ ટકા ઉતરદાતાઓ પાસેથી જવાબ મળેલ નથી.

૧૪ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૯૫ ટકા ઉતરદાતાઓ દૈનિક કાર્યો જાતે કરે છે. જ્યારે ૫ ટકા ઉતરદાતાઓ દૈનિક કાર્યો માટે અન્ય મદદરૂપ થાય છે.

૧૫ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૬૩.૩૩ ટકા ઉતરદાતાઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. જ્યારે ૩૧.૬૭ ટકા ઉતરદાતાઓ શહેરી વિસ્તારમાંથી આવે છે.

## o આર્થિક માહિતીના તારણો

૧૬ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૧૦૦ ટકા ઉતરદાતાઓને વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે. વ્યાવસાયિક પ્રવૃતિમાં હસ્તઉદ્યોગ, નેતરકામ, નોટબુક, બુક બાઈન્ડીંગ, ફાઈલ, ચોક અગરબતી, મોટર રીવાઈંડીંગ, ચિત્રવાળા પ્રોજેક્ટ વગેરે વ્યાવસાયિક પ્રવૃતિ શીખવવામાં આવે છે.

૧૭ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ છ સંસ્થામમાં આવેલ કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૨૨ ટકા ઉતરદાતાઓના માતા-પિતા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૧.૬૭ ટકા ઉતરદાતાઓના માતા-પિતા નોકરી કરે છે તેમજ ૬ ટકા ઉતરદાતાઓના માતા-પિતા પોતાનો ધંધો કરે છે તેમજ ૩૮ ટકા ઉતરદાતાઓના માતા-પિતા ખેતમજુરી કરે છે જ્યારે ૨૨.૩૩ ટકા ઉતરદાતાઓનું માતા-પિતા છુટક મજુરી કરે છે.

૧૮ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ સંસ્થામાં આવેલ કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૧૦૦ ટકા ઉતરદાતાઓને સરકાર તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થાય છે.

## o આર્થિક માહિતીના તારણો

૧૯ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૯૬.૬૭ ટકા ઉતરદાતાઓ બ્રેઈન લીપીનો ઉપયોગ કરે છે. જ્યારે ૩.૩૩ ટકા ઉતરદાતા શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈન લીપીનો ઉપયોગ કરતા નથી. આ લોકોને અલ્પ દ્રષ્ટિ હોવાથી તેઓ વાંચી શકે છે.

૨૦ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ સંસ્થામાં આવેલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૮૮.૬૭ ટકા ઉતરદાતાઓના શિક્ષણ પ્રજ્ઞાચક્ષુ છે. જ્યારે ૧૧.૩૩ ટકા ઉતરદાતાઓના શિક્ષણ નોર્મલ છે.

૨૧ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર આ સંસ્થામાં આવેલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૮૯.૩૪ ટકા ઉતરદાતાઓને શિક્ષકો અને મિત્રોનો સહકાર મળે છે તેમજ ૩.૩૩ ટકા ઉતરદાતાઓને શિક્ષણ પ્રાપ્ત કરવામાં સહકાર મળતો નથી. જ્યારે ૭.૩૩ ટકા ઉતરદાતાઓ પાસેથી જવાબ પ્રાપ્ત થયેલ નથી.

૨૨ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં ૫૫.૬૭ ટકા ઉતરદાતાઓ પ્રત્યે શિક્ષણનું વર્તન સારું છે તેમજ ૨૯ ટકા ઉતરદાતાઓ પ્રત્યે શિક્ષકનું વર્તન સામાન્ય છે. જ્યારે ૧૫.૩૩ ટકા ઉતરદાતાઓ પ્રત્યે શિક્ષકનું વર્તન વધુ કાળજીપૂર્વકનું છે.

૨૩ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૩૬.૬૭ ટકા ઉતરદાતાઓ સંગીતની ગાયન પ્રવૃતિમાં રસ છે. જ્યારે ૬૩.૩૩ ટકા ઉતરદાતાઓને સંગીતની વાદનની પ્રવૃતિમાં રસ છે.

૨૪ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૯.૬૭ ટકા ઉતરદાતાઓ સંગીતની પ્રારંભીક વર્ષમાં છે. ૮ ટકા ઉતરદાતાઓ પ્રવેશિકા પ્રથમમાં છે તેમજ ૧૩.૩૩ ટકા ઉતરદાતાઓ પ્રવેશિકા પુર્વના વર્ષમાં છે. ૩૫.૬૬ ટકા ઉતરદાતાઓ મધ્યમાં પ્રથમ વર્ષમાં છે. જ્યારે ૧૮.૬૭ ટકા ઉતરદાતાઓ મધ્યમાં પૂર્વ વર્ષમાં છે. જ્યારે ૬.૬૭ ટકા ઉતરદાતાઓ વિશારદ પ્રથમમાં છે. જ્યારે ૮ ટકા ઉતરદાતાઓ વિશારદ પૂર્ણમાં છે.

૨૫ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ પ્રજ્ઞાચક્ષુ ઉતરદાતાઓમાં ૮૩.૩૩ ટકા ઉતરદાતાઓ શિક્ષક બનવા માંગે છે તેમજ ૮.૬૭ ટકા ઉતરદાતાઓ વકીલ બનવા માંગે છે. જ્યારે ૮ ટકા ઉતરદાતાઓ શું બનવા માંગે તે વિચાર્યુ નથી.

૨૬ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૧૦૦ ટકા ઉતરદાતાઓને શિક્ષણની સુવિધામાં કમી લાગતી નથી.

૨૭ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૭ ટકા ઉતરદાતાઓ ધો.૨માં અભ્યાસ કરે છે. ૧૨.૬૭ ટકા ઉતરદાતાઓ ધોરણ ૩માં અભ્યાસ કરે છે. ૧૫.૬૬ ટકા ઉતરદાતાઓ ધોરણ ૪માં અભ્યાસ કરે છે તેમજ ૧૩.૩૩ ટકા ઉતરદાતાઓ ધોરણ ૫માં અભ્યાસ કરે છે. ૮.૬૭ ટકા ઉતરદાતાઓ ધો.૬માં અભ્યાસ કરે છે. ૧૦.૩૩ ટકા ઉતરદાતાઓ ધોરણ ૭માં અભ્યાસ કરે છે. ૧૧.૩૩ ટકા ઉતરદાતાઓ ધોરણ ૮માં અભ્યાસ કરે છે. ૯.૬૭ ટકા ઉતરદાતાઓ ધોરણ ૯માં અભ્યાસ કરે છે. ૫ ટકા ઉતરદાતાઓ ધો.૧૦માં

અભ્યાસ કરે છે. ૫.૬૬ ટકા ઉતરદાતાઓ ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. ૦.૩૩ ટકા ઉતરદાતાઓ ૧૨માં અભ્યાસ કરે છે. જ્યારે ૦.૩૩ ઉતરદાતાઓ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

૨૮ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૪૦.૩૩ ટકા ઉતરદાતાઓના માતા-પિતા શિક્ષિત છે. જ્યારે ૫૯.૬૭ ટકા ઉતરદાતાના માતા પિતા અભણ છે.

## ○ આરોગ્ય માહિતીના તારણો

૨૯ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૫૨ ટકા ઉતરદાતાઓ સંપૂર્ણ દ્રષ્ટિહીન છે જ્યારે ૪૮ ટકા અલ્પદ્રષ્ટિ ધરાવે છે.

૩૦ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં કુલ ૩૦૦ ઉતરદાતાઓમાં ૮૨.૬૭ ટકા ઉતરદાતાઓ જન્મથી દ્રષ્ટિક્ષતિ ધરાવે છે. ૧૦.૩૭ ટકા ઉતરદાતાઓ ૭.૫ વર્ષની વય પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. તેમજ ૪.૬૬ ટકા ઉતરદાતાઓ ૬-૧૦ વર્ષની વયે દ્રષ્ટિક્ષતિ થયા છે. જ્યારે ૨ ટકા ઉતરદાતાઓ ૬-૧૦ વયથી દ્રષ્ટિક્ષતિ થયા છે.

૩૧ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં ૮૨.૬૭ ટકા ઉતરદાતાઓ જન્મથી પ્રજ્ઞાચક્ષુ છે તેમજ ૧૫.૩૩ ટકા ઉતરદાતાઓ બિમારીના કારણે પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. જ્યારે ૧ ટકા ઉતરદાતાઓ અકસ્માત અને અન્ય કારણોસર પ્રજ્ઞાચક્ષુ બન્યા છે.

૩૨ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં ૯૪.૩૩ ટકા ઉતરદાતાઓ બીમારીના સમયે સંસ્થા પરથી સારવાર

લે છે. ૨ ટકા ઉતરદાતાઓ સરકારી દવાખાનાએ તેમજ ખાનગી દવાખાનાઓમાં સારવાર લે છે. જ્યારે ૧.૬૭ ટકા ઉતરદાતાઓ બિમારીના સમયે સંસ્થામાં સરકારી દવાખાનાઓમાં ખાનગી દવાખાનાઓમાં સારવાર લે છે.

## ૭.૩.૧ જુનાગઢ

### ૧. સોજીત્રા મોનિતકુમાર (સામાન્ય જ્ઞાતિ)

રાષ્ટ્રીય અદ્યતન મંડળ જુનાગઢ વિવિધ ભાવપૂર્વક માનવતાવાદી સેવાકાર્ય બજાવે છે. તેમાં પણ અંધજનની સેવા આ વિરલ સંસ્થા હંમેશા કરે છે. માનવ ધર્મને જીવંત બનાવી નિ:સ્વાર્થ ભાવે સેવા કરતી રાષ્ટ્રીય અંધજન મંડળ જુનાગઢ સંસ્થા સામાજીક સેવાકીય કાર્ય કરતી સંસ્થાઓ માટે રાહબર બની રહે છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ જુનાગઢમાં આવેલ સંસ્થામાં તાલીમ લઈ રહેલ કુ.મોનિક અનિલભાઈ સામાન્ય જ્ઞાતિમાંથી આવે છે. તેમનું વતન બોરવાય છે.

મોનિકકુમારના કુટુંબમાં કુલ પાંચ સભ્ય ધરાવે છે. તેઓની સાથે એક ભાઈ અને બહેન તેમજ તેમના માતા-પિતા રહે છે. મોનિકકુમાર ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. મોનિકકુમારના માતા-પિતા અભણ છે તેમજ તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના ભાઈ બહેન અભ્યાસ કરી રહ્યા છે.

મોનિકકુમાર સંસ્થામાં એક વર્ષથી અભ્યાસ કરે છે. તેઓ બ્રેઈલ લીપીનો ઉપયોગ કરી શિક્ષણ ધોરણ જમાં પ્રાપ્ત કરી રહ્યા છે. તેમની ઉંમર ૧૧ વર્ષની છે. મોનિકકુમારની દ્રષ્ટિ ત્રણ વર્ષની ઉંમર જતિ રહી હતી.

પ્રજ્ઞાચક્ષુ થવાનું કારણ તેમની બિમારી છે. તેઓને ત્રણ વર્ષની ઉંમરે તાવ આવવાથી દ્રષ્ટિ ગુમાવી પડી હતી.

કુટુંબમાં કોઈપણ અન્ય સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી.

મોનિકકુમારને સંસ્થા કરતા ઘરે વધારે મજા આવે છે. સંસ્થામાં પણ ગમે છે. પરંતુ ઘરે માતા-પિતા સાથે વધુ ગમે છે. પરંતુ ઘરે રહેવાથી તેમની તાલીમ અધુરી રહે છે. સંસ્થામાં રહેવાથી તેમને અનુરૂપ સાધનો અને સગવડો મળી રહે છે તેમજ દૈનિક કાર્ય સંસ્થામાં સૌને જાતે કરતા શીખે છે. જ્યારે તેજ દૈનિક કાર્ય ઘરે માતા-પિતા કરી આવે છે.

આમ મોનિકકુમાર આત્મનિર્ભર બનવા માટે અને સમાજમાં તેમનું સ્થાન ઉપર લાવવા માટે તે સંસ્થામાં રહેવાનું પસંદ કરે છે.

**૨. રાઠોડ હંસાબેન કરશનભાઈ**

આપોઆપ ન સૂઝતુ હોય તો માર્ગદર્શક નિમિતીથી આ ધરા પર કમી નથી. જરૂર છે માત્ર ધગશની ચર્મચક્ષુ ગુમાવી બેસેલા કોઈપણ ભાઈ-બહેનોને સ્વાવલંબી જીવન જીવવાની ધગશ જાગે તો તેના માર્ગદર્શક બનવા સંઘ તત્પરતા અને રસ દાખવી ઉપયોગી થતી એક સંસ્થા ગરવા ગિરનારની છત્રછાયામાં આવેલી છે. જેનું નામ છે. 'રાષ્ટ્રીય અંધજન મંડળ'

આ સંસ્થામાં રહીને અભ્યાસ તેમજ તાલીમ લઈ રહેલ રાઠોડ હંસાબેન કરશનભાઈ નામની વિદ્યાર્થી અલ્પદ્રષ્ટિ ધરાવે છે. હંસાબેન જન્મથી જ દ્રષ્ટીક્ષતિ ધરાવે છે.

હંસાબેન જીલ્લા રાજકોટ, તાલુકો ધોરાજીના મૂળ વતની છે. તેઓ હિન્દુધર્મ છે. હંસાબેન બક્ષીપંચ જ્ઞાતિના છે.

હંસાબેનના કુટુંબમાં સાત સભ્ય છે. તેમાં ત્રણ બહેન અને એક ભાઈ છે તેમજ તેમના માતા-પિતા હંસાબેનની ઉંમર ૧૦ વર્ષની છે. તેઓ ૪ ધોરણમાં અભ્યાસ કરી રહ્યા છે. હંસાબેનના માતા-પિતાનો વ્યવસાય મોચીકામ છે. તેઓ અભણ છે. તેમના ત્રણ બહેનો અને એક ભાઈ અભ્યાસ કરી રહ્યા છે.

હંસાબેનના કુટુંબમાં એકપણ પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી. કુટુંબમાં તેમનું ધ્યાન વિશેષ રાખવામાં આવે છે.

હંસાબેનને સંસ્થામાં આવવાનું કારણ પૂછવામાં આવ્યું તો જવાબમાં જાણવા મળ્યું,

તેઓને સંસ્થામાં રહીને વિવિધ તાલીમ મળી રહે છે. ઘરે માતા-પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેઓને અનુરૂપ સાધનોની સગવડ કરી શકે તેમ નથી.

આમ, સંસ્થામાં અન્ય સહપાઠીયો પોતાના જેવા હોવાથી, તેમની સાથે રહેવું ગમે છે. સંસ્થામાં રહેવાથી તેઓને વિવિધ તાલીમો તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામ, રમત-ગમત વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહીત કરવામાં આવે છે તેમજ તેમને સામાજીક આર્થિક, માનસિક, સલામતી સંસ્થામાં રહીને પુરી થાય છે.

## ૭.૩.૨ રાજકોટ

### ૩. જાદવ સુમિતાબેન દેવજીભાઈ

રાજકોટમાં આવેલ વ્રજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા વિકાસગૃહનો ઉદેશ બ્રેઈ લીપી દ્વારા શિક્ષણ તેમજ સંગીત અને ઉદ્યોગની તાલીમ મેળવી અંધ બહેનો પગભર થવાની શક્તિ પ્રાપ્ત કરે છે. આ સંસ્થામાં માત્ર બહેનો જ રહે છે.

જાદવ સુમિત્રાબેન દેવજીભાઈ મૂળ વતનની ગામ-કારીંભડ તાલુકો માળીયા(હાટીના) જીલ્લો જૂનાગઢ છે.

સુમિત્રાબેનની ઉંમર ૧૪ વર્ષની છે તેઓ ૮માં ધોરણમાં અભ્યાસ કરે છે. તેઓ બ્રેઈલીપીનો ઉપયોગ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે છે.

તેઓ અનુસૂચિત જનજાતિના છે. તેઓ હિન્દુ ધર્મ પાળે છે તેમજ સુમિતા ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે.

સુમિતાબેનના કુટુંબમાં કુલ પાંચ સભ્યો છે. બે ભાઈઓ અને માતા-પિતા, સુમિતાબેનના પિતા દેવજીભાઈ ૭ પાસ છે તેમજ માતા અભણ છે. તેઓના માતા-પિતાનો વ્યવસાય ખેતી છે.

સુમિતાબેન જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે. તેઓ સંપૂર્ણ દ્રષ્ટીહીન ધરાવે છે. તેઓના કુટુંબમાં અન્ય કોઈ પ્રજ્ઞાચક્ષુ નથી. તેઓના કુટુંબમાં તેમનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.

સુમિતાબેનને અભ્યાસમાં વધુ રસ છે. ઉદ્યોગની પ્રવૃતિમાં રસ ઓછો ધરાવે છે. સુમિતાબેનને હિન્દી વિષય વધારે ગમે છે તેમજ અંગ્રેજી ભણવામાં સમજવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેઓના શિક્ષણ નોર્મલ છે. તેઓ સંસ્થામાં લાઈબ્રેરીનો ઘણો ઉપયોગ કરે છે તેમાં તેમને કવિતા વાંચવી ગમે છે. રમત-ગમતમાં તેમને ખો-ખો વધારે ગમે છે તેમજ સંગીતની ગાયન પ્રવૃતિમાં રસ છે તેઓ સંગીત શિક્ષક બનવા માંગે છે.

## ૪. મંજુવાડીયા અંજનાબેન રણછોડભાઈ

રાજકોટમાં આવેલ સંસ્થા વ્રજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહમાં મંજુવાડીયા અંજનાબેન રણછોડભાઈ સંસ્થામાં રહીને વિવિધ તાલીમ લઈ રહી છે. આ સંસ્થાની કુલ સંખ્યા ૯૦ છે. માત્ર આ સંસ્થામાં બહેનો જ રહે છે.

અંજનાબેન ગામ સમઢિયારાના મૂળ વતની છે. તાલુકો, ઉપલેટા, જી. રાજકોટ.

અંજનાબેન અનુસૂચિત જાતિના છે. હિન્દુ ધર્મ ધરાવે છે તેમજ તેઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. તેઓની ઉંમર ૧૬ વર્ષની છે. ધોરણ ૧૧મું ભણે છે તેમજ શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરે છે. તેઓ દ્રષ્ટિહીન છે.

અંજનાબેનના ઘરમાં સાત સભ્ય છે. માતા-પિતા તેમજ બે ભાઈ અને એક બહેન છે. તેઓના માતા-પિતાનો વ્યવસાય ખેતમજુરી છે તેમજ તેમના માત-પિતા અભણ છે.

અંજનાબેન જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે તેમજ કુટુંબમાં તેમનો એક ભાઈ પણ પ્રજ્ઞાચક્ષુ છે.

તેઓને સંગીતમાં ખૂબ જ રસ ધરાવે છે તેમજ ઉદ્યોગની પ્રવૃતિમાં રસ નથી.

અંજનાબેન ને દૈનિક જીવનની પ્રવૃતિ કરવામાં ઘણી બધી તકલીફનો સામનો કરવો પડે છે. સમાજ પાસેથી પ્રેમભર્યા વ્યવહારની અપેક્ષા રાખે છે. તેઓને અંગ્રેજી વિષય ખૂબ

ગમે છે તેમજ વિજ્ઞાન વિષય સમજવામાં મુશ્કેલી પડે છે.

અંજનાબેનને શિક્ષણ પ્રાપ્ત કરવામાં, મિત્રો, શિક્ષકો બંને સહાયરૂપ બને છે. તેઓને શિક્ષણ સિવાયના અન્ય પુસ્તકો જેવા કે વાર્તાઓ, નવલિકા વગેરે પુસ્તકો વાંચવામાં ખૂબજ મજા આવે છે.

## ૭.૩.૩ ભાવનગર

### ૫. સંદીપ દેવેન્દ્રભાઈ ભટ્ટ

શ્રીમતી પરસનબેન નારણભાઈ રામજી શાહ

આ સંસ્થામાં ભટ્ટ સંદીપભાઈ વિવિધ પ્રકારની તાલીમ તેમજ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

સંદીપભાઈનું મૂળ મીઠાપુરી, તા.મૌવા, જી. ભાવનગરના છે.

સંદીપભાઈ સામાન્ય જ્ઞાતિમાંથી આવે છે. તેઓની ઉંમર ૧૩ વર્ષની છે તેઓ ધોરણ ૬માં અભ્યાસ કરે છે.

સંદીપભાઈના કુટુંબનાં ૬ સભ્ય છે. તેમના પિતા ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરેલ છે તેમજ વ્યવસાયમાં તેઓ ચોપડીમાં બુક બાઈન્ડીંગ કરે છે. તેમજ તેમની માતા નીતાબેન અભણ છે તેમને બે ભાઈ અને એક બહેન છે.

સંદીપભાઈ જન્મથી પ્રજ્ઞાચક્ષુ છે તેમના કુટુંબમાં અન્ય કોઈ સભ્ય પ્રજ્ઞાચક્ષુ ધરાવતા નથી.

સંદીપભાઈને સામાજીક વિજ્ઞાન વધારે ગમે છે. તેમજ તેમને અંગ્રેજી વિષય સમજવામાં મુશ્કેલી પડે છે. તેમજ તેઓ બ્રેઈન લીપીનો ઉપયોગ કરે છે.

તેઓના શિક્ષક નોર્મલ, પ્રજ્ઞાચક્ષુ તેમ બંને છે. શિક્ષકનું વર્તન તેમના પ્રત્યે સારું છે તેમજ તેઓને વાર્તાઓ, નવલિકા તેમજ કવિતાઓ વાંચવી ખૂબ ગમે છે.

સંદીપભાઈને ક્રિકેટ રમવું ગમે છે. તેમજ સંગીતમાં ગાયનની પ્રવૃતિમાં રસ ધરાવે છે.

સંદીપભાઈ સંગીતના શિક્ષક બનવા માંગે છે તેમજ સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. અને તેઓ જેવા છે તેવી રીતે તેનો સ્વીકાર થવો જોઈએ. દયાની તેમને જરૂર નથી પણ સારું વર્તન કરે તેવું ઈચ્છે છે.

### ૬. મુલાઈ ઈમતિયાઝ રફીકભાઈ

શ્રીમતી પરસનબેન નારણદાસ રામજીશાહ આ સંસ્થાની સ્થાપના ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૩૨ના રોજ થઈ હતી. આ સંસ્થામાં શિક્ષણથી માંડીને તેઓ પગભર થાય તેમજ સમાજમાં પુન: સ્થાપિત થાય તે માટે વિવિધ વિભાગો કાર્યરત છે.

મુલાઈ ઈમતિયાઝ રફીકભાઈ મુસ્લીમ ધર્મ ધરાવે છે. તેમની ઉંમર ૧૫ વર્ષની છે. તેઓ ધોરણ ૮માં અભ્યાસ કરે છે.

ઈમતિયાઝ ભાઈના કુટુંબમાં પાંચ સભ્ય છે. તેમના માતા અભણ છે પિતા ૭ ધોરણ ભણેલ છે તેમજ તેઓ એસ.ટી.માં નોકરી કરે છે તેમને એક ભાઈ અને એક બહેન છે.

ઈમતિયાઝ ભાઈ ભાવનગરમાં જ આવે છે. ઈમતિયાઝ ભાઈ જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ બન્યા છે તેમજ તેઓના કુટુંબમાં કોઈપણ દ્રષ્ટિક્ષતિ ધરાવતા નથી.

ઈમતિયાઝભાઈને બધા વિષય ભણવા લાગે છે તેમનો પસંદગીનો વિષય ગણિત છે. તેઓ બ્રેઈનલીપીનો ઉપયોગ કરે છે. તેમજ સંગીત ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે.

ઈમતિયાઝભાઈ સંગીત શિક્ષક બનવા માંગે છે. તેઓના શિક્ષક પ્રજ્ઞાચક્ષુ તેમજ નોર્મલ બંને છે. તેઓ લાઈબ્રેરીમાં વાર્તાઓ, કવિતાઓ વાંચવી ગમે છે.

કુટુંબમાં તેઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવે, સંસ્થામાં તેઓનું એટલું જ ધ્યાન રાખવામાં આવે છે તેમજ સંસ્થામાં વિવિધ પ્રકારની તાલીમ પણ આપતું હોવાથી તેઓ સંસ્થામાં જ રહેવાનું પસંદ કરે છે.

## ૭.૩.૪ જામનગર

### ૭. મોકરીયા રાજેશભાઈ કચરાભાઈ

જામનગરમાં આવેલ સંસ્થા 'અંધજન તાલીમ કેન્દ્ર'માં ધોરણ ૫થી૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે તેમજ સંગીતમાં પ્રારંભીકથી માંડીને સંગીત વિશારદ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.

આ સંસ્થામાં મોકરીયા રાજેશભાઈ કચરાભાઈ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. તેઓ મુ. લૈયારા, તા.ધ્રોલ, જી. જામનગરના વતની છે. તેઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે.

રાજેશભાઈ ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. તેઓની ઉંમર ૧૬ વર્ષની છે. રાજેશભાઈ શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈનલીપીનો ઉપયોગ કરે છે.

રાજેશભાઈ બક્ષીપંચ જ્ઞાતિનાં છે. તેઓના કુટુંબમાં પાંચ સભ્ય છે. તેમાં તેમની માતા-પિતા બે બહેનો અને એક ભાઈ છે. તેમના માતા-પિતા અભણ છે તેમજ તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

રાજેશભાઈ જન્મથી પ્રજ્ઞાચક્ષુ છે. તેઓના કુટુંબમાં અન્ય કોઈ પ્રજ્ઞાચક્ષુ નથી કુટુંબમાં તેમનું વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

માહિતી પ્રાપ્ત કરતા સમયે જાણવા મળ્યું કે તેઓની શારીરિક ખામી તેઓની મર્યાદા છે. કારણ કે તેઓ જો અંધ ન હોય તો તેઓ સામાન્ય બાળકની જેમ બધા કાર્ય ફટાફટ કરી શકત.

તેઓ પોતાના અનુભવ જાણાવતા કહે છે કે તેઓ જ્યારે નોર્મલ સ્કુલમાં અભ્યાસ હોય તો તેઓ નોર્મલ બાળકની જેમ બધી રમત-ગમતમાં સહભાગી થઈ શકયો હોય ત્યારે મારી આ ખામી મને અડચાણરૂપ થાય છે.

રાજેશકુમાર સંગીત ક્ષેત્રે આગળ વધવા માંગે છે. સંગીતમાં તેમને શાસ્ત્રીય સંગીત, ધૂન, ભજન, લોકગીતમાં વધુ રસ છે. તેઓને ક્રિકેટ રમત ખૂબજ ગમે છે. તેઓ બ્રેઈલ કોમ્પ્યુટરમાં ઉપયોગ પણ કરે છે.

## ૮. જીંજુવાડીયા સુરેશ રણછોડભાઈ

જામનગરમાં આવેલી અંધજન તાલીમ કેન્દ્ર સંસ્થાનો ઉદભવ ૧૯૬૭માં થયો છે. આ સંસ્થામાં કુલ ૧૨૦ ભાઈ-બહેનોની સંખ્યા છે. ૮૦ બહેનો અને ૪૦ ભાઈએ તેમાં એક જીંજુવાડીયા સુરેશ રણછોડભાઈ અભ્યાસ કરી રહ્યા છે.

સુરેશકુમાર મૂળ વતની લાલપુર તાલુકાના છે. તેઓ જામનગર જીલ્લામાંથી આવે છે.

સુરેશકુમાર ધોરણ ૮માં અભ્યાસ કરે છે. તેઓની ઉંમર ૧૩ વર્ષની છે. તેઓ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે બ્રેઈલ લીપીનો ઉપયોગ કરે છે. સુરેશભાઈ સામાન્ય જ્ઞાતિના છે.

સુરેશભાઈના કુટુંબમાં કુલ ૮ સભ્ય રહે છે. તેઓના માતા-પિતા, બે બહેનો અને એક ભાઈ તથા તેમના દાદા-દાદી સાથે રહે છે.

સુરેશકુમારના માતા-પિતા અભણ છે તેમજ તેમના ભાઈ-બહેન અભ્યાસ કરી રહ્યા છે. તેઓના માતા-પિતા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

સુરેશકુમાર જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે. કુટુંબમાં તેમની એક બહેન પણ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે.

તેઓ અભ્યાસ ક્ષેત્રે આગળ વધવા માંગે છે. તેઓ સમાજ પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખે છે. તેઓને બધા વિષય ગમે છે. પરંતુ અંગ્રેજી સમજવામાં મુશ્કેલી પડે છે.

તેઓને લેખન, વાંચન તેમજ સી.ડી. સાંભળવું ખૂબ ગમે છે. તેઓના શિક્ષક નોર્મલ તેમજ પ્રજ્ઞાચક્ષુ બંને છે. સંગીતમાં તેઓને ગાયનની પ્રવૃતિમાં રસ છે. તેમાં (રાગ, ગીત, કવિતા) તેમજ વાદનમાં પણ ખૂબ રસ ધરાવે છે. તેઓને રમત-ગમતમાં ચેસ રમવું ગમે છે.

સુરેશકુમારને શિક્ષક બનવું ગમે છે.

તેઓનું માનવું છે કે સમાજ અમને દયાની દ્રષ્ટિ ન જુએ તેઓ અમને માત્ર મદદ કરે અને આગળ વધવા માટે પ્રોત્સાહીત તેમજ તક આપે છે.

## ૭.૩.૫ અમરેલી

### ૯. રાવરાણી ખુશબુબેન ગીરીશભાઈ (અંધજન પ્રગતિ મંડળ)

ખુશબુબેન ગીરીશભાઈ અંધજન પ્રગતિ મંડળમાં વિવિધ પ્રકારની તાલીમ લઈ રહી છે. આ સંસ્થાની કુલ સંખ્યા ૧૦૦ છે.

ખુશબુબેન મૂળ વતની નાની સાકાથારીના છે. તેઓનો તાલુકો કુંકાવાવ તેમજ જીલ્લો અમરેલી છે. સામાન્ય જ્ઞાતિના છે.

ખુશબુબેન ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. તેઓની ઉંમર ૧૬ વર્ષની છે. તેઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. તેઓ શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈલ લીપીનો ઉપયોગ કરે છે.

ખુશ્બુબેનના કુટુંબમાં છ સભ્યો છે. તેમાં બે બહેનો અને એક ભાઈ તેમજ તેમના માતા-પિતા તેઓના માતા-પિતા શિક્ષિત છે. પિતા ગીરીશભાઈ ૮ પાસ છે તેમજ માતા ગીતાબેન ૯ પાસ છે. તેઓને દુકાન છે તેમજ તેમની બહેન-ભાઈ અને બહેન બંને અભ્યાસ કરે છે.

ખુશબુબેન જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે. તેઓના કુટુંબમાં તેમની એક બહેન પણ પ્રજ્ઞાચક્ષુ છે.

તેઓને સમાજશાસ્ત્ર વિષય ખૂબ જ ગમે છે. તેમજ તેમને ભૂગોળ વિષય સમજવામાં મુશ્કેલી પડે છે. તેઓના શિક્ષક નોર્મલ અને પ્રજ્ઞાચક્ષુ બંને છે. તેઓને સંગીતની ગાયન પ્રવૃતિમાં ખૂબ જ રસ ધરાવે છે. તેઓ બ્રેઈલ કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે તેમને રમત-ગમતમાં કે ઉદ્યોગની પ્રવૃતિમાં રસ નથી.

ખુશબુબેન શિક્ષક બનવા માંગે છે. તેઓને સ્પર્ધામાં ભાગ લેવો ગમે છે. જેમકે વકતૃત્વ, લેખન વગેરે.

### ૧૦. ચૌહાણ પ્રદીપ રમેશભાઈ (અંધજન પ્રગતિ મંડળ)

ચૌહાણ પ્રદીપ રમેશભાઈ અમરેલીમાં આવેલ અંધજન પ્રગતિ મંડળમાં રહીને તાલીમ લઈ રહ્યા છે.

પ્રદીપભાઈનું મૂળ વતન સૂત્રાપાડા છે. તેઓનો તા.સુત્રાપાડા જી. જુનાગઢ છે. તેઓ બક્ષીપંચ જાતિ ધરાવે છે.

પ્રદીપભાઈના કુટુંબમાં પાંચ સભ્યો છે. તેઓને એક ભાઈ અને એક બહેન છે તેમજ તેમના માતા-પિતા પ્રદીપભાઈ ધોરણ ૪માં અભ્યાસ કરે છે. તેઓની ઉંમર ૧૦ વર્ષની છે. તેઓ શિક્ષણ પ્રાપ્ત કરવામાં બ્રેઈન લીપીનો ઉપયોગ કરે છે.

પ્રદીપભાઈના માતા-પિતા શિક્ષિત છે. રમેશભાઈ તેઓના પિતાનો ધોરણ પાંચ સુધી ભણેલા છે તેમજ માતા લક્ષ્મીબેન ૩ ધોરણ સુધી અભ્યાસ કરેલ છે. તેઓ મૂળ વ્યવસાય ખેતી સાથે સંકળાયેલા છે.

પ્રદીપભાઈ જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે. તેઓના કુટુંબમાં અન્ય કોઈ પ્રજ્ઞાચક્ષુ ધરાવતાં નથી.

પ્રદીપભાઈને ગણીત વિષય વધારે ગમે છે. તેમજ અંગ્રેજી વિષય સમજવામાં મુશ્કેલી પડે છે. તેઓના શિક્ષક નોર્મલ અને પ્રજ્ઞાચક્ષુ બને છે.

શિક્ષકનું વર્તન પ્રદીપભાઈ પ્રત્યે સારું છે તેમજ ઘરના સભ્ય તેમના પ્રત્યે વિશેષ કાળજી ધરાવે છે.

પ્રદીપભાઈને ક્રિકેટ રમવું ગમે છે. તેઓને રમત-ગમત તેમજ સંગીતની પ્રવૃતિ ગમે છે. તેઓ શિક્ષક બનવા માંગે છે.

## ૭.૩.૬ સુરેન્દ્રનગર

### ૧૧. લાડાણી દીશાબેન વલ્લભભાઈ (શ્રી પ્રજ્ઞાચક્ષુ મહેતા સેવા કેન્દ્ર)

આ સંસ્થામાં રહીને અભ્યાસ કરતી લાડાણી દીશાબેન વલ્લભભાઈ મુળ રાધનપુર, તા.પાટડી તેમજ જીલ્લો સુરેન્દ્રનગરના વતની છે.

દીશાબેન ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. તેઓ સામાન્ય જ્ઞાતિના છે તેમજ હિન્દુ ધર્મ પાળે છે.

દીશાબેન ચાર સભ્યનું કુટુંબ ધરાવે છે. તેમના માતા-પિતા અભણ છે. જેનો વ્યવસાય ખેતીકામ છે તેમજ તેમના ભાઈ અભ્યાસ કરી રહ્યા છે.

દીશાબેનની ઉંમર ૧૬ વર્ષની છે. તેઓ ૧૧મી ધોરણ ભણે છે તેમજ તેણી બ્રેઈન લીપી દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે છે.

દીશાબેન ૩ વર્ષની વયે પ્રજ્ઞાચક્ષુ બન્યા છે. પ્રજ્ઞાચક્ષુ બનવાનું કારણ તેમને તાવ આવવાથી થયા છે. યોગ્ય સારવારના અભાવને કારણે આવું બન્યું.

દીશાબેન સંગીતમાં આગળ વધવા માંગે છે.

દીશાબેનને ગુજરાતી વિષય ભણવો ગમે છે તેમજ અંગ્રેજી વિષય સમજવામાં મુશ્કેલી પડે છે. તેઓના શિક્ષક નોર્મલ છે. તેમને વાર્તાઓ, નવલિકા, સામાયિકો, ધાર્મિક ગ્રંથો, કવિતાઓ વાંચવું ગમે છે તે તેમણે લાઈબ્રેરીમાંથી મળી રહે છે.

માહીતી પ્રાપ્ત કરતા જાણવા મળ્યું કે દીશાબેન સોયમાં દોરો કોઈ ફીલ્મ પુરી શકશે નહી. તે વાત જણાવતા તેઓ રડી પડ્યા હતા. આ તમને શારીરિક ખામી અને મર્યાદા ગણાવી શકાય.

## ૧૨. વાજા રવિનાબેન ડાયાભાઈ (શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ)

આ સંસ્થામાં ૧૦૮ જેટલી અંધ બહેનો લાભ લઈ રહી છે તેમજ સંસ્થા દ્વારા ભોજન, નિવાસ, શિક્ષણ, વસ્ત્રો તેમજ અન્ય સુવિધાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

આ સંસ્થામાં તાલીમ લઈ રહેલ કુમારી રવિનાબેન ડાયાભાઈ ગામ. પડોદર તાલુકો કોડીનાર જી. જુનાગઢના વતની છે.

રવિનાબેન ધોરણ ૪માં અભ્યાસ કરે છે. તેઓની ઉંમર ૯ વર્ષની છે. તેઓ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે, તેમજ તેઓ અનુસૂચિત જાતિ જ્ઞાતિના છે.

રવિનાબેનના કુટુંબમાં ૮ સભ્ય રહે છે તેઓ એક ભાઈ-બહેન અને દાદા-દાદી તેમજ એક ફઈ અને તેમના માતા-પિતા રવિનાબેનના પિતા ડાયાભાઈ બી.એ. સુધી ભણેલા છે અને તેઓ નોકરી કરે છે તેમજ તેમના માતા અભણ છે અને તેઓ ઘરકામ કરે છે. તેમના ભાઈ-બહેન અભ્યાસ કરી રહ્યા છે.

રવિનાબેન જન્મથી પ્રજ્ઞાચક્ષુ છે તેમજ કુટુંબમાં અન્ય કોઈ સભ્ય પ્રજ્ઞાચક્ષુ નથી.

રવિનાબેનને ગુજરાતી વિષય ગમે છે. તેઓ શિક્ષણમાં બ્રેઈ લીપીનો ઉપયોગ કરે છે. તેમના શિક્ષક નોર્મલ અને પ્રજ્ઞાચક્ષુ બને છે, તેઓને વાર્તાઓ અને કવિઓ વાંચવી ખૂબ જ ગમે છે. તેઓ શિક્ષક બનવા માંગે છે.

## ૭.૪ સૂચનો

૧. આખા જગતમાં ૫૦ કરોડ વિકલાંગ છે. ૪૦ કરોડ વિકલાંગ વિકસતા દેશોમાં છે. આખા જગતમાં ૪.૨ કરોડ દ્રષ્ટિક્ષતિ પામેલાઓની સંખ્યા છે. જ્યારે ભારતમાં ૧.૨ કરોડ દ્રષ્ટિક્ષતિ લોકો છે. આમ દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓ સમાજમાં વધવા માંડશે તો ગંભીર સ્વરૂપ ધારણ થશે તેથી પ્રજ્ઞાચક્ષુ નિવારણ અને જનજાગૃતિ કાર્યક્રમ યોજવા જોઈએ.

૨. દેશની ૭૦ ટકાથી વધારે પ્રજા ગામડાઓમાં રહે છે. જ્યા જીવનની પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ છે અને દેશમાં દર વર્ષે પાંચ લાખ બાળકો નિવારી શકાય તેવા રોગોથી મૃત્યુ પામે છે. આથી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને મળતી સુવિધાઓ અને યોજનાઓની જાણકારી આપતા કાર્યક્રમો યોજવા જોઈએ.

૩. શૈક્ષણિક અને પુનવર્સનના હેતુ માટે બધી જ વ્યક્તિઓ જેમની દષ્ટિની સક્ષમતા ૬/૧૮ થી ઓછી પણ પ્રકાશની પ્રતીતી થાય તેટલી હોય તેમની પાસે ઉપયોગમાં લઈ શકાય તેટલી થોડીક પણ દષ્ટિ તો હોય જ છે. તેથી

તેઓને માટે 'અલ્પ દૃષ્ટિ', દૃષ્ટિહિન નહીં એવું બિરૂદ આપીને તેઓની દૃષ્ટિના ઉપયોગ કરવાને પ્રોત્સાહન આપવું જોઈએ.

૪. ૬૦% થી વધારે પ્રજ્ઞાચક્ષુને સામાન્ય સારવારથી સારી કરી શકાય તેમ છે. તેવો વિશ્વ આરોગ્ય સંસ્થાનો મત છે. તો આવા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને સારવાર કરવા માટે સ્વૈચ્છિક તેમજ બિન સ્વૈચ્છિક સંસ્થાઓ અને ચિકિત્સાલયોમાં ખાસ પ્રબંધ થવો જોઈએ.

૫. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિને જીવન સાથી પસંદ કરવા માટે તથા સમાજમાં સારી રીતે પુનઃ સ્થાપિત થાય તે માટે જીવનસાથી પસંદગી મેળા યોજવા જોઈએ અને જીવનસાથી શોધી આપવામાં સમાજ ચાવીરૂપ બનવું જોઈએ.

## ૭.૫ ઉપાયો

- સમાજ એ જનજાગૃતિને લગતા કાર્યક્રમો કરવા.
- સક્રીય કાર્યકર એ હકારાત્મક વલણ અપનાવવું.
- સામાજીક સંગઠનો એ શિક્ષણનું મહત્વ સમજાવી શાળામાં લાવવા.
- સ્વૈચ્છીક સંસ્થાઓએ બાળકોનો સ્વીકાર કરવો.
- વાલી, વડીલો એ વાલી જાગૃતિને લગતા કાર્યક્રમો કરવા.
- કુટુંબમાં સભ્યોએ વાલી મંડળી રચના અને મીટીંગો કરવી.
- શિક્ષકો એ શાળાકીય વાતાવરણમાં ફેરફાર કરવો.
- સેવાભાવી સંસ્થાઓએ શિક્ષકની સજ્જતા વધારવી.
- શિક્ષકઓએ સરકાર તરફથી મળતા લાભોથી વાલીઓને જાગૃત કરવા.
- શિક્ષક એ વિકલાંગ બાળકોને વર્ગખંડની પ્રવૃતિમાં વધુમાં વધુ તક આપવી.
- સમાજ, કુટુંબના સભ્યોએ સામાજીક રીતિ રિવાજો પ્રક્રિયામાં સમાન સ્થાન, સમાન વર્તાવ, વ્યક્તિત્વનો સ્વીકાર કરવો.

- વાલી સમાજ એ વિકલાંગોને વ્યવસાયીક માર્ગદર્શન આપવું.
- સંસ્થામાં રહેલા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને યોગ્ય પ્રમાણમાં પ્રેમ, હુંફ અને લાગણીસભર કૌટુંબિક વાતાવરણ પુરું પાડી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સમાજમાં સારો નાગરિક બની શકે તેવા સઘન પ્રયત્ન સંસ્થાના કર્મચારીઓ દ્વારા થવા જોઈએ.

## ૭.૬ સંશોધન ક્ષેત્રનો અનુભવ

સામાજીક વિજ્ઞાનોમાં સંશોધન વિષયને લગતા તથ્યોને પ્રાપ્ત કરવા માટે સંશોધકે ક્ષેત્રમાં જઈને ઉતરદાતાઓ પાસેથી માહિતી મેળવવાની હોય છે. ઉતરદાતાઓ પાસેથી વિષયને લગતી વિશ્વસનીય માહિતી મેળવવાનું કામ એ સૌથી અગત્યનું અને અઘરું ગણાય છે. ઉતરદાતાઓ પોતાને લગતી કેટલીક વિગતો અને આંકડાઓને અન્ય પાસે રજુ કરવાનું પસંદ કરતા નથી.

એટલે ઉતરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવા સંશોધકે અનેક યુક્તિ-પ્રયુક્તિઓ કરવી પડતી હોય છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જ વિવિધ અનુભવો થતા હોય છે. તે પણ સંશોધનને ભાગરૂપ જ ગણાય છે. ક્ષેત્રકાર્યની માહિતી મેળવવા અર્થે થયેલા આ બધા મારા અનુભવો ક્યારેય ભુલી ન શકાય તેવા છે.

૧. પ્રથમ તો આ અભ્યાસમાં ઉતરદાતા સાથે મુલાકાત ચાલતી હોય ત્યારે આજુબાજુમાં લોકો નાનું ટોળું બની જતા અને તેઓ કુતુહલતાથી સાંભળતા હતા.

૨. મોટાભાગના ઉતરદાતાઓને અભ્યાસનો હેતુ સમજાવવામાં અને માહિતી મેળવવામાં મુશ્કેલી પડતી હતી.

૩. અમુક સંસ્થામાં તો સંશોધક પ્રત્યે માહિતી દાતાઓ નવીનતાની ભાવના સાથે મોટી સંખ્યામાં એકઠા થઈ જતા હતા તેમની સાથે અન્ય ચર્ચાઓ કરવી

પડતી હતી જ્યારે ઘણા ઉતરદાતાઓ સાથે મુલાકાતથી લાગણીભર્યા સંબંધો સ્થાપીત થયા હતા.

૪. માત્ર અનુસૂચિમાં નોંધેલા પ્રશ્નો સીધા પૂછવાથી તેના અનુરૂપ બધા જવાબો મળતા ન હતા. આથી આવા સવાલોના સંદર્ભમાં અન્ય ચર્ચાઓ કરવી પડતી હતી. પરિણામે સંશોધન આયોજનમાં મુશ્કેલી અનુભવવી પડતી હતી.

૫. ઉતરદાતાઓ મુલાકાત વખતે પ્રશ્નો પૂછતા તેમાં સૌથી મહત્વનો પ્રશ્ન વારંવાર પૂછતા હતા, તમે શા માટે આવ્યા છો? શું અભ્યાસ કર્યો છે? અમને શું ફાયદો થશે.

૬. અમુક જવાબ આપતી વખતે ઉતરદાતા પૂછતા મારી આજુ-બાજુ કોઈ નથી ને? સાચા જવાબ આપવા માટે તેઓ અન્ય સહાયક મિત્રોથી છુપાવતા હોવાથી.

## ૭.૭ મર્યાદાઓ

૧. ગુજરાત રાજ્યમાંથી કુલ વિકલાંગ લોકોનું પ્રમાણ કેટલું ઉંચુ છે. જેમકે અંધ ૪૯૪૬૨૪, મુંગા ૬૬૫૩૪, બટેટા ૭૦૩૨૧, અપંગ ૩૧૦૭૬૫, માનસિક ૧૦૩૨૨૧

ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારા જાણી શકાય છે કે કુલ વિકલાંગ લોકોમાં અંદાજનું પ્રમાણ ઉંચુ છે.

મે માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનું અભ્યાસ કરેલો છે. અન્ય બીજા વિકલાંગ લોકોનો અભ્યાસ કરી શકુ તેમ નથી તે મારી મર્યાદા છે.

૨. પ્રજ્ઞાચક્ષુ સમગ્ર લોકોની વસ્તી સમગ્ર ગુજરાતમાં (૨૦૦૧ પ્રમાણે) ૪,૯૪,૬૨૪ છે. પરંતુ મેં સૌરાષ્ટ્રમાં છ જિલ્લાઓનો અભ્યાસ માટે પસંદ કરેલ છે. આ અભ્યાસ સૌરાષ્ટ્રના વિસ્તારના જુનાગઢ, રાજકોટ, ભાવનગર,

જામનગર, અમરેલી જીલ્લાઓ પુરતો મર્યાદીત હોય આથી આ અભ્યાસના તારણો છ જીલ્લા પુરતા મર્યાદીત ગણાશે.

૩. પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો જ અભ્યાસ કરેલો છે. એ સિવાય અન્ય મોટી ઉંમરની પ્રજ્ઞાચક્ષુ હશે તેનો અભ્યાસ કરેલ નથી તે પણ મારી મર્યાદા ગણાવી શકાય.

## ૭.૮ ભાવિ સંશોધન માટેના સૂચનો

૧. પ્રસ્તુત શોધ નિબંધમાં માત્ર છ સંસ્થાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અન્ય સંસ્થાઓના પણ આ રીતે અભ્યાસ કરી શકાય.

૨. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે કાર્યરત સરકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાની જરૂર છે.

૩. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનો સંકલિત શિક્ષણ સંબંધીત અભ્યાસ થવો જોઈએ.

૪. પ્રજ્ઞાચક્ષુ સ્ત્રીઓ અને પુરુષોનો તુલનાત્મક અભ્યાસની આવશ્યકતા છે.

૫. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓની આરોગ્યની સુવિધા સંબંધીત અભ્યાસ થવા જોઈએ.

૬. પ્રજ્ઞાચક્ષુ ધરાવતા માતા-પિતાના સંતાનોને નડતી સમસ્યાઓ સંબંધીત અભ્યાસની જરૂરિયાત છે.

આમ ઉપરોક્ત વિષયો પર ભવિષ્યમાં સંશોધનો હાથ ધરી શકાય છે.

## ૭.૯ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ જે વ્યવસ્થામાં રહીને વિવિધ તાલીમો મેળવી રહ્યા છે. તેઓની પ્રાથમિક, સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય તેમજ આર્થિક વિષયક માહિતીના વિશ્લેષણ દ્વારા તારવવામાં આવેલા તારણો દર્શાવવામાં આવે છે.

આ અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખીને ફકત સૌરાષ્ટ્રમાં આવેલા જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી તેમજ સુરેન્દ્રનગરમાં આવેલ સંસ્થામાં તાલીમ મેળવી રહેલા

પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનો નિદર્શ તરીકે પસંદ કરીને મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે અને તે માહિતીનું પૃથ્થકરણ, અર્થઘટન બતાવે છે.

પ્રત્યેક સમાજમાં પ્રજ્ઞાચક્ષુની સમસ્યા જોવા મળે છે. સામાજીક વિજ્ઞાનોમાં વૈજ્ઞાનિક સંશોધનની દ્રષ્ટિએ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનું ક્ષેત્ર પણ એક મોટુ ક્ષેત્ર છે તથા તેની સંવિધાનિક વૈજ્ઞાનિક તપાસ માટે અગત્યની બની રહે છે તેની પણ પ્રસ્તુત અભ્યાસ સામાજીક વિકાસના અને તેમાં પણ સમાજશાસ્ત્ર આ અભ્યાસ પ્રત્યે સમાજનું ધ્યાન દોરવવાનું એક બિંદુ સમાન પ્રયત્ન કરેલ છે.

પ્રસ્તુત મહાશોધ નિબંધમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને પોતાના શૈક્ષણિક, વ્યાવસાયિક વિકાસની સાથે-સાથે રોજબરોજના જીવનમાં કંઈ-કંઈ સમસ્યાઓનો સામનો કરે તે સમસ્યા વિશે ક્રમશ: માહિતી પ્રાપ્ત કરીને તેના પૃથ્થકરણ દ્વારા તેનું વિશ્લેષણ કરી તારણોને તારવીને પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત પ્રસ્તુત અભ્યાસમાં ભાવિ સંશોધકો તેમજ આ વિષયના અભ્યાસુઓને ઉપયોગી થશે તેવા ભાવિ સંશોધનના સૂચનો પણ આપવાનો પ્રયત્ન કરેલ છે તેમજ તેઓને પ્રસ્તુત મહાશોધ નિબંધ ઉપયોગી થશે તેવી આશા સહ વિનંતી છે.

## ૭.૧૦ સારાંશ

પ્રકરણ : ૧ સંશોધન આયોજનમાં પ્રસ્તુત અભ્યાસ સાથે સંબંધીત મહત્વના તત્વો જેવા કે વિષયની પસંદગી કેવી રીતે કરવામાં આવી છે! સંશોધન સમસ્યા શું છે? સંશોધનના હેતુઓ તેનું મહત્વ શું છે? તેને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમજ સંશોધન પદ્ધતિઓ અને સંશોધનની મર્યાદાઓ પણ દર્શાવવામાં આવી છે. કારણ કે કોઈપણ સંશોધનની શરૂઆત કરતા પહેલા તેમાં પ્લાનીંગ હોવું ખૂબ જ મહત્વનું છે. કારણ કે કોઈપણ કાર્ય હોય તેને સફળ બનાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવું અનિવાર્ય બની જતું હોય છે. જેથી કરીને ઉપરોક્ત સંશોધન પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો એક સમાજશાસ્ત્રીય અધ્યયન

સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, ભાવનગર, જામનગર અને અમરેલી આ પાંચ જીલ્લાના સંદર્ભમાં આ અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ સંબંધીત નાનામાં નાની બાબતને મુલાકાત અનુસૂચિમાં આવરી લઈને માહિતી એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેથી જ સંશોધનને સફળ બનાવવા માટે સંશોધન આયોજન ખૂબ જ મહત્વ ધરાવે છે.

પ્રકરણ-૨ માં ઉત્તરદાતાની સામાજિક માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલો છે. તેમાં ઉત્તરદાતાના ઘરના સભ્યોની સંખ્યા તેમજ પ્રજ્ઞાચક્ષુ ઉત્તરદાતાના ઘરમાં કોઈ બીજી વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે કે નહીં અને તેઓની જાતિ, જ્ઞાતિ, ધર્મ વગેરે પ્રશ્ન પૂછી વર્ગીકરણ કરવામાં આવ્યું છે. પ્રજ્ઞાચક્ષુ ઉત્તરદાતાઓને દષ્ટિક્ષતિને લીધે ઘણી મુશ્કેલીઓ આવતી હોય છે. તે સમયે તેઓને કોણ વધારે મદદરૂપ થાય છે. તેઓ શારીરિક ખામી તેમની મર્યાદા છે. તેમજ તેઓ સમાજ પાસેથી કેવી અપેક્ષા રાખે છે ? વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ-૩ માં આર્થિક માહિતી મેળવેલી છે. વિકાસનો આધાર તથા વિકાસનો પાયો આર્થિક-વ્યાવસાયિક બાબતો પર રહેલો છે. વૈદિક યુગમાં જ્ઞાતિ પ્રથા પ્રમાણે વ્યવસાય પ્રથા હોવાથી વ્યક્તિના જન્મની સાથે જ વ્યવસાય અને આર્થિક, સામાજિક બાબતો નિશ્ચિત બની જતી હતી. પરંતુ આવડતને આધારે નક્કી થાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે કે નહીં ? કેવા પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે. તેમજ તેમના માતા-પિતાનો વ્યવસાય શું છે ? વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનું આર્થિક જીવન જોતા સાબીત થાય છે કે તેઓ ખૂબ નીમ્ન કક્ષાનું જીવન જીવી રહ્યા છે. જીવન-જરૂરિયાતના સાધનોના અભાવવાળું જીવન જીવે છે. આવા કારણોને લીધે તેઓ કુપોષણ, અશિક્ષિત તેમજ બિમારીના સમય યોગ્ય સારવારના અભાવે તેઓ વિકલાંગતાનો ભોગ બને છે. ગરીબ કુટુંબ આ વિકલાંગ બાળકોને પુરતા

સાધનોનો અભાવ હોય ત્યારે તેઓ વિકલાંગતાને દુર કરવા ઈલાજ કરાવી જ શકતા નથી, પ્રજ્ઞાચક્ષુ દુર થઈ શકે તેવી શકયતા હોય છતાં તેઓ સારવાર કરાવી શકતા નથી.

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ગરીબ વર્ગમાં આવતા હોવાથી તેમને યોગ્ય સલાહ તેમજ તેમની જરૂરિયાત સંતોષાતી નથી તેમના માતા-પિતાનો વ્યવસાયમાં રહેલી આવક હોતી નથી જેથી કરીને તેઓ પોતાના સંતાનની ઉછેર માટે સમય તથા ખર્ચ ફાળવી શકે. આવા અસામાન્ય બાળકો માટે કલ્યાણકારી સંસ્થા દ્વારા તેમજ સરકાર તરફથી પ્રયત્ન થઈ રહ્યા છે. પરંતુ જોઈએ તેટલું પરિણામ આવ્યું નથી.

વિકલાંગ બાળકો માટે ધંધા કાયદાઓ તેમજ તેમને સરકાર તરફથી આર્થિક સહાય કરવામાં આવે છે. પરંતુ વિકલાંગ બાળકો આવકથી અજ્ઞાત હોવાના કારણે તેમનો લાભ લઈ શકતા નથી. કારણ કે મોટાભાગના વિકલાંગ ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે ત્યાં સુધી આ સુવિધા પહોંચી શકતી નથી. તેઓમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે તે દુર કરવા પ્રયાસો કરવા જોઈએ.

ધોરણ-૪ માં શૈક્ષણિક માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. આજના યુગમાં વ્યક્તિની પરિસ્થિતિ તેના શિક્ષણ, વ્યવસાય વગેરે બાબતો પર આધાર રાખે છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના અભ્યાસમાં સરકાર કે વિવિધ કલ્યાણકારી સંસ્થાઓ અને કુટુંબીજનો તેમને કેવી રીતે સહાયરૂપ બને છે. તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ જે શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. તેઓ બ્રેઈલ લીપીનો ઉપયોગ કરે છે કે નહીં તે અંગે માહિતી મેળવેલી છે. તેમજ તેમને શિક્ષણ પ્રાપ્ત કરવામાં કોનો સહકાર વધારે મળે છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સંગીતની કઈ પ્રવૃત્તિમાં રસ છે. તેમજ તેઓ શિક્ષણ પ્રાપ્ત કરીને ભવિષ્યમાં શું બનવા માંગે છે. વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શિક્ષણનું મહત્વ બધા માટે છે અને તેમાં વિકલાંગ બાળકો માટે તેનું ખાસ મહત્વ છે. શિક્ષણ રોજગારી મેળવવાની તથા આગળ વધવાની તકો પુરી પાડે છે. ગુજરાતમાં

